ૐ

# બીરબલ વિનોદ.

પ્રયોજક

બદ્રનિઝામી-રાહતી.

ઢાલગરવાડા—અમદાવાદ.

પ્રકાશક

ગોવિંદ મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણદરવાજા—અમદાવાદ.

સોલ એજન્ટસ,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

બુકસેલર એન્ડ પબ્લીશર,

ત્રણદરવાજા—અમદાવાદ.

મૂલ્ય ૩-૦-૦.

પ્રથમાવૃત્તિ. ]     સને ૧૯૨૭.     [ પ્રત ૧૨૦૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
ગુજરાત કૉપીરાઈટ-સંગ્રહ

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.

અમદાવાદ

ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

# સમર્પણ

ભારતમાતાના પવિત્ર ચરણોમાં.

ભારતપુત્ર,

બદ્રનિઝામી-રાહતી.

# બે બોલ.

આખા હીંદુસ્થાનમાં ભાગ્યેજ કોઈ એવો મનુષ્ય હશે કે જે મહાન પ્રતાપી, ગૌરવશાલી, મોગલ સમ્રાટ્ અકબર બાદશાહ અને તેના દરબારના રત્ન, નીતિ ધુરંધર, ભારતમાર્તંડ, બુદ્ધિશાલી રાજા બીરબલના નીતિરસથી છલોછલ હાસ્યરસોત્પાદક રસીલા ટુચકાઓ અને રમુજી વાર્તાઓથી અજ્ઞાત હશે.

એ વાર્તાઓમાં અને ટુચકાઓમાં કેવળ હાસ્યરસ જ સમાચલો નથી, બલ્કે અનેક પ્રકારના હિતોપદેશનો સાક્ષાત્કાર થાય છે. એ વાર્તાઓ અને ટુચકાઓ હાઝરજવાબી શીખનાર માટે તો એક ઉત્તમ ગુરૂની ગરજ સારે તેમ છે.

ગુજરાતી, હીંદી, મરાઠી આદિ ભાષાઓમાં એ વાર્તાઓ અને ટુચકાઓ, જુદા જુદા લેખકો અને પ્રકાશકોએ પુસ્તક આકારમાં રજુ કર્યા છે; પરંતુ એ સર્વમાં અપૂર્ણતાજ રહેવા પામી છે.

હું માંદો પડી જવાને કારણે મુંબઈથી ' ધી સેન્ટ્રલ ખિલાફત કમીટી ' તરફથી પ્રગટ થતા ગુજરાતી સાપ્તાહિક પેપર " ખિલાફત " ના ઉપતંત્રી તરીકેનું રાજીનામું આપી અમદાવાદ આવ્યો એટલે ગુજરાતના સુપ્રસિદ્ધ ગ્રંથપ્રકાશક અને ગ્રંથવિક્રેતા અને મ્હારા પરમમિત્ર શેઠ ગોવિંદ મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેએ બીરબલ અને બાદશાહના લતીફાઓ ( વિનોદ વચનો )નો એક અપૂર્વ સંગ્રહ તૈયાર કરી આપવાનો અનુરોધ કર્યો. મ્હેં પણ એમની આજ્ઞા અને સમ્મતિને શિરોસાધ્ય ગણી ઉર્દુ, મરાઠી, હીંદી અને ગુજરાતી ભાષાઓમાં છપાયેલા લતીફાઓને સાદી, સરળ અને ઘરગથ્થુ ગુજરાતી ભાષામાં ગુર્જર પાઠકો સમક્ષ રજુ કરવાનો પ્રયાસ કર્યો છે. આશા છે કે પ્રિય વાંચકો મ્હારા એ પ્રયાસથી અવશ્ય સંતોષિત્ થશે.

અકબર અને બીરબલના ચરિત્રો શિવાય અન્ય વાર્તાઓનો ઇતિહાસ જોડે લેશ પણ સંબંધ નથી, એટલે કેટલીક વાર્તાઓ

પાછળથી પણ ઘડી કાઢી બીરબલના નામથી ઠોકી બેસાડવામાં આવેલી છે. એ બધું છતાં એમાં પણ ઉપદેશ અને વાકચાતુર્યનો અંશ પ્રધાન હોવાથી તે વાર્તાઓને પણ આ પુસ્તકમાં સ્થાન અપાયું છે.

અત્યારસુધી મ્હેં અનેક ઇસ્લામી માસિકોમાં લેખો લખીને તેમજ મુંબઇથી પ્રગટ થતા ગુજરાતી ઇસ્લામી અઠવાડિક પત્રો “ઇન્સાફ” અને “ખિલાફત” ના અનુક્રમે ઉપતંત્રી તરીકે સાહિત્ય તેમજ ઇસ્લામી કોમની થોડી ઘણી સેવા બજાવી હતી. પરંતુ શેઠ ગોવિંદ મહાદેવ જાગુષ્ટેની અનુકંપાથી આજે સમસ્ત ગુર્જર જનસમાજની સેવા બજાવવાનું ભાગ્ય પ્રાપ્ત થયાથી, હું મ્હને પોતાને મહાભાગ્યશાલી માનું છે.

હું ગુજરાતી ભાષાનો મ્હોટો સાક્ષર નથી અથવા એ મ્હારી માતૃભાષા નથી, કે જેથી કરીને જોઇયે તેટલી ભાષાની શુદ્ધતા આ પુસ્તકમાં આણી શકું. તેમજ વળી અનેક ત્રુટીયો પણ રહી જવાનો દરેક સંભવ છે એટલે વાંચકો પાસેથી એ માટે પ્રથમથીજ ક્ષમા યાચી લઉં છું. આશા છે કે વાંચકો તરફથી એટલી ઉદારતા દેખાડવામાં સ્હેજ પણ કૃપણતા નહીં બતાવવામાં આવે.

અંતે આ પુસ્તક રચવાની મ્હને શક્તિ પ્રદાન કરનાર તે પરમકૃપાળુ પરમાત્માની અનન્ય ભાવે પ્રાર્થના કરી અહીંજ વિરમું છું.

ઢાલગરવાડા. એહમદઆબાદ (અમદાવાદ)

વિનિત.
બદ્ર નિઝામી-રાહતી.

# બીરબલ ચરિત્ર.

સુજ્ઞ વાંચકો ! પ્રસ્તુત પુસ્તક "બીરબલ વિનોદ" માં બીરબલ અને બાદશાહની બુદ્ધિમત્તા, રસજ્ઞતા અને નીતિમય વિનોદ રૂપી રસીલી અને બોધક વાર્તાઓ વાંચતાં પહેલાં બાદશાહ અને બીરબલના જીવનચરિત્રોથી વાકેફ થવું આવશ્યક હોવાને કારણે એ ઉભય મહાપુરૂષોના ટુંક જીવનચરિત્રો અત્રે રજુ કરવાનું અમે ઉચિત્ ગણીયે છીયે.

## અકબર.

મોગલ સલ્તનતના પિતા બાબરનો પુત્ર હુમાયુ બંગાળના સૂબા શેર અફગન ( શેરશાહ ) થી હાર પામી નાઠો, ત્યારે સિંધમાંથી પસાર થતાં અમરકોટના કિલ્લામાં તેની બેગમ 'મરીયમ મક્કાની બેગમ' ઉર્ફે 'હુમીદાબાનુ' એ હીજરી સન ૯૨૯ ના રજબ માસની ૫ મી તારીખે ( વિક્રમ સંવત ૧૫૯૮ અથવા તા. ૧૫ મી ઑકટોબર સ. ઇ. ૧૫૪૨) પુત્રને જન્મ આપ્યો. જેનું નામ 'જલાલુદ્દીન મોહંમદ' રાખવામાં આવ્યું, જે પાછળથી દિલ્હીના તખ્ત ઉપર આવતાં "અકબર" નામથી પ્રખ્યાત થયો. તેણે હીંદુ તથા મુસલમાનોને એક સરખા હકો આપ્યા અને અનેક દુષ્ટ રિવાજો દૂર કરી તેમજ પ્રજાના સુખને માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી જગત્માં સારી ખ્યાતિ મેળવી.

સાથેજ સાથે તેણે પોતાના દરબારમાં વિદ્વાનોનો જાણે ભંડાર ભર્યો હોય એમજ હતું. બીરબલ, અબુલફઝલ, અબુલફૈઝી, તાનસેન, ગંગકવિ, જગન્નાથ પંડિત વગેરેને "નવરત્નો" એવું ઉપનામ આપવામાં આવ્યું હતું. અકબરે ન્યાય, કૃષિકારવિદ્યા, ગણિતશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રના અનેક પુસ્તકો લખાવી એ શાસ્ત્રોને નવજીવન બક્ષી ભારતવર્ષ ઉપર મહા ઉપકાર કરવા સાથે પોતાની એક રાજ્યકર્તા તરીકેની ખ્યાતિમાં સહસ્ત્ર ગણો વધારો કર્યો, અને

એજ કારણે અત્યારપર્યન્ત સર્વ કોઇ તેના ગુણગાન કરે છે. ઇ.સ. ૧૬૦૫ માં ૬૩ વર્ષની ઉમ્મરે ૫૧ વર્ષ રાજ્ય કરી પોતાના પાટવી કુંવર સલીમ ઉર્ફે જહાંગીરને રાજ્ય સોંપી આ ફાની જગતનો તેણે ત્યાગ કર્યો.

## બીરબલ.

### જન્મ.

પ્રિય વાંચકો ! મહાગૌરવશાળી મોગલ શહેનશાહ અકબરના આ ટુંક પરિચય પછી જ્યારે આપણે ભારતમાર્તંડરૂપ બુદ્ધિશાલી બીરબલના જીવન પ્રત્યે દૃષ્ટિ કરીશું તો ખેદ સાથે આશ્ચર્ય ઉત્પન્ન થયા વિના નહીં રહે, કેમકે એ મહાપુરૂષનો જન્મ ક્યારે અને કયે સ્થળે થયો તે વિષે હજુ કાંઈ ચોક્કસ નિર્ણય કરી શકાયો નથી, તેમજ જાતિ વિષે પણ એવોજ ગોટાળો નઝરે પડે છે. અમે કેટલીક જુદી જુદી દંતકથાઓ નીચે રજુ કરીયે છીયે જે ઉપરથી વાંચકો પોતેજ યોગ્ય ફેંસલો કરી શકશે.

**દંતકથા**–(૧) કેટલાક બીરબલને કાન્યકુબ્જ બ્રાહ્મણ તરીકે ઓળખાવે છે, અને કેટલાક એમને ચોબા જાતિના ગણે છે. ચોબા લોકો એ મહાપુરૂષને પોતાનો સજાતિય કદાચ એટલા માટે ગણતા હોય કે તે ચોબા લોકોની પેઠે મસ્કરીબાજ (મસ્ખરીબાઝ) હતો, તો એ બનવા જોગ છે. અને વળી ચોબા જાતિના પ્રથમ પુરૂષ વિષે જે દંતકથા ચાલે છે તેવીજ એક દંતકથા બીરબલ વિષે પણ ચાલે છે અને તે એકે, બીરબલે પ્રસિદ્ધીમાં આવ્યા પૂર્વે પોતાની કવિતા અને ગાયનથી દેવી દુર્ગાને પ્રસન્ન કરી એટલે તેણે વરદાન આપ્યું કે ' તૂ જે પહેલો વહેપાર કરીશ એથી જ તને ઘણો લાભ થશે. ' આવું વરદાન મળતાં બીરબલે મીઠાની ગુણો ભરી સાંભર મોકલી એટલે દેવીએ કહ્યું " ત્હેં મ્હારીજ મશ્કરી કરી, માટે તને જે કાંઇ

મળશે એ મશ્કરી કરવાથીજ મળશે." એમ કહેવાય છે કે એજ દિવસથી બીરબલ મશ્કરી કરવામાં, લોકોને હસાવવામાં તેમજ હાઝરજવાબી વગેરેમાં અત્યંત કાબેલીયતવાળો થયો.

**દંતકથા**—( ૨ ) મારવાડના લોકો બીરબલને મકરાનાના બ્રાહ્મણ તરીકે ઓળખાવે છે. એમ કહેવાય છે કે ત્યાં સંગે મરમરની જે ખાણ છે તેનો પત્તો સૌથી પહેલાં બીરબલેજ સાંભરના હાકેમને આપ્યો. એટલે ત્યાંથી પત્થરો લઇ બાદશાહનો મહેલ બાંધવામાં આવ્યો, તેમજ બીરબલને પણ બાદશાહ સુધી પહોંચવાનું મળ્યું.

**દંતકથા**—( ૩ ) જયપુર રાજ્ય નિવાસીઓ એમ બતાવે છે કે બીરબલનો જન્મ અજમેરની પાસે, એક પર્વતની તળેટીમાં અગાઉ એક ન્હાનકડું ગામ આબાદ હતું ત્યાં થયો હતો. એના માતાપિતા ઘણીજ દીન અવસ્થા ભોગવતાં હતાં. મકાન પર્વતની તળેટીમાંજ હોવાથી બીરબલ દરરોજ પહાડ ઉપર જઇ લાકડાં કાપી લાવતો. એક દિવસ લાકડાં બાંધવાનું દોરડું ઘરમાંજ રહી ગયું અને બીરબલે પહાડ ઉપર લાકડાં એકઠાં કર્યાં પણ દોરડું પોતે ઘરમાં ભૂલી ગયાનું ભાન થતાં ઉપરથીજ માતાને દોરડું મોકલવાનો સાદ કર્યો. માએ કહ્યું "દોરડું તો ઘરમાં છે પણ મોકલું કોની સાથે ?" ત્યારે બીરબલે કહ્યું "કુતરાના ગળામાં બાંધી દો." માતાએ તે પ્રમાણે કર્યું એટલે બીરબલે કુતરાને ઉપર બોલાવી દોરડું લઇ લાકડા બાંધ્યા. સંયોગવશાત્ એજ પહાડની પાસે અકબરબાદશાહે પડાવ નાંખ્યો હતો, તેણે આ છોકરાની અજબ ચાલાકી જોઇ પોતા પાસે બોલાવી મંગાવ્યો. બીરબલ માથે લાકડાનો ભારો લઇ બાદશાહના સિપાહીઓ સાથે બાદશાહના તંબુ તરફ આવવા લાગ્યો, રસ્તામાં એક નાળું આવતું હતું, તે માથે લાકડાનો ભાર હોવા છતાં બીરબલ છલંગ મારી ઓળંગી ગયો. આ બધો બનાવ બાદશાહે પોતાની નઝરે જોયો.

જ્યારે બીરબલને બાદશાહ સન્મુખ રજુ કરવામાં આવ્યો ત્યારે બાદશાહે પ્રસન્ન થઇ તેને શાબાશી આપી તેમજ ઇનામ વગેરે આપી વિદાય કર્યો. જતી વેળા બીરબલને નાળું ઓળંગવામાં વાર લાગી એટલે બાદશાહે તેને પાછો બોલાવી પૂછ્યું "હે છોકરા! અહીં આવતી વખતે તો તું ઘણોજ સપાટાબંધ નાળું ઓળંગી ગયો હતો અને જતી વખતે કેમ વાર થઇ?"

બીરબલે બન્ને હાથ જોડી કહ્યું "આવતી વખતે હું હલકો હતો, પરંતુ જતી વેળા આપની કૃપાને કારણે વજન વધી ગયું."

બાદશાહે કહ્યું "આ છોકરો કેવળ બુદ્ધિમાનજ નથી બલ્કે વાતચીત કરવામાં પણ ચતુર છે." અને બીરબલને પોતાની પાસે રાખી લીધો.

**દંતકથા**—(૪) કેટલાક કહે છે કે બીરબલ દિલ્હીના એક બ્રાહ્મણનો પુત્ર હતો. તેનું અસલ નામ સુપ્રનાથ હતું. એક દિવસ નિશાળેથી તે ઘેર આવતો હતો તે વેળા રાજમહેલમાં બાદશાહની આગળ એક બહુરૂપી (વેષ બદલનાર) ખેલ કરતો હતો. એ ખેલ જોવા માટે અમીર ઉમરાવો, રાજા મહારાજાઓ, સરદારો તેમજ ધનિક પુરૂષોને આમંત્રણ અપાયાં હતાં. અન્ય નાગરીકોની પણ ઠઠ જામી હતી એટલે સુપ્રનાથ પણ તે તમાશો જોવા ઉભો રહી ગયો. બહુરૂપીએ તે વખતે બળદનો વેશ લીધો હતો તે એવો કે, જાણે ખરેખર બળદજ ન હોય?! કોઇ પણ પ્રકારની તેમાં ન્યૂનતા ન હતી. એ સ્વાંગ જોઇને લોકોએ ચારે તરફથી બહુરૂપીને ધન્યવાદ આપ્યા, બાદશાહ તો એટલો બધો પ્રસન્ન થયો કે પોતે ઓઢેલી ઝરીન શાલ અને શેલું બક્ષીસ આપી દીધું. સુપ્રનાથે આ તમાશો જોઇ વિચાર્યું કે બાદશાહે તો કાંઇ પણ પરિક્ષા કર્યા વગર ઇનામ આપી દીધું, પણ મારે તો એની પરિક્ષા કરી જોવી કે એનામાં બળદનાં લક્ષણો છે કે નહીં. એવો વિચાર આવતાં સુપ્રનાથે એક નાની કાંકરી લઇને પેલા બળદના વાંસા ઉપર મારી, તે લાગતાં

બહુરૂપીએ તે ઠેકાણે પોતાના શરિરને થથરાવ્યું. એથી સુપ્રનાથની ખાત્રી થઇ કે બહુરૂપી ઘણોજ ગુણવાન છે, માટે એને બક્ષિસ આપવી જોઇએ. એમ વિચારી પોતાને માથે પહેરેલી જુની ટોપી તેણે પોતાની ગુણગ્રાહકતા દેખાડવા માટે ઉતારી બહુરૂપી ઉપર ફેંકી અને 'વાહ વાહ' 'શાબાશ, શાબાશ' પોકારવા લાગ્યો.

એ ઉપરથી બહુરૂપી બહુજ ખુશ થયો અને પોતાનો વેષ કાઢી નાંખી તે ટોપી હાથમાં લઇ બાદશાહ આગળ જઇ બોલ્યો "પૃથ્વિનાથ! આ ટોપીનો માલિક ઘણોજ ચતુર અને ગુણગ્રાહક છે. આપે મને આપેલા હઝારો રૂપીયાના ઇનામથી મને જેટલો આનંદ ન થયો તેટલો આનંદ આ ટોપી મળવાથી થયો છે. તેની પાસે ફક્ત આ ટોપી જ હતી અને તે તેણે ગુણ જોઇને આપી. ગુણ જોઇને આપવું તે વગર ગુણ જોયે આપવા કરતાં લાખગણું વધારે છે." બાદશાહે તે છોકરાને પોતાની પાસે બોલાવ્યો અને ઘણીજ નરમાશ અને માયા ભરેલી રીતે તેણે પરિક્ષા કેમ કરી તે પૂછ્યું, સુપ્રનાથે બધી વાત કહી સંભળાવી. બાદશાહે એ ઉપરાંત પણ જેટલા સવાલો પૂછ્યા તેના સુપ્રનાથે વગર અચકાયે—ગભરાયે જવાબ આપ્યા. બાદશાહ અને અન્ય અમીરો તથા સરદારોની પણ ખાત્રી થઇ ગઇ કે, એ છોકરો ઘણોજ ગુણવાન અને ચતુર છે. બાદશાહે છોકરાનું નામ નિશાન પૂછી લઇ તેને સારાં કપડાં લત્તાં આપી હંમેશા કચેરીમાં આવવાનું કહી વિદાય કર્યો. સુપ્રનાથ ઘણો જ પ્રસન્ન થતો થતો ઘેર ગયો અને બીજે દીવસેથી બાદશાહના દરબારમાં જવા લાગ્યો.

એક દિવસે રાજમહેલમાં જ્યારે એજ બહુરૂપી ખેલ કરતો હતો, ત્યારે અકબર બાદશાહે તેને વાઘનો વેશ લેવાનું કહ્યું. બહુરૂપીએ હાથ જોડીને કહ્યું "મહારાજ! જ્યારે વાઘનો વેશ લેવો ત્યારે તે બરોબર રીતે બજાવવો જોઇયે. માટે આપ જો દરબાર માંહેલી એક માણસના ખૂનની માફી બક્ષો તો હું તે વેષ લાવું."

બાદશાહે તેના કહ્યા પ્રમાણે દરબારીયોની સલાહ લઇ માફી બક્ષી. પછી થોડીવારમાં જ્યારે બધા લોકો જોવાને એકઠા મળ્યા, ત્યારે તે બહુરૂપીએ નાના પ્રકારના વેશ લેવા માંડ્યા. છેવટે વાઘનો વેષ લીધો, તે આબેહુબ વાઘ જેવોજ જણાતો. દરબારીયો તેમજ અન્ય પ્રેક્ષકો ભયથી ધ્રુજવા લાગ્યા. તે વખતે એ બહુરૂપીએ વિચાર કર્યો કે 'જો કોઇ ગરીબ માણસને મારીશ તો તેનું કુટુંબ રખડી મરશે, મારવો તો કોઇ અમીર ઉમરાવને કે જેના વંશજો તેની દોલત ખાય. આવું અવળું જોતાં તેની નજર અકબરના મામા શેખ હુસેન ઉપર પડી, તેને મારવામાં કાંઇ અડચણ નથી, એવો વિચાર કરીને વાઘ તરતજ તેની ઉપર કૂદયો અને પંજો મારી તત્કાળ તેનો જીવ લીધો. આ બનાવથી લોકોમાં હાહાકાર વર્તી રહ્યો. અકબરની મા ત્યાં ઉપરના ભાગમાં પડદો નાંખી આ તમાશો જોવા બેઠી હતી. તે એક મોટી ચીસ પાડી બેશુદ્ધ થઇ પડી. દાસીએ ગુલાબજળ છાંટી તેને હુશીયાર કરી. તેણે હુશીયાર થતાંજ કહ્યું કે "મારા ભાઇને જેણે માર્યો તેનો પ્રાણ લેવો જોઇયે." બહુરૂપીએ પોતાનો વેશ કાઢી નાંખ્યો, સભા બરખાસ્ત થઇ ગઇ, લોકો ત્યાંથી વિખરાઇ ગયાં. બાદશાહ મહેલમાં ગયો, પણ તેની માતા રીસાઇ બેઠી, તેણે અન્ન પાણી લેવાનું મૂકી દીધું, અકબરે પોતાની માતાને ઘણુંએ સમજાવ્યું, પણ તે કોઇ રીતે ન માની. આખરે અકબરે પ્રધાન સાથે મસલહત કરીને ફરીથી કચેરી બોલાવી, બધા અમીર ઉમરાવો અને પંડીતો વગેરેના મત લીધા પણ કાંઇ યોગ્ય નીવેડો આવ્યો નહીં. બાદશાહે આપેલા વચનનો ભંગ થાય નહીં અને માતાનું મન રાજી થાય એવી યુક્તિ કોઇને સુઝી નહીં.

આ સઘળો વખત પેલા બ્રાહ્મણનો છોકરો સુપ્રનાથ, જે એક ખૂણામાં બેઠો બેઠો બધું સાંભળતો હતો, તે આગળ આવ્યો અને હાથ જોડીને બાદશાહની સ્હામે ઉભો રહ્યો. બાદશાહે તેની તરફ નઝર કરતાં તે બોલી ઉઠયો "કૃપાનિધાન! જો આપની

આજ્ઞા હોય તો આપના વચનને ધક્કો ન લાગતાં માતાજી પ્રસન્ન થાય એવી એક યુક્તિ મને સૂઝી છે તે જણાવું." આ સાંભળી સૌ કોઇ એ બાળકને અજાયબી ભરેલી નઝરે જોવા લાગ્યા. બાદશાહે છોકરાને તે યુક્તિ કહી સંભળાવવા કહ્યું એટલે સુપ્રનાથે કહ્યું "મહારાજ! જે બહુરૂપીએ વાઘનો વેષ લીધો હતો, તેને સતીનો વેષ લેવાનું કહો એટલે તમારા વચનને કાંઇ પણ અડચણ ન આવતાં તેનો પ્રાણ જશે અને માતાજી પણ પ્રસન્ન થશે.

આવા ન્હાની ઉમ્મરના છોકરાએ બતાવેલી એ આબાદ યુક્તિએ સર્વના મોઢે "શાબાશ, શાબાશ" કહેવડાવ્યું. બાદશાહે બહુરૂપીને બોલાવી સતીનો વેષ લેવા કહ્યું. બહુરૂપી આ હુકમ સાંભળતાં જ મનમાં સમજી ગયો કે 'હવે મોત આવી પહોંચ્યું છે.' તેણે બાદશાહને કહ્યું "જહાંપનાહ! કાલે આપની આજ્ઞા પ્રમાણે સતીનો વેષ લઇશ." એમ કહી તે ઘેર ગયો અને બાલબચ્ચાંને પાસે બોલાવીને સર્વ વાત અથઇતિ કહી સંભળાવી, આશ્વાસન આપ્યું. બીજે દીવસે તે મરવાની સઘળી તૈયારી કરીને જ રાજબાગમાં ગયો. એ દિવસે ત્યાં લોકોની પણ ભારે મેદની ભરાઈ હતી. બાગની વચ્ચોવચ્ચ ચીતા ખડકી હતી. થોડી વારમાં પેલો બહુરૂપી સતીનો વેષ લઇને આવી પહોંચ્યો. તેણે શરીરે જરીનો સાળુ પહેર્યો હતો, માથાના કેશ છૂટા કર્યા હતા. કપાલમાં કંકુની આડ કરી હતી અને "જય રણછોડ, જય રણછોડ" કરતો આવતો હતો; પ્રેક્ષકોમાં જેઓ બ્રાહ્મણ હતા તેમને દક્ષણા આપી, સતીના ધર્મ પ્રમાણે દાન કર્યું અને પછી ચીતાની પ્રદક્ષિણા કરી જેવોજ તે તેમાં પડવા જતો હતો એટલામાં બાદશાહની માતાએ તેને પકડી લેવાની આજ્ઞા કરી અને દાસી સાથે તેને શાબાશી આપવા સાથે કહેવડાવ્યું "ધન્ય છે તને! તારો વેષ તેં યથોચિત્ રીતે ભજવ્યો, હવે બસ કર. મારા ભાઇના નસીબમાં એવા જ પ્રકારે મોત લખાયું હશે, એમાં તારો લગારે દોષ નથી. માટે હવે તું તારો જીવ નકામો ખોઇશ નહીં."

બહુરૂપીએ જવાબમાં કહેવડાવ્યું "બેગમ સાહેબા! મેં જ્યારે વાઘનો વેષ લીધો હતો ત્યારે તમારા ભાઇનો પ્રાણ લેતાં હું અચકાયો ન હતો, અત્યારે મ્હારો પોતાનો પ્રાણ છે એટલે મારાથી પાછા તો નજ ફરાય, માટે મારો પ્રાણ બચાવવાનો આગ્રહ ન કરતાં મ્હને મ્હારો વેષ પૂરેપૂરો ભજવવા દો."

બેગમે તેમજ બાદશાહ સુદ્ધાંએ તેને ઘણુએ સમજાવ્યો, છતાં તે પોતાની વાતથી ન ફર્યો અને આખરે "જય રણછોડ, જય રણછોડ" કરતો પેલી ચીતામાં પડી જોતજોતામાં ભસ્મ થઇ ગયો. સઘળા લોકો આ વિચિત્ર વેષ જોઈ ઉદાસ બની વિખરાયા, કચેરી પણ બરખાસ્ત થઇ. રસ્તે જતાં લોકો તરેહવાર વાતો કરતા હતા. કેટલાક બહુરૂપીની હીંમતના વખાણ કરતા, ત્યારે કોઇ તેની હઠ માટે તેને વગોવતો, ત્યારે વળી કેટલાક સુપ્રનાથે બતાવેલી યુક્તિ માટે તેને ધન્યવાદ આપતા.

બીજે દીવસે જ્યારે દરબાર ભરાયો ત્યારે બાદશાહે તે બ્રાહ્મણ પુત્ર ઉપર અતિશય પ્રસન્ન થઇને કહ્યું "આ છોકરાને **વીરનું બળ** ઘણું છે માટે એને **બીરબલ** નામથી બોલાવવો." એ દીવસે પણ બાદશાહે તેમજ બાદશાહની માતાએ સુપ્રનાથને ભારે કીમતી ઇનામ આપ્યું.

**દંતકથા**—(૫) બુંદેલખંડના લોકો બીરબલને ત્યાંનો વતની દર્શાવે છે. તેમની માન્યતા મુજબ બીરબલ બુંદેલખંડ તાબાના ટેહરી ગામનો સનાઢ્ય બ્રાહ્મણ હતો. તે બાળવયથી જ અત્યંત બુદ્ધિમાન અને પ્રબળ સ્મરણશક્તિવાળો હતો. એકવાર જે કાંઇ વાંચવામાં આવ્યું તે મોઢે યાદ થઇ જતું. જ્યારે તેને ભણાવવા કાબેલ કોઈ ગુરૂ ટેહરીમાં ન રહ્યો ત્યારે બીરબલને કાશી જઇ વિદ્યાભ્યાસ કરવો પડ્યો. કાશીમાં સંસ્કૃત ભાષાનું સંપૂર્ણ જ્ઞાન મેળવી બીરબલે દિલ્હી આવી અરબી તથા ફારસી ભાષાનું પણ સાધારણ જ્ઞાન મેળવ્યું, એવામાં દિલ્હીમાં બીરબલને કોઈ રોગ લાગુ પડતાં તેણે એક હકીમ

( વૈદ્ય ) પાસે દવા કરાવી, હકીમે રાજા ટોડરમલ જોડે બીરબલની મુલાકાત કરાવી આપી. રાજા ટોડરમલે બીરબલની ચાતુર્યતા, યોગ્યતા અને બુદ્ધિમત્તા જોઇ બાદશાહ સાથે ભેટ કરાવી, બાદશાહે તેની વાતોથી પ્રસન્ન થઇ તેને પોતા પાસે રાખી લીધો.

**દંતકથા**—(૬) કેટલાક વળી એમ પણ કહે છે " બીરબલ કાશીનો બ્રહ્મભટ હતો અને તેનો જન્મ કાશીમાં જ સંવત ૧૬૧૭ માં થયો હતો. " પરંતુ, જન્મની સાલ એ વાતને ખોટી ઠેરવે છે; કેમકે સંવત ૧૬૨૬ થી બીરબલ બાદશાહના દરબારમાં ઉપસ્થિત રહેવાનું ઇતિહાસ ઉપરથી જણાઇ આવે છે. એ સાલમાં જ બીરબલે મલબારના રાજા કજલીના વકીલની બાદશાહ જોડે મુલાકાત કરાવી હતી.

જોધપુર રાજ્યના મુનસિફ મુન્શી દેવીપ્રસાદજીએ બીરબલ વિષે એક પુસ્તકમાં લખ્યું છે કે " બીરબલનું અસલ નામ બ્રહ્મદાસ હતું, તે જાતે બ્રાહ્મણ હતો. સંસ્કૃતનું એને સંપૂર્ણ જ્ઞાન હતું અને ફારસી, અરબીથી પણ માહીતગાર હતો. પહેલાં તો એ કાલપી, કલિંજર અને રીવાંના રાજાઓની પાસે રહેતો. જ્યારે અકબર બાદશાહ પાસે આવ્યો ત્યારે તેને પોતાના ચાતુર્ય અને વિનોદીપણાથી મોહી લીધો અને તે એટલે સુધી કે બાદશાહને બીરબલ વગર ચેન પડતું નહીં. "

## રાજાની પદ્વિ.

"બીરબલ કેવળ સભાચતુર અને હાઝર જવાબી જ ન હતો, બલ્કે કવિત્વશક્તિ પણ ધરાવતો હતો. તેનાં કાવ્યો તે ઝમાનાને જોતાં ઉત્તમ પંક્તિમાં મૂકી શકાય એમ છે. ઘણીક વેળા તે પોતાના મધુર અને અલંકારપૂર્ણ કાવ્ય વડે બાદશાહને પ્રસન્ન કરી દેતો. તે સમયના કવિયો પણ બીરબલની કવિત્વ શક્તિથી ચકિત્ થઇ જતા. બાદશાહે એકવાર એની એક કવિતાથી અતિશય પ્રસન્ન થઇ " કવિરાય " ની પદ્વિ આપી અને પછી " રાજા " ની ઉપાધિ બક્ષી પોતાને ત્યાંના અમીરોમાં તેને નિયત કર્યો. "

"નગરકોટની પાસે બીરબલને એક સારી જાગીર આપવામાં આવી અને જ્યારે બે લડાઇયોમાં તેણે વીરતા દાખવી ત્યારે બાદશાહે તેનું નામ "બીરબલ" ને બદલે "વીરવર" પાડયું. તે સમયે નગરકોટમાં કટોચ જાતિનો રાજપૂત રાજા જયચન્દ રાજ્ય કરતો હતો, તે હંમેશા બાદશાહની સેવામાં રહેતો. એક વખત બાદશાહે તેનાથી ગુસ્સે થઇ સંવત ૧૬૨૯ માં તેને કેદ કર્યો અને તેનું રાજ્ય બીરબલને સોંપી પંજાબના સુબેદાર હુસૅન કુલીખાંને નામે નગરકોટ ખાલી કરવાનો હુકમ મોકલાવ્યો."

"જ્યારે રાજા બીરબલ એ આજ્ઞાપત્ર લઇ લાહોર ગયો, એટલે હુસૅન કુલીખાં પોતાની સેના લઇ બીરબલની સાથે નગરકોટ તરફ રવાના થયો, અને નગરકોટના રાજપૂતોથી લડતો લડતો કાંગડા સુધી પહોંચી ગયો. રાજા જયચન્દના પુત્ર વિધિચન્દ્રે કિલ્લામાં ભરાઇ મુકાબલો કર્યો. થોડા સમય સુધી બન્ને તરફથી ઝબરદસ્ત હુમ્લાઓ થયા. જ્યારે કિલ્લો ફતેહ થવાની તૈયારીમાં હતો, એવામાં બાદશાહી સેનામાં એવા સમાચાર મળ્યા કે મીરઝા ઇબ્રાહીમે બળવો કરી લાહોર ઉપર ચઢાઇ કરી છે; એટલે હુસૅન કુલીખાંએ બીરબલની સલાહ માંગી. બીરબલે કહ્યું "બાદશાહનું કામ પ્રથમ થવું જોઇયે." આ ઉપરથી હુસેનકુલીખાંએ વિધિચન્દ્રને કહેવડાવ્યું "આ રાજ્ય બાદશાહ તરફથી બીરબલને મળ્યું છે. જો તમે રાજા બીરબલને પ્રસન્ન કરીલો તો અમે ઘેરો ઉઠાવી લઇશું." વિધિચન્દ્રે સલાહ કરવાનું ઉચિત્ ગણી બીરબલે માગ્યા તેટલા રૂપીયા તેને આપ્યા અને બાદશાહ માટે પાંચમણ સોનું મોકલાવ્યું."

"નગરકોટ ઉપરથી ઘેરો ઉઠાવી બાદશાહી સેના મીરઝા ઇબ્રાહીમની પૂઠે ગઇ, મીરઝા ઇબ્રાહીમ લાહોર છોડી નાસી જતો હતો તેને મુલતાન આગળ પકડી પાડયો. મીરઝા લડાઇના મેદાનમાંથી નાસી ગયો, તેનો ભાઇ મસઉદ કેદ પકડાયો અને શત્રુસેનામાં નાસભાગ થઇ ગઇ. બીરબલ અને હુસૅન કુલીખાં મસઉદને બાદશાહ પાસે લઇ ગયા. બાદશાહે પ્રસન્ન થઇ હુસૅન કુલીખાંને "ખાંન

જહાં" અને બીરબલને "મુસાહિબે દાનિશવર" અર્થાત્ 'બુદ્ધિ માન મંત્રી' ની પદવી આપી.

બીજે વર્ષે મીરઝા ઈબ્રાહીમના ભાઈ મુહમ્મદ હુસેને ગુજરાતમાં બળવો કરી ગુજરાતના સૂબેદાર ખાન આઝમને અમદાવાદમાં ઘેરી લીધો. ખાન આઝમની સહાયતા માટે બાદશાહ સ્વયં પોતાના મંત્રીઓને સાથે લઈ નવ દિવસમાં અમદાવાદ આવી પહોંચ્યો. એ સમયે બીરબલ પણ સાથે હતો. બાદશાહે પોતાના મહેલોની નિકટમાં જ બીરબલ માટે મકાન બંધાવી આપ્યું હતું. મકાન સંવત ૧૬૪૯માં તૈયાર થતાં જ્યારે બીરબલ ત્યાં રહેવા ગયો, ત્યારે બાદશાહને નિમંત્રણ આપતાં બાદશાહે તેના મકાન ઉપર ભોજન કર્યું.* બીજે વર્ષે બાદશાહે પ્રયાગમાં કિલ્લો બનાવી નગર વસાવ્યું જેના આનંદમાં બીરબલે મજલિસ ભરી તેમાં બાદશાહ ઉપરથી ઘણા નાણાં નિછાવર કર્યાં અને કેટલુંક કીમતી નજરાણું બાદશાહ આગળ ધર્યું. આથી બાદશાહ બહુજ પ્રસન્ન થયો.

રીવાંનો રાજા રામચન્દ્ર બહુજ મગરૂર હતો. તેણે એક દિવસે તાનસેનને એક કરોડ રૂપીયા આપી દીધા હતા, અને દિલ્હીના બાદશાહ સુલ્તાન ઇબ્રાહીમ લોદી માટે બધો બાદશાહી સામાન તૈયાર કરાવી આપ્યો હતો. +અકબરના સમયમાં પણ તેની ઉદારતા અને ગર્વિષ્ઠતા ઉભયની ખ્યાતિ હતી. તે કદિપણ અકબર પાસે હાઝર થયો નહતો, જે કાંઇ નજરાણું વગેરે મોકલવાનું હોય તે પોતાના પુત્રો સાથે મોકલાવતો. જ્યારે અકબરે પ્રયાગમાં રહેઠાણ કર્યું ત્યારે તેને રીવાંના રાજાની યાદ આવી, કેમકે ત્યાંથી રીવાંનું રાજ્ય બહુજ પાસે હતું બાદશાહે તેને બોલાવી લાવવા સેના મોકલવાનો વિચાર કર્યો, પરંતુ રીવાંનો રાજકુમાર તે વેળા ત્યાંજ ઉપસ્થિત હતો તેણે નિવેદન કર્યું કે "સેના મોકલવાની કશી પણ આવશ્યકતા નથી, કોઇ પણ મંત્રીને મોકલી દો એટલે મારા પિતાશ્રી

* અકબરનામા. + 'મુન્તખિબુત્તવારીખ' મુલ્લાં અબ્દુલ કાદિર કૃત.

તેની સાથે અહીં આવી જશે. " બાદશાહે એવા મોટા રાજાની પ્રતિષ્ઠાનો વિચાર કરી રાજા બીરબલને ત્યાં મોકલ્યો. બીરબલના બાંધવગઢ પહોંચવાની ખબર સાંભળી રાજા રામચન્દ્રે પેશવાઇ કરી અને અત્યંત સન્માન સાથે તેને પોતાના મહેલમાં લઇ ગયો, અને બાદશાહ પાસે પણ હાઝર થયો.

## બીરબલ સેનાપતિ.

રાજા બીરબલે બાદશાહનો સ્વભાવ જીતી લીધો હતો, બાદશાહ તેને કદિપણ પોતાની પાસેથી ખસવા દેતો નહીં; પરંતુ જ્યારે મોતનો ઘંટ વાગવા લાગ્યો ત્યારે બીરબલને પણ અન્ય અમીરોની પેઠે અફઘાનિસ્થાનમાં યૂસુફઝઇ પઠાણો સ્હામે લડવા જવું પડયું. એ પઠાણો ઘણાજ તોફાની હતા, સ્વાદમુનેર અને બાજોર વગેરેમાં લડાઇયો અને ધીંગાણું કરતા હતા. બાદશાહે તેમને ઠેકાણે લાવવા પ્રથમ ઝેનખાં કોકા ( કોકા એટલે દુધભાઇ) ને મોકલ્યો હતો, પરંતુ તેની પાસે અધિક સેના ન હોવાથી પઠાણોને પહોંચી વળવાનું અ-શકય હતું. અકબરે ઘણીવાર મદદ માટે સેના મોકલી છતાં પણ તે ઓછી પડતી. છેવટે સંવત ૧૬૪૨ માં રાજા બીરબલને મોકલવાનો વારો આવ્યો જેનું સ્વિસ્તર વર્ણન નીચે આપવામાં આવ્યું છેઃ

" જ્યારે બાદશાહને જણાયું કે યૂસુફઝઇ પઠાણોને સર કરવા માટે વધુ લશ્કર મોકલવાની આવશ્યકતા છે, ત્યારે શેખ અબુલફ-ઝલે પોતાને મોકલવાનું બાદશાહને સૂચવ્યું અને રાજા બીરબલે પોતા માટે આજ્ઞા માગી. બાદશાહે બન્નેના નામની ચીઠ્ઠી નાંખી ત્યારે બીરબલને ત્યાં જવાનું ઠર્યું. બીરબલ સાથે કાસમખ્વાજા, અહમદબેગ, હાજીતાશ બેગ અને ખ્વાજા હિસામુદ્દીનને પણ મોક-લવામાં આવ્યા.

બીરબલે યુદ્ધ સ્થળે પહોંચી પઠાણોને મારી હઠાવ્યા અને પહાડી પ્રદેશમાં પ્રવેશ કર્યો. કેટલાક પર્વતો ઓળંગ્યા બાદ તેમણે જોયું કે પઠાણોએ ચારે બાજુના પર્વતો ઉપર કબ્જો કરી લશ્કર ગોઠવી દીધું છે. બાદશાહી સેના આવી સ્થિતિ જોઇ કાંઇક હતાશ

બની, ત્યાં ઘોર યુદ્ધ જામ્યું જેમાં બાદશાહી સેનાને ભારે હાનિ સાથે પાછા ફરવું પડયું. બીજે દિવસે પાછું યુદ્ધ જામ્યું, એવામાં બાદશાહનો મોકલેલો હકીમ અબુલફતહ ઝેનખાંની સહાયતા માટે સેનાને મલકન્દના ઘાટમાંથી હઠાવી લઈ ઝેનખાં પાસે લઇ જવા માટેની આજ્ઞા મેળવી હુસનબેગ, મુલ્લા ગૈયુરી અને મોહનદાસ આદિ અમીરો સાથે આવી પહોંચ્યો. હકીમ અબુલફતહ બાજોરમાં આવી બીરબલને મળ્યો અને બીરબલને સેના સહિત સાથે લઇ જગદરમાં કોકાને જઇ મળ્યો. દુર્ભાગ્યવશ એ ત્રણેમાં અણબનાવ ઉત્પન્ન થયો, મનમાં ગુપ્ત રહેલો દ્વેષ પ્રકટ થયો. બાદશાહી કામ બગડવાનું ધ્યાન પડતું મુકાયું, કોકાની કોઇ યુક્તિ ન ચાલી, રાજા અને હકીમનો વિરોધ વધી ગયો. એવામાં લડાઇમાં ઉતરેલી સેના પણ આવી પહોંચી એટલે રાજાએ કોકા અને હકીમને કહ્યું કે " તમે આ સેનાને લઈ કિલ્લામાં બેસો અને હું પઠાણો ઉપર ચઢાઇ કરૂં છું, અથવા તમે જાઓ અને હું અહીંયાં રહું." પરંતુ રાજા અને હકીમ એ બન્ને કોઇ પણ રીતે એકમત ન થયા. હકીમે કહ્યું કે " બાદશાહની આજ્ઞા આ દેશને લુંટવાની અને બરબાદ કરવાની છે, ખાલસા કરવાની નથી; માટે આપણે બધા શત્રુઓને મારતા કાપતા દિલ્હી ચાલ્યા જઇશું. " ઝેનખાંએ કહ્યું " અફસોસ ! જે દેશ એટલો બધો પરિશ્રમ વેઠી અને અસંખ્ય પ્રાણોની આહુતિ આપી ફતેહ કર્યો છે, તે આમ સ્હેજમાં જતો કરીયે ?! અને છતાં પણ જો એવીજ ઇચ્છા હોય તો, જે માર્ગે આવ્યા છીએ એજ માર્ગે પાછા વળીયે. " બીરબલે કોઇની વાતપર ધ્યાન ન આપ્યું અને બીજે દિવસે કૂચ કરી. આથી બીજા સરદારો પણ પોતપોતાની સેના લઇ સાથે ગયા. તે દિવસે પાંચ ગાઉની મુસાફરી કરી. બીજે દિવસે આગળ એક સાંકડા રસ્તાવાળો દુર્ગમ ઘાટ આવતો હોવાથી અડધો ગાઉ મુસાફરી કરવાનું ઠર્યું, પરંતુ જ્યારે હીરાવલ ઘાટ ઉપર પહોંચ્યા એટલે ત્યાં પઠાણોએ આવી હુલ્લડ મચાવ્યું, જેમને મહામુશીબતે હરાવી નસાડી મૂક્યા. આ ખબર સાંભળી બીરબલે

જ્યાં મુકામ કરવાનો હતો ત્યાં મુકામ ન કરતાં આગળ વધવા માંડયું. બીરબલને જતો જોઇ પહાડોમાં રહેવાથી તેમજ રાત દિવસની લડાઇથી થાકી ગયેલા સિપાહીયો પણ તેની પાછળ જવા લાગ્યા. એમ થવાથી સેનાની વ્યવસ્થા ન જળવાઇ ઝેનખાંને પણ લાચારીએ બીરબલની સાથે જવું પડયું, એટલે જે લોકો અગાઉથી ત્યાં પહોંચી ગયા હતા તેઓ પણ તંબુ વગેરે ઉપાડી લઇ આગળ વધ્યા. આવો લાગ જોઇ સંતાઇ રહેલા પઠાણોએ એક દમ છાપો મારી લુંટફાટ ચલાવી. બાદશાહી સેના આગળ તેમજ પાછળ એમ બન્ને બાજુએથી ઘેરાઇ ગઇ હતી. માણસોમાં ગભરાટ વધી પડવાથી તેમજ આગળ સાંકડો માર્ગ હોવાથી કોકાએ પોતાની સેનાની વ્યવસ્થા જાળવી લઇ લડવા માંડયું, પણ તેમાં ઘણા માણસો માર્યા ગયા તેમજ ઉંટ અને બળદો ઉપર લાદેલો બધો સામાન લુંટાઇ ગયો. એવા પ્રકારે લડતાં લડતાં બાદશાહી સેના છ ગાઉ સુધી પહોંચી ગઇ, અને પઠાણો પણ લાગ જોઇ ત્યાંથી નાસી ગયા. બીજે દિવસે કોકા બીરબલના તંબુમાં ગયો, ત્યાં બધા માણસો સલાહ કરવા ભેગા થયા, ઘણાકોએ પાછા ફરવાની સલાહ આપી. કોકાએ કહ્યું " આગળ તેમજ પાછળ સાંકડા ઘાટ આવેલા છે, લશ્કરના માણસો પણ થાકી પાકી ગયા છે, પઠાણોએ સઘળા રસ્તા ઘેરી લીધા છે. આપણે આ ઠેકાણે મુકામ કર્યો છે એ એક રીતે આપણે માટે બહુજ સારૂં છે, કેમકે અહીંયા આપણને ઘાસ ચારો અને રસદ વગેરે મળી શકે તેમ છે; એટલે થોડા દિવસ મુકામ કરી–થાક ઉતારી, ત્યાર બાદ પઠાણોને એકદમ મારી હઠાવીશું. જો આ વાત માન્ય ન હોય તો પછી પઠાણો જોડે સંધિ કરી લઇ તેમનો બધો માલ અસબાબ અને કેદીઓ પાછા દઇએ અને જો એમ પણ ઇચ્છા ન હોય તો પછી આ મુકામે જ આપણે એટલા દિવસ સુધી પડાવ નાંખવો જોઇએ કે ઘાટોની રક્ષા માટે આપણે સર્વ એહવાલ દિલ્હી લખી મોકલી લશ્કર મંગાવી શકીએ, એટલે કોઇ પણ પ્રકારની હાનિ વિના અહીંથી આપણે નીકળી શકીશું." વિધાતાના લેખ ઉપર મેખ મારનાર

કોણ હોય ? કોઇએ કોકાની સલાહ પ્રત્યે ધ્યાન આપ્યું નહિ. બીજે દિવસે બધાએ કૂચ કરી, પણ બીચારો કોકા હતાશ તેમજ લાચાર બની પાછળ પાછળ ચાલવા લાગ્યો. થોડે દૂર પહોંચતાંજ પઠાણો આવી લાગ્યા અને ચારે બાજુથી હુમ્લો કરવા લાગ્યા. બીચારો કોકા તેમનો મુકાબલો કરતો, તેમના તીરો સહન કરતો બીજાઓને બચાવતો આગળ વધ્યે જતો હતો. સાયંકાળના સમયે પઠાણોએ બહુજ ધસારાબંધ હુમ્લો કર્યો અને બાદશાહી લશ્કરમાં ખળભળાટ મચી ગયો, માર્ગ એટલો બધો સંકુચિત્ હતો કે બે સવારો સાથે ચાલી શકતા નહીં. પઠાણો ચારે તરફથી તીર અને પત્થરો વરસાવતા હતા, હાથી, ઘોડા અને ઉંટ એક બીજા ઉપર પડતા હતા, અસંખ્ય મનુષ્યો માર્યા ગયા. ઝેનખાં લજ્જિત થઈ ઝેર ખાવા તૈયાર થઇ ગયો, પરંતુ ચાલીસ યોદ્ધાઓ તેને સંભાળપૂર્વક સમરક્ષેત્રથી છેટે લઇ ગયા. માર્ગમાં હાથી, ઘોડા અને ઉંટ એટલા બધા પડયા હતા કે ઘોડા ઉપર જવું તેમને ભારે પડયું એટલે ઘોડાઓને ત્યાંજ પડતા મૂકી ઇચ્છિત સ્થાને પહોંચી ગયા. બીજા માણસો પણ જુદી જુદી બાજુએ ન્હાસી ગયા, જેમાંના કેટલાક તો સહીસલામત આવી મળ્યા અને બાકીના પઠાણોના હાથમાં કેદ પકડાયા. હકીમ અબુલફતહ પણ મહા મહેનતે જીવનું જોખમ ખેડી નાસી આવ્યો; પરન્તુ રાજા બીરબલનો ક્યાંય પત્તો ન લાગ્યો. એ લડાઇમાં ત્રણ હઝારથી અધિક માણસો માર્યા ગયા, જેમાં બીરબલ સીવાય હસનખાં પન્ની, ગદાબેગ, રાજા ધર્મોગદ, મુલ્લાં શેરી અને સંગ્રામખાં આદિ હતા.

શેખ અબુલફઝલે અકબરનામામાં બાદશાહના ગાદીએ બેઠા પછીના ત્રીસમા વર્ષનું વર્ણન કરતાં લખ્યું છે કે "સ્વાદ પર્વતની લડાઈ શીઘ્ર સમાપ્ત કરવા માટે બાદશાહ એક સેના હંમેશાં કોઈ બાદશાહ પાસે રહેનાર વિશ્વાસુ માણસની સરદારી હેઠળ મોકલવાનો વિચાર કરતા હતા, ત્યારે મેં (અબુલફઝલે) નિવેદન કર્યું કે "હું આપની પાસે રહેવા કરતાં કોઇ બીજી વાતને મારા માટે ઉત્તમ

ગણુતો નથી, છતાં આપથી છુટા પડવાથી હું આપની કોઇ મહાન સેવા બજાવી શકતો હોઉં તો તે મારે માટે અધિક આનંદદાયક થઇ પડશે." મારા ઉત્તરમાં બાદશાહે કહ્યું કે "આ વેળા ઘણા બહાદુર સિપાહીયો સાથે તમનેજ મોકલવામાં આવશે." પરંતુ જે દિવસ લડાઇ ઉપર જવાનો નિયત થયો હતો, તેના ત્રીજે પહોરે બાદશાહે બીરબલના અને મારા નામની ચીઠ્ઠીયો નાંખી એટલે રાજા બીરબલને જવાનું ઠર્યું. અમે બન્ને આ વાતથી ઉદાસ થયા. રાજાને માહે સફરની તા. ૧૦ મી ( માઘ શુકલ ૧૨ શુક્રવાર ) એ વિદાય થવાનું ફરમાન થયું. રાજા સાથે કાસમખાં, ગદાબેગ, અહમદ બેગ, ખાજા હિસાસુદ્દીન, તાશબેગ વગેરેને પણ જવાનો હુકમ થયો. પ્રાતઃકાળમાં શિકાર કરી પાછા ફરતી વેળા બાદશાહે રાજાના તંબુમાં દાખલ થઇ રાજા ઉપર ઘણીજ કૃપા દર્શાવી."*

"રાજાએ સ્વાદ પહોંચી પઠાણોને સારી પેઠે હરાવ્યા. જે આધીન થયો તેને અસલી જગ્યાએથી હઠાવી બીજે સ્થળે વસાવ્યો અને જેણે મુકાબલો કર્યો તેને તલવારને બળે પાંસરો કર્યો.

પઠાણો પાસે માત્ર એક કારાકૂઇનો ઘાટ બાકી રહ્યો હતો, જેને સર કરવા ઝેનખાને બાદશાહ પાસે વધુ સેનાની સ્હાય માગી. બાદશાહે બીરબલના કૂચ કર્યાને નવમે દિવસે હકીમ અબુલફત્તહને મોકલ્યો. બીરબલ અને કોકાને અગાઉથીજ અંદરખાને દ્વેષ હતો, એજ પ્રમાણે હકીમ અને બીરબલને પણ અણબનાવ હતો. બાદશાહની કૃપા પોતા કરતાં બીજા પર વધુ જોઇ ઇર્ષ્યાગ્નિમાં બળી મરતા. એટલે પછી એ ત્રણે એકઠા થતાં બધું ઉંધું વળે એમાં શી નવાઈ?!

રાજા પોતાના સાથીયોને કહ્યા કરતો કે "હવે આપણો સમય બદલાયો છે. મને તો એમ લાગે છે કે કોકા અને હકીમની સાથે સાથે આ રક્તના તરસ્યા જંગલો અને પર્વતોમાં આથડવું પડશે. જોઇશું કે પરિણામ શું આવે છે."

---

* ઈકબાલનામા ઉપરથી.

## બીરબલના મૃત્યુ સમાચાર.

શુભ સમાચાર પહોંચે અથવા પહોંચવામાં વિલંબ થઇ જાય, કાંતો મનુષ્ય પોતાની કૃપણતાને કારણે એને છુપાવે છે, પરન્તુ અશુભ સમાચાર તીરની પેઠે સીધાજ પહોંચે છે, લોકો તેને પહોંચાડવામાં ઘણાજ ઉદાર બની જાય છે. જે માણસો બીરબલ સાથે મળતા હતા, તેમજ જેઓ તેના પ્રત્યે પ્રેમ ભાવ રાખતા તેઓ બીરબલના મૃત્યુ સમાચાર બાદશાહને સંભળાવતાં અચકાતા હતા; પરંતુ બીરબલના ઉત્કર્ષથી જેઓ નાખુશ હતા અથવા તેથી જેમને કોઇપણ પ્રકારનું કષ્ટ થયું હતું, તેમણે બે ધડક એ સમાચાર બાદશાહને પહોંચાડયા.

જ્યારે બાદશાહે બીરબલના મૃત્યુના હૃદયવિદારક સમાચાર સાંભળ્યા, ત્યારે તે અવાક બની ગયો, જાણે તેનામાં હાલવા ચાલવાની ગતિ રહીજ ન હોય તેમ પાષાણની પ્રતિમા સમાન સ્તબ્ધ બની ગયો. તેણે ખાવા પીવાનો પણ ત્યાગ કરી દીધો, બે દિવસ સુધી એક ખૂણામાંજ બેસી રહ્યો. તેની પાસે કોઇ જઇ શકતું પણ નહીં તેમજ તે કોઇનાથી વાત સરખી પણ કરતો નહીં. ત્રીજે દિવસે બાદશાહની માતાએ આવી તેને સંસારની અનિત્યતાનું ભાન કરાવ્યું અને બીજીપણ ઘણી રીતે સમજાવ્યો તેમજ અમીર ઉમરાવોએ પણ બહુજ સમજાવ્યો ત્યારે તેણે ખાધું અને તેજ વખતે પ્રણ લીધું કે " હું પોતે એ સાંકડા ઘાટમાં જઇશ અને જે લોકોએ બીરબલને માર્યો છે તેમનો મારે હાથે વધ કરી મારા હૃદયના કોપાગ્નિને શાંત કરીશ. " પરંતુ, પાસેના શુભ ચિન્તકોએ તેને જવા ન દીધો. મુન્તખિબુત્તવારીખનો લેખક જણાવે છે કે, તે લડાઇમાં ઘણા મોટા મોટા અમીરો માર્યા ગયા હતા, પરંતુ બાદશાહને બીરબલ માટે જેટલો શોક હતો તેટલો કોઇના માટે પણ ન હતો. તે વારંવાર એજ કહેતો " હાય ! હાય ! ! તેના મૃતદેહને તે ઘાટમાંથી કોઇ બહાર કાઢી ન લાવ્યો જેથી તેનું શબદહન તો થઇ શકત ! ?. " પાછો એક ગાઢ ઠંડો નિશ્વાસ નાંખી નીચેના શબ્દો ઉચ્ચારી મન

વાળતા કે " તે સંપૂર્ણ બંધનોમાંથી છૂટી જીવનમુક્ત થઇ ગયો હતો એટલે પછી એને અંતિમ સંસ્કારની કશિ પણ આવશ્યકતા ન હતી, સૂર્યદેવનો તેજોમયી અગ્નિજ એને માટે બસ હતો."

રાજાના મૃત્યુ પછી બાદશાહે ગુજરાતના સૂબા નવ્વાબ ખાનખાનાને નામે એક ફરમાન મોકલાવ્યું હતું, જે અક્ષરસઃ અબુલફઝલની ' મનશીયાત ' માં નકલ કરવામાં આવ્યું છે. એ ફરમાન વાંચવાથી બાદશાહનો શોક અને વ્યાકુળતાનો સંપૂર્ણ પરિચય થઇ જાય છે, એટલે એ ફરમાનનો થોડોક ભાગ અમે અત્રે વાંચકો આગળ રજુ કરવાનું યોગ્ય ધારીએ છીએ.—

એ દિવસો ઘણા જ આનંદ અને ઉલ્લાસના હતા જ્યારે ચારે બાજુએથી વિજયના જ સમાચાર મળતા હતા, પરંતુ દુર્ભાગ્યવશ જે સેના સ્વાદ અને બાજોર સર કરવા મોકલવામાં આવી હતી તે કારાકુઇના સાંકડા ઘાટમાં કુસમયે ઘેરાઇ ગઇ. એ બન્ને દેશો સંપૂર્ણ રીતે તાબે થઇ ચુક્યા હતા, પઠાણો પોતાનો જીવ બચાવવા પર્વતોની ખીણોમાં જઈ ભરાયા હતા. આપણા સરદારો વિજયપ્રાપ્તિના આનંદમાં લૂટફાટ મચાવતા પાછા ફરતા હતા, એવામાં દૈવચક્ર ફર્યું. સદા સરખા દિવસો રહેતા નથી, ઉદય અસ્ત એકમેકની પાછળ રહેલાજ છે. થવાનું થઇનેજ રહે છે, મોટા મોટા બુદ્ધિમાનોની અક્કલ બહેર મારી જાય છે. સેનાના મોટા મોટા બુદ્ધિમાન અધ્યક્ષો ચોકડી ભુલી કુસમયમાં કૂચ કરવા લાગ્યા, સેનાની વ્યવસ્થા જળવાઇ નહીં, પઠાણો રસ્તો ભુલાવી દેતા, લોકો પહાડોપરથી ગબડી પડતા. એવા સમયે અમારી સભાના સુપ્રસિદ્ધ બહુ મૂલ્ય રત્ન, અમારા દરબારના સ્થંભ, બુદ્ધિમાન મંત્રી રાજા બીરબલ કે જે પોતાને અમારી મિત્રતામાં હારી ચુક્યા હતા તે એકાએક આ અસાર સંસારનો ત્યાગ કરી ગયા. આ દુઃખથી અમારો આનંદ નાશ પામ્યો, હવે અમને સંસાર જનશૂન્ય દેખાય છે.

સેવક પોતાના સ્વામીના કાર્ય માટે પ્રાણ સુદ્ધાંનો ત્યાગ કરવાથીજ ઉચ્ચ પદિ પ્રાપ્ત કરી શકે છે, બીરબલે પોતાનો પ્રાણ

અમારે માટે ત્યાગી દીધો; પરંતુ એ વાત અમારી આશા વિરૂદ્ધ થઇ. અમને આશા હતી કે એવો બનાવ કોઇ મહાન કાર્યમાં કદાચ બનવા પામશે પણ મનુષ્યના વિચારો દિ સફળ થતા નથી, જે વસ્તુનો વિચાર કરીયે છીએ: તે પ્રાપ્ત થતી નથી અને જેની ઇચ્છા હોતી નથી એ વસ્તુ આપણી પાસે ચાલીને આવે છે. આ અણધારી આફતે અમારા હૃદયને સખ્ત આઘાત પહોંચાડયો છે. શોક; મહા શોક ! ! સંસારસુખ રૂપી મદિરામાં દુઃખરૂપી કચરો ભરેલો છે ! ! ! અહીંયાની મિઠાઇયોમાં વિષ ભળેલું છે, સંસાર ખરેખર અસાર જ છે એને મૃગજળની ઉપમા આબાદ બંધબેસ્તી આવે એમ છે. આ જગત્‌માં સુખની પાછળ દુઃખ અને સંપદા પાછળ વિપદ રહેલાં જ છે. તુરાનના એલચી ( દૂત ) અને અન્ય અન્ય વિદેશી મહેમાનો-ના આગમને અમને બીરબલનો મૃતદેહ પોતે તે પ્રદેશમાં જઇ જોવાનો અવકાશ ન આપ્યો, કે જેથી અમે અમારી જે કૃપા એની ઉપર હતી તે બતાવી શકયા હોત. એમ થવાથી સર્વસાધારણને અમારી કૃપા અને અનુગ્રહનો પરિચય મળવા સાથે તેઓ જાણી શકયા હોત કે, જે મનુષ્યે અમારે માટે પોતાનો પ્રાણત્યાગ કર્યો છે તેને અમે કેટલી હદ સુધી ચાહીયે છીએ. હૃદયની આંખો એ બધું જોઇ શકી છે અને બુદ્ધિમાન લોકો એ વાત સારી પડે સમજી પણ ગયા છે; પરંતુ કામ સર્વસાધારણથી છે, એટલે મનની વાત મનમાં-જ રહી ગઇ.

એવું કયું હૃદય છે જે આ શોકથી વ્યાકુળ ન થયું હોય ? અને તે કઇ આંખ છે જે આ દુઃખથી અશ્રુ વરસાવી ચુકી નહીં હોય ? આ માટીનો ઢગ ( દુનિયા અથવા દેહ ) ત્યાગવા યોગ્ય છે અને બધા સંસારીક સંબંધ તોડવા યોગ્ય ! તે પરલોક વાસિનો વિચાર રાત્રિ દિવસ અમારી આંખો સ્હામે તરવરે છે અને તેના ગુણ સર્વદા અમારા દરબારમાં ઉપસ્થિત છે, તો પછી તેના ક્ષણભંગૂર દેહના નષ્ટ થવાથી શો અંતર પડી શકે એમ છે ? પરંતુ, સંસારિક રીતે તેના વિયોગનો કારમો ઘા અમારા હૃદયમાં એવા પ્રકારનો

અને એટલો બધો ઉંડો લાગેલો છે, જે ન તો વર્ણવી શકાય એમ છ નતો સંપૂર્ણપણે વ્યકત કરી શકાય એમ છે, તેમજ તેને સમજનાર પણ કોઇ દેખાતો નથી. જો વિચાર પૂર્વક જોવામાં આવે તો જેનો જન્મ થયો છે એનું મરણ પણ સાથેજ જનમ્યું છે. જ્યારે સૃષ્ટિકર્તાએજ એ એક નિયમ ધરેલો છે તો પછી કલ્પાંત કરવા કરતાં ચુપ રહેવું અને ગભરાવા કરતાં શાંતી ધારણ કરવી એજ ઉત્તમ અને ઉચિત્ છે. એવા પ્રસંગે સંતોષ રાખી ઇશ્વરેચ્છા ઉપરજ પ્રસન્ન રહેવા સિવાય કશો અન્ય ઉપાય નથી. તમે પણ શાંત ચિત્ત રહી પોતાની ઇચ્છા કરતાં ઇશ્વરની ઇચ્છાને બળવાન ગણો. કદિપણ ઇશ્વરના ધ્યાનથી અચેત ન રહો. તમે પોતે જ્ઞાની છો અને જાણો છો કે તે પરલોકવાસિના હોવા છતાં તમે અમારા કૃપાપાત્ર હતા અને અમે તમને ઇશ્વરના આપેલા ઉત્તમ પદાર્થોમાંના એક તરીકે ગણુતા હતા. અને હવે તો તમે પોતેજ જોઈ શકો છો કે તમારી હસ્તી કેટલે દરજ્જે ઉત્તમ નીવડશે. પરમાત્મા તમને અમારી છત્રછાયામાં કૃતાર્થ કરે અને અમને તમારા માથે સલામત રાખે. રાજા બીરબલના દેહાન્ત પછી અમે દેશરત્ન રાજા ટોડરમલને એક મોટી સેના સાથે ત્યાં મોકલ્યો છે, તે અત્યંત વીરતા પૂર્વક પઠાણોને બરાબર સજા કરી તે પ્રદેશ ઉપર બહુજ જલ્દી કબ્જો કરશે. હવે થોડા દિવસમાં રાજધાની અમારા શુભાગમનથી સુશોભિત થશે. ”

પ્રિય વાંચક ! આ આજ્ઞાપત્ર ઉપરથી બાદશાહના મનમાં બીરબલ માટે કેવી અને કેટલી બધી પ્રીતિ હતી તે સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. જો બાદશાહ એ યુદ્ધ સ્થળે હોત તો બીરબલને બચાવવા ખાતર જરૂર પોતાના પ્રાણ હોમી દેત.

સંવત ૧૬૪૦માં એક દિવસે બાદશાહ હાથીની લડાઇ જોતો હતો, એવામાં દલચાચુર નામનો હાથી લડતાં લડતાં ગુસ્સે ભરાઇ એક માણુસ તરફ દોડયો, પણ એવામાં બીરબલ સ્હામે આવી ગયો. હાથીએ બીરબલ ઉપર સૂંઢ ઉગામી એવામાં બાદશાહ ઘોડો દોડાવી ત્યાં

આવી પહોંચ્યો અને બીરબલને બચાવી લીધો અને હાથી થોડે દૂર સુધી બાદશાહ પાછળ દોડ્યો, પણ બાદશાહ પોતાના ઘોડાને ત્વરિત ગતિએ દોડાવી બચી ગયો. પોતાના જીવના જોખમે બીરબલના પ્રાણ બચાવવાની બાદશાહની આ કોશિષ પૂર્ણ પ્રેમનું પ્રમાણ છે.

બીરબલનો શોક બાદશાહના મનમાં એટલો બધો સજ્જડ બેસી ગયો હતો, કે તુરાનના બાદશાહનો એલચી ઘણા દિવસ સુધી અકબરના મહેમાન તરીકે પડ્યો રહ્યો, પરંતુ બાદશાહ જોડે તેની મુલાકાત ન થવા પામી.

'ઇકબાલનામએ જહાંગીરી' માં લખ્યું છે કે "રાજા બીરબલના દેહાન્તથી બાદશાહને અનહદ ખેદ થયો હતો. સિંહાસનારૂઢ થયા પછી આજસુધી એમને કદાપિ આવો શોક થયો ન હતો."

એમ પણ કહેવાય છે કે બાદશાહે બીરબલના શોકને લગતા કેટલાંક કાવ્યો અને પદો પણ રચ્યાં હતાં. નીચેના બે પદ એની સાબિતી રૂપ છે.–

**દીન જાન સબ દીન, એક દુરાયો દુસહ દુઃખ,**
**સો અબ હમકો દીન, કુછ નહી રાખ્યો બીરબર.**
**પીથલ* સોં મજલિસ ગઈ, તાનસેન સોં રાગ;**
**હંસીબો, રમીબો, બોલીબો, ગયો બીરબર સાથ.**

રાજા બીરબલનો દેહાન્ત ફાગણ સુદ ૨ ગુરૂવારે થયો હતો. ૭ શુકલ મંગલવારે કોકા અને હકીમ પણ બાદશાહના પ્રિય મન્ત્રીને ખોઇ બેસવાથી લજ્જિત થતા બાદશાહ પાસે અટકથી બનારસ જઈ પહોંચ્યા. બાદશાહ એ બન્ને ઉપર બહુજ ગુસ્સે થયો અને ઘણા દિવસ સુધી એમને દરબારમાં બોલાવ્યા પણ નહીં, ત્યાર પછી લોકોના સમજાવ્યાથી તેમનો અપરાધ ક્ષમા કરી દીધો.

બાદશાહ મનુષ્યના જીવનને બહુ મુલ્ય ગણતો હતો. જ્યારે

* બીકાનેરના રાજા રાયસિંહના ભાઈ પીથલ ( પૃથ્વિરાજ ) પર તેની કાવ્યરચના અને ચાતુર્યને કારણે બાદશાહની બહુ પ્રિતિ હતી. ( જુઓ **અકબરનામા** )

કોઈ ઠેકાણે લશ્કર મોકલવું પડતું, ત્યારે પ્રથમથીજ એવી આજ્ઞા આપવામાં આવતી કે કોઈને પણ નાહક મારવો નહીં; પરંતુ ક્રોધના આવેશમાં મનુષ્યની મતિ ગતિ સ્થિર નથી રહેતી, ધૈર્ય જતું રહે છે. બાદશાહે પણ એ પ્રમાણે ક્રોધાવેશમાં પઠાણોનો ' કત્લેઆમ' કરવાની આજ્ઞા આપી દીધી. આ આજ્ઞા રાજા માનસિંહને ખૈબર ઘાટમાં તારીકી પઠાણો જોડે લડાઇ મુલતવી રાખી સ્વાદબુનેર જવાની આજ્ઞા સાથે મળી. એટલે એક તરફથી રાજા માનસિંહ અને બીજી તરફથી રાજા ટોડરમલે પઠાણોનો ' કત્લેઆમ ' શરૂ કરી દીધો અને જેઓ કેદ પકડાયા તેમને તુર્કસ્થાન મોકલી ગુલામ તરીકે વેચી નાંખ્યા.

## બનાવટી બીરબલ.

બીરબલ જ્યારે જીવતો હતો ત્યારે ઘણીવાર પોતાના મરણના ખોટા સમાચાર તે પોતે પ્રસિદ્ધ કરી દેતો, ઘણીવાર દરબારમાંથી કોઇને કાંઈ પણ કહ્યા સાંભળ્યા વગર ચાલી જતો અને ઘણા દિવસો સુધી ક્યાંક સંતાઈ રહેતો; અને જ્યારે બાદશાહ તેને ઘણા દિવસ સુધી ન જોવાથી બેચેન થઇ જઇ, શોધ કરાવતો ત્યારે તે દરબારમાં હાઝર થતો. એવીજ રીતે આ પ્રસંગે પણ જ્યારે, બીરબલના શોકથી બાદશાહ ઘણોજ વ્યાકુળ થતો, ત્યારે કોઇને કોઈ બીરબલના જીવતા હોવાના સમાચાર પહોંચાડતો. કોઇ કહેતું કે 'બીરબલ મરણ પામ્યા નથી, બલકે ઘાયલ થઇ બચી જવા પામ્યા છે.' કોઇ કહેતું કે ' મેં બીરબલને સન્યાસીયોના સમૂહમાં કથા વાંચતા જોયા છે. ' વળી કોઇ યાત્રી આવીને ખબર આપતો કે ' હું હમણાંજ જવાલાજીથી આવ્યો છું, જયાં બીરબલને મેં યોગીના વેષમાં યોગીયો સાથે જોયો છે.' સારાંશ એજ કે નિત્ય નવી નવી ગપ ઉડતી, બાદશાહનું વ્યાકુળ મન દરેક વાતને કબુલ કરી લેતું અને કોઈ કોઈ વેળા બાદશાહ પોતેજ કહેતો કે " તે સંસારિક સંબંધોથી અલગ અને ઘણો જ લજ્જાશીલ હતો, એટલે પરાજયથી લજ્જિત બની યોગી બની ચાલ્યો ગયો હોય તો તે સર્વથા બનવા યોગ્ય છે."

જવાલાજીમાં બીરબલના હોવાની ખબર મળતાં બાદશાહે ત્યાં માણુસ મોકલ્યો, પરંતુ ક્યાંય પત્તો લાગ્યો નહીં.

બે વર્ષ પછી સીઢે ગામમાં કોઇ બ્રાહ્મણે પોતાને **બી**રબલ તરીકે ઓળખાવવા માંડયો. તે કહેતો હતો કે " હું **બી**રબલ છું, પઠાણો જોડે યુદ્ધ કરતાં હું ઘવાયો હતો; પરંતુ એક સાધુએ મારા પ્રાણ બચાવ્યા." એ બ્રાહ્મણનો ચહેરો બીરબલને મળતો જ હતો, તેમજ તે જે વાતો કહેતો એ પણ બરાબર હોવાથી બાદશાહે તેને પોતાની પાસે બોલાવી, મંગાવ્યો, પણ રસ્તામાંજ તે મરણ પામ્યો. આ બીના ' અકબરનામા' માં વર્ણવી છે.

' મુન્તખિબુત્તવારીખ ' માં લખ્યું છે કે " સને ૩૯૯ હી. ( સંવત ૧૬૪૪ ) માં એવી અફવા ઉડી કે બીરબલ લડાઇમાં ઘાયલ થઇ નગરકોટના પર્વતોમાં ચાલ્યો ગયો હતો, અને હવે સાધુ બની ગયો છે. પરંતુ બાદશાહે ત્યાં માણસ મોકલતાં એ વાત જુઠી ઠરી. એ પછી એવા સમાચાર મળ્યા કે **બી**રબલ કલિન્જરમાં સંતાઈ રહેલો છે. ( આ કિલ્લો બીરબલની જાગીરનો હતો ). બાદશાહે ત્યાંના કોતવાલને નામે **બી**રબલને શોધી કાઢવાનો હુકમ મોકલ્યો. તેણે એક યાત્રીને **બી**રબલ ગણી સંતાડી રાખ્યો હતો, એટલે ભેદ ઉઘાડો ન પડે એટલા માટે તેણે પેલા યાત્રીને મારી નાંખી બાદશાહને લખી મોકલ્યું કે "થોડા દિવસ થયાં અત્રે બીર-બલ છુપા વેશે આવ્યો હતો, તેને મેં અત્રે સન્માનપૂર્વક રાખ્યો હતો; પરંતુ કોણ જાણે શાથી તે એકાએક મરણ પામ્યો." આ રીપોર્ટ સાંભળી બાદશાહને વધુ શોક થયો અને ક્રોધના આવેશમાં કોતવાલ તેમજ બીજા પણ કેટલાક માણસોને ખબર ન આપવાના અપરાધ માટે કેદ કર્યા અને પછી હઝાર હઝાર રૂપીયા દંડ લઇ છોડી મૂક્યા.

બીરબલની પ્રકૃત્તિમાં ઇશ્વરે સર્વ ગુણ એકત્ર કરી મૂક્યા હતા. દરબારના અન્ય અમીરો તેની બરોબરી કરી શકે એમ ન હતું. દરેક વિષયમાં, પછી ભલે તે વિષયનું તેને જ્ઞાન હોય કે ન હોય, પરંતુ

માથું મારવા **બીરબલ** તૈયાર, ધર્મસંબંધી શાસ્ત્રાર્થોમાં હાજર, પ્રબંધકારિણી સભાઓમાં અને હીસાબના કામમાં દખલ દેવા તૈયાર, રાજ્યકારોબારમાં પોતાની સલાહ આપવામાં જાણે પોતાના સમયનો ગ્લેડસ્ટોન અથવા પ્રિન્સ બિસ્માર્ક હતો. તલવાર વિના લડવામાં અને વગર તોપે તોપખાનું ઉડાવી દેવામાં જાણે તે સમયનો **મહાત્મા ગાંધી**, શિકારમાં પણ પ્રવીણ, નાચરંગના જલસાઓને પણ સુશોભિત બનાવનાર. ટુંકમાં એટલુંજ કે દરેક કામમાં **બીરબલ** દરપળે તૈયાર, અને બાદશાહનું મનરંજન કરવા પ્રતિક્ષણ ઉત્સુક. એવા ચપળ અને વિદ્વાન મંત્રી માટે બાદશાહને એટલો બધો શોક થાય એ સ્વાભાવિકજ કહેવાય.

## બીરબલ કવિ તરીકે.

રાજા **બીરબલ** કાવ્ય રચનામાં બહૂજ નિપૂણ હતો, સમસ્યાપૂર્તિ બહુજ શીઘ્ર કરતો, પોતાના કાવ્યમાં નામને બદલે "બ્રહ્મ" શબ્દ લખતો. **બીરબલના** કાવ્યો ભાષાલંકાર પરિપૂર્ણ અને ચમત્કારી છે, એના કાવ્યો છુટા છવાયા ક્યાંક જુના પુસ્તકોમાંથી મળી આવે છે; પરંતુ પુસ્તક આકારમાં પ્રગટ થયાં નથી, વાંચકોની જાણ ખાતર એક કાવ્ય અમે નીચે આપીયે છીયે—

### સવૈયા.

**પૂત કપૂત, કુલક્ષણ નારી, લરાક પરોસ, લજાવન સારો,**
**ભાઇ અદેખ, હિતૂ કચલંપટ, કપટી મીત, અતીત ધુતારો;**
**સાહબ સુમ, કિસાન કઠોર, ઔર માલિક ચોર, દિવાન નકારો,**
**"બ્રહ્મ" ભને સુનશાહ અકબર, બારહું બાંધી સમુદ્રમેં ડારો-૧**

---

**ગર્ભ ચઢે, પુનિ સૂપ ચઢે, પલના પૈ ચઢે, ચઢે ગોદ ધનાકે,**
**હાથી ચઢે, ફિર અશ્વ ચઢે, સુખપાલ ચઢે, ચઢે જોમ ધનાકે;**
**વૈરી ઔ મિત્રકે ચિત્ત ચઢે, કવિ "બ્રહ્મ" ભને દિન બીત પનાકે,**
**ઇશ્વર કૃપાલુકો જાનિયો નાહીં, અબ કાંધે ચઢે ચલે ચાર જનાકે-૨**

---

જબ દાંત ન થે તબ દૂધ દીયો, જબ દાંત ભયે તો અનાજહુ દેહે,
જીવ બસે જલ ઔર થલમેં, તિનકી સુધિ લેત સો તેરીહુ લેહે;
ક્યૂં અબ સોચ કરે મન મૂરખ, સોચ કરે કુછ હાથ ન એહે,
જાનકો દેત, અજાનકો દેત, જહાનકો દેત, સો તોહુકો દેહે. ૩

યદ્યપિ દ્રવ્યકો સોચ કરે, કબ ગર્ભમેં કે તોહ ગાંઠિતે આયો,
જા દિન જન્મ લિયો જગમેં, જબ કેતિક કોટિ લીયે સંગ આયો;
વાકો ભરોસો કયોં છાંડે અરે, મન જાસોં અહાર અચેતમેં પાયો,
'બ્રહ્મ' ભનૈ જનિ સોચ કરે, વોહી સોચિ હૈ જો બિરૂલા ઉલહાયો. ૪

રાજા બીરબલની ન્યાય પ્રત્યે અધિક રૂચિ હતી, તેણે ઘણી વેળા બાદશાહને સંપૂર્ણ રીતે દરેક ગુનાહની તપાસ કર્યા પછીજ ન્યાય આપવાની સલાહ આપી અનેક ગરીબોને ધનાઢયોના નાના-વિધ અત્યાચારોમાંથી ઉગાર્યા હતા.

" અકબરનામા " માં લખ્યું છે કે સંવત ૧૬૩૮ માં બાદશાહે નવરોઝના ઉત્સવ પ્રસંગે પોતાના અમીરોને રાજા તેમજ પ્રજા ઉભયને લાભકારક નિવડે એવી એક એક વાત બતાવવાની આજ્ઞા આપી. તે સમયે બીરબલે કહ્યું " કેટલાક નિસ્વાર્થી અને ન્યાયી માણસોને મુકરર કરવા જોઇયે, જેઓ દર વખતે એવા માણસોની શોધમાં રહે જેમની ઉપર અત્યાચાર ગુઝારવામાં આવ્યો હોય, અને તેમની સત્ય હકીકત પોતા તરફથી એક શબ્દ પણ ઉમેર્યા વગર દરબારમાં રજુ કરે. " બાદશાહે એ વાત અત્યંત પ્રસન્નતા-પૂર્વક માન્ય રાખી, એ કાર્ય માટે બીરબલનેજ નિયત કર્યો. બે વર્ષ પછી ( સંવત ૧૬૪૦ ) ન્યાય આપવાનો પણ કેટલોક ભાર બીરબલને માથે નંખાયો અને તેના મદદગાર તરીકે કાસમખાં, હકીમ હુમામ અને શમશેરખાં કોતવાલને નીમ્યા અને ચિટનીસનું કામ અબુલફઝલને સોંપાયું અને એવી આજ્ઞા કરવામાં આવી કે 'સોગંદ અને સાક્ષી ઉપર ભરોસો ન કરતાં બુદ્ધિ અને અનુભવનો પણ ઉપયોગ કરવો અને અભિયોગની સંપૂર્ણ તપાસ કરવામાં કદી પણ ઢીલ ન કરવી. '

## બીરબલની શારીરિક દશા.

બીરબલનો રંગ શ્યામ હતો, લલાટ વિશાળ, અંગ સુડોલ અને બળવાન હતું અને મુખપર શીતલા ( માતા )ના ડાઘ હતા. તેનો સ્વભાવ અત્યંત સરળ, સાદો અને મલતાવડો હતો. પારકાને પોતાનો બનાવતાં તેને ઝાઝો સમય ગાળવો પડતો નહીં, વાતોમાંને વાતોમાંજ તે લોકોનું મન હરી લેતો. તેણે શાહી દર્બારમાં ઉચ્ચ પદિ પ્રાપ્ત કરી લોકો સાથે સદ્‌વ્યવહાર અને ઉપકાર કર્યો તેમ જ બીજા પણ અનેક સારાં કાર્યો કરી પોતાની નામના અમર કરી. તેણે ઘણા ગામોમાં બ્રાહ્મણોને સુખી બનાવી દીધા, ગૌહિંસા બંધ કરાવી, હીન્દુ મુસલમાનોનો પરસ્પર મેળ મિલાપ કરાવી વિરોધાગ્નિને શાંત કર્યો. મુલ્લા બદાયની લખે છે કે " બીરબલની સ્મરણશક્તિ ઘણીજ પ્રબલ હતી, હાઝર જવાબી અને વિનોદિ વાતો કહેવામાં તે અનુપમ હતો. કોઇ કોઇવાર ઈશારા અને ચેષ્ટાથી જ તે બાદશાહના મનની વાત સમજી જતો. "

વળી એક જગ્યાએ રાજાના બ્હીકણપણા વિષે લખતાં મુલ્લા બદાયુની લખે છે કે " રાજા ઘણોજ બ્હીકણ હતો. સન. હી. ૯૯૧ માં એક દિવસે બાદશાહ નગર ચીનના મેદાનમાં ચૌગાન ( પૉલૉની રમત જે ઘોડાપર બેસી રમવામાં આવે છે તે) રમતા હતા, તેવામાં રાજા ઘોડા પરથી પડી ગયો. બાદશાહે પાસે જઇ ઘણી કોશિષ કરી પણ રાજાની શુદ્ધિ ન આવી. ઘોડા ઉપરથી પડી જવાને કારણે મૂર્છા આવી ગઇ અથવા રાજાએ પોતેજ શ્વાસ અટકાવી રાખ્યો એ તો પ્રભુ જાણે. અંતે તેને ત્યાંથી ઉપડાવી ઘેર મોકલાવી દીધો. "

## બીરબલની ઉદારતા.

જે મનુષ્ય પ્રથમાવસ્થામાં દીન હોય છે તે ધન પ્રાપ્ત થતાં ઉદાર નથી બનતો, પરંતુ બીરબલ વિષે એમ ન હતું. તે પોતાના સમયનો મહાદાની કહેવાતો. હીંદુ કવિઓએ તો બીરબલની ઉદારતા અને પરદુઃખભંજનતાના સેંકડો ગીત ગાયાં છે, પરંતુ મુસલમાન લેખકોએ પણ બીરબલની દાનવીર તરીકે ભારે પ્રશંસા કરી

છે. માઅસિરૂલઉમરા " માં લખ્યું છે કે " રાજા બીરબલ પોતાના સમયમાં એકમાત્ર દાની પુરૂષ હતો, બીજો કોઇ તેની બરોબરીએ આવે તેમ ન હતું. "

બીરબલની ઉદારતાએ તેની ખ્યાતિમાં ઘણોજ વધારો કર્યો હતો. તેની પ્રશંસા તરીકે કવિ ગંગ લખે છે—

કબિત,

દિલ્લીસે ન તખ્ત બખ્ત મુગલનસે હોય હેં,
હોય હેં નગર ન કહુ આગરે નગરસે;
ખાનનમેં ખાનખાના, રાજનમેં રાજા માન,
હોં હેં ન વઝીર કહું, ટનડન ટોડરસે;
કવિ ગંગસે ગુની, ન તાનસેન તાનધારી,
બૂચનસે ન કાનૂંગો, ન દાતા બીરબરસે,
સાતદ્વીપકે મઝાર, સાતહુ સમુદ્રપાર,
હો હેં ન જલાલુદ્દીન, ગાઝી અકબરસે.

રાજાની ઉદારતાની પ્રશંસા એટલે સુધી છે કે, તે ક્યારેક સીમાનું પણ ઉલંઘન કરી જતો. ઉર્ચ્છાના રાજા ઇંદ્રજિતને ત્યાં કેશવદાસ નામનો એક મહા કવિ રહેતો હતો, તેને કોઇ કામ પ્રસંગે બાદશાના દરબારમાં આવવું પડયું. અહીંયાં નાણાંની જરૂર પડતાં, રાજા તેની આવશ્યકતા પૂર્ણ કરી શકશે એમ વિચારી તેણે બીરબલને ઘેર જઇ હાક મારી. બીરબલ તે પ્રસંગે અજીર્ણના રોગથી પીડાતો હતો, એટલે અંદરથી કહેવડાવ્યું " મને અજીર્ણને કારણે અત્યંત પીડા થતી હોવાથી બ્હાર આવી શકું એવી સ્થિતિમાં નથી." આ સાંભળતાંજ કેશવદાસે નીચેનો દોહરો બીરબલને લખી મોકલ્યો:-

જસ જારચો સબ જગત્કો, તોય અજીરન હોય;
અપયશકી ગોલી દઉં, તત્કાલે સુખ હોય.

એ દોહરો બીરબલના કાળજામાં તીર સમાન વાગ્યો, ઘરની અંદર બેસી રહેવાનું તેને માટે અસહ્ય થઇ પડયું, તરતજ તે બ્હાર નીકળ્યો. તેને જોતાંજ કેશવદાસે નીચેનો સવૈયો કહ્યો:—

ભૂ, રવિ, પક્ષિ, પસૂ, નર, નાગ, નદિ, નદ, લોક રચે દશ ચારી,
કેશવ દેવ અદેવ રચે, નરદેવ રચે રચના ન નિવારી;
રચિકે નૃપનાથ બલી બલબીર, ભયો કૃતકૃત્ય મહા વૃતધારી,
દૈ કરતાર પનો કર તોહિ, દઈ કરતાર દુહું કરતારી.

એ સવૈયાને સાંભળી બીરબલ એટલો બધો પ્રસન્ન થયો કે પોતાના શાલી રૂમાલમાં છ કરોડ દામ ( લગભગ સાડાબર લાખ રૂપીયા ) ની હુંડીયો બાંધેલી હતી તે ખોલીને તેજ વખતે કેશવદાસને આપી દીધી. જે માટે ધન્યવાદ તરીકે કવિએ બીજો સવૈયો કહ્યોઃ-

કેશવદાસકે ભાલ લિખ્યો બિધિ, રંકકો અંક બનાય સંવારચો,
ધોયે ધુયો નહીં છોડે છુટયો, બહુ તીરથકે જલ જાય પખારચો;
વ્હે ગયો રંકસો રાય તબૈ, જબ બીરબલી નૃપનાથ નિહારચો,
ભૂલી ગયો જગકી રચના, ચતુરાનન ફારી રહ્યો મુખ ચારચો.

રાજા બીરબલના જે શોકગીતો લખાયાં છે તેમાં પણ ઉદારતા વર્ણવામાં આવી છે. અમે બાદશાહે બનાવેલો જે મરસીયો અગાઉ લખી ગયા છીયે તેના પ્રથમ દોહરામાંથી પણ એજ ધ્વનિ નીકળે છે. કવિ કેશવદાસે તો સ્પષ્ટ શબ્દોમાં લખી દીધું છે કે " બીરબલના મૃત્યુથી દારિદ્રતાને અત્યંત આનંદ થયો. " તે લખે છેઃ-

## સવૈયા.

પાપકે પુંજ પખાવજ કેશવ, શોક કે શંખ સુને સુખમામેં,
ઝુંઠકી ઝાંઝર, ઝાંઝ અલોકકી, કૌતુક ભૌ કલિકે કુરમામેં;
ભેદકી ભેરિ બડે ડરકે ઢફ, આવજ ચુત્થ ન જાની જમામેં.
જૂઝતહી બલબીર બજે બહુ, દારિદ્ર કે દરબાર દમામેં.

બીરબલની આવી ઉદારતા ( કેશવદાસ પ્રત્યે બતાવેલી ) નું વર્ણન સાંભળી લોકો બહુજ આશ્ચર્યચકિત થાય છે. તે સમયના સાધારણ માણસો પણ બીરબલની પદ્વિ અને પગારને જોતાં તેની જગતવિખ્યાત ઉદારતાથી એજ પ્રમાણે આશ્ચર્ય પામતા, કેમકે બાદશાહી કૃપાથી બીરબલને રાજાની પદ્વિ મળી ગઇ હતી; પરંતુ તે

પદ્ધિ બે હઝારીથી વધુ પગારની નહતી. તેમાં વળી બે હઝાર સ્વારો રાખવાનો ખર્ચ બાદ કરતાં જે કાંઇ વધે એજ ખરો પગાર ગણાય. છતાં એક દિવસમાં જ સાડાબાર લાખ રૂપીયા દાન કરવું, એ આશ્ચર્ય પમાડવા માટે પુરતું છે. પરંતુ, ખરી બીના એથી જુદીજ હતી, બે હજારીની પદવી તો નામ માત્રની હતી, પણ પોતે બાદશાહનો કૃપાપત્ર હોવાથી ધારે તે કરી શકે એમ હતું.

"મુન્તખિબુલ્લુબાબ (એશિયાટિક સોસાયટીએ છાપેલો) માં લખ્યું છે કે" રાજા બીરબલની પદ્ધિ બે હઝારીથી વધુ થવા પામી નહતી, પરંતુ તેણે પોતાની હાઝર જવાબી અને અક્કલ હોંશીયારીથી બાદશાહને મોહી લીધો હતો, દર માસે અને દર વર્ષે તે ઝવેરાત વગેરે ઇનામમાં મેળવતો જે લાખોની કીંમતના ગણાતા નજીક તેમજ આવેના અમીર ઉમરાવો બહુ મૂલ્ય ભેટો મોકલતા.

તેમજ એકાન્ત અને આરામને વખતે બાદશાહને મળવા માટે બાદશાહના અન્તઃપુર (ઝનાના)માં પણ તેને જવાની છૂટ હતી."

## બીરબલનો ધર્મ.

બીરબલ જાતે હીંદુ હતો, પણ પાછળથી અકબરે કાઢેલા બનાવટી "દીને ઇલાહી" પંથમાં ભળી ગયો હતો અને તે પંથના ચુસ્ત માનનારાઓમાં તે ગણાતો; છતાં એટલો બધો નિડર હતો કે હસવામાં એ બનાવટી ધર્મને વગોવી નાંખતો. એથી મુસલમાન અમીરો જેઓ તે પંથમાં જોડાયા હતા બહુજ ગુસ્સે થતા અને કોઇ કોઇ વેળા તે ઇસ્લામ ધર્મ ઉપર પણ મસ્ખરીમાં આક્ષેપ કરી બેસતો એટલે અન્ય મુસલમાન અમીરો પણ છેડાઈ જતા. અને જ્યારે બાદશાહ પણ બીરબલની વાતમાં ભળતો, ત્યારે તેઓ એટલુંજ કહીને રહી જતા કે "બીરબલજ બાદશાહના નિયમનો ભંગ કરે છે."

મુલ્લા અબ્દુલ કાદિર એક ઠેકાણે લખે છે કે "બીરબલે બાદશાહના મનમાં એવું ઠસાવી દીધું કે સૂર્ય એ ઇશ્વરનો સંપૂર્ણ આદર્શ છે. અન્ન પકવવું, ખેતી ઉગાડવી, પુષ્પોને ખીલવવા, વૃક્ષોને

પોષવા એ એનો પ્રભાવ છે. સારા જગતના પ્રકાશ અને જીવ માત્રનું જીવન એનેજ આધીન છે, એટલે એજ પૂજનીય અને માન્ય છે. એના ઉદય તરફ મુખ રાખવું જોઇયે."

મહાત્મા ભર્તૃહરીએ બે હ્ઝાર વર્ષ પૂર્વે કહ્યું હતું કે "**आरंभ गुर्वीक्षयिणी क्रमेण लघ्वी पुरावृद्धिमतीच पश्चात् । दिनस्य पूर्वार्द्ध परार्द्ध भिन्ना छायेव मैत्री खल सज्जनानाम् ॥**" અર્થાત્ "સજ્જનોની પ્રીતિ પ્રથમ થોડી હોય છે અને પછી દિવસે દિવસે વધતીજ જાય છે અને ખલોની પ્રીતિ પ્રથમ એકી સાથે વધી જઇને પછી દિવસે દિવસે ઓછી થતી જાય છે."

આ વાક્યની સિદ્ધી અકબર જેવા ચક્રવર્તી બાદશાહે બીરબલ જેવા દીન, હીન અને કંગાલ જોડે પ્રીતિ સાંધી તેને પોતાના જેવો જ રાજા બીરબલ બનાવી દઇ કરી બતાવી. બાદશાહની અસીમ કૃપાને કારણે બીરબલ ઘણોજ અટકચાળો અને બેપરવાહ બની ગયો હતો, તે બાદશાહની પણ કોઇ કોઇવાર દરકાર રાખતો નહીં. ભલી કે ખોટી જેવી મનમાં આવે તે કહી બેસતો, પરંતુ બાદશાહે બીરબલ જયારે કંગાલ દશામાં હતો ત્યારે જે વચન આપ્યું હતું કે " તું મારો મિત્ર છો, તને કદિપણ અળગો નહીં કરૂં " એટલે એ " મિત્ર " શબ્દ કહેવાનો બાદશાહને ઘણો પક્ષપાત હતો, બીરબલની ખરાબ વાત ઉપર પણ ધ્યાન આપતો ન હતો. ખરેખર જેને એકવાર પોતાનો બનાવી લીધો, જેનો હાથ એકવાર ઝાલી લીધો, જેને એકવાર મિત્ર બનાવી લીધો તેને બાદશાહે પોતાના તનમનથી ન ભૂલાવ્યો. લોકો બીરબલ વિરૂદ્ધ અનેક વાતો બાદશાહ આગળ પહોંચાડતા, અનેક આક્ષેપો અને દોષો તેને માથે ચોપાતાં; પરંતુ બાદશાહ કદિપણ એવા જુઠાણાથી ભોળવાયો નથી. તેની પ્રીતિનો અંકુર તેના મનમાં એવાં ઉંડા મૂળ ઘાલી બેઠો હતો કે તેના મૃત્યુ સમાચાર સાંભળતાંજ બાદશાહ ચોધાર અશ્રુએ રડી પડયો, ખાનપાનનો ત્યાગ કર્યો અને મરણ પર્યન્ત તેણે " હંસીબો, રમિબો, બોલિબો, ગયો બીરબર સાથ." એ ટુંક વારે ઘડીયે બોલવાનો ત્યાગ નજ કર્યો.

## બીરબલની સંતતિ.

રાજા **બીરબલની** સંતતિ વિષે પૂરેપૂરો ખુલાસો મળતો નથી " અકબરનામા " અને " ઇકબાલ નામએ જહાંગીરી "માં લાલા અને હરિહરરાય એ બે પુત્રોનાં નામ આવે છે. લાલા વિષે લખ્યું છે કે "તે ઘણોજ ઉડાઉ હતો, જ્યારે માસિક વેતનમાં તેનાથી પોતાનું ખર્ચ ચલાવી ન શકાયું, ત્યારે બાદશાહની રજા લઇ સંવત ૧૬૫૮ માં શાહઝાદા સલીમ પાસે ચાલ્યો ગયો. હરિહરરાય બાદશાહની સેવામાંજ રહેતો હતો. સંવત ૧૬૫૪ માં શાહઝાદા દાનીયાલને લેવા માટે તેને આગ્રાથી દક્ષિણમાં મોકલવામાં આવ્યો હતો.

રાજા **બીરબલના** મરવા પછી બાદશાહે **બીરબલના** પુત્રને (જે સંસ્કૃત ભાષાનો મહાવિદ્વાન હતો) પૂછ્યું " રાજા સાથે કેટલી રાણીયો સતી થઇ ? " ત્યારે તેણે ઉત્તરમાં નિવેદન કર્યું " જહાંપનાહ ! વીરતા, બુદ્ધિમાની અને ઉદારતા એ ત્રણે સતી થઇ ગઇ અને પ્રશંસા જીવતી છે. " બાદશાહ આ ઉત્તરથી અત્યંત પ્રસન્ન થયો અને કહ્યું " બરાબર છે, એને તો રહેવુંજ જોઇએ. એના જીવતા રહેવામાં દોષ નથી, બલ્કે એના મરવામાં દોષ છે. "

રાજા **બીરબલ**, અમે જણાવી ગયા તે પ્રમાણે અજબ વિદ્વત્તા ધરાવનાર પુરૂષ હતો. અકબરના દરબારમાં મોટા મોટા જાણીતા વિદ્વાનો અને શૂરવીરો વગેરે અનેક પ્રકારના માણસો રહેતા હતા, છતાં રાજા બીરબલનો કદિપણ કોઇથી પરાજ્ય થયો નહતો. જે વાત એના મોઢામાંથી નીકળતી, તેને સાંભળીને બધા દિંગ્મૂઢજ બની જતા અને કોઇ કોઈ વેળા તો મોટા મોટા વિદ્વાનો અને કવિઓને લજ્જિત પણ થવું પડતું.

બીરબલના વિનોદ વચનો વાંચવા, સમજવા અને તે ઉપરથી થોડું ઘણું યથાબુદ્ધિ અને યથાશક્તિ જ્ઞાન કેળવવાની વાંચકોની તીવ્ર ઉત્કંઠાને વધુ વખત રોકી ન રાખતાં આ સંક્ષિપ્ત, છતાં ખુલાસાવાર જીવનચરિત્રને અત્રેજ સમાપ્ત કરીયે છીયે.

# અનુક્રમણિકા.


| વાર્તા. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| | બીરબલનું જીવનચરિત્ર. | ૩–૩૭ |
| | અનુક્રમણિકા ... | ૩૮–૪૦ |
| ૧ | તેરીબી ચુપ ઓર મેરીબી ચુપ ... ... ... | ૧ |
| ૨ | ફરીયાદ ! ફરીયાદ ! ફરીયાદ ! ... ... | ૧૩ |
| ૩ | અક્કલથી ઇશ્વરને ઓળખવો... ... ... | ૩૬ |
| ૪ | તોરમાં મોર... ... | ૩૮ |
| ૫ | બે માસનો એક માસ | ૩૮ |
| ૬ | બહાદુર છતાં બ્હીકણ | ૪૮ |
| ૭ | ગંગનું ચાતુર્ય ... | ૪૯ |
| ૮ | પાશેર ચુનો ને અડધોશેર ઘી ... ... | ૫૧ |
| ૯ | વંતાકનું શાક ... | ૫૨ |
| ૧૦ | કૃતજ્ઞ અને કૃતઘ્ન ... | ૫૩ |
| ૧૧ | પીર, બબર્ચી, ભિશ્તી, ખર | ૫૫ |
| ૧૨ | એક ગધેડાનો બોજો | ૫૫ |
| ૧૩ | તુમ બડે ગધે હો ... | ૫૬ |
| ૧૪ | આધા આપકા ... | ૫૬ |
| ૧૫ | સત્ય અને અસત્ય વચ્ચે કેટલું અંતર ? ... | ૫૬ |
| ૧૬ | કા કારણ ડોલમેં હાલત પાની ? ... ... | ૫૭ |
| ૧૭ | એક ગુરૂના બે ચેલા | ૫૮ |
| ૧૮ | ઇંદ્રિ મોટો કે હું ? ... | ૬૦ |
| ૧૯ | લોખંડી ગુરૂભાઇ ... | ૬૧ |
| ૨૦ | સત્તાવીસમાંથી નવ જતાં બાકી કાંઇ નહીં ... | ૬૭ |
| ૨૧ | આકાશમાં તારા કેટલા ? | ૬૮ |
| ૨૨ | હથેલીમાં વાળ ... | ૬૯ |
| ૨૩ | ચાતુર્યની પરિસીમા | ૭૦ |
| ૨૪ | બળદનું દુધ ... ... | ૭૧ |
| ૨૫ | વ્હાલામાં વ્હાલી વસ્તુ | ૭૫ |
| ૨૬ | અક્કલ અને મૂર્ખતાની પરિક્ષા ... ... | ૭૭ |
| ૨૭ | ત્રણ પ્રશ્નો ... ... | ૭૮ |
| ૨૮ | પ્રકાશમાં અંધકાર ... | ૭૮ |
| ૨૯ | ૬૮ તીર્થનું રક્ષણ | ૭૯ |
| ૩૦ | માનો ચંદકો છીર કસુંબ ચુવાયો ... ... | ૮૦ |
| ૩૧ | રોગનું મૂળ ખાંસી ને વિનાશનું મૂળ હાંસી | ૮૧ |
| ૩૨ | ચારે ગુણ સ્ત્રીમાં ... | ૮૧ |
| ૩૩ | કઇ ઋતુ સારી ? ... | ૮૨ |
| ૩૪ | રાત્રિ દિવસ કોણ રજે ? | ૮૩ |
| ૩૫ | સ્વર્ગ અને નર્કના અધિકારી ... ... | ૮૩ |
| ૩૬ | થોડું ઘણું ... ... | ૮૩ |
| ૩૭ | આપનારનો હાથ નીચો | ૮૪ |
| ૩૮ | કંકણ અને કેશ ... | ૮૫ |
| ૩૯ | નિકસો રવિ ફોડ પહાડકી તાંઇ ... ... | ૮૬ |
| ૪૦ | કીર્તિને કાળ નવ ખાય | ૮૭ |
| ૪૧ | સુખી કોણ ? ... | ૮૮ |
| ૪૨ | સૌના મનમાં શું ? | ૮૯ |
| ૪૩ | ચંચલ નેન છિપે નછિપાયે | ૯૦ |
| ૪૪ | આ સડક ક્યાં જાય છે ? | ૯૦ |
| ૪૫ | દાદએ હુઝૂરસ્ત ... | ૯૧ |
| ૪૬ | સંસારમાં પુરૂષો વધારે કે સ્ત્રીયો ? ... ... | ૯૧ |
| ૪૭ | તંબાકુ ગધા નહીં ખાતા | ૯૨ |
| ૪૮ | રખપત અને રખાપત | ૯૩ |
| ૪૯ | ટાઢ કેટલી છે ? ... | ૯૪ |
| ૫૦ | પાદ અને દસ્ત ... | ૯૪ |

| વાર્તા. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૫૧ | દાઢી ખેંચનારને મીઠાઇ ખવડાવો ... ... | ૯૫ |
| ૫૨ | રાંડ અને ભડવો ... | ૯૫ |
| ૫૩ | હા મહેરબાન ! ... | ૯૬ |
| ૫૪ | કુરઆનની મીંડા વિનાની ટીકા ... ... ... | ૯૬ |
| ૫૫ | લોટા નથા ... ... | ૯૭ |
| ૫૬ | ચાર પ્રશ્નો ... ... | ૯૭ |
| ૫૭ | હથેલીમાં હાથી ડૂબ્યો | ૯૮ |
| ૫૮ | અકબરી રામાયણ ... | ૧૦૧ |
| ૫૯ | ઘુંઘચીની માળા ... | ૧૦૩ |
| ૬૦ | નદી કેમ રડે છે ? | ૧૦૩ |
| ૬૧ | પાનમાં પાન કયું મોટું ? | ૧૦૫ |
| ૬૨ | ગધેડીનો છેક હાથથાગયો | ૧૦૬ |
| ૬૩ | એનું નામ તે મસ્ખરી !! | ૧૦૭ |
| ૬૪ | વીંછીનો મંત્ર ... | ૧૦૮ |
| ૬૫ | દિલ્હીમાં કાગડા કેટલા ? | ૧૧૧ |
| ૬૬ | સાકરનો હીરો ... | ૧૧૧ |
| ૬૭ | ચંપક અને ભ્રમર... | ૧૧૭ |
| ૬૮ | સાથી નરમ શું ?... | ૧૧૮ |
| ૬૯ | દોલત હાઝર છે !! | ૧૧૯ |
| ૭૦ | બાદશાહ લજાયો... | ૧૨૦ |
| ૭૧ | બાદશાહ બન્યો ... | ૧૨૧ |
| ૭૨ | બીરબલ પારસ છે | ૧૨૧ |
| ૭૩ | જેવું કર્મ તેવું ફળ | ૧૨૨ |
| ૭૪ | ઉત્તમ જળ કઇ નદીનું ? | ૧૨૨ |
| ૭૫ | હુઝૂર ! ગધે આતે હેં ? | ૧૨૩ |
| ૭૬ | સમસ્યા પૂર્તિ ... | ૧૨૩ |
| ૭૭ | ચોકડી ડાઢીમેં તિનકા | ૧૨૪ |
| ૭૮ | આખર ધૂળની ધૂળ | ૧૨૫ |
| ૭૯ | કાલી કે નેઅમત ... | ૧૨૬ |
| ૮૦ | કબુતરનું કૌતુક ... | ૧૨૬ |
| ૮૧ | ચાર પ્રશ્નો... ... | ૧૨૭ |
| ૮૨ | દીવા હેઠળ અંધારૂં | ૧૨૮ |
| ૮૩ | ચોર પકડવાની કળા | ૧૩૦ |
| ૮૪ | હસાવે તો ઇનામ આપું | ૧૩૧ |
| ૮૫ | વખત તેવાં વાજાં... | ૧૩૧ |
| ૮૬ | બખ્તરની પરિક્ષા ... | ૧૩૨ |
| ૮૭ | બુદ્ધિનું પરાક્રમ ... | ૧૩૪ |
| ૮૮ | મીઠી મસ્ખરી ... | ૧૩૪ |
| ૮૯ | સ્વભાવનું ઓસડ ... | ૧૩૬ |
| ૯૦ | જેવી કરણી તેવી પાર ઉતરણી ... ... | ૧૩૭ |
| ૯૧ | રાજાનો હજામ પણ ચાલાક હોય ... | ૧૩૮ |
| ૯૨ | કાળીનું કૌતુક ... | ૧૩૯ |
| ૯૩ | હાથી કે ગવૈયો ?! | ૧૪૦ |
| ૯૪ | ચપટી વિરૂદ્ધ ઠોંસો | ૧૪૨ |
| ૯૫ | ગપ્પીદાસનો ગપગોળો | ૧૪૩ |
| ૯૬ | કહેવા કહેવામાં ફેર | ૧૪૪ |
| ૯૭ | બીરબલને ગાળો ... | ૧૪૫ |
| ૯૮ | મૂર્ખ શિરોમણિ ... | ૧૪૬ |
| ૯૯ | નઝરે જાયેલી વાત પણ ખોટી પડે ... ... | ૧૪૮ |
| ૧૦૦ | ડાહીમાના દીકરા | ૧૫૧ |
| ૧૦૧ | ચોબાની હાઝરજવાબી | ૧૫૩ |
| ૧૦૨ | છતી આંખે આંધળા | ૧૫૪ |
| ૧૦૩ | આરસીમાં મોહરો | ૧૫૬ |
| ૧૦૪ | પ્રશ્નોત્તરી ... ... | ૧૫૮ |
| ૧૦૫ | સાચા એહદી ... | ૧૫૮ |
| ૧૦૬ | આ કઇ કોટડીની કુંચીયો છે ?... ... | ૧૫૯ |
| ૧૦૭ | વાતતો હું કરી લઇશ | ૧૬૦ |
| ૧૦૮ | તમારા કેટલા પુત્ર છે ? | ૧૬૦ |
| ૧૦૯ | આપ જગત્‌પિતા છો | ૧૬૧ |
| ૧૧૦ | તમને પણ મ્હારી | |

| વાર્તા. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| | આજ્ઞામાં રહેવું પડશે | ૧૬૨ |
| ૧૧૧ | હું એને ભુલી ગયો | ૧૬૨ |
| ૧૧૨ | સૂર્ય પશ્ચિમમાં કેમ સંતાય છે? ... | ૧૬૨ |
| ૧૧૩ | મા લાદે, બહેન દે | ૧૬૩ |
| ૧૧૪ | કોઇ પઠ્ઠા ચઢગયા હોગા | ૧૬૪ |
| ૧૧૫ | આપ ક્યાંથી બાદશાહ થાત? ... ... | ૧૬૪ |
| ૧૧૬ | એ પ્રશ્નોનો એકજ ઉત્તર | ૧૬૪ |
| ૧૧૭ | ,, ,, ... | ૧૬૫ |
| ૧૧૮ | સંસારના મૂર્ખ ... | ૧૬૫ |
| ૧૧૯ | માફૂલ, બહેન ફૂલ | ૧૬૫ |
| ૧૨૦ | અજબ મસ્ખરી ... | ૧૬૬ |
| ૧૨૧ | એકાદશી વ્રત ... | ૧૬૬ |
| ૧૨૨ | ઓર ક્યા? ... | ૧૬૭ |
| ૧૨૩ | રામનામને બદલે મ્હારૂં નામ લખો... ... | ૧૬૯ |
| ૧૨૪ | પનઘટની વાતો ... | ૧૬૯ |
| ૧૨૫ | જૂતોંકે મારે ખડે હેં | ૧૭૦ |
| ૧૨૬ | એકને બદલે હઝાર | ૧૭૧ |
| ૧૨૭ | ચોબાની હાઝરજવાબી | ૧૭૨ |
| ૧૨૮ | બેટી દેદો, પોતા દિલાદો | ૧૭૩ |
| ૧૨૯ | જાઝરૂમાં ચિત્ર ... | ૧૭૪ |
| ૧૩૦ | આ પણ અમારૂંજ છે?! | ૧૭૪ |
| ૧૩૧ | હોડીનો પ્રબંધ ... | ૧૭૫ |
| ૧૩૨ | આન પડી હે ... | ૧૭૫ |
| ૧૩૩ | ખુશ કે નાખુશ ... | ૧૭૭ |
| ૧૩૪ | સોયા સો ચૂકા ... | ૧૭૭ |
| ૧૩૫ | નદીનાં લગ્ન ... | ૧૭૮ |
| ૧૩૬ | ગધેડાનો નાચ ... | ૧૭૯ |
| ૧૩૭ | 'મલ' શબ્દનો અર્થ? | ૧૭૯ |
| ૧૩૮ | બુદ્ધિસાગર ... | ૧૮૦ |
| ૧૩૯ | કોણ જીતશે? ... | ૧૮૧ |
| ૧૪૦ | બીરબલની કૂતરી | ૧૮૨ |
| ૧૪૧ | છ પ્રશ્નો ... ... | ૧૮૨ |
| ૧૪૨ | ઉંટની ગરદન વાંકીકેમ? | ૧૮૩ |
| ૧૪૩ | બીરબલની પુત્રી | ૧૮૩ |
| ૧૪૪ | મીયુંનો શાહઝાદો | ૧૮૪ |
| ૧૪૫ | કોને કોને ધિક્કાર છે! | ૧૮૫ |
| ૧૪૬ | બેટા રોતા થા ... | ૧૮૬ |
| ૧૪૭ | તે તે પાંવ પસારીયે જેતી લાંબી સોડ | ૧૯૦ |
| ૧૪૮ | હાથકે છુએ જો કોઈ બેરહુ ન ખાયગો | ૧૯૧ |
| ૧૪૯ | એ શું કરે છે?... | ૧૯૨ |
| ૧૫૦ | બીરબલ હસે તો મેંહ બરસે ... ... | ૧૯૩ |
| ૧૫૧ | હીંમતે મર્દાંતોમદદેખુદા | ૧૯૪ |
| ૧૫૨ | અપ્સરા અને ચુડેલ | ૧૯૫ |
| ૧૫૩ | પરિક્ષકની બલિહારી | ૧૯૬ |
| ૧૫૪ | બીરબલ અને તાનસેનની પરિક્ષા ... | ૨૧૦ |
| ૧૫૫ | ઢેડ પંચનો ન્યાય | ૨૨૨ |
| ૧૫૬ | છતી આંખે અંધ, પેઢીનું નાક, હાથનું મણી, બજારની ખાટ ને નરકની વાટ ... | ૨૨૫ |
| ૧૫૭ | આકાશને માર્ગે ... | ૨૩૯ |
| ૧૫૮ | પાંચ પ્રશ્નો ... | ૨૪૧ |
| ૧૫૯ | રજપૂતાણીનું પતિવ્રત | ૨૪૩ |
| ૧૬૦ | બાદશાહનો પોપટ | ૨૫૭ |
| ૧૬૧ | પંડિતના પ્રશ્નો ... | ૨૫૯ |
| ૧૬૨ | જુઠી માયા ... | ૨૬૨ |
| ૧૬૩ | નહીંતડકામાં નહીંછાયામાં | ૨૬૪ |
| ૧૬૪ | ન્હાની લીટી કોની? | ૨૬૯ |
| ૧૬૫ | પૃથ્વિનું મધ્ય ... | ૨૭૧ |

# બીરબલ વિનોદ.

## વાર્તા ૧.

### તેરીભી ચુપ ઓર મેરીભી ચુપ.

બાદશાહના દરબાર સુધી બીરબલના પહોંચવા વિષે અનેક વાર્તાઓ પ્રખ્યાત છે, જે અમે આ પુસ્તકમાં વાંચકો સ્હામે રજુ કરી છે. તેમાંની આ એક વાર્તા એવી છે. જેમાં સત્યતાનો અંશ, એવા આદર્શ પુરૂષોની બાબતમાં લખાયલી હોવાથી અમને તો જણાતો નથી, છતાં પણ તેમાં-થીએ કેટલુંક જ્ઞાન મળી શકે એમ છે, એટલે એ વાર્તા નીચે અમે રજુ કરીયે છીયે. જોકે એ ઉપરથી બાદશાહ અથવા બીરબલના ચારિત્ર્ય ઉપર આપણાથી આક્ષેપ નજ કરાય.

એક દિવસે ગણગૌરી ત્રીજનો મ્હોટો હીંદુ તહેવાર હોવાથી દિલ્લી શહેરના શોકીન સ્ત્રીપુરૂષો, ન્હાના મોટાઓ વિવિધ પ્રકારના વસ્ત્રો પહેરી, ભારે ઠાઠમાઠથી જુદીજુદી જાતના વાહનો પર સ્વાર થઈ અથવા પેદલજ પોતાના મિત્રમંડળ સાથે હસતા, રમતા, તરેહતરેહની વાતો કરતા, નાચતા, કૂદતા રમણિય ઉપવનમાં આવેલા દેવાલય સ્થાને ભેગા થવા લાગ્યા. દેવાલયમાં ગૌરીના દર્શન કર્યા પછી બ્હાર આવી ઘટાદાર વૃક્ષોની છાયામાં બધા અનેક પ્રકા-રની રમત ગમત કરતા હતા. પુરૂષો પેઠે સ્ત્રીઓ પણ એક બાજુએ છુટથી રમત ગમતમાં મસ્ત બની હતી. નવ-વિકસિત્ કુસુમ–કલિકા સમાન જોબનવંતી સુંદરીયો પોતાના

મનોહર કંઠે એવાં સુંદર પ્રકારે ગાતી કે જે સાંભળી બીચારી કોકિલા લજ્જિત બની પોતાના કંઠને ધિક્કારતી. કયાંક ભાંગ લસોટવામાં આવતી હતી, તો કયાંક રસિક પુરૂષો પણ અનેક પ્રકારના વાજીંત્રો વગાડી રહ્યા હતા. કયાંક વળી શેતરંજ અને ગંજીફાના દાવ લાગતા હતા તો કયાંક મલ્લયુદ્ધ જામ્યું હતું. એક તરફ ઘોડદોડની શરત ચાલતી હતી ત્યારે બીજી બાજુએ ઇંદ્રસભાનો ખેલ ભજવાતો હતો. દિવસને જતાં શી વાર લાગે ? જોતજોતામાં રાત્રિનો સમય આવી પહોંચવાથી સૌ કોઈ આનંદને હીંડોળે હીંચકા ખાતા ખાતા શહેરમાં દાખલ થવા લાગ્યા. એવા સમયે બાદશાહ પોતાના રીવાજ મુજબ વેષ બદલી નગરચર્ચા જોવા અર્થે શહેરમાં નીકળ્યો હતો અને બજારો અને શેરીઓમાં ફરતો હતો. મુખ્ય મુખ્ય મહોલ્લાઓને નાકે ઉભો રહી ત્યાં ચર્ચાતી વાતો સાંભળતો હતો. એવામાં એક ચાલાક છબીલી, ચતુર છેલાને શોધવા, આવતા જતા પુરૂષો તરફ જોતી હતી, તેની નજર એકાએક બાદશાહ ઉપર પડતાં બાદશાહને આંખથી ઇશારો કરી પોતા પાછળ આવવાની તેણીએ સૂચના કરી. એ નેત્રપલ્લવી ભાષાનો ઉપયોગ થતાંજ ચતુર બાદશાહ ચેતી જઈ શો ચમત્કાર બને છે એ જાણવા માટે એની પાછળ ચાલવા લાગ્યો. થોડે દૂર ગયા પછી આસપાસ કોઇને ન જોવાથી પેલી સ્રીએ બાદશાહ પાસે આવીને કહ્યું "મારી શેઠાણીના પતિ ઘણા દિવસથી વિદેશ પધાર્યા છે એટલે તે કામપીડાથી અત્યંત વ્યાકુલ બની છે અને આપ જેવા કોઈ ચતુર પુરૂષને મળવા આતુર છે, માટે આપ પધારી તેનો કામાગ્નિ શાંત કરો." એમ વાત કરતાં

મુકામે આવી પહોંચ્યા એટલે દાસીએ બાદશાહને પહેલે મજલે ઉભો રાખી ઉપર શેઠાણીને ખબર આપી. શેઠાણીએ પ્રસન્ન થઈ જણાવ્યું કે "એ ચતુર પુરૂષને નીચે બેસાડો, હું લગાર અહીંયા વ્યવસ્થા કરી અંદર બોલાવું છું." દાસીએ બાદશાહને કહ્યું "આપને જ્યાં ઠીક લાગે તે સ્થાને થોડીવાર બેસો, હું આપને માટે અંદર ગોઠવણ કરી બોલાવવા આવું છું." એમ કહી તે અંદર ગઇ, ત્યારે શેઠાણીએ પૂછયું "કયાં બેઠો છે?" દાસીએ કહ્યું "મારા ઢોળીયા ઉપર બેઠો છે?" એ સાંભળી પેલી ચતુર શેઠાણી દિલગીર થઇ કહેવા લાગી "એ પુરૂષ ચાલાક નહીં હોય. લે, આ દુધનો કટોરો એને આપી એ દૂધ કોનું છે એમ પૂછજે." દાસીએ કટોરો બાદશાહને આપી એજ પ્રમાણે પૂછયું એટલે બાદશાહ "ગાયનું હશે અગર ભેંસનું" કહી પી ગયો. દાસીએ શેઠાણીને આ બનાવ કહી સંભળાવ્યો. એથી તે સમજી ગઈ કે આવનાર પુરૂષ ભોટ છે. તેણે ફરીવાર પરિક્ષા કરવા માટે ગુલાબના ફુલથી ભરેલી છાબ દાસી સાથે મોકલાવી એટલે બાદશાહે તે છાબ લઈ પલંગ ઉપર ઠલવી પાછી આપી. દાસીએ અંદર જઈ તે હકીકત કહી એટલે શેઠાણીએ પોતાનું કપાળ કૂટી કહ્યું "શું આવો નરપશુ મ્હારા સહવાસ યોગ્ય છે? લે આ છેલ્લી પરિક્ષા. આ અતલસના તાકાની ઘડી ઉઘાડી મસળી નાંખી એને પાછી ઘડી કરી આપવાનું કહે." બાદશાહે ઘણીએ માથાફોડ કરી પરંતુ ઘડી ન થવાથી કંટાળી જઇ તે તાકાને તેણે જમીન પર ફેંકી દીધો. દાસીએ તાકો ઉપાડી લઇ શેઠાણીને એ સમાચાર જઇ કહ્યા. એટલે તે ગુસ્સે

થઈ બોલી ઉઠી " એ મૂવા બેવકૂફના સરદારને ધક્કા મારી બ્હાર કાઢ અને પાછી બજારમાં જઈ, બરાબર પરિક્ષા કરી કોઇ ચતુર નરને શોધી લાવ." આ હુકમ મળતાંજ દાસીએ બાદશાહને ઘરની બ્હાર કાઢી મૂકયો અને પોતે પાછી બજારમાં ગઇ. બાદશાહ એથી વિચારમાં પડી ગયો, તે મનમાં કહેવા લાગ્યો "કેવા ઉમંગથી તે મને અહીંયાં લઈ આવી હતી અને એવું તે શું કારણ બન્યું જેથી આવા કઠોર અપમાન સહિત મને પાછો બ્હાર કાઢયો? અવશ્ય, એમાં કાંઇ ભેદ હોવો જોઇયે. માટે લાવ, ચુપકીથી દ્વાર ઉઘાડી અંદર સંતાઇ જાઉં અને હવે બીજો કેવો ચતુર નર આવે છે અને તેના શા હાલ થાય છે એ તો જોઉં?!" એમ મનમાં વિચાર કરી તે પાછો પેલા મકાનમાં છુપી રીતે દાખલ થઈ એવે ઠેકાણે સંતાઈ બેઠો જ્યાંથી બધું દેખાઇ આવે.

આ તરફ દાસી બજારમાં જઈ લોકોને બારીકીથી નિહાળતી હતી. બીરબલ પોતાના મિત્રમંડળ સાથે મેળા-માંથી રાત્રિ વિશેષ જવાથી પાછો ફર્યો. શહેરમાં દાખલ થતાં જેમ જેમ પોત પોતાના મકાનો આવતાં ગયાં તેમ તેમ મિત્રો છુટા પડતા ગયા. છેવટે બીરબલ પોતે એકલો પોતાના ઘર તરફ ચાલ્યો જતો હતો, તેવામાં પેલી દાસીએ તેની પાસે જઇ કહ્યું "તમે લગાર મારી સાથે આવો." બીરબલ તેની સાથે થોડે દુર ગયો એટલે દાસીએ પ્રથમ મુજબ તેને પણ શેઠાણીનો અહેવાલ કહી સંભળાવ્યો. રસિક તો રસ લુંટવા માટે સદા તત્પર જ હોય એટલે બીરબલ જેવો વિહારી શેની ના પાડે ? તેણે 'હા' કહી એટલે દાસી

તેને તેડી ગઇ અને પ્રથમની પેઠે જ તેને પણ પહેલે માળે થોડીવાર બેસવાનું કહી પોતે અંદર ગઈ પણ બીરબલ ત્યાં જે ઢાળીયો પડેલો હતો તે ઉપર ન બેસતાં ઉભોજ રહ્યો. એ વાત શેઠાણીના જાણવામાં આવતાં તે ચેતી ગઈ કે "એ પુરૂષ ખચિત કોઈ ચતુર પુરૂષજ છે." એટલે તેણે પ્રથમની પેઠે દુધનો કટોરો મોકલાવી સવાલ પૂછાવ્યો. ત્યારે બીરબલે સમજી જઇ તરત કહ્યું "મારૂં દુધ બ્રાહ્મણનું છે." આ સંદેહ ટાળતાં જ તે છબીલી શેઠાણી બહુજ ખુશ થઈ અને ફુલની છાબ મોકલાવી. બીરબલે તે છાબમાંથી બે ફુલ ઉપાડી લઈ દાસીને કહ્યું "તારી ગુણીયલ બાઇને કહેજે કે તારા અને મ્હારા શિવાય આ છાની વાત બીજો કોઈ પણ જાણનાર નથી." બીરબલે એટલી ખાત્રી આપવા છતાં તે શેઠાણીને પુરતો સંતોષ ન થયો, તેણે પલો અતલસનો મસળી નાંખેલો તાકો મોકલાવ્યો. બીરબલે તે તાકાની બરાબર ઘડી બેસાડી કહ્યું "જા, તારી ચતુર શેઠાણીને કહે કે વાત ઉઘાડી નહીં પડવા પામે, માટે મુંઝવણ નકામી છે અને જો કદાચ દૈવયોગે વાત ઉઘાડી પડે તોએ તેને ઢાંકી દેવાની મારામાં શક્તિ છે, માટે ચિંતા રાખશો નહીં." દાસીના મુખે એ પેગામ સાંભળતાં જ તે રમણિક સુંદરી પેલા ચતુર શિરોમણિને ભેટવા અત્યંત ઉત્સુક બની અને બ્હાર આવી, નમ્રતાથી અભિવંદન કરી, બીરબલનો હસ્ત ગ્રહણ કરી અંદર લઇ ગઈ અને તેને પલંગપર બેસાડી સ્મિતહાસ્ય, હાવભાવ, કટાક્ષ અને અનહદ પ્રેમ સાથે આલિંગન ચુંબન આપી મનને કાંઈક શાંતિ વળતાં બીરબલને અંદરની બાજુ આવેલા પોતાના મદનભુવનમાં લઈ

ગઈ અને આખી રાત્રિ અત્યંત આનંદમાં ગાળી. સ્હવાર પડતાં બીરબલને નિરૂપાયપણે ત્યાંથી જવાની રજા મળી. પેલી શેઠાણીએ તેને ઘરની ડહેલી સુધી વળાવી, કાંઇ અપરાધ અથવા બેઅદબી થઇ હોય તેની માફી માગી, પ્રણામ કરી કહ્યું "હે પુષ્પધન્વા! તમારી આ પ્રેમદાસીને પુનઃ ક્યારે પધારી દર્શન દેશો? જો, જો, ભૂલી ન જતા?! આ તન, મન અને ધન આપના ચર્ણોમાં મ્હેં સમર્પ્યું છે, માટે કોઇ પણ પ્રકારની જુદાઈ ન રાખતાં જે કાંઇ ઈચ્છા હોય તે બેધડક ફરમાવશો. મનમાં લગારે શંકા લાવો તો તમને મારા સમ છે." આવો પ્રેમાલાપ કરી પ્રેમીજનો વિખૂટાં પડયાં, બિરબલે પોતાના મકાન પ્રતિ પ્રયાણ કર્યું અને શેઠાણી પોતાના આનંદભુવનમાં પરવરી.

બીરબલનાં આવવા બાદ જે જે બનાવો બન્યા તે સઘળા છુપી રીતે બાદશાહે પોતાની નજરે નિહાળ્યા હતા અને તે આશ્ચર્ય સાથે ખેદયુક્ત બની વિચાર કરતો હતો કે જે પ્રમાણે એ બ્રાહ્મણે પોતાની ચતુરતા બતાવી તે પ્રમાણે મ્હેં પણ જો બુદ્ધિબળ વાપરી ચાતુર્યપરિક્ષામાં સફળતા મેળવીઃ હોત તો એ હુર જેવી કોમલાંગી ચતુરી શેઠાણીનો સહવાસ મેળવી શકયો હોત. પરન્તુ, ખેર, "**લશ્કરકા ભેદ પાયા કે આગેસે ચલ્રા આયા.**" મ્હેં તો 'પ્રથમ કોળીયેજ મક્ષિકાપાત' જેવું કર્યું, હવે તો જે બન્યું તે ખરૂં, પણ એ ચતુર બ્રાહ્મણ ક્યાં રહે છે તે જોઈ, તેને દરબારીયોમાં શામેલ કરી, તેની સાથે પ્રીતિ સાંધી એની પાસેથી ચાતુર્યતા શીખવી જોઇએ. એવો વિચાર કરતો બાદશાહ બીરબલની પૂંઠે પૂંઠે તેના મકાન સુધી ગયો અને

બીરબલ જે મકાનમાં દાખલ થયો તેની બરાબર નિશાની એ હતી કે મકાનની સ્હામે ચંપાનું ઝાડ હતું. તે ઉપરાંત બીજી પણ કેટલીક નિશાનીયો યાદ રાખી બાદશાહ પોતાના મહેલમાં ગયો, પરંતુ ચેન પડયું નહીં. ખુદાની બંદગી કરી, રાજ્ય રીતિ પ્રમાણે ખાનપાન અને મુખવાસ કરી બાદશાહે એકાંત મહેલમાં બેઠક કરી પોતાના હજુરી નોકરોને બીરબલના મકાનની ચોક્કસ નીશાનીયો બતાવી કહ્યું "એ ઘરમાં એક જુવાન બ્રાહ્મણનો છોકરો રહે છે તેને તરત જ બોલાવી લાવો." એ હુકમ મળતાંજ હજુરીયાઓ ઝડપથી એ બ્રાહ્મણ (બીરબલ) ને ઘેર પહોંચ્યા અને બીરબલને કહ્યું "જહાંપનાહ અબ ઘડીજ આપને બોલાવે છે, માટે જલ્દી ચાલો."

"બાદશાહનો હુકમ સાંભળતાં જ બીરબલના હોંશકોશ ઉડી ગયા, તે વિચારવા લાગ્યો "બાદશાહે મ્હને શા માટે તેડાવ્યો હશે ? શું રાત્રે પ્રથમ આવનાર પુરૂષ કોઇ રાજકર્મચારી હતો ? અને એ વાત બાદશાહ સુધી પહોંચી ગઇ હશે ? હશે, ગમે તે હોય, તે બધું ત્યાં ગયા પછી પોતાની મેળેજ જણાઈ આવશે. ईश्वरेच्छा बलियसी જો દી પાંસરો હશે તો પાસા સવળા પડશે, માટે ગભરાવાની જરૂર નથી."

એ વિચારમાં ને વિચારમાં બીરબલ હજુરીયાને ઉત્તર આપી ન શકયો, એટલે મીયાંનો મીજાજ હાથથી ગયો. સાત રૂપીયાનો પગાર છતાં "શીપાઈ" ની ઉપાધિ પામેલા અત્યારે પણ કયાં પોતાનો તોર દેખાડતા નથી ? જમાદાર સાહેબ નાક ભવાં ચઢાવી કહેવા લાગ્યા "કેમ, સાંભળો છો કે નહીં ? વાર લગાડવાની નથી, કાંઈ અમારે

તમને કહેવું પડે એ ઠીક ન કહેવાય. માટે તાકીદે ચાલો, નહીં તો પછી મુશ્કે બાંધી લઈ જવા પડશે."

બીરબલે કહ્યું "ખાનસાહેબ! એટલા બધા કેમ અકળાવ છો? કપડાં પહેરી અત્યારે જ તમારી સાથે આવું છું." કહી બીરબલે ઘરમાં જઈ કપડાં પહેર્યાં અને ઈશ્વરનું સ્મરણ કરી હજુરીયાઓની સાથે બાદશાહ સ્હામે જઈ હાજર થયો. બાદશાહે તેને પોતાની પાસે બેસવા ફરમાવ્યું.

બીરબલ રાજ્યરીતિ પ્રમાણે બેઠો. બાદશાહે આનંદિત ચહેરે પુછયું "તમારૂં નામ શું છે?" બીરબલે કહ્યું "જહાંપનાહ! મારૂં નામ બીરબલ છે."

"વારૂ, બીરબલ! કાલની રાત્રિ કયાં અને કેવા પ્રકારે તમે ગુઝારી?"

"હુઝૂર! કાલે તો હું મેળામાં ગયો હતો અને ત્યાં ભાંગ વગેરે ખૂબ પીધી, અને ખૂબ નાચરંગ જોયો. તે પછી રાત વધારે વીતતાં મારા મિત્રમંડળ સાથે શહેરમાં પાછો ફર્યો અને ઘેર ગયો. પણ નીશો વધારે ચઢેલો હોવાથી ઘેર જતાં જ પલંગપર પડયો અને એવી બેભાનાવસ્થામાં સૂઇ રહ્યો કે હમણાં થોડીજ વાર પહેલાં ઉંઘમાંથી જાગ્યો અને એવામાં તો આપનો હજુરી બોલાવવા આવ્યો એટલે આપની હુઝરમાં આવી હાઝર ગયો."

આ ઉડાઉ જવાબ સાંભળી બાદશાહ ક્રોધે ભરાયો તેણે કહ્યું "કેમ, તું મને પણ છેતરવા માગે છે? શું, તને ખબર નથી કે આ ઈન્સાફી રાજ્ય છે? માટે સાચે સાચું કહી દે, નહીં તો હમણાંજ હાથીના પગ તળે છુંદાવી નાંખીશ."

આ સાંભળતાંજ બીરબલ ચેતી ગયો કે રાતની બધી બીના બાદશાહ જાણી ગયો છે, તેમજ પ્રથમ આવનાર પુરૂષ બાદશાહ પોતેજ હોય તો તે પણ બનવા જોગ છે. તેણે મનમાં કહ્યું "હવે હાથી આગળ પૂળો પડયો છે, ગભરાવાથી ફાયદો નથી. "જાકો રાખે સાઈયાં માર ન સકિ હે કોય." તેણે દઢતાપૂર્વક હીમ્મત લાવી કહ્યું "નામદાર જહાંપનાહ ! જે અસલ વાત હતી તે તો આપની આગળ કહી સંભળાવી, એથી વિશેષ હું તો જાણતો નથી." આ જવાબ સાંભળતાંજ બાદશાહે અત્યંત ક્રોધિત થઈ સીપાહીને બોલાવ્યો અને હુકમ ફરમાવ્યો કે "આ બ્રાહ્મણને મહેલની પાછળના ભાગના ઝરોખામાંથી ઉંધે માથે લટકાવી દો અને જ્યારે તે મને કંઈ વાત કહેવાનું કબુલ કરે એટલે તેને મારી પાસે લાવજો.

હુકમ થતાંજ યમરાજ સહોદર સીપાહીઓએ બીરબલને લઈ જઇ બારીએથી નીચે ઉંધે માથે લટકાવી દીધો. આ બનાવ રાત્રિવાળી પેલી રસિક શેઠાણીએ પોતાના ઝરોખામાંથી જોયો અને તે ઉંધે માથે લટકેલા પુરૂષને તેણે ચોક્કસ રીતે પોતાના હૈયાના હાર બીરબલ તરીકે ઓળખી લીધો. તે વિચારમાં પડી ગઈ કે "એના ઉપર અચાનક આફત આવી પડવાનું કારણ શું? શું પેલો પ્રથમ આવનાર પુરૂષ બાદશાહ અથવા કોઇ દરબારી હોવાથી બધો ભેદ ખુલ્લો થઈ ગયો હશે? ગમે તેમ હોય, પણ એને તો આ આફતમાંથી ઉગારવો જોઇયે." એમ વિચારી તેણે દાસીને કહ્યું "રૂપીયાનો એક ટોપલો ભરી પણે રાજમહેલની બારીએ પેલો માણસ લટકાવેલો છે તેની નજીક જઈ

ટોપલી ઠલવી પછી પાછા ભરી લાવ." દાસીએ તે પ્રમાણે કર્યું એટલે બીરબલ પોતાની પ્રિયાનો સંદેશો સમજી ગયો, કે એટલા રૂપીયા ખરચવાથી છુટકારો થતો હોય તો તેમ કરો. એટલે બીરબલે સીપાહીયોને કહ્યું "મારે જહાંપનાહને એક વાત કહેવી છે." સીપાહીઓએ તેને ઉપર ખેંચી બાદશાહ આગળ રજુ કર્યો. બીરબલે હાથ જોડી કહ્યું "જહાંપનાહ! મુજ બેગુનાહને શા માટે આમ શિક્ષા કરવામાં આવે છે? ખુદાની ખાતર મને જતો કરો હું આપની આગળ નજરાણું રજુ કરીશ."

બાદશાહે એથી ગુસ્સે થઈ કહ્યું "હજી પણ તું તારી બદમાશી બતાવે છે ત્હારા તો એવાજ હાલ થવા જોઇયે."

પાછો વળી બીરબલને એ ઝરોખામાંથી લટકાવવામાં આવ્યો, તે જોઈ પેલી સ્ત્રીએ સોનામહોરો, હીરામાણેક વગેરેના ટોપલા ભરી પૂર્વની પેઠે દાસીને મોકલી સંજ્ઞા જણાવી. બીજીવાર બીરબલે બાદશાહ આગળ તદબીર ચલાવી પણ કાંઈ ન વળ્યું. છેવટે પેલી સુંદરીએ દહીંની ગોરસી દાસી સાથે મોકલાવી, દાસી તે ગોરસી બીરબલની નજર આગળ ઠાલવી ચાલી ગઇ. એટલે બીરબલે ત્રીજીવાર સીપાહીયોને પોતાને ઉપર ખેંચી લેવા જણાવ્યું. સીપાહીયોએ તેને ઉપર ખેંચી બાદશાહ આગળ હાજર કર્યો. બીરબલે દુઃખી ચ્હેરે જણાવ્યું "સરતાજ! કલ શબકો મેં મેલેમેંસે વાપિસ મકાનકી તરફ આ રહાથા, ઉસવક્ત એક ઓરતને આકર મુઝે ઈશારા કીયા, મેં ઉસકે પીછે હો લીયા. થોડી દૂર જાકર ઉસ ઓરતને કહા કે "મેરી બેગમ (શેઠાણી) કા ખાવિંદ કઈ અર્સેસે પરદેસ ગયા હય

જીસ્સે વોહ બહોત બેતાબ હય, ઇસ્લીયે તુમ ચલકર ઉસ્કે જોશે શેહવતકો ઠંડા કરો.” યે સુનકર મેં ઉસ્કે સાથ ગયા, મકાનમેં દાખિલ હુવા તો ચરાગ જલ રહાથા, એક ચાર પાઈ ભી બિછી હુઈ થી જીસ્પર મેં બેઠ ગયા. વોહ ઓરત અંદરકે કમરેમેં ગઇ ઓર થોડી દેર બા'દ દૂધકા કટોરા લેકર આઈ ઓર બોલી “ દૂધ કિસકા હય ?!' મેંને કહા “ ભેંસકા હોગા યા ગાયકા. ” યે કેહકર વોહ દૂધ મેંને પી લીયા. બાદમેં વોહ ઓરત ફૂલોંસે ભરી હુઈ ટોકરી લાઈ ઓર મુઝે દી, મેંને ઉસી ખટીયાપર ફૂલ ડાલ લીયે ઓર લેટ ગયા. તીસરી બાર વોહ અતલસકા તાકા મસલા હૂવા લેકર આઇ ઓર ઉસકી ઘડી ઠીક કર દેનેકો કહા. મેંને બહોત કુછ કોશિષ કી, લેકિન ફુઝૂલ. આખિર ગુસ્સેમેં આકર વોહ તાકા ફેંક દીયા. યે સબ બાતેં સુનકર ઉસ લોંડીકી માલિકા બહોત બરહમ હુઇ ઓર ચિલ્લા ઉઠ્ઠી “ અયસે ગધ્ધેકો કહાંસે પકડ લાઈ હય ? ધક્કે મારકર મૂઝીકો બાહર નિકાલ દે. ” યે હુકમ પાતેહી લોંડીને મુઝે અયસે ઝોરસે ધક્કા મારા કે મેં ઝીનેસે નીચે ગિર પડા, બહોત કુછ ચોટ લગી, ખૂનભી નિકલ આયા; લેકિન કયા ઈલાજ થા ?

“ ઇશ્કબાઝી બુતપરસ્તી હરકસેરા કાર નેસ્ત, ”

'લેને ગઇ પૂત ઓર ખો આઈ ખસમ' યે મસલ મેરે હાલપર ચસ્પાં હો ગઇ. બંદા પરવર! રાત તો ઇસતર્હસે ગુઝરી ઓર સુબ્હસે ઉલ્ટે સર લટકાયા ગયા. સચ હય **રંડીયોંકે યાર સદા ખ્વાર, કાંટોંકા બિછોના ઓર ઉપર જુતીયોંકા માર.** આ સાંભળી બાદશાહ એકદમ

બોલી ઉઠયો " વાહ બીરબલ, વાહ !! ખૂબ હિકમત લડાઈ! તેરી તો નહીં, મગર મેરીતો યે ગત ઝુરૂર હૂઈ ઓર તૂને તો રાતભર ખૂબ એશકી બહાર લૂટી."

આ સાંભળી બિરબલે કહ્યું " જહાંપનાહ ! ઝૂટ કયૂં બોલતે હંય ? આપકી યે ગત બનાનેકી કિસ્મેં તાકત હય ?"

" બસ, બીરબલ ! કુછ કેહનેકી બાત નહીં. ખુદા કે વાસ્તે અબતો **તેરીભી ચુપ ઓર મેરીભી ચુપ** કર, વર્ના લોગ વાકિફ હોંગે તો નાહક મઝાક ઉડાયેંગે ઓર મકાનમેંભી તકરાર ખડી હોગી. મગર તેરી ચાલાકી ઓર અકલમંદી દેખકે મેં બહોત ખુશ હુવા હૂં ઓર તુઝકો હરવકત અપને પાસહી રખ્ખુંગા. અબ તૂ યહીં રહાકર ઓર સલ્તનતકે કારોબારમેં કાબિલ હોજા. આજસે મેં અહદ કરતા હું કે મેં તુજસે કોઇ જુદાઇ ન રખ્ખૂંગા ઓર એક અઝીઝ દોસ્તકે તોરપર હમેશાં નિભાઉંગા."

બીરબલ પોતાનું અહોભાગ્ય થયું જાણી બે હાથ જોડી શાહને કહેવા લાગ્યો " બંદાપરવર ! આપ જો હુકમ ફરમાયેં ઉસ્કી તા'મીલકો બંદા હરવકૃત બસરો ચશ્મ હાઝિર હય."

આવી રીતે બાદશાહ અને બીરબલ વચ્ચે મૈત્રી સંબંધ થયો, ત્યાર પછી બીરબલ સર્વ પ્રકારે સ્મૃદ્ધિવંત થયો અને ધીમે ધીમે બાદશાહના દરબારમાં સૌથી વિશેષ માનીતો અને અક્કલમંદ લેખાયો.

## વાર્તા ૨.

### ફરિયાદ ! ફરિયાદ ! ફરિયાદ !

એકવેળા બીરબલે વિચાર કર્યો "મ્હેં બહુ મહેનત વડે અધિક ગુણો રૂપી રત્નોનો સંગ્રહ કર્યો છે, પરંતુ તે રત્નોને પારખી શકનાર જો મળે તોજ તેની અપાર ખૂબી અને કીંમત આંકી શકે. માટે હાલમાં તેવો ઝવેરી દિલ્લીપતી અકબર બાદશાહ વિદ્યમાન છે. તે ગુણીજનોનો પોષક હોવા સાથે ગુણગ્રાહી, ઉદાર અને કદરદાન હોવાથી ત્યાં અવશ્ય જવું જોઇયે." એમ વિચારી ચરિતાર્થની આશાએ દિલ્લી પહોંચ્યો. તે વખતે તેની પાસે માત્ર પાંચ રૂપીયા હતા, વળી પોષાક પણ સાધારણ જ હતો એટલે દિલ્લી શહેરની રચના અને ત્યાંના માણસોના પોષાકો, મકાનો અને દબદબો જોઈ અંજાયો. એક ધોબીને અમુક પૈસા આપી ભાડુતી પોષાક પરિધાન કરી દરબારમાં જવા નીકળ્યો. રાજદ્વાર આગળ પહોંચતા દ્વારપાળે તેને અટકાવ્યો અને કાંઇક રકમ મળે તો જ અંદર જવા દેવાની હઠ પકડી. બીરબલ પાસે એવી સારી રકમ પણ ન હતી એટલે બહુ આજીજી કરી, પરંતુ ફોકટ. મનમાં દુઃખી થતો, અનેક પ્રકારના તર્ક વિતર્ક કરતો ધર્મશાળામાં પહોંચ્યો અને ત્યાં આશ્રય લઈ વિચારમાં પડયો. ગમે તેમ કરીને પણ એકવાર બાદશાહને મળવું તો જોઈએજ, તે શિવાય પાછા જવું એ તો મૂર્ખનો ધર્મ છે!' એમ નક્કી કરી તેણે લોકોમાં પૂછપરછ ચલાવી એટલે માલુમ પડયું કે 'બાદશાહ દરરોજ સ્હવારે બે કલાક રાજમહેલના ઝરોખામાં બેસી નેકીદાર પાસે પોકાર

કરાવે છે અને તે વેળા ગમે તેની પણ ફરીયાદ જા
સાંભળે છે.'

બીરબલ બીજે દિવસે અંગે ભસ્મ ચોળી, લંગો
લગાવી, ફાટેલી ગોદડી, ફુટેલું તુંબડું અને ત્રિશુળાદિ લઇ
વિચિત્ર વેશે રાજમહેલના ઝરોખા આગળ જઈ પોકાર
લાગ્યો "ફરિયાદ! ફરિયાદ! ફરિયાદ!" એ સાંભળ
શાહે તેને પોતા પાસે બોલાવી ફરીયાદનું કારણ પૂછયું જે
ઉત્તરમાં બીરબલે કહ્યું:—

પાયા હીરા લાખકા, આયા બેચન કાજ,
છિના લીયા છક્કડ લગા, ગવહરી દગાહીબાજ.

આ દુહો સાંભળી શાહે વિસ્મયતા સાથે પૂછયું "મા
શહેરમાં એવો દગાબાજ સિતમગાર કોણ છે?"

સાધુરામે જવાબ આપ્યો "આલમપનાહ! એનું ના
દીધામાં સાર નથી. મને જવાદો, મારે હવે ફરીયાદ કર
નથી, મોટા સ્હામે ફરીયાદ કરવામાં ન ફાવીયે."

બાદશાહે કહ્યું "એવું નહીં બને. મારા રાજ્યમાં અન્ય
યને હું કદિ પણ ચાલવા દેનાર નથી માટે તને જે ઝ
રીયે લૂંટયો છે તેનું ઝટ નામ બતાવ."

એટલે સાધુરામે હાથે પગે લાગતાં કહ્યું "જહાં
નાહ! નામ દીધાથી હું પોતેજ માર્યો જઈશ, માટે
આપની ક્ષમા માગીને અરજ કરૂં છું કે મને જવા દ
હું ભૂલ્યો."

બાદશાહ એકનો બે ન થયો અને તેણે હઠ પક
એટલે બીરબલે કહ્યું "જો મને આપ અભયવચન આપે
તો હું તે દગાબાઝ ઝવેરીનું નામ આપને બતાવું."

બાદશાહે અભયવચન આપતાં તેણે કહ્યું " નામદારઃ—

દુહો.

જો પૂછો સચ બાત તો, સાચે મેં કહો શોર;
સુનિયે શાહ સુલ્તાન તુમ, આપહિ મેરા ચોર.

સ્વાભાવિક રીતે જેવી અસર એ દુહાની થવી જોઇયે એવીજ અસર બાદશાહ ઉપર થઇ, તે ક્રોધથી રાતોચોળ બની ગયો, તલવાર ઉપર હાથ ગયો. બાદશાહના અંગરક્ષકો પણ હુકમની જ વાટ જોવા લાગ્યા. પણ બાદશાહને આપેલા વચનનો ખ્યાલ આવતાં તલવાર પરથી હાથ ખસ્યો, ક્રોધ મનમાં જ સમાયો. બાદશાહે ધાર્યું કે ' એ સાધુ ગાંડો હશે, નહીં તો એવું બકેજ કેમ ?' પણ તેનું બોલવું ગાંડા જેવું ન હતું, ' એટલે ખાત્રી કરવા બાદશાહે પૂછયું " સાધુજી ! તમને લાખ ટકાનો હીરો ક્યાંથી જડયો હતો ? અને મેં તે ક્યારે છીનવી લીધો ? "

બીરબલે વિચાર્યું કે આ વખતજ ખરૂં ચાતુર્ય દેખાડવાનો છે, તેથી તે બહારથી જે ગાંડપણ દેખાડતો હતો તેનો તેણે ત્યાગ કર્યો અને રાજદરબારી વિનય વિવેક વાપરવા માંડયો. બાદશાહ સ્હામે ઘુંટણીએ પડી હાથ જોડીને તે બોલ્યો " જહાંપનાહ ! મેં આપને જે કાંઈ કહ્યું તે સત્ય જ કહ્યું છે. આપની આગળ જુઠું કોણ બોલી શકે ? આપ જાણો છો, કે હીરા જુદી જુદી જાતના હોય છેઃ—

દુહો.

જવહરીકા હીરા હીરા, કવિકા હીરા કવન,
તરૂની હીરા તન અરૂ, પદ્મની મન પાવન.

એવો જે એક મારા લાયકનો હીરો મારી પાસે હતો.

એ હીરાનો જે ખરો પરિક્ષક હોય તેજ તેના ગુણ જાણી શકે છે અને જે એનો પરિક્ષક નથી એને મન એ કોડીના મૂલ્યનો પણ નથી. રત્નના ગ્રાહક સૌ કોઈ હોતા નથી. જુઓ સાંભળો:—

દુહો.

ગોરી ગ્રાહક રત્નકી, ગુન ગ્રાહક રાજન;
કવિતા ગ્રાહક કો રસિક, ભૂપતિ ભોજ સમાન.

આપ પણ ભોજ સમાન કવિઓના ગુણગ્રાહક છો, એમ જાણી હું અત્રે આવ્યો હતો, પણ તેમાં હું ઠગાયો. હવે આપ પણ મારા બકબકાટથી ગભરાયા હશો, તેમ હું પણ ધરાયો છું, માટે હવે મને રજા આપો એટલે મારે રસ્તે પડું."

આટલું કહી તે ઉભો થયો. બાદશાહને તેની વાતમાં રસ પડયો હતો, તેના ચાતુર્યથી તે અંજાયો હતો. તેણે બીરબલને કોઇ ઉત્તમ કવિ જાણી લીધો હતો એટલે વિચાર કર્યો કે "બ્હારથી ક્રોધ બતાવી એના મનનો એહવાલ જાણી લેવો જોઈયે." પછી તેણે કહ્યું "જવાનું કયાં છે? તેં જે શબ્દો કહ્યા છે તે બધા પુરવાર કર્યા વગર એક ડગલું પણ ભરાય તેમ નથી."

બાદશાહ બહારથી ક્રોધ દર્શાવે છે, પરંતુ મનમાં તેને આનંદ થયો છે એવું બીરબલ કળી ગયો અને પોતાની બધી વાત બાદશાહને કહી સંભળાવવા વિચાર કર્યો. તેણે કહ્યું "જહાંપનાહ! હું જાતે બ્રાહ્મણ છું, ઘણા વર્ષો સુધી મેં સરસ્વતીની સેવના કીધી. એક દિવસ સરસ્વતી દેવીએ

મને સ્વપ્નામાં દર્શન આપી પોતાને હાથે લખેલું એક ભોજપત્ર આપીને કહ્યું "આ લે અને સુખી થા." મેં દેવીની તે પ્રસાદી માથે ચઢાવી, પણ દેવીએ કહ્યું "આ ભોજપત્રમાંની એક એક કવિતા એક એક લાખ ટકાની કીંમતની છે, માટે કોઈ પણ દરબારમાં એકથી વધારે કવિતા કહેવી નહીં." મેં તે આજ્ઞા શિરોસાધ્ય ગણી અને એક કવિતા લઇ હું તેનો ગ્રાહક શોધવા નીકળ્યો, મારા ન્હાનકડા ગામમાં સરસ્વતીનો એવો તે ઉપાસક ક્યાંથી હોય, જે તે કવિતાની કીંમત આંકી શકે? કહ્યું છે કે:—

દુહો.

હીરા ગિરાકી ગંઠડી, ગંવારમેં મત ખોલ;
જવહરી બિન કોરી ન મિલે; કોસ્તુભ કાળી મોલ.
હથ્થી હીરા કાવ્ય હે, દે જાકે દરબાર;
મા કર મૂલ અમૂલકા, મૂલ ન મિલે બાઝાર.

એ ઉપરથી હું મારા ગામમાંથી નીકળ્યો અને કોઈ મોટા મહારાજાને ત્યાં જઈ એની કીંમત મેળવવા ઉત્સુક બન્યો. આપની કીર્તિ ચારે દિશાઓમાં ફેલાયલી મ્હેં અનુભવી એટલે આપની સેવામાંજ હાજર થવાનું ઉચિત્ ગણી હું અત્રે આવ્યો. રસ્તામાં મને તરેહવાર વિચારો આવ્યા. આપની ગુણગ્રાહકતા મારો કેવો ઉત્તમ પ્રકારે સત્કાર કરશે એ ખ્યાલ અને સ્વર્ગનું આનંદ પમાડતો હતો; પરંતુ, હું તેમાં ઠગાયો, મારા એ વિચાર—સ્વપ્નો સ્વપ્નાજ ઠર્યા. કોઈ હીંદુ મહારાજાને ત્યાં ગયો હોત તો આવી હેરાનગતી અને મુશીબત વેઠવાનો વારો ન આવત, પણ ખેર, ભાગ્યમાં લખ્યું થાય છેજ, એને કોઇ હાથ દઇ શકે એમ નથી. મેં મૂર્ખ

બની સરસ્વતીની આજ્ઞાનું ઉલંઘન કર્યું અને ગ્રાહક વગર એક દુહો લખી આપના દરવાનને આપ્યો અને આપ નામદારને પહોંચાડવા માટે તેની આજીજી કરી, પણ આપનો દરબાન એટલે ખામી શેનીજ હોય ? એણે એ દુહો રોષે ભરાઈ ફાડી નાખ્યો. એ ફાડી નાંખે એમાં મને કાંઈ ખોટ જાય તેમ હતું નહીં, પણ મેં એ દુહો ગોખેલો ન હોવાથી સ્મરણપટપરથી ભુંસાઇ ગયો અને હું રડતો જ રહ્યો."

બાદશાહે કહ્યું "એક દુહાના એક લાખ ટકા મેળવવા એ કાંઈ સ્હેલી વાત નથી, એ તો લોઢાના ચણા છે. જો તારો દુહો તેટલી કીંમતનો હોય, તો તે એક જુદી વાત હતી."

બીરબલ બોલ્યો "હઝૂર ! મને અફસોસ એટલા માટે જ થાય છે. જો એ દુહો મને યાદ હોત અને હું કોઈ લાયક–ગુણગ્રાહક રાજવંશી પાસે લઈ ગયો હોત તો અવશ્ય મને લાખ ટકા મળત. પણ એતો મેં અહીં જ ગુમાવ્યો, દગાબાઝ ઝવેરીએ છક્કડ મારી છીનવી લીધો. હશે, વિધાતાના લેખપર કોણ મેખ મારી શકે ? હવે હું આપની રજા લઉં છું અને આપને જે તસ્દી આપી છે તે માટે ક્ષમા યાચું છું."

આમ કહી બીરબલે જાણે ત્યાંથી જતો હોય એવો દેખાવ કર્યો, બે ત્રણ ડગલા ભર્યા, પણ એવામાં જાણે કોઈ વાત યાદ આવી હોય એવો ડોળ કરી તેણે પાછા ફરી કહ્યું "જહાંપનાહ ! હાલ મને એના ત્રણ ચરણ તો યાદ આવ્યાં છે, માટે લગાર યાદ કરી જોઉં એટલે કદાચ ચોથું એ ચરણ યાદ આવી જાય ? !"

બાદશાહે કહ્યું "જો તને ત્રણ ચરણ યાદ હશે તો મારા દરબારમાંથી કોઇ પણ માણસ તેનું ચોથું ચરણ બનાવી તારો દુહો પૂર્ણ કરશે, માટે એ ત્રણ ચરણ તો બોલ ?"

બીરબલ બોલ્યો "હજૂર ! સાંભળો—

દુહો.

અહોરાત્ર જાગૃત ખડે, મમ રક્ષક મહા શક્ત;
ગ્રાં કેહ સુખે સૂવે સદા,

જહાંપનાહ ! આ ત્રણ ચરણ યાદ છે, આપના દરબારમાંથી જો કોઈ ચોથું ચરણ બનાવશે તો મને પણ કદાચ સરસ્વતીનું ચોથું ચરણ યાદ આવી જશે."

બાદશાહે કહ્યું "ઠીક, આજે તું દરબારમાં આવજે."

બીરબલે જવાબ આપ્યો "નામવર ! મને દરબારમાં પેસવા કોણ દે ? આપના હુકમ વગર દરબાનો જોડા મારી હાંકી કાઢે એવા છે."

બાદશાહ બોલ્યો "તારે માટે હું દરબાનને આજ્ઞા આપી દઉં છું."

પણ બીરબલ કાંઈ કાચે પાયે કામ કરે એવો નહતો તેણે કહ્યું "જહાંપનાહ ! દરવાનને મોઢેથી હુકમ કરવાને બદલે મને દરબારમાં દાખલ થવાનો પરવાનો જ લખી આપો તો એ વધારે યોગ્ય થઈ પડશે."

બીરબલની કવિતાએ બાદશાહનું મન આકર્ષ્યું હતું, તેને એમાં રસ પડયો હતો, તેમજ વળી બીરબલને ચતુર અને દરબારને લાયકના પુરૂષ તરીકે પારખી લીધો હતો એટલે તેને તેવો પરવાનો આપવામાં હરકત ન જણાઈ અને

તેણે તરતજ પરવાનો લખી આપ્યો અને પોતાની સહી કરી તે ઉપર પોતાની મોહોર પણ લગાડી આપી.

દરબાનને કાંઈ પણ દસ્તુરી આપ્યા વગર હવે પોતાથ દરબારમાં જઈ શકાશે જાણી બીરબલ અતિશય આનં પામ્યો અને દરબારી રીવાજ પ્રમાણે બાદશાહને સલામ કર પોતાને ઉતારે ગયો.

બાદશાહે તે દિવસે ખાસ દરબારનો હુકમ ફેરવ્યે સ્હાંજે દરબાર ભરાયો, ખાસ દરબાર હોવાથી સૌ કોઇ હાજ હતા. બીરબલને પણ આ વખતે દરબાન અટકાવી શ એમ ન હતું, તે પણ પોતાનો પોષાક પહેરીને ત્યાં હાજ થઈ ચુકયો હતો. બધા દરબારીયો આવી રહ્યા પછી શાદ ફૈયઝીએ કહ્યું " જહાંપનાહ !

દુહો.

ચલત ચમકત શમશીર શત, જલજા જડ હો જાત
એસી જીનકી સૈનઇક (સૈનિક), કહા ઍનકી બાત.

ફૈયઝીના મ્હોંમાંથી હજી તો છેલ્લા શબ્દો પુરા નીક ળ્યા પણ ન હતા તેવામાં તો ખુશામતીયા દરબારીયોએ ર જ પણ સમજ્યા વગર " હાંજી, હાં, સચ બાત હે. " કહ તાં જ માથું ધુણાવ્યું. ફૈયઝીએ બાદશાહના વખાણ ક હશે ધારી તેમણે પાંચશેરી ધુણાવી હતી. કેટલાક બીજ ઓએ પણ પોતાની અજ્ઞાનતા પ્રકટ ન થઈ જાય એની સંભા રાખવા મોઢું મલકાવ્યું.

બીરબલ એ દુહો સાંભળી મનોગત્ કહેવા લાગ " આવા રત્નો બાદશાહના દરબારમાં હોય, ત્યાં કોઈ સાધ રણ કવિનું ટટ્ટુ ચાલેજ ક્યાંથી ?" તેણે વિચાર્યું કે " હ

આપણે આ કવિતાથીજ શરૂઆત કરીયે." તે તાઝીમ બજાવી લાવી બોલ્યો "વાહ, વાહ, ઘણીજ ઉત્તમ વાત કહી. જેની એકજ દષ્ટિથી સેંકડો ચકચકિત્ તલવારો ચાલવા માંડે છે અને (જલજા એટલે પાણીમાંથી પેદા થયેલી) લક્ષ્મી જઠ થઇ જાય (અર્થાત્ તેની કૃપાથી લક્ષ્મી તેને ત્યાં વાસ કરે છે) એવી જેની સેના છે (એટલે ચતુર દરબારીયો છે) તેની પાસે વેણુની તે શી વાત કરવી ? અર્થાત્ તેને ત્યાં કવિઓ ઉત્તમ કાવ્ય રચે એમાં આશ્ચર્ય શેનો ?!"

આ નવીન આગંતુકે (બીરબલે) ફૂચઝી શાઇરના વખાણ કર્યા એ જગન્નાથ પંડિતથી ન ખમાયું, તેણે કહ્યું "પણ એ કવિતામાં રસ ક્યાં છે ?"

બાદશાહે જોયું કે કવિતાના કયા શબ્દોમાં રસ છે એ જગન્નાથ જાણવા માગે છે, તેથી તેણે જે શબ્દોમાં રસ હોય તે બતાવવા ફૂચઝીને હુકમ કર્યો. ફૂચઝી કાવ્ય અને ન્યાયમાં ઘણોજ કાબિલ હતો, છતાં પંડિતજી આગળ ટકવું એ તેને માટે મુશ્કેલ હતું. પણ આ પ્રસંગે બાદશાહના કહેવાથી તેણે જવાબ આપવોજ જોઈયે, બીજી તરફ પંડિતજી તેને હેરાન કરશે એવો ખ્યાલ આવતાં તેના મોઢા ઉપર કાંઈક ચિંતા ફેલાઈ. બીરબલે ફૂચઝીની મુઝવણ જાણી લઈ તે કાંઇ ઉત્તર આપે તે પહેલાં તેની મદદે આવી ઉભા થઈ હાથ જોડી બાદશાહને કહ્યું "હઝૂર ! જો આપની આજ્ઞા હોય તો હું એમાંનો રસ બતાવી આપું."

બાદશાહે હા પાડી એટલે તે બોલ્યો "જહાંપનાહ ! એ કવિતામાં તો પદેપદે રસ રહેલો છે. લોઢા જેવા પદાર્થો

પણ આપની આજ્ઞાથી ચાલે અને લક્ષ્મી જેવી ચંચલ વસ્તુ પણ જડ થઈ જાય. આપનો હુકમ સર્વમાન્ય છે એવા પ્રકારની આ કવિતામાં આપની સ્તુતિ કરાઈ છે."

એક મુલ્લાં સાહેબને સંસ્કૃત અને હીંદી ભાષા પ્રત્યે કટ્ટો વેર હતો, એતો બસ ફારસી અને અરબી ભાષામાંજ બોલવાનું પસંદ કરતા એટલે ફૂચઝી જેવા શાઈરને મોઢે હીંદી કવિતા સાંભળતાંજ તે ચીડાઈ જઈ બોલી ઉઠયા "આવા ફારસી અને અરબીના ઉસ્તાદ કહેવાતા શાઇર હીંદી જેવી ફીકી ભાષામાં કવિતા કરે એતો હદ થઇ! ખેર, પરંતુ એમાંયે વળી સંસ્કૃત ભાષાના શબ્દો વાપરવાની શી જરૂર હતી? તેમજ જલજા એવા શબ્દો શા માટે જોઇએ? શું આ દરબારમાંના બધા દરબારીયો એ શબ્દોનો અર્થ સમજ્યા છે? બોલો જોઇએ?"

આ સાંભળીને કેટલાક દરબારીયોએ પોતાની નજર ફેરવી લીધી, તેમના મનમાં બ્હીક હતી કે, રખેને કદાચ એ શબ્દનો અર્થ પૂછવામાં આવતાં અજ્ઞાનતા જાહેર થઇ જાય. બીરબલ કાંઇ એથી ગભરાય એવો ન હતો, તેણે ધાર્યું કે લગાર દરબારને હસાવવાનો ઠીક લાગ મળ્યો છે એથી તે બોલ્યો "જહાંપનાહ! મુલ્લાં સાહેબને સ્હેજ પણ વિચાર નથી. જલજા શબ્દનો અર્થ પોતાને ન આવડે એ બીજાઓને પણ અજ્ઞાન ગણી કાઢે છે?! જલજા એટલે પાણીમાંથી ઉત્પન્ન થયેલું અને લક્ષ્મી પાણીમાંથી ઉત્પન્ન થઇ છે એથી તેને જલજા કહેવામાં આવે છે અને એથીજ તે ચંચલ છે. મુલ્લાં સાહેબ! લગાર વિચાર કરીને વાત કરો."

મુલ્લાં સાહેબે તો આ જવાબ સાંભળીને માથુજ નમાવી

ીધું, બધા દરબારીયો હસી પડયા અને બાદશાહે પણ મહા
મહેનતે પોતાનું હસવું દબાવ્યું એટલે બધા ચુપ થઈ ગયા.

બીરબલના બોલવાથી બીજા બધાને આનંદ પડયો
ણ પંડિતજી તો મુંગાજ બેસી રહ્યા. તેમના કપાળ ઉપર
રચલીયો પડતી જોઈ બધાયે જાણ્યું કે પંડિતરાજ કોઇક
વીન કલ્પનામાંજ રોકાયા છે. બાદશાહે પણ એમજ
ારી પૂછયું "પંડીતજી ! શું ફયઝીની કવિત્વ શક્તિથી
મે નાખુશ થયા છો ?"

પંડિતજીએ કહ્યું "નામદાર ! અમે બ્રાહ્મણ એટલે
ાઈનું એઠું અંગિકાર ન કરીયે."

જગન્નાથની આ નવી વાત સાંભળી બધા વિચારમાં
ડી ગયા કે ફયઝીએ આવી શીઘ્ર કવિતા બનાવી એ એંઠી શી
ીતે થઈ ? પણ કોઇથી એનો ભાવાર્થ સમજી ન શકાયો.
ાખરે જગન્નાથ પંડિતે સ્મિત હાસ્ય કરી કહ્યું "નામ-
ાર ! આ કવિતા ફયઝીએ કોઈક વેળા પોતાની પત્નિને
ાટે બનાવી હશે તે આજે આપને ભેટ કરવા લાવેલ છે.
મેટલે એ એંઠી નહીં તો શું કહેવાય ?"

સૌએ ધાર્યું કે પંડિતરાજે વળી કાંઈ નવોજ અર્થ
ડી કાઢયો છે, તેથી બધા એ અર્થ શો છે તે જાણવા
ત્સુક બન્યા. એટલે ધીમે રહીને પંડિતજી બોલ્યા "જહાં-
નાહ ! એનો અર્થ એમ થાય છે કે:-"આ સ્રીની એક
ટાક્ષ એવી છે કે જેમાંથી સેંકડો તલવારો નીકળી પડે
અને ચાલી જાય છે એટલે કે ત્યાં ઉભેલાના કાળજાને
ીંધી નાંખે છે. તેમજ એને જોતાં લક્ષ્મી કે જે અતિ
સ્વરૂપવાન છે, તે પણ પોતાની સુંદરતાનું અભિમાન મૂકી

દઇ પોતાને એ ( સ્રી )ની આગળ કદરૂપી ગણીને જડ થઇ જાય છે. આવી જેના કટાક્ષમાં ખૂબી છે તે જો બોલે તો પછી તેની વાણીની તે વાતજ શી કહેવી?!! ફૈયઝી કેવા સરસ શૃંગારી છે એતો આ કવિતા ઉપરથીજ સ્પષ્ટ થઈ જાય છે, માટે એણે પોતાની સ્રી માટે બનાવેલી કવિતા આપને લાવી ભેટ કરે એને તે એંઠી કહેવાય નહીં?"

બધા આ અર્થ સાંભળી ખુશ થયા. અને આ નવી કલ્પના ઉભી કરી તેથી પંડિતની અપૂર્વ બુદ્ધિ જણાઈ આવી અને ચારે તરફથી પંડિતને આનંદના ઉદ્ગારોથી વધાવી લેવામાં આવ્યા. પણ હવે ફૈયઝી શો જવાબ આપે છે તે જાણવા બધા આતુર બન્યા. ફૈયઝી પણ રસાલંકારમાં પ્રવીણ હતો, તે બોલ્યો "પંડિતરાજ ! મારી કવિતાનો રહસ્ય શૃંગાર ભાવ તમે પ્રકટ કર્યો તેથી હું તમારો મોટો ઉપકાર માનું છું. પણ આપ કદાચ એ નહીં જાણતા હો કે અમે અમાસ પેદા કરનાર ( પરમેશ્વર ) ને મા'શૂક ( પ્રિયા ) રૂપેજ ભજીયે છીયે."

ફૈયઝીએ આપેલા જવાબથી બાદશાહ બહુજ ખુશ થયો, છતાંપણ પંડિતે જે કલ્પના ઉભી કરી હતી તેને એણે વખાણી. લગાર વધુ ગમ્મત કરવાને ઇરાદે તેણે બીરબલ સ્હામે જોઇ કહ્યું "આ કવિતાનો ત્રીજો અર્થ શો થાય છે તે કોઇ કહી શકશે?"

બીરબલની ચતુરાઈ જોવાનો આ ખરેખરો સમય હતો. તે લગાર ગભરાયો, પણ તેનો ગભરાટ કોઈ કળી શકે એમ ન હતું. એકાદ પળ પછી તેને કાંઈ યાદ આવી જતાં આનંદ થયો. થોડીવાર સુધી આસપાસ જોયા પછી

એણે હાથ જોડી કહ્યું " આલમ પનાહ! આપની આજ્ઞા હોય તો ત્રીજો અર્થ હું કહી સંભળાવું."

બાદશાહે કહ્યું "ઘણી ખુશીથી. કહે જોઈયે ?"

બીરબલ બોલ્યો "નામદાર! સાંભળો. આપ ખરેખર પંડિતોના અને વિદ્વાનોના કદરદાન છો, આપે આ પંડિત જગન્નાથજીની જે સ્તુતિ કરી તે અવશ્ય યથાર્થજ છે, કારણકે એ કવિતામાં પણ એમના બુદ્ધિચાતુર્યનોજ ચમત્કાર રહેલો છે. "ચલત ચમકત શમશીર સત્" સત એટલે સાચું. સાચું એટલે શાસ્ત્રીય કઠિન વચન, તેની અંદર તલવારની પેઠે ચમકતી ચાલે છે (એવી તેની બુદ્ધિ) તેને કોઇ પણ ઠેકાણે કઠિનતા નડતી નથી. કઠિનતાની સાથે કોમળતા અને મૃદુતાનો સમાવેશ થયેલો હોય છે. તે આ પ્રમાણે "જલજા જર હો જાત" એની સંધી તોડતાં આ પ્રમાણે થાય છે "જલજ અજર હો જાત" જલજ એટલે કમળ, તે અજર કહેતાં અમર થઈ જાય છે અર્થાત્ તેની કોમળતા કદિપણ જતી નથી. "એસી જીનકી સૈન ઈક" એવી બુદ્ધિરૂપી જે સરસ્વતીની એક માત્ર નજર છે તો "કહા ઍનકી (બીનકી) બાત" તો પછી વીણા લઇને ગાવા બેસે ત્યારે તેની કોમળતાની શી વાત કરવી ?"

બીરબલનો આ ખુલાસો સ્હેજ લંબાણ ભરેલો હતો, છતાં બધાએ ધ્યાનપૂર્વક સાંભળ્યો. સૌ કોઇયે તેની વિચિત્ર કલ્પનાશક્તિ માટે તેને શાબાશી આપી અને "વાહવાહ" ના પોકારોથી તેને વધાવી લીધો. બાદશાહ પણ બહુ જ આનંદ પામ્યો. પંડિત જગન્નાથે પણ એ કલ્પના વિશેષ ઉત્તમ હોવાનું કબુલ કર્યું. બાદશાહે એજ વખતે ભારે

શિરપાવ મંગાવીને બીરબલને આપ્યો અને શીવદાસને બદલે બીરબલ નામ પાડયું અને દરરોજ દરબારમાં આવવાની પરવાનગી બક્ષી. બીરબલની સમશ્યા તો અધુરી જ રહી જેથી તે બીજા દિવસ માટે બાદશાહે મુલ્તવી રાખી અને દરબાર બરખાસ્ત થયો.

બીરબલ પોતાને ઉતારે ગયો, પણ આજે તે કીમતી સરપાવથી સજ્જ થઈને આવ્યો હતો એટલે એવી રીતે ધર્મશાળામાં રહેવું તેને યોગ્ય ન જણાયું. તેણે પોતાના લાયકનું એક મકાન રાત પડતાં પહેલાં ભાડે રાખી લીધું અને તેમાં જઇ રહ્યો.

બાદશાહ દરબારમાંથી ઉઠી જનાનખાનામાં ગયો અને આજે સલીમની માતાના મહેલમાં જવાની ઈચ્છા થતાં ત્યાં જ પાધરો ગયો. રાણીને બાદશાહના આગમની ખબર થતાં જ તે ફુલનો થાળ ભરી સ્હામે આવી અને બાદશાહને પુષ્પોથી વધાવી રંગમહેલમાં લઇ ગઇ. બાદશાહ એક આસન ઉપર જઇ બેઠો અને રાણી પણ એક રત્નજડિત બાજોઠ ઉપર બાદશાહની પાસે બેઠી. તરતજ ચાંદરણા જેવા મુખડાવાળી દાસીઓએ મીઠાઈના થાળ લાવી હાજર કર્યા. બાદશાહે મનપસંદ ચીજો તેમાંથી ખાધી. આજે દરબારમાં ઘણો જ આનંદ મળેલો હોવાથી બાદશાહ ખુશમિઝાજમાં હતો. ખાતાં ખાતાં તેણે નવા આવેલા કવિના વખાણ કરવા માંડયા અને દરબારમાં બનેલો સર્વ બનાવ કહી સંભળાવ્યો. તેમજ બીરબલે આપેલા ત્રણ ચરણ સંભળાવી તેણે કહ્યું "આ કવિતાનું ચોથું ચરણ મારા દરબારમાંથી કોઇ પણ પૂર્ણ કરશે એવી મારી ખાત્રી છે, પણ મારી રસિક રાણી-

યોમાંથી કોઈ એ ચોથું ચરણ બનાવે તો એ વધુ આનંદની વાત કહેવાય. તું પણ કવિતાની રસિક છે માટે બોલ, તું એ ચોથું ચરણ બનાવી શકીશ ?"

રાણીએ સ્હેજ વિચાર કરી કહ્યું "હું વિચાર કરી જોઇશ. પણ હા, હું તો ભૂલીજ ગઈ, ઘણીવાર થઈ મેં આપણા બાળકુમારને જોયો નથી માટે લગાર જોઇ આવું. ચાલો આપ પણ ત્યાં પધારો."

બાદશાહ અને રાણી બન્ને જણ બાજુમાં રાજકુમારનો ઓરડો હતો ત્યાં ગયા. બાળકુમાર અત્યારે પોતાના સોનાના પલંગપર સૂતો હતો, તેની ખાસ દાયા તેનાથી થોડે અંતરે બેઠી હતી.

રાણીએ પાસે આવીને જોયું તો રાજકુમાર સૂઈ રહ્યો હતો અને ઉંઘમાં જ તે હસતો પણ હતો. માતા-પિતા તેની તરફ ઉભરાતી છાતીએ જોવા લાગ્યા. થોડીવારમાં જ તેણે પાસું ફેરવ્યું અને તે વખતે તે રડતો જણાયો. રાણીએ તુરતજ તેને પાસામાં લીધો એટલે તે પાછો હસ્તો થયો. બાદશાહ ત્યાં થોડીવાર ઉભો રહ્યો એટલામાં તો રાણીએ તે ઉંઘતા રાજકુમારને પાંચસાત વખત પાસામાં લીધો. પછી રાણીએ કહ્યું "મારા સરતાજ ! હવે આપે કહેલી કવિતાનું ચોથું ચરણ આપને જણાય છે કે નહીં ?"

બાદશાહ કાંઈ સમજી ન શકયો તેથી બોલ્યો "તું શું કહેવા માગે છે ?"

રાણી બોલી "જુઓ, તે ચોથું ચરણ "બાળક માતા સક્ત" એ છે. હવે તે આખી કવિતા મળે છે કે

નહીં ? જુઓ સાંભળોઃ—

અહોરાત્ર જાગૃત ખડે, મમ રક્ષક મહા શક્ત;
યાં કેહ સુખે સૂવે સદા, બાળક માતા સક્ત.

અર્થાત્ બાળક પોતાની માતાને સૌથી બળવાન માને છે, એતો પોતાને થતું દુઃખ પોતાની માતા દૂર કરશે જાણી ચિંતા રાખતું નથી. મારૂં રક્ષણ કરનાર અહોરાત્રિ મારે માટે જાગે છે જાણી તે નિરાંતે ઉંઘે છે. મુજ અબળાની બુદ્ધિ અનુસાર મેં આ સમશ્યા પૂર્ણ કરી છે."

બાદશાહ આ ચોથું ચરણ સાંભળી ખરેખર ખુશ થયો. તેણે કહ્યું "મારા દરબારનો કોઇ પણ માણુસ આવું સરસ ચરણ બનાવી શકનાર નથી. સમશ્યા તો પૂર્ણ થઈ એમાંતો ના નથી. કદિ બીરબલને સરસ્વતી દેવીએ આપેલી કવિતાનું ચોથું ચરણ એ નહીં હોય તો પણ અડચણ નથી. હું આ ચરણને સૌથી સરસ ચરણ ગણું છું."

બીરબલની આ નવી સમશ્યાવાળી કવિતાથી બાદશાહના મનમાં વધારે આતુરતા વધી. રાણીએ તો તે સમશ્યા પૂર્ણ કીધી પણ દરબારીયો શું કહેશે તે જાણવા તે બહુજ ઉત્સુક બન્યો. રાત પણ તેને મન બેવડી લાંબી થઈ પડી. બીજે દિવસે દરબાર ભરાયો. બાદશાહ આવી તખ્ત ઉપર બેઠો એટલે સૌ દરબારીયોએ એક પછી એક આવી સલામ બજાવી પોતાની બેઠક લીધી. અગત્યનું કાર્ય પતાવી દઈ બીરબલ આવ્યો છે કે નહીં એ જોવા બાદશાહે નજર ફેરવી. બીરબલ નવો આવેલો હોવાથી તેને કોઇ અધિકાર મળ્યો ન હતો. એતો એક ખૂણામાં બેઠો હતો. બાદશાહે તેને જોતાં જ પોતાની પાસે બોલાવ્યો.

બીરબલે આવી તાઝીમથી સલામ કરી. બાદશાહે કહ્યું, “ બીરબલ ! તારી કવિતાના ત્રણ ચરણ કહી સંભળાવ.”

બીરબલે તે ચરણ કહી સંભળાવ્યા એટલે બાદશાહે કહ્યું “ હવે આ કવિતાને કોઈ પૂર્ણ કરો.”

સૌકોઈ એક બીજાનું મોઢું જોવા લાગ્યા, આખરે એક “ હાજીયો ” ઉભો થઇને બોલી ઉઠયો “ લ્યોને, એનું ચોથું ચરણ તો મેં બનાવીએ નાખ્યું. “ **અકબરશાહ અબજક્તા**” કેમ બીરબલ ! એજ ને ? હાલ આખું જગત્ નિરાંતે ઉંઘે છે, કેમકે જહાંપનાહ જેવા બળવાન અને સાવધ બાદશાહ તેમની ઉપર રાજ્ય કરે છે. કહો, આપ નામદારનો એવો પ્રતાપ નથી ?”

તેનું ખુશામદથી પરિપૂર્ણ બોલવું શાહને પસંદ ન પડયું. રાણીએ કહેલું ચરણજ તેના મનમાં રમી રહયું હતું, છતાં એ ખંધા દરબારીના બોલવા ઉપર તેણે ચલાવેલી યુક્તિ માટે બાદશાહના મનમાં હસવું આવી ગયું. કેમકે તેણે બધાને ચુપ કરી દીધા હતા. બાદશાહનો એવો પ્રતાપ નથી, એમ કોણ કહી શકે એમ હતું ? જે જે લોકોએ મનમાં ચરણ ગોઠવી રાખ્યા હતા તેઓ પણ એથી ગભરાટમાં પડયા. બાદશાહ એ ગભરાટને પામી જઇ બોલ્યો “ કેમ બીરબલ ! તારી સરસ્વતી પણ આ દરબારીની પેઠે મારી તારી ખુશામદ જ શીખી છે કે ?”

બીરબલ પ્રત્યુત્તર આપે એટલામાં તો પેલો હાજીયો બોલી ઉઠયો “ આપકી તો એસીહી ખૂબી હે.” એમ કહીને તેણે વધારે મર્મમાં ઉથળો માર્યો. બીરબલ ગભરાયો. પેલા દરબારીયાએ તો મોકાણ માંડી એમ તેને લાગ્યું, પણ

આવે સમયે તેણે જગન્નાથ પંડિતની મદદ લેવાનું ઉચિત ધાર્યું, તેણે પંડિતજી સ્હામે ઈશારો કરી બાદશાહને કહ્યું " નામદાર ! આપ જેવા કદરદાન બાદશાહ અને જગન્નાથજી જેવા પંડિતરાજ જ્યાં હોય ત્યાં મારા જેવાએ બોલવું વાજબી ન ગણાય. પણ સરસ્વતીનું કહેલું ચરણ એ નથીજ."

પંડિતરાજે જોયું કે આ વખતે બીરબલની મદદે આવ્યા વગર છૂટકો નથી, તેમ વળી બીરબલ પણ પંડિતરાજને ઘેર જઈ પોતાની આધીનતા તેમને એવી તો બતાવી આવ્યો હતો કે તેમણે તેને સ્હાય કરવાની મનથી કબુલાત આપી હતી. આ પ્રસંગે તેમણે બીરબલની તરફદારી કરવાનો લાગ જોઈ કહ્યું " જહાંપનાહ ! બીરબલનું કથન સત્ય છે. આવું અર્થરહિત બોલતાં એને (દરબારીને) તો શરમ ન આવી, પણ એના દોષ બતાવી આપનારે પોતેજ શરમાવું ઘટે છે."

પંડિતરાજના આ શબ્દો સાંભળી બધા ચમક્યા. એમણે તો બાદશાહનો એવો પ્રતાપ નથી એમ કહેવાની હામ ભીડી. એથી ચરણ પુરૂં કરનાર હાજીયાએ ઉછળીને પૂછયું " પરંતુ, હું શું ખોટું બોલ્યો તે તો કહો ?"

પંડિતજી બોલ્યા " નામવર બાદશાહ જો રજા આપે તો હું કહેવાને તૈયાર છું." બાદશાહે રજા આપવાથી જગન્નાથજી બોલ્યા " પૃથ્વિપતિ ! આ હાજીયો તે શું કહેનાર હતો. પણ આખી પૃથ્વિ આપના પ્રતાપથી વાકેફ છે અને આપના રાજ્યમાં આપની પ્રજા સર્વ પ્રકારે સુખી છે એ જાણે છે. પણ આ અર્થ અહીં બંધ બેસ્તો નથી.

જો આ કવિતા પ્રજાને લગતી હોય અને આપણે કદાચ એમ ગણીએ તો "મમ રક્ષક" ને ઠેકાણે "અમ રક્ષક" જોઇયે."

આ સાંભળી હાજીયો તો ચુપ જ થઇ ગયો, તેનાથી પાછો એક શબ્દ પણ ન બોલાયો. બીજી થોડીક ટપાટપી પછી બાદશાહે આસપાસ જોતાં માનસિંહ ઉપર નજર પડી એટલે તેની તરફ જોઈ બાદશાહે કહ્યું "કેમ રાજા સાહેબ! આપ એ કવિતા પૂર્ણ કરી શકશો?"

ઉપર મુજબની વાતો થતી હતી તેટલામાં કેટલાકને મનમાં ગોઠવણી કરવાનો અવકાશ મળ્યો હતો, માનસિંહે પણ તે અવકાશનો લાભ લીધો હતો એટલે ઝટ બોલી ઉઠયો "જી નામદાર! બાદશાહ બડબખ્ત." બધાતો એમજ સમજ્યા કે "હે ભાગ્યશાળી બાદશાહ." આમ કહીને તે આગળ બોલવા જાય છે પણ તેમ તો ન થયું એટલે સૌને ખાત્રી થઇ કે એણે કવિતાનું ચરણ મેળવ્યું. પરન્તુ બાદશાહને એ ચરણ ન રૂચ્યું, તેણે કહ્યું "રાજા સાહેબ! એતો આપના જેવા વિશ્વાસુ સરદારોનું વર્ણન છે. એ કાંઈ રાજનીતિ બાબતમાં સારૂ ન ગણાય. જોઇયે બીજો કોણ બનાવી શકે છે?"

એટલે અબુલ ફઝલે કહ્યું "આલમપનાહ! આવા વિદ્વાનોમાં મારા જેવા મુસાફરનો શો ભાર? પણ આપની આજ્ઞા છે તો હું બોલવા યત્ન કરૂં છું. મને તો લાગે છે કે અહીં બાદશાહ બદબખ્ત જોઇયે, પછી તો આપની ઇચ્છા."

અબુલ ફઝલે આ પ્રમાણે એક અક્ષરનો ફેર કરતાં બધો અર્થ ફેરવી નાંખ્યો તેથી તેના શબ્દ ચાતુર્યથી બધા

ખુશ થયા, પણ માનસિંહને તે પસંદ ન પડયું. તેણે જરા મોઢું બગાડી કહ્યું "મારા શબ્દોમાં ઉત્તમ રાજનીતિનો સમાવેશ થયેલો છે. જો કોઈથી એનો અર્થ ન સમજાતો હોય તો હું સમજાવવા તૈયાર છું."

બાદશાહ જાણી ગયો કે માનસિંહને ખોટું લાગ્યું છે અને તેનું મન દુઃખાયું છે, તેથી કોઈ રીતે એનું સમાધાન કરવું. એમ ધારીને બાદશાહે કહ્યું "રાજા સાહેબ! આપ શા માટે એટલી બધી તસ્દી લોછો! આ દરબારમાંથી જ કોઈ આપના બોલવાનો ભાવાર્થ કહી સમજાવશે."

બધા એક બીજા સ્હામું જોવા લાગ્યા, પણ બીરબલે આ પ્રસંગે પોતાના ચાતુર્યની પુરેપુરી પરિક્ષા આપી. તેણે હાથ જોડી કહ્યું "નામદાર! આજ્ઞા આપો તો આ દાસ એનો અર્થ સમજાવે." બાદશાહે રજા આપી એટલે તે બોલ્યો "નામદાર! એક સમયે મહારાજા વિક્રમાદિત્ય અંધાર પછેડો ઓઢીને રાતને સમયે નગરચર્ચા જોવા પધાર્યા. અંધાર પછેડો ઓઢેલો છતાં પગનો લગાર અવાજ થતાં જ દરવાજા ઉપરના ચોકીદારે બુમ પાડી "કોણ છે?" પણ તેને જવાબ ન આપતાં તેઓ આગળ વધ્યા અને બારે દરવાજે ફરી ચોકીદારોને સાવધ જોયા. એથી તેઓ બહુજ ખુશ થઇને બોલ્યા "અહોરાત્ર જાગૃત ખડે, મમ રક્ષક મહા શક્ત." હજી તો છેલ્લા શબ્દો મહારાજાના મુખમાંથી નીકળ્યા ન હતા, એટલામાં તો તે શબ્દ અનુસારે ચોકીદારો તેમની ઉપર તુટી પડયા અને તેમને બાંધવાની તૈયારી કરવા લાગ્યા. એટલે પોતે રાજા છે એવું સુચવવાને માટે ફરીથી બોલ્યા "અહોરાત્ર જાગૃત

ખડે મમ રક્ષક મહા શક્ત” ચોકીદારો કાંઈક સમજ્યા ખરા, પણ વધારે સ્પષ્ટ બોલવાની મતલબથી બોલ્યા “ચોં કેહ સુખે સૂવે સદા, બાદશાહ બડબખ્ત.” અર્થાત્ અમારા મહારાજા તો અમારી ઉપર વિશ્વાસ રાખી સુખે સૂતા હશે. મહારાજા ખુશી થયા અને બીજે દિવસે તેમને દરબારમાં બોલાવી સરપાવ આપ્યો. માટે એ અર્થમાં પણ કાંઇ રાજનીતિનો દોષ નથી આવતો.”

એ અર્થ સાંભળીને બાદશાહે આનંદ પામીને કહ્યું “શાબાશ! બીરબલ, શાબાશ! ધન્ય છે તને” રાજા સાહેબ! તમને પણ ધન્ય છે!! તમે તો ગૂઢ અર્થમાંજ બોલ્યા, એટલે આ બીરબલ જેવા ચતુર પુરૂષ વિના બીજાથી એનો અર્થ સમજાવી શકાય એમ નથી. હવે કોઈ બીજો એવો ચતુર પુરૂષ છે જે આ કવિતા પૂર્ણ કરી શકે?”

આ સાંભળી એક બે જણે જુદા જુદા જવાબ આપ્યા, પણ બાદશાહના ધ્યાનમાં તે ન ઉતર્યા. એવામાં રાજા ટોડરમલ દરબારમાં આવી પહોંચ્યો. એ દિવાન પણ મહા વિદ્વાન હતો, છતાં તે પોતાને સોંપાયલા કાર્યમાં એટલો બધો તલ્લીન રહેતો હતો કે આવા દરબારોમાં તે ઘણો થોડોજ વખત હાજર થઈ શકતો હતો. આજે પણ તે દરબારમાં મોડો આવ્યો, બાદશાહે તેને આવકાર આપી ત્યાં ચાલતો બધો પ્રસંગ તેને સમજાવી તે સમસ્યા કહી સંભળાવી અને તે કવિતા પૂર્ણ કરવા કહ્યું. એટલે ટોડરમલે કહ્યું “મારી એટલી બધી યોગ્યતા નથી કે એ કવિતા પૂર્ણ કરી શકું.”

પણ બાદશાહ એથી અજ્ઞાન હતોજ ક્યાં કે તેને

આવી રીતે છટકી જવા દે ? આખરે થોડીવાર આનાકાની કર્યા પછી ટોડરમલ બોલ્યો " આપની જ્યારે એવીજ ઈચ્છા છે કે, એ વિષે મારે પણ કાંઇક બોલવું તો જોઇયે જ. એટલે હું તો:—

બાલક ભૂપ સુભક્ત.

એ ચોથું ચરણ યોગ્ય ગણું છું. પછી તો સૌને જે યોગ્ય લાગે તે ખરૂં."

બાદશાહ તેનું આવું બંધ બેસતું ચરણ સાંભળી આનંદ પામીને બોલી ઉઠયો " શાબાશ, રાજાજી ! આપના શિવાય અન્ય કોણ આવો સરવાળો બાંધે ? આપે તો અહીં બોલાયલા ચરણોને એકઠા જ કરી નાંખ્યા. હવે કોઈની તકરાર રહી નથી. કેમ બીરબલ ! તારી સરસ્વતીએ કહેલું ચરણ એ ખરૂં કે નહીં ?"

બીરબલે નમ્રતાપૂર્વક જવાબ આપ્યો " ઝિલ્લે ઈલાહી ! જ્યાં આવા વિદ્વાન રત્નો હોય ત્યાં તો સરસ્વતી દેવી સદા સર્વદા હાજર જ હોય, તેથી તેમના બોલવાને મારાથી ખોટું કેમ કહેવાય ? પણ મારી કવિતાના છેલ્લા ચરણમાં જરા ફેર છે. રાજાજીએ "બાળક" શબ્દ વાપર્યો છે ત્યાં મારી કવિતામાં "બાળકુ" શબ્દ છે."

બાદશાહે પુછયું " ત્યારે શું એ બે શબ્દોમાં કાંઈ ફેર છે ?"

રાજાએ જવાબ આપ્યો " જહાંપનાહ ! અર્થમાં તો ફેર નથી પણ 'બાળકુ' શબ્દ વધારે સારો દેખાય છે એથી મારા કરતાં કાંઇક વધારે રસિક લાગે છે."

બીરબલે રાજાજીને પ્રણામ કરતાં કહ્યું " રાજાજી !

આપ વિવેક કરો છો. ( પછી બાદશાહ પ્રત્યે જોઇને) આલમપનાહ ! મારૂં ચરણ દેવીકૃત છે તેથી એમાંથી કાંઈ વધારે ચમત્કાર દેખાવો જોઇયે."

બાદશાહે ચારે તરફ જોઇ કહ્યું "આ દરબારમાંથી કોઈ પણ એમાંનો ચમત્કાર બતાવી શકશે ?"

ફયઝી શાઈર બોલ્યો "જીહાં, જહાંપનાહ ! એમાં વધારે ચમત્કાર છે ખરો. અહીંયા બોલાયલી બધી કવિતાઓનો એમાં સમાવેશ થયેલો છે. "બાળકુ, ભૂપ, સુભક્ત" એને જો પદ તોડીને વાંચીયે તો:—

બાળ, કુભૂપ, સુભક્ત.

એમ થાય છે. પહેલી રીતે બધાને પસંદ પડતો અર્થ થાય છે, જ્યારે બીજી રીતે થતો અર્થ ઘણાકને રૂચે તેમ નથી."

બાદશાહ આ સાંભળી આનંદ પામી બોલી ઉઠયો "શુક્ર છે તે પરવર દિગારનો કે જેણે મારા દરબારમાં આવા અમૂલ્ય રત્નો લાવીને એકઠા કર્યા છે. વારૂ, પંડિતરાજ ! આજે આટલા બધા ચરણો બોલાયા એમાં સૌથી વધારે રસિક કયું ? તમે કાવ્ય-શાસ્ત્રી છો તેથી એ વાતનો નિર્ણય સારી રીતે કરી શકશો."

પંડિતજી બોલ્યા "કૃપાનાથ ! એમ તો સૌ ચરણો રસિક છે, છતાં સરસ્વતીકૃત તો બીરબલનુંજ ચરણ છે જેથી એજ વધુ રસિક કહી શકાય."

બાદશાહે તરત જ સરપાવ મંગાવી બીરબલને આપ્યો અને તેને દરબારી તરીકે મુકરર કર્યો. તેમ જ કવિરાયનો ખિતાબ પણ આપ્યો. પોતાની ચતુરાઇથી બી-

રબલ બધાનો માનીતો થઈ પડયો અને ધીમેધીમે ઉંચી પાયરીએ ચઢતો ગયો. અને આખરે તે મુખ્ય મંત્રીને દરજ્જે આવી પહોંચ્યો. તેની અગાઉ નોકરીએ રહેલા તેના હાથ નીચે આવ્યા. સાથે જ "રાજા"નો ખિતાબ અને મોટી જાગીર પણ તેના ભાગે આવ્યાં.

આવી રીતે ગરીબ સ્થિતિમાં જન્મેલો બીરબલ પોતાના બુદ્ધિ ચાતુર્યથી સૌથી મોટો દરજ્જો પ્રાપ્ત કરી શકયો.

## વાર્તા ૩.

### અક્કલથી ઇશ્વરને ઓળખવો.

અકબર બાદશાહના સમયમાં એક ચિત્રકાર ઘણોજ પ્રવીણ હતો. તે પ્રત્યેક ચિત્ર બનાવવાના પાંચહઝાર રૂપીયા લેતો હતો. એક વેળા કોઈ દેવતા શાહુકારના રૂપમાં તે ચિત્રકાર પાસે આવ્યો અને કહેવા લાગ્યો " જો તું મારૂં ચિત્ર મારી આકૃતિને બરાબર રીતે મળતું બનાવી આપે તો તને પચીસ હઝાર રૂપીયા હું આપીશ."

ચિત્રકારે તે વાતનો પ્રસન્નતા પૂર્વક સ્વિકાર કરી લીધો. થોડા દિવસ પછી એક ઉત્તમ ચિત્ર બનાવી ત શાહુકારે બતાવેલે ઠેકાણે લઈ ગયો. શાહુકારે પોતાની આકૃતિ સાથે ચિત્ર સરખાવતાં એક કાન વાંકુ જણાયું. બીચારા ચિત્રકારે બીજું ચિત્ર અધિક પરિશ્રમથી તૈયાર કર્યું અને શેઠ પાસે ગયો પરંતુ આ વખતે હાથોમાં વિષમતા જણાઇ. એવીજ રીતે જ્યારે જ્યારે તે ચિત્ર બનાવી લાવતો ત્યારે પેલો દેવતા કાંઈને કાંઇ દોષ સિદ્ધ કરી આપતો. અંતે બીચારો ચિત્રકાર થાકયો, તેણે પોતાની અપકીર્તિ હોવાના ભયથી યમુનાના જળમાં ડૂબી મરવાનું ઉચિત

ગયું. દૈવ સંયોગે તે પ્રસંગે બીરબલ નામનો એક ગરીબ બ્રાહ્મણ છોકરો ત્યાં ઉભો હતો. તે છોકરાએ ચિત્રકારને ઉદાસ અને વ્યાકુળ જોઈ પૂછયું “ કેમ ભાઇ ! તમે ઉદાસ કેમ દેખાવ છો ? તમને કાંઇ ચિંતા લાગી હોય એમ જણાય છે ? !”

ચિત્રકારે તેને બધી હકીકત કહી સંભળાવી એટલે બીરબલે કહ્યું “ તમે કોઇ પણ રીતે ચિન્તા કરશો નહીં, હું તેની ઇચ્છા મુજબનું ચિત્ર તેને બનાવી આપીશ. તમે એક· વાર તે શાહુકાર જોડે મારી મુલાકાત કરાવો. ” ચિત્રકાર પ્રસન્ન થતો તેને સાથે લઈ પેલા શાહુકાર પાસે ગયો. જતી વખતે બીરબલે રસ્તામાંથી એક દર્પણ ખરીદ કર્યું હતું. શાહુકાર જોડે મુલાકાત થતાં જ શાહુકારે પૂછયું “ કેમ, નવીન ચિત્ર તૈયાર થયું કે ? ” બીરબલ બોલી ઉઠયો “જી હા, તૈયાર થઈ ગયું છે. ” એમ કહી તેણે પેલા શાહુકારના મ્હોં આગળ દર્પણ ધર્યું જેમાં તેનું આબેહુબ ચિત્ર દેખાતું હતું. શાહુકારે આ ચાલાકીથી લાચાર બની ચિત્રકારને ઠેરવેલી રકમ આપી વિદાય કર્યો, તેના ગયા બાદ બીરબલે તરત જ શાહુકારના પગ પકડી લીધા અને કહ્યું “ મહારાજ ! આપ અવશ્ય કોઇ દેવતા છો, હવે હું તમને નહીં મૂકું.” આ સાંભળી દેવતાએ તેને દર્શન આપ્યાં અને તેની વિશેષ બુદ્ધિ વધવાનો આશિર્વાદ આપ્યો. એના જ પ્રસાદે બીરબલની એટલી બધી ખ્યાતિ થઇ.

ચિત્રમાં વારંવાર દોષ કાઢવા ઉપરથી પેલા દેવતાને બીરબલે અક્કલથી ઓળખ્યો હતો. એ દિવસથીજ ‘ અક્કલથી ઇશ્વરને ઓળખવો ’ એ કહેવત પ્રસિદ્ધ થઈ છે.

## વાર્તા ૪.
### તોરમાં મોર.

એક વખતે બાદશાહ અને બીરબલ બન્ને જણ સાથે હવા ખાવા જતા હતા. બાદશાહે તૂવેરના ખેતરમાં મોરને પેસતો જોઈ કહ્યું " ક્યોં બીરબલ ! તોરમેં મોર ઘુસત હે ?" બીરબલે કહ્યું " જીહાં, તોર ફૂટત હે તબ મોર ઘુસત હે." આ સાંભળી બાદશાહ ચુપ થઈ ગયો.

## વાર્તા ૫.
### બે માસનો એક માસ.

એક દિવસે બાદશાહે કહ્યું " બીરબલ ! આજથી અમે બે મહીનાનો એક મહીનો મુકરર કર્યો છે." બીરબલે કહ્યું " જહાંપનાહ ! ત્યારે તો ઘણીજ મજાહ પડશે, કેમકે એક માસ સુધી ચાંદરણું રહેશે ?!" બાદશાહ આ જવાબથી ઘણોજ લજ્જિત થયો.

## વાર્તા ૬.
### બહાદુર છતાં બ્હીકણ.

એક દિવસ બાદશાહે બીરબલને કહ્યું " બીરબલ ! નગરમાંથી કોઇ એવા માણસને લઈ આવો જે બહાદુર હોવા સાથે બ્હીકણ પણ હોય." બીરબલે તરતજ શહેરમાં જઈ એક સ્ત્રીને લઇ આવી બાદશાહ આગળ હાજર કરી કહ્યું " જહાંપનાહ ! આ સ્ત્રી બહાદુર હોવા સાથે ડરપોક પણ છે." બાદશાહે પૂછયું " એ કેવી રીતે ?" ત્યારે બીરબલે કહ્યું " અડધી રાત્રે, મૂસળધાર વરસાદ અને

ઘોર અંધકાર છતાં તદ્દન નિડર બની તલવારોના પહેરા વચ્ચે થઇ પોતાના પ્રાણુ સુદ્ધાંની દરકાર રાખ્યા વગર પોતાના પ્રિયતમને જઈ ભેટે છે ત્યારે તેના જેવી વીરતા બીજા કોનામાં હોઈ શકે ? અને જ્યારે તે ઘરમાં હોય છે ત્યારે રાત્રિને સમયે ઉંદરના ખખડાટથી ડરી જઈ ધ્રુજી ઉઠે છે ત્યારે તેના જેવી કાયરતા પણુ કોનામાં હોઈ શકે ?" આ ચાતુર્ય જોઈ બાદશાહ ઘણોજ પ્રસન્ન થયો.

## વાર્તા ૭.

### ગંગનું ચાતુર્ય.

એક વેળાયે બાદશાહ પોતાની રાણીયો સાથે અંતઃપુરમાં બેસી રંગરાગની મોજ ઉડાવતો હતો. ત્યાં કોઈ બીજો પુરૂષ ન હતો, કેમકે બધી રાણીયોએ સલાહ કરીનેજ આ ખાસ મિજલસ ભરી હતી, તેમણે એવું વિચાર્યું હતું કે બાદશાહને મોહી લઈ એવો તો લટ્ટુ બનાવી દેવો કે રંગમહેલની બ્હાર જાયજ નહીં. એ દિવસની મિજલસમાં તેમનો વિચાર કેટલેક અંશે ફળિભુત થતો દેખાયો, બાદશાહ ધીમે ધીમે તેમની મોહનીમાં લલચાયો એટલે એક રાણીએ પોતાના કોકિલાને પણુ લજાવે એવા કોમલ સ્વરે વિયોગનું પદ ગાયું, જે સાંભળી બાદશાહે થોડીવાર વિચાર કરી પૂછયું "આ પદ શા ઉપર છે ? એનો ભાવાર્થ શો ?"

લાગ બરાબર મળ્યો જોઈ એક નવોઢા રાણી બોલી "જહાંપનાહ ! આપ દરવખત યુદ્ધમાં રોકાઈ રહી અમને ભૂલી જાઓ એ શું અમારે માટે દુઃખદ નથી ? શું એમાં

અન્યાય રહેલો ન કહેવાય? વિયોગની ઘડીયો અમો કેવી દુઃખી અવસ્થામાં–કેવા કેવા વિચારો વચ્ચે ગાળીયે છીયે તે કાંતો અમે જાણીયે કાંતો પરમેશ્વર જાણે, અન્ય કોઇને તેનો શો ખ્યાલ આવે એમ છે? કૃપાનાથ! આજે કેટલે મહીને આપ યુદ્ધમાંથી પાછા ફરી અમને દર્શન આપી શકયા છો? એ દરમિયાન કામદેવે અમને કેવા કેવા પ્રકારે પીડા પમાડી?!! માટે હવે તો થોડાક મહીના આપ અમારી સાથેજ રહી રાત દિવસ આનંદ મોજ ઉડાવો એટલે અમને પણ સંતોષ મળે.

આ સાંભળી બાદશાહ બોલી ઉઠયો "પ્રિયે! આ શું બોલો છો? શું દર વખતે લડાઈમાંજ રોકાવું પડશે? એતો કોઈ પ્રસંગે જવાનું પણ થાય. જો હું રાત્રિ દિવસ રંગ-મહેલમાંજ પડયો રહી આનંદમાં સમય ગાળું તો મારી રૈયતના શા હાલ થાય? રાજા ઉંઘણુસી હોય તો રાજ્ય ક્યાંથી ચાલે? મેળવેલી બધી કીર્તિ અપકીર્તિમાં ફેરવાઈ જાય. એમાંયે વળી આઠ દસ દિવસની વાત હોય તો ચાલે પણ તમે તો મહીનાઓનોજ પ્રસ્તાવ આગળ ધરો એ કેમ ચાલે? જે સમય શિકારમાં ગાળું છું તે હવે તમારી વચ્ચે વ્યતિત કરીશ."

પટરાણી બોલી "આલમપનાહ! એક દરબારી આપની પાસે કાંઈ નિર્જીવ માગણી કરે છે તો તે પણ આપ માન્ય રાખો છો, એટલે અમો સૌની યાચનાને અફળ કરશો એવો અમને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. પરંતુ આપ હવે ક્યાં છટકી શકો એમ છે? અમે અહીંથી તમને જવા દેશું ત્યારે આપ જશોને?"

વળી બીજી એક બેગમે ટાપસી પૂરી “પણ હવે આટલો બધો આપણને બકબકારો શા માટે કરવો પડે? જહાંપનાહ આપણી વાતને ક્યાં અમાન્ય કરે એમ છે? શું એમના હોઠ ઉપર મંદમંદ હાસ્ય તમને વિલસતું નજરે નથી પડતું? એજ એમના ‘હકાર’ની નિશાની!!!”

બાદશાહ બીચારો એ મોહિનીયોના હાથમાં ખરેખરો સપડાયો. શું કહેવું અને શું ન કહેવું એનો તેને ભારે વિચાર થઈ પડયો. આખરે સંકડામણમાં આવી તેણે કહ્યું “ઠીક, જો એમજ છે તો હું થોડોક સમય તમારા કહેવા પ્રમાણે ગાળીશ.”

બાદશાહના મોઢામાંથી આટલા શબ્દો નીકળતાં તો રાણીયોના હર્ષનો અવધિ જ થઈ ગયો, તેમણે બાદશાહ ઉપર પોતાનો જાદુ બરાબર ચાલ્યો જાણી વધુ હાવભાવ અને નાજ નખરાંથી તેને આંજી નાંખ્યો. તેમણે બાદશાહને તરેહવાર મોજશોખમાં એવો તો તલ્લીન બનાવી દીધો કે તેને રાજ્યનું પણ ભાન ન રહ્યું, દરબાર ભરવાનું પણ પડતું મુકાયું. બેચાર માસ જેટલો લાંબો સમય એવીજ રીતે ગુજરી ગયો. એથી દરબારીયો મુંઝાવા લાગ્યા. બાદશાહ કયા મહેલમાં છે એ પણ ખબર ન પડી, બંડ જાગવાનો ભય લાગ્યો અને બાદશાહની ગેરહાજરી જોઈ કદાચ રૈયત પણ બળવો જગાડે ત્યારે શો ઉપાય?!!

દરબારીયો બીચારા એક ભારે ધર્મસંકટમાં ફસાયા, તેમને બાદશાહ ક્યાં છે એની પણ ખબર પડવા ન દેવી એવો રાણીયોએ દૃઢ સંકલ્પ કરેલો અને વળી બાદશાહને પણ એટલો બધો મોહિત બનાવી મૂકયો કે દિવસ ક્યારે

થાય છે અને સૂર્ય ક્યારે અસ્ત થાય છે તેની પણ એ ખબર ન હતી. એટલું છતાં રાણીયોને બે માણસોની બ્હી હતી, એકતો દીવાન બીરબલ અને બીજો ગંગ કવિ. એર જાણતી હતી કે, એ બે જણને જો લગાર પણ ઈશા મળ્યો તો પછી ભલે બાદશાહ આકાશમાં હોય કે પાત ળમાં હોય, તેઓ તેને શોધી કાઢશે; માટે ગમે તેમ કરી પણ એ બે જણને તો ખબર પડવાજ ન દેવી. મહેલ અંદરના ભાગમાં દાસીઓ અને બ્હારના ભાગમાં ચોક દારો ફરતા રાખ્યા હતા અને તેમને આજ્ઞા આપી હતી 'જો કોઇપણ પારકો માણસ આવે તો તેને તરતજ પ ડીને કેદ કરી દેવો.'

દરબારમાં બાદશાહના કેટલાક હુકમો વગર સ થયે પડયા રહ્યા હતા. કેટલાંક કાર્યો બાદશાહની સલા વગર થાય તેમ ન હોવાથી રખડી પડયા. દેશપરદેશ એલચીઓ તખ્ત ખાલી જોઈ આશ્ચર્યચકિત્ થયા અ સાથેજ દિલ્હીમાં અંધેર કારભાર જોઇ રાજ્ય ખટખટ ઉ કરવાનો પણ તેમણે વિચાર કર્યો. આ ખબર દરબારીયો થતાં તેમને ભારે ચિંતા થવા લાગી અને તે વિચાર અ લમાં પણ મૂકાતો જોઈ તેમને ભય ઉત્પન્ન થયો. એટ હવે તો ગમે તે પ્રકારે બાદશાહને શોધી કાઢવાનો બીરબ નિશ્ચય કર્યો. તેણે પોતાના ખાસ વિશ્વાસુ દરબારીયોની એ સભા બોલાવી કહ્યું "હવે રાજ્યનો નાશ થવામાં વિલં લાગવાનો નથી. બાદશાહના ગુમ થયાના સમાચાર થોડે ઘ અંશે ફેલાવા પામ્યા છે. પરદેશી એલચીઓ રાજ્ય ખટ ઉભી કરવામાં રોકાયા છે. એટલે જો શત્રુએ આક્રમણ કર્યું

તેને મારી હઠાવવો મહામહેનતનું કામ થઈ પડશે. તેમાંયે વળી એક શત્રુ હોય તો ઠીક, પરંતુ આતો ચારે બાજુએથી શત્રુઓ ફૂટી નીકળશે, માટે હવે તો જહાંપનાહને ગમે તે ભોગે પણ શોધી કાઢવાજ જોઇયે.

ટોડરમલ બોલ્યો " પરન્તુ, દીવાનજી ! મહેલના ભાગ સુધી તો તમને જવાની સત્તા છે, માટે ત્યાં સૂધી જઇને તપાસ તો કરી જૂઓ ? "

બીરબલે કહ્યું " આપના કહેવા પહેલાં જ મેં તે પ્રમાણે કરી જોયું છે, પણ દાસ દાસીઓ સુદ્ધાં પત્તો આપી શક્યા નથી. "

કવિ ગંગ બોલી ઉઠયા " દીવાનજી ! બાદશાહના દર્શન કરવા માટે મારૂં મન કેવું તલ્પે છે એતો આપ જાણો છોજ ? ચાર મહીનાથી બાદશાહની શોધમાંજ રાત દિવસ મેં ગાળ્યો છે, પણ ગઈ કાલે હું ફતેહ પામી શકયો અને કાલેજ મને બાદશાહનાં દર્શન થયાં. "

આ સાંભળી બધા દરબારીયો એકી અવાજે બોલી ઉઠયા " કયાં દીઠા ? "

ગંગે કાંઈક મગરૂરીથી કહ્યું "કમલા રાણીના મહેલમાં."

બીરબલ બોલ્યો " બરાબર છે. રાણીયોની મોહિનીમાં લપટાયલો બાદશાહ દરબારમાં ક્યાંથી જ આવે ? "

ગંગે કહ્યું " મેં જીવના જોખમે બાદશાહનું ઠેકાણું તો શોધી કાઢયું, પરન્તુ ત્યાંથી બાદશાહ બ્હાર કેમ આવી શકે એજ એક ભારે સવાલ છે. " બીરબલે ગંગને પાણી ચઢાવવા કહ્યું " પરંતુ કવિરાજ ! એ કાર્ય તમથી ન બને એતો માનીજ કેમ શકાય ? "

ટોડરમલે પણ બીરબલની વાતમાં ઉમેર્યું “ આતો અમર યશ ખાટવા જેવો પ્રસંગ છે, લાખો મનુષ્યો ઉપર મહા ઉપકાર કરવાનું કાર્ય છે. માટે કવિજી ! આપ એ કાર્યને જલ્દીથી ઉપાડી લો. ”

ગંગ બોલ્યા “ શું, આવી રીતે પાણી ચઢાવી મારો જીવ ખોવરાવવાનો તમોએ વિચાર કર્યો છે ? ”

ખાનખાનાન બોલ્યો “ કવિશ્રી ! એમાં તે વળી જીવ ખોવાનું શું હતું ? અને તે પણ વળી તમારા જેવા પુરૂષ માટે ? ના ના, એતો માની શકાય એમ નથી. જો બાદશાહ કદાચ ગુસ્સે થશે તો પણ તમને જોઈને માફી આપશે. આ કાર્ય ખરેખર અમરયશ મેળવવાનું છે, માટે તમે જરૂર તેને પૂર્ણ કરો. ”

ગંગે છટકી જવા બારીયો શોધવા માંડી, તેણે કહ્યું “ પણ રાણીયોનો કાંઇ વિચાર કર્યો ? તેઓ પોતાના નાજનખરાંથી બાદશાહને આંજી નાંખે અને પોતાની મધુરી વાણીથી બાદશાહના કાન ભંભેરે એટલે મારો તો બેડો જ પાર અને બીચારા બાલબચ્ચાં રખડી મરે. એતો સિંહની સાથે રમત કરવાની છે, કાંઈ સ્હેલ વાત નથી ! ”

બીરબલ બોલ્યો “ જો એકવાર બાદશાહ બેગમોના પંજામાંથી છૂટો થયો તો પાછો ફસાવાનો નથી એ તમે નક્કી માનજો. એતો કોણ જાણે આ પ્રસંગે પણ કેમ ફસી ગયા ? ! ”

રાજા માનસિંહ બોલ્યા “ કવિશ્વર ! તમે આટલા બધા ના હીંમત કેમ થાઓ છો ? કવિઓનું તો કામજ બીજાને શુરાતન ચઢાવવાનું છે ! આગળના સમયમાં તો રાજાઓની

સાથે રહી કવિઓએ શુરાતન ચઢાવતાં ચઢાવતાં લડાઈમાં પોતાના પ્રાણ સુદ્ધાં ખોયા છે, પણ આતો આખા રાજ્યને ભાવિ લડાઈમાંથી ઉગારી લેવાનું છે. માટે એવા પ્રસંગે તમે નાહીંમત થાઓ એ શું કહેવાય ?"

બીરબલ બોલ્યો "કવિશ્રી કાંઇ હંમેશથી નાહીંમત નથી, પરંતુ કોણ જાણે રાજ્યના નશીબજ વાંકા છે એટલે એ પણ હીંમત હારી ચૂક્યા છે ? !"

ગંગ બોલી ઉઠયો "દીવાનજી ! તમે બસ કરો. તમારાં વચનો સાંભળી મારા પેટમાં ફાળ પડે છે. કોણ જાણે તમારા વચનોમાં કેવી મોહિની રહેલી છે કે હું તેમાં ફસાઈ જાઉં છું ? ! !"

ટોડરમલે કટાક્ષના રૂપમાં કહ્યું "મોહિની બોહિની શું કરો છો ? હોય હીંમત તો ઝડપો બીડું, નહીં તો ચોખ્ખી ના પાડો એટલે પત્યું."

ગંગ બોલ્યા "તમે બધા મારી પાછળ લાગ્યા છો એતો બધું ઠીક, પણ જો મારો જીવ જવાનો વારો આવે ત્યારે કોઈ બચાવવા મેદાને પડશો ?"

બીરબલે ઇશારો કરવાથી બધા બોલી ઉઠયા "હા, અમે સૌ તે માટે તૈયાર છીએ."

બીરબલ બોલ્યો "કવિશ્રી ! જુઓ, આખો દરબાર તમપર કેવું હેત રાખે છે ! ? શું આ બધા દરબારીઓનું કહેવું બાદશાહ અમાન્ય કરે એમ છે ?"

ટોડરમલે કહ્યું "કવિજી ! હવે તો ગમે તેમ કરીને બાદશાહને દરબારમાં લાવતા કરી દો."

ગંગ આ સાંભળી બોલ્યો "કોણ જાણે આજે મારા મનમાં શું થાય છે ? મારે એટલુંજ માત્ર કહેવાનું કે આ અમરયશ ખાટવાનું કામ બીજો કોઇ દરબારી કેમ નથી કરતો ? તમે આવા મોટા મોટા માણુસો છો એટલે તમારામાંથી એકાદ જો આ કાર્ય ઉપાડી લે તો મારા કરતાં વધુ યોગ્ય થઇ પડે તેમ છે ? !"

ચઢેલી વાત પાછી ઉતરે તો બધી મહેનત ફોકટ જાય માટે તેને ઉતરવા ન દેવામાં જ સાર જોઈ માનસિંહે કહ્યું "પરંતુ કવિરાજ ! આ કાર્ય તો કવિયોનું કહેવાય એટલે કવિ શિવાય બીજા કોનાથી એ મહાભારત કાર્ય થઇ શકે ?"

આ જવાબથા ગંગ ચુપ થઇ ગયો, તેનાથી 'ના'ન પડાઇ અને આખરે એ કાર્ય તેણે માથે લીધું. આખી સભાએ હર્ષના પોકારોથી તેને વધાવી લીધો અને સભા બરખાસ્ત થઈ.

ગંગે વિચાર કર્યો કે 'જો આ કાર્ય કરવાનું જ છે તો પછી આજેજ તેની શરૂઆત કરી સારી ! કાલ ઉપર ભરોસો રાખીએ તો વળી ક્યાંક આજની સભાની વાત રાણીઓને કાને પહોંચતાં મુશ્કેલ થઈ પડશે અને તેઓ બાદશાહને એવો સંતાડશે કે પત્તો જ મેળવવો અશક્ય થઇ પડશે.' મધરાત પછી ગંગે તૈયારી કરવા માંડી, માથાથી પગ સુધીનો કાળા રંગનો એક મોટો ઝભ્ભો પહેરી માથા ઉપર બે હાથ લાંબી ટોપી મૂકી અને એક હાથમાં માળા અને બીજા હાથમાં એક મજબુત ડાંગ લઈ તે ઘરની બહાર નીકળ્યો. અંધારી રાતમાં તે સાક્ષાત

રાક્ષસ જેવો લાગતો હતો, રસ્તામાં જો કોઇ એકાદ છુટો છવાયો મનુષ્ય મળે તે બીચારો દૂરથી જ ભયભીત થઇ પડખે ખસી જતો. એવી રીતે ગંગ રાજમહેલના બાગ સૂધી પહોંચી ગયો. દરવાજા ઉપર સખત પહેરો ચોકી એટલે ત્યાંથી તો અંદર જવાયજ શેનું? એટલે તે આડે રસ્તેથી બાગમાં દાખલ થઈ ગયો. પરોઢીયાનો સમય પાસે આવી લાગ્યો હતો, તે ભરાતો સંતાતો મહેલના જે ભાગમાંથી પ્રકાશ આવતો હતો ત્યાં પહોંચ્યો. બાદશાહ એ પ્રસંગે દાતણ કરતો હતો અને આસપાસ અપ્સરાઓ સમાન બેગમો ફરી વળી હતી અને અનેક પ્રકારના હાવભાવથી બાદશાહને લલચાવતી હતી. કવિ ગંગ એ દૃશ્ય જોઇ મનમાં કહેવા લાગ્યો "હાય, આવા સ્વર્ગ જેવા સુખનો ત્યાગ કરી સંસારિક માથાફોડમાં કોનું મન લાગે? બાદશાહને એવા પરમસુખમાંથી કાઢવો એ મહાપાપ કહેવાય!! પણ ના, મારે તો મારી ફરજ બજાવવાનીજ રહી, એમાં જો હું પાછી પાની કરૂં તો રાજ્ય અને ધર્મ બન્નેનો દ્રોહી ઠરૂં. માટે જે બનવાનું હશે તે બનશે, મારે તો એને આ સ્વર્ગસદનમાંથી રાજ્યાસન ઉપર લઈ જવોજ જોઇયે."

એવો વિચાર કરી તેણે બરાબર ઝરોખાની નીચે આવી મોટે સાદે બુમ મારી "હે બાદશાહ! તું તો નરોનો નર દેખાય છે, છતાં કોઈ તને ઘોડો કહે છે અને કોઈ ગધેડો, તેનો તેં કાંઇ વિચાર કર્યો?!"

આટલા શબ્દો બોલી તે એટલી બધી ઝડપે નાઠો કે પકડવો મુશ્કેલ થઈ પડે, પણ બાદશાહે તુરતજ બૂમ

પાડી કહ્યું “ કોઇ હાઝર છે ? જે કોઇ હોય તેને પકડી એકદમ ગરદન મારો. ”

પરન્તુ બાદશાહે ગંગના શબ્દો બરાબર સાંભળ્યા હતા, તેણે ગંગનો સ્વર ઓળખ્યો ન હતો, પણ એ શબ્દોનો અર્થ સારી પેઠે કળી ગયો હતો.

જ્યાં પશુ પંખી પહોંચવાની હીંમત ન કરે ત્યાં મનુષ્ય પહોંચી જાય એ શરમ ઉપજાવનારૂં હતું એટલે ગંગ જીવ લઇને નાઠો, છતાં આખરે ચોકીદારો એ તેને પકડી પાડયો. એવી ચોરી ચુપકીથી બાગમાં પ્રવેશ કરનાર કોઈ ચોર લુંટારો નહીં, પરંતુ કવિ ગંગ હોવાનું સાબિત થતાં ચોકીદારોએ તેને ગરદન મારવાનું યોગ્ય ન ગણતાં કેદ કર્યો.

ગંગનું ગમે તે થાય પણ દરબારીયોની આશા ફળીભુત થઈ, ક્રોધિત થયેલો બાદશાહ મહેલથી બ્હાર આવ્યો. રાણીઓએ તેને મહેલમાંજ રાખવા ઘણી ઘણી યુક્તિઓ ચલાવી, પરંતુ તેણે તે પ્રત્યે ધ્યાન ન આપ્યું, ઘોડા અને ગધેડાની ઉપમા તે બરાબર સમજી ગયો હતો. રાણીઓએ દરબારીયોને લાખો ગાળો આપી. પણ એથી શું વળે ? બાદશાહ તો છટકયો તે છટકયોજ.

સ્હવાર પડતાંજ બાદશાહના નામનો ઢંઢેરો ફર્યો, જે સાંભળી પ્રજામાં આનંદ ફેલાયો, હરામખોર અધિકારીયોના મનમાં ધાસ્તી પેઠી. વખત થતાંજ દરબાર ભરાયો અને ક્રોધાયમાન ચહેરે બાદશાહ આવી રાજ્યાસન ઉપર બેઠો. થોડીવારમાં કવિ ગંગને રાતનાજ પોષાકમાં મુશ્કેટાટ ત્યાં લાવવામાં આવ્યો. બધા તેને જોઇ વિસ્મય પામ્યા, કોઇએ તેને ન

ઓળખ્યો. બાદશાહનો અતિશય ક્રોધ જોઈ બધા દરબારીયો ગુપચુપ બેઠા હતા. બાદશાહે પણ ગંગને ન ઓળખતાં કહ્યું "આ તે કોઇ ભૂત પ્રેત છે કે મનુષ્ય છે ?"

કવિ ગંગે તરતજ નમન કર્યું, પણ એથી પેલી લાંબી ટોપી જમીન પર પડી ગઈ અને તેનો ચહેરો ખુલ્લો થતાં સૌ કોઇએ તેને ગંગ તરીકે ઓળખી લીધો. આ તમાશો જોઈ બાદશાહે કહ્યું "ગંગ ! મારા ઝનાનખાના સુધી પહોંચવાની તેં કેમ હીંમત કીધી ? તું ખરેખર મોતની શિક્ષાને પાત્ર છે."

બાદશાહના આ વચનો સાંભળી પ્રથમ તો ગંગ મુંગોજ ઉભો રહ્યો, પણ જ્યારે જલ્લાદે ચકચકતી તલવાર મ્યાન-માંથી કાઢી ત્યારે તેના હૃદય ઉપર જાણે વિદ્યુત્‌નો આઘાત્ થયો. તેણે ચારે તરફ દરબારીયો સ્હામે જોવા માંડયું, પણ બાદશાહના અતિશય ક્રોધને કારણે સૌ કોઇ ચુપચાપ માથું નમાવી બેઠા હતા, એક શબ્દ પણ બોલવાની કોઇએ હીંમત કરી નહીં. ગંગ આતુર નેત્રે પોતાને અપાયલા વચન મુજબ કોણ હામ ભીડે છે એ જોવા લાગ્યો. આ નવો તમાશો જોઈ બાદશાહ બોલી ઉઠયો:-"ગંગ ! આ વળી શો ઢોંગ ચલાવ્યો છે ? આ દરબાર છે એનું તને કાંઇ ભાન છે ?"

ગંગે જોયું કે મોટી મોટી વાતો કરી તેને છાપરે બેસાડનારા સૌ, જાણે તેને ઓળખતાજ ન હોય તેમ ગુપ-ચુપ બેઠા છે એટલે તેણે વિચાર્યું કે હવે મોત તો આવીજ લાગ્યું છે માટે, આ બધાને બતાવી આપવું જોઇયે કે મિત્રને ફસાવવામાં કેવો સાર નીકળે છે. તે બોલ્યો "જહાંપનાહ ! આ ગંગ કદિ પણ એવી મૂર્ખાઈ ન કરે, પરંતુ આજે તો

મૂર્ખનો સરદાર બની પરવચનમાં સપડાયો છે. આ બધા દરબારીયોને કારણેજ હું આ સ્થિતિએ પહોંચ્યો છું. એમ-નાજ આ બધાં કારસ્તાન છે." એટલું કહી તેણે બધી હકીકત બાદશાહને કહી સંભળાવી. કવિનું વર્ણન અને તે પણ વળી તેને માથે મોત ઝઝુમતું હોય ત્યારે તેમાંથી બચવા કેવા પ્રકારનું હોય એ વાંચકો ઠીક વિચારી શકે એમ છે. ગંગે એ બીના એટલી બધી ચાતુર્યતાથી વર્ણવી બતાવી કે બાદશાહ પેટ પકડી હસવા લાગ્યો. તેણે ગંગને માફી બક્ષી કહ્યું "કવિરાજ! પારકાના વચનમાં એકદમ શ્રદ્ધા આણવી તેનું પરિણામ આવુંજ હોય, માટે હવેથી પારકાના મનનો પૂરેપૂરો ભાવ જાણી લઈ આસપાસની બીજી બીનાઓ ઉપર સંપૂર્ણ ધ્યાન આપ્યા પછીજ કોઇ પણ કાર્ય માથે લેવું."

એ પછી બાદશાહે દરબારીયો તરફ વળી કહ્યું "શું, તમે બધાએ આ બીચારા વૃદ્ધ કવિને સ્વધામ પહોંચાડ-વાનો મનસૂબો કર્યો હતો? તમે ગોઠવણ સારી કરી હતી પણ બીચારાને ઉગારવાનો કોઇએ ઉપાય ન યોજ્યો એ શરમ ભરેલું કહેવાય."

સૌ કોઈ ચુપ હતા, કોઇની પણ બાદશાહ સ્હામે બોલવાની હીંમત ન ચાલી, પરંતુ તે દિવસથી બાદશાહે દરબારમાં આવવાનું કદિ પણ મુકયું નહીં અને રાણીયો પોતાની આશા ઉપર પાણી ફરી વળેલું જોઈ બહુજ પસ્તાવો કરવા લાગી.

## વાર્તા ૮.

### પાશેર ચૂનો ને અડધો શેર ઘી.

બીરબલ અને બાદશાહના પ્રથમ મિલાપ વિષે કેટલીક વાર્તાઓ આગળ આવી ગઇ છે, છતાં આ એક બીજી વાર્તા પણ અત્રે અમે રજુ કરીયે છીયે.

એક દિવસે બાદશાહના પાનમાં કોઈ ચાકરે વધારે ચુનો લગાડી દેવાથી બાદશાહના મોહામાં ચીરા પડી ગયા અને ભારે વેદના થઈ. એથી ગુસ્સે થઈ બાદશાહે પેલા ચાકરને બજારમાંથી પાશેર ચૂનો ખરીદી લાવવા જણાવ્યું. ચાકરે બજારમાં જઈ ચૂનો ખરીદ કર્યો એવામાં બીરબલ ત્યાંથી પસાર થતો હતો, તેણે પેલા ચાકરને કહ્યું " અરે, મૂર્ખ ! પહેલાં પાશેર ઘી પીધા પછીજ બાદશાહ પાસે જજે અને ત્યારબાદ પણ પાશેર ઘી પી લેજે." ચાકરે તે પ્રમાણેજ કર્યું અને બાદશાહ પાસે ગયો. બાદશાહે કહ્યું " બદમાશ ! વધારે ચૂનો પાનમાં લગાડી મારૂં મ્હોં ફાડવા માટે તને એ શિક્ષાજ બસ થશે કે આ ચૂનો પાણીમાં ઘોળી પી જા." ચાકર બીચારો ગભરાયો, પણ બાદશાહની આજ્ઞા આગળ માથું નમાવી ચૂનો પી ગયો અને ફરી બીરબલના જણાવ્યા મુજબ બીજું પાશેર ઘી પી ગયો. એટલે તેને કોઈ પણ પ્રકારનો વિકાર ન થતાં ચાર છ ઝાડા થઇ પેટ સાફ થઈ ગયું. આ જોઈ બાદશાહે વિસ્મય પામી ચાકરને તે કેવી રીતે બચી ગયો તેનો ખુલાસો પૂછયો, ત્યારે પેલા ચાકરે બીરબલે આપેલી સલાહ કહી સંભળાવી. બાદશાહે બીરબલને બોલાવી પૂછયું " તમે મારા ચાકરને ઘી પીવાની સલાહ કેમ આપી હતી ? "

બીરબલે હાથ જોડી અરજ કરી “ હઝૂર ! આપનો ચાકર અને બજારમાંથી ચૂનો ખરીદે એ, અસંભવિત જેવું હોવાથી મેં અનુમાન કર્યું કે એ ચાકર પાન ખવરાવવા માટે નિયત હોવો જોઈયે અને તેણે આપ નામદારને પાનમાં વધારે ચૂનો ખવરાવી દેવાથી આપે તેને શિક્ષા આપવા એ ચૂનો મંગાવેલો હોવો જોઇયે. જો એ ચૂનો એને પાવામાં આવે તો તે મરી જાય એટલા માટે મ્હેં પહેલાં પાશેર ઘી પીધા પછી આપની હઝૂર હાઝર થવા જણાવ્યું અને જો આપ નામદાર તેને પેલો ચૂનો પી જવાનો હુકમ કરો તો તે બાદ પણ પાશેર ઘી પીતાં એનો જીવ ઉગરી જાય, એમ ધારીને એ સલાહ આપી હતી.”

બીરબલની ચતુરાઈ જોઈ બાદશાહ ઘણોજ ખુશ થયો અને તેને પોતાનો દરબારી બનાવ્યો.

## વાર્તા ૯.

### વંતાકનું શાક.

એક દિવસે બાદશાહે બીરબલને કહ્યું “ બીરબલ ! વંતાકનું શાક બહુજ સ્વાદિષ્ટ હોય છે ! ! ” બીરબલે ઉત્તર આપ્યો “ હુઝૂર ! એ કારણથીજ તો સૌ કોઈ તેને ખાય છે.”

ત્યાર બાદ કેટલેક દિવસે અકબરે વંતાકની નિંદા કરી એટલે બીરબલે કહ્યું “ જહાંપનાહ ! એના જેવી ખરાબ વસ્તુ એક પણ નથી. એનું શાક વાયુકારક હોય છે.”

આ સાંભળી બાદશાહ બોલ્યો “ બીરબલ ! તું બહુજ

જુઠું બોલે છે. પેલે દિવસે તો તેં એનાં વખાણ કર્યા હતાં અને આજે વળી તેને ખરાબ બતાવે છે ? !"

બીરબલે બન્ને હાથ જોડી કહ્યું "હજૂર ! આપજ ન્યાય કરો કે, હું આપનો સેવક હતો યા કે વંતાકનો ?!!" આ જવાબ સાંભળી બાદશાહ ખડખડાટ હસવા લાગ્યો.

## વાર્તા ૧૦.

### કૃતજ્ઞ અને કૃતઘ્ન.

એક દિવસે બાદશાહે બીરબલને કહ્યું "બીરબલ ! કાલે દરબારમાં બે એવા પ્રાણીઓ લઇ આવો જેમાંનો એક કૃતજ્ઞ (ઉપકાર માનનાર) અને બીજો કૃતઘ્ન (ઉપકાર ન માનનાર) હોય. બીરબલે બહુજ વિચાર કર્યો, પણ તેનાથી કાંઈ સમજાયું નહીં, એટલે બાદશાહે સખ્ત આજ્ઞા કરી કે "જો કાલે હાઝર નહીં કરી શકો તો ફાંસીએ લટકાવીશ."

બીરબલ દરબાર ખતમ થતાં ઘેર ગયો અને ચિંતાતુર બની પલંગપર પડયો. તેની દીકરી અત્યંત ચતુર હતી, તેણે પિતાની અસ્વસ્થ તબીયત જોઈ તેનું કારણ પૂછયું. બીરબલે બધી વાત કહી સંભળાવી, જે સાંભળી છોકરીએ કહ્યું "એમાં તે શી મોટી વાત હતી ? તમે ચિંતા ન કરો, હું કાલે બતાવી દઈશ."

બીજે દિવસે જ્યારે દરબારમાં જવાનો સમય થયો ત્યારે તે છોકરીએ કહ્યું "પિતાજી ! આપના જમાઇને અને કુતરાને દરબારમાં લઈ જાઓ." એ વાત સાંભળતાંજ બીરબલ ચેતી ગયો અને જમાઇને તથા કુતરાને

સાથે લઇ જવા લાગ્યો ત્યારે પુત્રીએ કહ્યું "પિતાશ્રી ! શું તમે મને વિધવા બનાવવા ચાહો છો ? બાદશાહને તમે જ્યારે કહેશો કે જમાઈ કૃતઘ્ન હોય છે ત્યારે તે તરતજ તેને ફાંસીએ લટકાવવાનો હુકમ આપશે. પરંતુ, ફીકર નહીં. જો બાદશાહ તેમ કરે એટલે તરતજ તમે કહેજો કે 'જહાંપનાહ ! હું અને તમે પણ કોઈના જમાઈ તો ખરા ને ? !' એટલે બાદશાહ શાંત પડી જશે."

એટલું કહી તેણે બીરબલને દરબારમાં જવા દીધો. દરબારમાં પહોંચતાંજ બાદશાહે પૂછ્યું "કેમ બીરબલ ! પેલા પ્રાણીઓ લઇ આવ્યા ?" બીરબલે તરતજ જમાઇને અને કુતરાને આગળ કરી જણાવ્યું "જહાંપનાહ ! જમાઇ જેવો કોઇ કૃતઘ્ની નહીં કેમકે સાસુ સસરો ગમે તેવા વ્હાલ ભર્યો વર્તનથી તેને વધાવે—પોતાનું મન કાઢી આપે-પણ તે કદિએ ઉપકાર નહીં માને. અને કુતરા જેવો કોઈ કૃતજ્ઞી નહીં, કેમકે ગમે તેવું દુઃખ આવી પડે, છતાં એ પોતાના માલિકનો સંગાથ છોડતો નથી."

અકબરે કહ્યું "બરાબર છે." તે બાદ સિપાહીઓને હુકમ કર્યો "આ બીરબલના જમાઇને ફાંસીએ લટકાવો. એવા કૃતઘ્નીનું અમારે ત્યાં કાંઇ કામ નથી." ત્યારે બીરબલે હાથ જોડી કહ્યું "જહાંપનાહ ! પહેલાં આપણે પણ સૂળીયે ચઢીયે, કેમકે હું અને આપ પણ કોઈના જમાઈ તો ખરાજને ? !"

બાદશાહ આ જવાબ સાંભળી ઘણોજ ખુશ થયો અને બીરબલને ભારે ઇનામ આપ્યું.

## વાર્તા ૧૧.

### પીર, બબર્ચી, ભિશ્તી, ખર.

એક પ્રસંગે બાદશાહે બીરબલને કહ્યું:—

લા કોઇ ધીરન એસા નર, પીર, બબર્ચી ભિશ્તી, ખર.

એ સાંભળતાંજ બીરબલે શહેરમાંથી એક બ્રાહ્મણને પકડી લાવી હાજર કર્યો, અને કહ્યું “ હુઝૂર ! આ બ્રાહ્મણ જગદ્‌ગુરૂ હોવાથી પીર છે, બધા માણસો એના હાથે રાંધેલી રસોઇ જમે છે એટલે બબર્ચી પણ એજ અને પાણી પાવાને કારણે એ ભિશ્તી પણ કહેવાય તથા મુસાફરીએ જતાં એજ મહારાજને માથે બોજો મૂકવામાં આવે છે એટલે ખર ( ગધેડો ) પણ ખરો. જુઓ, એ ચારે ગુણો એમાં રહેલા છે કે નહીં ? ”

બાદશાહે તે વાત મંઝૂર રાખી બીરબલને ભારે સરપાવ આપ્યો.

## વાર્તા ૧૨.

### એક ગધેડાનો બોજો.

એક દિવસે ઉનાળાની ઋતુમાં બાદશાહ અને બીરબલ પ્રાતઃકાલના સમયે વાયુ વિહાર માટે ગયા હતા. જ્યારે સૂર્યોદય થયો અને ગરમી કાંઇક વધારે લાગી એટલે બાદશાહે બીરબલને કહ્યું “ અત્યારે ગરમી વધારે લાગે છે, માટે મારો આ ઝબ્બો તું ઉપાડી લે.” બીરબલે ઝબ્બો ખભાપર નાંખી લીધો. થોડે દૂર પહોંચ્યા બાદ બાદશાહે કહ્યું “ બીરબલ ! અત્યારે તારી ઉપર કેટલો

ઓનો છે ?" બીરબલે કહ્યું "હુજૂર ! એક ગધેડાનો." આ જવાબ સાંભળી બાદશાહ લજ્જિત બની ચુપ થઈ ગયો.

## વાર્તા ૧૩.

### તુમ બડે ગધે હો.

એક દિવસે દરબારમાં બીરબલને જોરથી વાયુ છુટી ગયો જે સાંભળી ક્રોધિત થઈ બાદશાહ બોલી ઉઠયો "તુમ બડે ગધે હો." બીરબલે કહ્યું "મહારાજ ! હું ઘણોજ અક્કલમંદ હતો, પરંતુ ગધેડાઓની સંગમાં રહીને હું પણ ગધેડો બન્યો." બાદશાહ એથી ઘણોજ લજ્જિત થયો.

## વાર્તા ૧૪.

### આધા આપકા.

એક દિવસ બાદશાહ અને બીરબલ ફરવા નીકળ્યા, માર્ગમાં બાદશાહે બીરબલને પૂછયું "તું નીચે જોઇને કેમ ચાલે છે ?" બીરબલ બોલ્યો "આ ધરતીમાં મારો બાપ ખોવાયો છે." બાદશાહે કહ્યું "જો હું ખોળી કાઢું તો શું આપીશ ?" બીરબલે કહ્યું "અડધો આપનો." આ હાઝર—જવાબી સાંભળી બાદશાહ હસી પડયો.

## વાર્તા ૧૫.

### સત્ય અને અસત્ય વચ્ચે કેટલું અંતર ?

એક સમયે બાદશાહે પૂછયું "બીરબલ ! સત્ય અને અસત્ય વચ્ચે કેટલું અંતર છે ?" બીરબલ બોલ્યો "જહાંપનાહ ! માત્ર ચાર આંગળનો." બાદશાહે પૂછયું

" એ કેવી રીતે ? " ત્યારે બીરબલે કહ્યું " હુઝૂર ! સત્યને ઓળખનારી આંખ છે, એટલે જે આંખે જોયું એ સત્ય અને આંખથી ચાર આંગળને છેટે કાન છે એણે જે સાંભળ્યું તે અસત્ય હોય છે એટલા માટે સત્ય અને અસત્ય વચ્ચે ચાર આંગળનો અંતર છે. " આ સાંભળી બાદશાહ ઘણોજ પ્રસન્ન થયો.

## વાર્તા ૧૬.

### કા કારણ ડોલમેં હાલત પાની ?

એક દિવસે બપોર ગાળ્યા પછી બાદશાહ મહેલના ઝરોખામાં બેઠો બેઠો લોકોની આવજા નિહાળતો હતો. એવામાં એક પરમ લાવણ્ય સંપન્ન સુંદરી પાણી ભરીને ત્યાંથી જતી દેખાઈ. માથે બેડું મૂકયું હતું અને હાથમાં ડોલ ઝાલી હતી, જેમાંનું પાણી હાલતું હતું. તે જોઈ બાદશાહ વિચારવા લાગ્યો કે ' એ ડોલમાંનું પાણી કેમ હાલે છે ? કદાચ એ સુંદરી તેને ઉંચકીને ચાલે છે તેથી તો નહીં હાલતું હોય ? ' આવો વિચાર આવતાં તેના મનમાં એક લીટી આવી કેઃ—

**કા કારણ ડોલમેં હાલત પાની ?**

( અર્થાત્ શા કારણે ડોલમાં પાણી હાલતું હશે ? )

પછી થોડીવારે બાદશાહ દરબારમાં ગયો, પણ તે લીટી તેને યાદજ રહી ગઈ હતી એટલે જ્યારે દરબારનું કાર્ય ખલાસ થતાં બીજી વાતો થવા લાગી ત્યારે બાદશાહે કહ્યું " હું એક વાક્ય બોલું છું એનો અર્થ કરી બતાવો. " એમ કહી તેણે ઉપલી લીટી કહી. સૌ કોઇ

વિચારમાં પડી ગયા અને જ્યારે કોઈ ઉત્તર ન આપી શક્યું ત્યારે બીરબલે ઉભા થઇ કહ્યું "જહાંપનાહ ! એના અર્થનું મ્હેં એક કવિત જોડયું છે તે ઉપરથી એનો સાર સમજી શકાશે. સાંભળોઃ–

એક સમય જલ આનન ધરસે,
નિકસી અબલા બ્રાજકી રાની,
જાત સંકોચમેં ડોલ ભરન,
જલ ખેંચતથી અંગીયા મસકાની;
દેખ સખી છતીયાં ઉઘરી,
કવિ સત્ય કહે મન લલચાની;
હાથ બિના પછિ તાત રહે,
યેહ કારણ ડોલમેં હાલત પાની.

બાદશાહ એ કવિત સાંભળી સહર્ષ બોલી ઉઠયો "શાબાશ, બીરબલ ! શાબાશ, તને જેટલું આપું એટલું ઓછુંજ છે." એમ કહી એક કીમતી શાલ અને મંદીલ તેને બેટ આપ્યાં.

## વાર્તા ૧૭.

### એક ગુરૂના બે ચેલા.

બીરબલ અને ગંગ એક ગુરૂને ત્યાં ભણ્યા હતા. ન્હાનપણમાંથી જ તેઓ એક બીજાના મિત્ર હતા, પરંતુ જ્યારે જૂદા પડયા અને પોતપોતાનું પેટ પાળવાનો વખત આવ્યો ત્યારે એ બન્નેના મિલાપમાં વિક્ષેપ પડયો. પણ જ્યારે બીરબલ પ્રધાનપદ ઉપર નીમાયો ત્યારે કવિ ગંગ તેને આવી મળ્યા. પોતાની જુની મિત્રતા યાદ કરી ગંગે એક દોહરો બીરબલને મોકલ્યો અને સાથે પોતાના

ઘર પાસે એક બોરડી હતી તેનાં થોડાંક બોર તોડીને મોકલ્યા. દોહરો નીચે મુજબ હતો:—

આગું સુદામા કૃષ્ણ તે, ગંગ બીરબલ ફેર,
તા દિનમેં તાંદુલ હતે, યા દીનનમેં બેર.

બીરબલ પણ પોતાની આગલી મિત્રતા સંભારી આનંદ પામ્યો. બે ત્રણ દિવસ પછી બન્ને સભામાં ભેગા થયા ત્યારે બીરબલે ગંગને કહ્યું "બારોટજી ! આપણા નામદાર બાદશાહ સલામતનો સમય તો વર્ણવો ?"

ગંગે કહ્યું "ખમા પૃથ્વિનાથ !!"

દુહો.

તાનહદ મીયાં તાનસેન, હદ બુદ્ધિ બલબીર;
શાહોંકા શાહ અકબરાં, ટોડરમલ્લ વઝીર,

આ સાંભળી બાદશાહ બહુજ ખુશ થયો અને ગંગને સરપાવ આપવા હુકમ કર્યો. બીરબલે કહ્યું "નામદાર ! આપણા આ ભારતવર્ષમાં ભાટ અને બારોટોએ પ્રથમથીજ ખ્યાતિ મેળવી છે. ગંગજી ! એકાદ ભાટની સ્તુતિનું કવિત કહેશો ?"

ગંગે નમન કરી કહ્યું "ખમા પૃથ્વિનાથ !!"

કવિત.

પવનકો તોલ કરે, ગગનકો મોલ કરે,
રવિસેં બાંધે હિંડોલ, એસે નર ભાટ હેં;
પત્થરસોં કાંતે સૂત, બાંઝનકો બઢાવે પૂત,
મસાનમેં બસત હે ભૂત, તાકો ઘર ભાટ હેં;
બિજલીકો કરે લેવા, દવનીસું રાખે દેવા,
રાહુ કોં ખમાવે મેવા, એસો સદ્ધર ભાટ હેં;

મેઘનકો રાખે ડેરા, તખ્તકા લુટાવે ડેરા,
મનકા સંભારે ફેરા, એસો નર ભાટ હેં.

બીરબલે કહ્યું "શાબાશ! બારોટજી, શાબાશ!! ખૂબ કરી!?"

બાદશાહ પણ ઘણોજ ખુશ થયો અને બીજો સરપાવ આપવા હુકમ કર્યો.

## વાર્તા ૧૮.

### ઇંદ્ર મોટો કે હું?

એક દિવસે બાદશાહ સૌ કરતાં વહેલો આવીને દરબારમાં બેઠો અને જે કોઈ દરબારી આવે તેને સવાલ કરતો "ઇંદ્ર મોટો કે હું" પણ કોઈ તેને જવાબ આપી ન શકયો. તેમણે વિચાર્યું કે 'જો ઇંદ્રને મોટો કહીશું તો બાદશાહ ગુસ્સે થશે અને જો બાદશાહને મોટો કહીશું તો તે કેવી રીતે મોટો છે તે સમજાવવું પડશે. આખરે બીરબલ દરબારમાં આવ્યો એટલે બાદશાહે તેને પણ એ સવાલ કર્યો. બીરબલે તરત જ હાથ જોડીને કહ્યું "નામવર! આપ ઇંદ્રથી મોટા." બાદશાહ બોલ્યો "અરે, બીરબલ! હું ઇંદ્રથી મોટો શી રીતે કહેવાઉં?" બીરબલે કહ્યું "જહાંપનાહ! સૃષ્ટિના કર્તા બ્રહ્માએ સૌથી પ્રથમ ઇંદ્રનું અને આપનું પુતળું પેદા કર્યું અને બેમાંથી મોટો કોણ એ જોવા માટે એક મોટા ત્રાજવાના એકેક પલ્લામાં એક એક પુતળું મૂકયું, ત્યારે ઇંદ્રથી તમે વજનમાં વધ્યા અને તમારૂં પલ્લું નીચે આવ્યું અને ઇંદ્રનું પલ્લું ઉંચુ ગયું. આપનું પલ્લું નીચે જમીન ઉપર આવવાથી આપને

પૃથ્વિનું રાજ્ય મળ્યું અને ઇંદ્રનું પલ્લું ઉંચે જતાં તેને સ્વર્ગનું રાજ્ય સોંપાયું. એ ઉપરથીજ મેં આપને મોટા કહ્યા.”

બીરબલને આ પ્રમાણે બોલતો સાંભળી બાદશાહ રાજી થઈ ગયો અને તેને ઘણીજ શાબાશી આપી. બીરબલનું કહેવું ખરી રીતે જોતાં તો એમ હતું કે ઉંચું સ્થાન તે ઇંદ્રનું અને સૌથી નીચું તે તારૂં (બાદશાહનું). પણ બાદશાહ એ સમજી ન શક્યો અને પોતાને ઇંદ્ર કરતાં મોટો પૂરવાર કરાયલો જાણી ખુશખુશ થઇ ગયો અને સૌ દરબારીયો પણ બીરબલની ચાલાકી અને હાઝર જવાબી જોઈ બહુજ હયરત પામ્યા.

## વાર્તા ૧૯.

## લોખંડી ગુરૂભાઈ.

દિલ્હી શહેરની પાસે એક ગામમાં એક સ્ત્રી રહેતી હતી. પતિસેવા એ સ્રી જાતિનો ધર્મ છે, પણ એ વઢકણી સ્રીએ જ્હાંજે ધણી ઘેર આવે એટલે તેને દસ જોડા મારવા એ નિયમ રાખ્યો હતો. તેમજ વળી તે એવી તો મજબુત અને બદમાશ હતી કે બીચારો ધણી મુંગે મોઢે બધું સહન કરી લેતો.

એ સ્રીની એકની એક પુત્રી હતી જે ઉમ્મરલાયક થવા આવી હતી, છતાં તેની માતાનો વારસો કદાચ તેને પણ મળ્યો હોય એવી બ્હીકથી કોઇ તેને પરણવા માટે તૈયાર થતું નહીં. વળી તેની વઢકણી માતા તેને સાસરીયામાં જંપીને રહેવા નહીં દે, એ ખ્યાલ પણ સૌને તેમ કરતાં અટકાવતો હતો.

ગામેગામ આ વાતો પ્રસરેલી હોવાથી જ્યાં ત્યાં તે એક કહેવત રૂપ થઇ પડી હતી.

બીજી તરફ઼ઃ બીરબલની કીર્તિ પણ બહુ જ વધી ગઇ હતી, તે એના વૈરીયો સાંખી શકતા ન હતા. કોઇ પણ રીતે તેને હલકો પાડવાનું તેઓ જાણે 'પણ' લઇ બેઠા હતા, છતાં બીરબલના બુદ્ધિ ચાતુર્ય આગળ તેમનું કાંઈ વળતું ન હતું. ઉપલી આની હકીકત દિલ્હીમાં ચર્ચાવા લાગી એટલે બીરબલના શત્રુઓએ લાગ સાંધવાનો વિચાર કર્યો. બીરબલની ખ્યાતિએ તેના જ્ઞાતિવાળાઓને પણ વૈરી બનાવ્યા હતા અને તેઓ પણ બીરબલને માનહીન થયેલો જોવા આતુર હતા.

એક દિવસે કચેરીમાંથી પરવાર્યા પછી બીરબલ પોતાના ઘરમાં બેઠો હતો, એવામાં તેની જ્ઞાતિનો ગોર મળવા આવ્યો. બીરબલે ઘણા માનથી તેને બેસાડયો. થોડીવાર સુધી આમ તેમની વાતો કર્યા પછી ગોરે કહ્યું “ કવિજી ! પેલી રામબાઈ જે પોતાના ધણી વિષ્ણુશર્માને દરરોજ દસ જોડા મારે છે, તેની પુત્રી સાથે કોઈજ પરણવાની હીંમત કરતું નથી. એટલે જો તમે તેને પરણો તો ન્યાતમાં તમારી વાહવાહ થશે અને તમારા અસીમ ચાતુર્યની પણ સૌને ખાત્રી થઈ જશે. ”

બીરબલ તેની મતલબ સમજી ગયો, છતાં પોતાના બુદ્ધિ ચાતુર્યનો કાંઈક પરિચય બતાવવાનો તેને વિચાર થતાં તે બોલ્યો “ તમે કહો છો, એ વાત તો બહુ સારી છે, પણ હું તો એકવાર પરણી ચૂક્યો છું એ તો તમે જાણો છો એટલે બીજીવાર લગ્ન કરવાની મારી ઈચ્છા

નથી. પરંતુ મારો એક ન્હાનો ભાઇ છે તેનાં લગ્ન હજી હવે થવાનાં છે. એટલે એની સાથે ચોકઠું બેસતું હોય તો તેમ કરવાનો વિચાર છે હાલમાં મારો ભાઇ કાશીએ વિદ્યા પ્રાપ્તિ માટે ગયો છે. જો રામબાઇ એ વાતને કબુલ રાખે એમ હોય તો મારે ના નથી.”

ગોર મહારાજ* તરતજ બોલી ઉઠયા “ભલે, હું રામબાઇને મળી વાત નકકી કરીશ અને તે જેવો જવાબ આપે તેની આપને ખબર આપીશ. એમ કહી ગોરમહારાજ તો ખુશ થતા થતા રામબાઈને ઘેર ગયા. રામબાઇ તે વખતે પોતાના ધણીને છેલ્લો જોડો મારવાની તૈયારીમાં હતી, તેણે હાથ ઉંચો કર્યો એવામાં તો ગોરમહારાજ “ હાં, હાં ” કરતા ઘરમાં પેઠા, પણ રામબાઈ ગોરમહારાજના પહોંચવાથી દબાઈ જાય તેવી ન હતી. તેણે તો તરતજ દસમો જોડો ધણીને “તડાક” કરીને ફટકાવી કાઢયો. પોતાના નિત્યકર્મથી પરવાર્યા પછી ગોરમહારાજને ત્યાં આવવાનું પ્રયોજન પૂછયું. ગોરે બધી વાત તેને કહી સંભળાવી. રામબાઈ તેથી બહુજ ખુશ થઈ ગઈ અને બીરબલ જેવા વિખ્યાત અને જ્ઞાની પુરૂષના ભાઇને પોતાની દીકરી પરણાવવા તેણે પોતાની ખુશી દેખાડી કબુલાત આપી. ગોરમહારાજે બીજે દિવસે બીરબલને તે વાત કહી અને વિવાહ નકકી કર્યો.

બીરબલનો કોઈ ભાઇ ન હતો એટલે તેણે પોતાની જ્ઞાતિનાજ કોઇ માતા પિતા વગરના છોકરાને શોધવા માંડયો. પરિણામે બે ત્રણ દિવસ થયાંજ દિલ્હીમાં આવી રહેલો આશરે વીસ વર્ષની ઉમ્મરનો એક તરૂણ તેને

મળી ગયો. તે યુવક સારો ભણેલો પણ હતો એટલે પોતાના નિર્વાહ માટે કોઈ યોગ્ય નોકરી શોધવા દિલ્હીમાં આવ્યો હતો. બીરબલે તેને પોતાને ત્યાં આશ્રય આપ્યો અને જણાવ્યું કે “ હું પેલી વઢકણી રામબાઇની પુત્રી સાથે તારાં લગ્ન કરી આપીશ અને તારો સંસાર સારી રીતે ચાલે એ માટે પણ યોગ્ય બંદોબસ્ત કરી આપીશ. પરંતુ, એવી શરતે કે તારે પોતાને મારા ભાઈ તરીકે ઓળખાવવો. ”

બીરબલના આવા કથનથી પેલા યુવકના હર્ષનો પાર ન રહ્યો અને તેણે બધી વાત માન્ય રાખી. થોડા દહાડામાં લગ્નની બધી તૈયારી થઈ, શુભ મુહુર્તમાં લગ્ન પણ થયાં. કન્યાને સાસરીયે મોકલવા માટેનો શુભ દિવસ નક્કી કરવા ગોર રામબાઈને ઘેર ગયો અને ચોક્કસ દિવસ મુકરર કર્યા પછી તેણે કહ્યું “ રામબાઈ ! તમારા કરતાં તમારી પુત્રી ચઢીયાતી થાય તોજ ખરી. ” રામબાઈ પ્રથમથીજ ચડાઉ અને ઉછૃંખલ હતીજ અને વળી પોતાની દિકરી તેના પતિને વધારે વશ રાખે એમ ઇચ્છતીજ હતી, એટલે તેને તો આ વચનોએ વિશેષ પુષ્ટિ આપી. તેણે ગોર મહારાજને હસ્તે વદને કહ્યું “ મહારાજ ! તમે પણ જોઈ લેશો કે મારી પુત્રી કેવા નાચ નચાવે છે. ” ગોર મહારાજ ત્યાંથી ખુશખુશ થતા વિદાય થયા.

જે દિવસે પુત્રી સાસરે જવાની હતી તે દિવસે રામબાઇએ તેને એક નવો જોડો આપી કહ્યું “ પુત્રી ! જો તું મારીજ પુત્રી હોય તો મારા કરતાં પણ વધારે ધાક તું તારા ધણી ઉપર બેસાડજે. હું તો દરરોજ દસ જોડા

મારૂં છું, પણ જો તું પંદર જોડા તારા ધણીને વધારે મારે તોજ મારી ખરી દીકરી. અને જો એ પ્રમાણે તેં ન કર્યું તો પછી હું તારૂં મોઢું કદિ પણ જોઈશ નહીં."

છોકરીએ બધી વાત કબુલ રાખી, ઘરમાંથી સાસરીયે જતી વખતે રામબાઇએ પોતાના ધણીને પણ તેની સાથે મોકલ્યો. બીરબલે પેલા યુવકને પ્રથમથીજ બધી રીતે સમજાવી રાખ્યો હતો અને હમામમાં રહેવાની ખાસ ચેતવણી આપી હતી. કન્યા સાસરીયે આવી, પણ પતિનો ગુસ્સો અને બીરબલનો પણ કડક મિઝાજ જોઈ તેના હોંશકોશ ઉડી ગયા અને પતિને જોડા મારવાનું તો ભૂલીજ ગઇ, બલ્કે તેને પોતાનેજ જોડા પડશે એ વિચારે તેને ધ્રુજાવી મૂકી.

બીરબલે પોતાના વેવાઇને થોડા દિવસ પોતાને ત્યાંજ રહેવાની અરજ કરી હતી, જે તેણે ઘણીજ ખુશીથી-જોડાના મારમાંથી બચવા માટે-કબુલ રાખી. બીરબલે પોતાનું એક કામ પાર પડેલું જોઈ બીજું કામ હાથ ધરવાનો વિચાર કર્યો. એક દિવસ રાત્રે જમ્યા પછી બીરબલ અને મારખાઉ વિષ્ણુજી બેઠાબેઠા વાતો કરતા હતા. તે વખતે જાણે બીરબલ જાણતોજ ન હોય તેમ તેણે વિષ્ણુજીના વાંસા ઉપર હાથ ફેરવીને પૂછયું "વિષ્ણુજી! આપનો વાંસો આવો ખાડા ખડબચડાવાળો કેમ થઈ ગયો છે?"

પેલા બીચારાએ બધી બીના સ્વિસ્તર કહી સંભળાવી. બધી વાત સાંભળી રહ્યા પછી બીરબલે કહ્યું "એનો ઉપાય મારી પાસે છે, તે જો તમે અજમાવી જુઓ તો હું ઘણી ખુશીથી બતાવીશ." વિષ્ણુજીએ તે વાત કબુલ

રાખી એટલે બીરબલે કહ્યું "તમે ચાર મહીના સુધી મારે ત્યાંજ રહો અને દરરોજ સ્હવારે આંગમાંથી પરસેવો છૂટે ત્યાં સુધી તમારે દંડવત (લાંબા થઇને સુવું અને ઉઠવું) કરવા."

પેલાએ બીરબલના કહેવા પ્રમાણે દરરોજ કસરત કરવા માંડી, અને બીરબલે ઉપરથી સારૂં સારૂં ખાવાને આપવા માંડયું, એટલે ચાર મહીનામાં વિષ્ણુજી લઠ્ઠ જેવા બની ગયા. તે પછી બીરબલે લુહાર પાસે એક નકશીદાર લોખંડી લાકડી બનાવી તેને સુંદર રંગ અપાવીને વિષ્ણુજીને આપી કહ્યું "લો આ એક ચમત્કારી લાકડી છે. એનું નામ **લોખંડી ગુરૂભાઇ** છે. યોગ્ય વખતે વિચાર પૂર્વક એનો ઉપયોગ કરશો તો તમારી સ્રીના દુઃખમાંથી મુક્ત થશો." એમ કહી તેને ઘેર રવાના કર્યો.

રામબાઇએ પોતાના ધણીને આજે પાંચ મહીને ઘેર આવતો જોઈ તેની ખુશીનો પાર ન રહ્યો. તેણે પાંચ મહીનાના કેટલા જોડા થયા એનો હીસાબ ગણી રાખ્યો હતો. તેમજ ધણીનું શરિર પણ રૂષ્ટપુષ્ટ થયેલું જોઈ, જોડા મારવાની ગમ્મત પડશે એ વિચારે તેને હર્ષઘેલી બનાવી મૂકી હતી. વિષ્ણુજી બીચારા ઘણે લાંબેથી આવેલા હોવાની દરકાર કર્યા વગર જોડા ખાવાની જગ્યાએ જઇ બેસવાનો તેણે હુકમ કર્યો. વિષ્ણુજી પણ હવે ચાલાક બન્યા હતા, તેમણે લોખંડી ગુરૂભાઈને પેલી રામબાઇ ન જોઈ શકે એવી રીતે સંતાડી રાખ્યો અને ચુપચુપ પેલા સ્થળે જઈ બેઠા. રામબાઈ ત્યાં ગઈ અને જેવોજ તેણે જોડો હાથમાં લીધો કે વિષ્ણુજીએ લોખંડી ગુરૂભાઈનો પ્રયોગ અજ-

માગ્યો. એકજ ફટકો પડતાં રામબાઈ ભોંયપર પડી ગઇ અને બોલી ઉઠી " અરેરે, જમાઇએ ઘાત કીધી." એટલામાં તો વિષ્ણુજીએ બીજો પણ ફટકો લગાવી કાઢયો, એટલે રામબાઈ તેના કાલાવાલા કરવા લાગી. પણ તેણે પાછો હાથ ઉગામ્યો એટલે ત્યાં એકઠા થઈ ગયેલા આડોશી પાડોશીએ દોડી આવી તેનો હાથ પકડી લીધો.

એ બેજ ફટકાએ રામબાઈને સીધી દોર કરી મૂકી, તેણે પોતાના ધણીની ક્ષમા માગી અને તે દિવસથી ધણીના હુકમ પ્રમાણે ચાલવા લાગી.

આવી રીતે બીરબલે રામબાઇને ઠેકાણે આણી એ વાત જ્યારે લોકોમાં ફેલાઇ ત્યારે બીરબલના જે વિરોધીઓએ એ તાગડો રચ્યો હતો તેમણે પણ બીરબલના ચાતુર્ય આગળ માથું નમાવી દઇ, તેનો વિરોધ કરવાનું પડતું મૂક્યું.

## વાર્તા ૨૦.

### સત્તાવીસમાંથી નવ જતાં બાકી કાંઇ નહીં.

એક દિવસે બાદશાહ સૌ કરતાં પહેલો આવી દરબારમાં બેઠો અને જે કોઇ દરબારી દરબારમાં દાખલ થતો તેને સવાલ પૂછતો કે " સત્તાવીસમાંથી નવ જતાં શેષ શું રહે ?" સૌ કોઈ ચટપટ જવાબ આપી દેતા કે "અઢાર." આખરે બીરબલ આવ્યો એટલે તેને પણ એજ સવાલ પૂછાયો. બીરબલે એક પળ પણ વિચાર કર્યા વગર પાધરોજ ઉત્તર આપ્યો "જહાંપનાહ શેષ કાંઈ ન રહે."

સત્તાવીસમાંથી નવ જતાં શેષ શૂન્ય રહે, એ સાંભળી બધા દરબારીઓ વિસ્મય થયા અને સાથેજ બીરબલને ખોટો પડેલો જાણી હસવા લાગ્યા. બાદશાહે એ બધો પ્રકાર જોઈ લીધો એટલે તેણે બીરબલને પોતાના જવાબનો ખુલાસો કરવા ફરમાવ્યું. બીરબલ બોલ્યો "ખુદાવિંદ ! કુલ નક્ષત્ર સત્તાવીસ છે જેમાંથી વર્ષાઋતુના નવ નક્ષત્રો કાઢી નાંખીયે તો શેષ અઢાર શા કામ લાગે એમ છે ?! કામના તો માત્ર નવજ એટલે બાકીના તો બધા મીંડાજ."

આ જવાબ સાંભળી બધા પોતપોતાની અક્કલને કોસવા મંડયા અને માથું નમાવી બેઠા.

## વાર્તા ૨૧.

### આકાશમાં તારા કેટલા ?

એક પ્રસંગે બાદશાહે બીરબલને પૂછયું "બીરબલ ! આકાશમાં તારા કેટલા હશે ?" બીરબલે તરતજ બગીચામાં આવેલા એક મોટા આમલીના ઝાડ તરફ આંગળી બતાવી કહ્યું "હુઝુર પેલા વચલા આમલીના ઝાડનાં જેટલા પાંદડા છે એથી સવાયા આકાશમાં તારા છે. એટલે એ પાંદડાઓને ગણી તેનો હીસાબ લગાવી લો."

આ હાઝર જવાબી સાંભળી બધા ખુશ થયા અને બાદશાહે બીરબલને ભારે સરપાવ આપ્યો.

## વાર્તા ૨૨.

### હથેલીમાં વાળ.

એક વખતે બાદશાહ અને બીરબલ એકાંતમાં બેસીને વાર્તાલાપ કરતા હતા એવામાં બાદશાહને એક સવાલ સૂઝી આવ્યો. બીરબલની ખ્યાતિ ચોદિશ પ્રસરી ચૂકી હતી અને બાદશાહ પણ વારંવાર તેની પાસેથી નવું નવું જાણવાની મતલબે અનેક પ્રકારના સવાલ પુછયા કરતો હતો. તેણે કહ્યું "બીરબલ! (પોતાની હથેળી દેખાડી) આ હથેલીમાં વાળ કેમ નથી ઉગતા, એનું શું કારણ હશે?"

બીરબલ તરતજ બોલી ઉઠયો "જહાંપનાહ! એનું કારણ તો ખુલ્લુંજ છે. આપ ગરીબ ગુરબા અને વિદ્વાનો આદિને રાત દિવસ બક્ષીસ આપો છો, જેમ કરતાં હથેલીમાં વાળ ઉગવા પામતા નથી."

આ જવાબ સાંભળી બાદશાહે તેને એનાજ જવાબમાં બાંધવા માટે બીજો સવાલ કર્યો "ત્યારે તારી હથેલીમાં વાળ શા માટે નથી ઉગતા?"

બીરબલ ઝટ બોલી ઉઠયો "ખુદાવિંદ! આપ મને બક્ષિસ આપો છો તે હું હાથ વડે લઉં છું એટલે વાળ શેના ઉગે?"

આ સાંભળી બાદશાહ વિચારમાં પડી ગયો. થોડીવાર વિચાર કર્યા પછી બોલ્યો "બીરબલ! તેં મારા બે સવાલોના જવાબ તો બરોબર સચોટ આપ્યા, હવે ફક્ત એક સવાલ બાકી છે એનો પણ બરાબર જવાબ આપે એટલે બસ. મારો સવાલ એ છે કે મારા હાથમાં બક્ષિસો આપ-

વાથી અને તારા હાથમાં બક્ષિસો લેવાથી વાળ ઉગતા નથી તો પછી મારા અન્ય દરબારીઓની હથેલીયો ઉપર કેમ નથી ઉગતા ?"

બીરબલ ઝટ બોલી ઉઠયો "નેકનામ! એનું કારણ પણ છુપું નથી. જ્યારે આપ નામદાર મને અથવા બીજા કોઇને બક્ષિસ આપો છો એટલે અન્ય દરબારીઓ તે સાંખી શકતા નથી અને ઈર્ષાને કારણે પોતાના હાથ ઘસે છે. એજ કારણે એમની હથેલીમાં વાળ રહેતા નથી."

આવો બંધ બેસ્તો પ્રત્યુત્તર સાંભળી બાદશાહ અત્યંત ખુશ થયો અને તેને ભારે ઈનામ આપ્યું.

## વાર્તા ૨૩.

### ચાતુર્યની પરિસીમા.

બીરબલ માંદો પડી જવાથી બેચાર દિવસ સુધી કચેરીમાં ન જઈ શકયો એટલે શાહ તેને જોવા સારૂ તેને ઘેર ગયો અને બીરબલના પલંગ પાસેજ એક કુરસી ઉપર બેઠો, અને તબીઅત પૂછી જોઈ. એવામાં બીરબલને હાજત થઈ એટલે તે ત્યાંથી ઉઠી જાજરૂમાં ગયો.

એ વખતે બાદશાહે વિચાર્યું કે "માંદગીને કારણે બીરબલના ચાતુર્યમાં કાંઈ મંદતા આવી છે કે કેમ એ તપાસવું જોઇયે." એ વિચાર આવતાંજ તેણે બીરબલના પલંગના ચારે પાયા હેઠળ એકેક ચીઠી મૂકાવી દીધી અને બીરબલની રાહ જોતો બેઠો. એટલામાં તો બીરબલ પાછો આવીને પલંગપર સૂતો, અને થોડીવાર પછી ઉપરની છત

મ્હામું જોવા લાગ્યો અને પછી પાછો નીચે જોવા લાગ્યો. આ જોઇ બાદશાહે કહ્યું "બીરબલ! આ શું કરી રહ્યા છો?"

બીરબલ બોલ્યો "જહાંપનાહ! હું જાજરૂમાં જઇને આવ્યો એટલી વારમાં કોણ જાણે મારો પલંગ એક કાગળ જેટલો ઉંચો થયો અથવા ઉપરની છત નીચે આવી."

બાદશાહ તેમજ તેની સાથે આવેલા અમલદારની અજાયબીનો પાર ન રહ્યો. બાદશાહ બોલી ઉઠયો "ખરે-ખર આવું ચાતુર્ય અન્યમાં નહીંજ હોય. બીરબલ! મેં તારા અસીમ ચાતુર્યની પરિક્ષા કરવા તારા પલંગના પાયા નીચે અકેક ચીઠી મૂકી હતી, અને તું તે પરિક્ષામાં ફતેહ-મંદ થયો." એમ કહી તેણે બીરબલને ઘણીજ શાબાશી આપી.

## વાર્તા ૨૪.

### બળદનું દુધ.

એક દિવસે રાજ્યસંબંધી કાર્યોથી નિવૃત થયા પછી બાદશાહ નિત્યના નિયમાનુસાર બીરબલ જોડે હાસ્ય વિનોદ કરવા લાગ્યો. ઘણો વખત એમાં પસાર થઈ ગયો એટલે બીરબલે ઘેર જવાની આજ્ઞા માગી. બાદશાહે રજા આપતાં કહ્યું "બીરબલ! હું ઘણા દિવસથી તમને એક વાત કહેવાનું ભુલી જાઉં છું. મારે માટે હકીમે એક પુષ્ટિકારક ઔષધ બતાવ્યું છે, જેમાંની બધી દવાઓ મળી આવી છે પણ બળદના દુધની ખોટ છે. માટે કોઈ પણ પ્રકારે તે લાવવું જોઈયે."

બીરબલ તરતજ બાદશાહની અસલ નેમ કળી ગયો, તેણે આઠ દિવસમાં લાવી આપવાનું વચન આપ્યું. બાદ-

શાહ બોલ્યો "જો એકાદ દિવસ વધારે થઈ જાય તોએ ચિંતા જેવું નથી, પરંતુ દૂધ લાવવું જોઇયે." બીરબલ "બહુ સારૂં જહાંપનાહ!" કહી ત્યાંથી ઘેર આવ્યો, અને શું કરવું એ વિચારમાં પડયો. બીરબલની સ્ત્રી ઘણીજ ચતુર હતી, તેણે પોતાના પતિને વિચાર ગ્રસ્ત જોઈ પૂછયું "દેહાધાર! આજે આપ કેમ મુંઝવણમાં કેમ પડયા છો?" બીરબલ તેની બુદ્ધિમત્તાને સારી પેઠે જાણતો હતો, છતાં આ કાર્ય તેનાથી પૂર્ણ નહીં થઈ શકે એવો વિચાર કરી તેણે કહ્યું "કાંઇ નહીં. એતો સ્હેજ વિચાર કરતો બેઠો હતો."

પરંતુ તેની સ્ત્રી એવી ભોળી ભટાક ન હતી કે સ્હેજમાં સમજી જાય, તેણે હઠ પકડી એટલે લાચારીએ બીરબલે બાદશાહની આજ્ઞા કહી સંભળાવી. તેની સ્ત્રીએ કહ્યું "એમાં તે વળી વિચારવાની શી જરૂર હતી? લો, હું બાદશાહનો એ સવાલ પૂરો કરી આપીશ અને આઠ દિવસની અંદરજ બાદશાહને બળદનું દુધ મોકલાવી આપીશ." આ સાંભળી બીરબલને બહુ જ આનંદ થયો અને પોતાની પ્રેમભાગિનીને પ્રેમાલિંગન આપી પ્રેમનો સાક્ષાત્કાર કરાવ્યો.

ત્રણ ચાર દિવસ પછી બીરબલની સ્ત્રી દસ વીસ મેલા ફાટેલાં કપડાંની ગાંસડી લઈ અર્ધ રાત્રિને સમયે નદીએ ધોવા ગઇ, અને નદી તીરે આવેલા બાદશાહના મહેલની સ્હામે જ મોટે સાદે "સીયો રામ! સીયો રામ!!" કહેતી કપડાં ધોવા લાગી. બાદશાહની નિદ્રાનો એ શબ્દોએ ભંગ કર્યો, તેણે જાગી ઉઠતાં અત્યંત ક્રોધ દર્શાવી સીપાહીઓને કહ્યું "એવો કયો ધોબી છે, જે આ સમયે મારા મહેલની

પાસે આટલે મોટે સાદે બૂમો પાડી મારી નિદ્રાનો ભંગ કરે છે? જાવ, જલ્દીથી તેને પકડી લાવી મારી આગળ હાઝર કરો." આજ્ઞા મળતાં જ ત્રણ ચાર સિપાહીઓ દોડયા, તેમને પોતા તરફ આવતા જોઈ બીરબલની સ્ત્રી જાણે કાંઈ જાણુતીજ ન હોય તેમ વધુને વધુ જોરથી "સીયોરામ! સીયોરામ!!" કરવા લાગી. અર્ધરાત્રિને સમયે નદી તીરે એક યુવાન સૌંદર્યવતી સ્ત્રીને એકલી કપડાં ધોતી જોઈ સીપાહીઓ સ્હેજ આશ્ચર્યચકિત્ થયા. તેઓ તેની પાસે જઇ પહોંચ્યા, છતાં તેણી તો બેફીકર પોતાનું કામ કર્યે જતી હતી. તેને પોતાના કાર્યમાં એવી દત્તચિત્ત જોઇને એક સિપાહીએ જોરથી કહ્યું "હે સ્ત્રી! તું કોણ છે? આ સમયે અહીંયાં કેમ કપડાં ધોવા આવી છે? તેં બાદશાહની નિદ્રાનો ભંગ કર્યાથી બાદશાહે તને પકડી મંગાવી છે. માટે ચાલ અને તારા કર્મનું પ્રાયશ્ચિત કર."

એ સ્ત્રી તો એટલું જ ઇચ્છતી હતી, છતાં થોડીવાર માટે આનાકાની કર્યા પછી, પેલાં કપડાં ત્યાં જ પડતાં મૂકી સીપાહીઓ સાથે બાદશાહ આગળ ગઇ અને અત્યંત નમ્રતાપૂર્વક સલામ કરી ઉભી રહી. તેને જોતાં બાદશાહ ઘણો જ ગુસ્સે થયો અને બોલી ઉઠયો "હે અભાગિની! તું કોણ છે? અર્ધરાત્રિને સમયે આ સ્થળે કેમ કપડાં ધોવા બેઠી છે?"

બાદશાહને અત્યંત ક્રોધિત જોઇ પ્રથમ તો તે સ્હેજ ગભરાઈ, પણ પાછી હીંમત લાવી બોલી "પૃથ્વિનાથ!.... પૃથ્વિનાથ! હું તો...." બાદશાહે તેને આટલા બધા ગભરાટનું કારણ પૂછયું અને સાથે જ ધમકી બતાવતાં કહ્યું

" તું આટલી બધી ભયભીત કેમ છે ? સાચે સાચું કહી આપ નહીં તો તારી બહુજ દુર્દશા થશે."

આ સાંભળી પેલી સ્ત્રી હીંમત આણી બોલી " પૃથ્વિનાથ ! મને અત્યંત આવશ્યક્તા હોવાને કારણે જ આવા સમયે કપડાં ધોવા આવી છું." બાદશાહ વધુ ગુસ્સે થતો બોલ્યો " એવી કેવી આવશ્યક્તા હતી જેણે તારા જેવી સૌંદર્યવાન સ્ત્રીને આવા સમયે કપડાં ધોવાની ફરજ પાડી ?" સ્ત્રીએ કહ્યું " કૃપાનિધાન ! મારા પતિએ પુત્રને અત્યારે જન્મ આપેલો હોવાથી પોતડાઓની ( બલોતીઆંની ) આવશ્યક્તા હતી."

આ વિચિત્ર વાર્તા સાંભળી બાદશાહને હસવા સાથે આશ્ચર્ય પણ ઉત્પન્ન થયું, તેણે કહ્યું " રે, દીવાની સ્ત્રી ! તારૂં ભાન ઠેકાણે છે કે નહીં ? પુરૂષ જાતિએ તે વળી કાંઈ બાળકને જન્મ આપેલો સાંભળ્યો છે ?"

પેલી સ્ત્રીએ તરત જ ધીમે સાદે કહ્યું " પૃથ્વિનાથ ! જો પુરૂષને પેટે બાળક ન જન્મે તો પછી બળદનું દુધ મળવાનું ક્યાંથી જ સંભવિત્ હોય ?"

આ શબ્દો સાંભળતાં જ બાદશાહને પોતે બીરબલને આપેલી આજ્ઞાનું સ્મરણ થઈ આવ્યું એટલે તે વધુ આશ્ચર્યથી પૂછવા લાગ્યો " હે સુન્દરી ! તું કોણ છે ?" તેણે ઉત્તર આપ્યો " કૃપાનાથ ! બીરબલ મારા ધર્મ પતિ છે." બાદશાહે એથી પ્રસન્ન થઇ તેણીને અત્યંત ધન્યવાદ આપ્યા અને તેના ચાતુર્ય બદલ તેને ભારે પારિતોષિક આપી વિદાય કરી. બીરબલ પણ પોતાની સ્ત્રીના આવા ચાતુર્યથી અત્યંત પ્રસન્ન થયો.

## વાર્તા ૨૫.

### વ્હાલામાં વ્હાલી વસ્તુ.

એક દિવસ બાદશાહે પોતાની માનીતી રાણી ઉપર ગુસ્સે થતાં તેણીને એવો હુકમ કર્યો કે "આજેને આજે જ તું મારા મહેલમાંથી નીકળી જા."

રાણી આવો નાદિરી હુકમ સાંભળી બહુ જ દિલગીર થઈ, તેણે અત્યંત કાલાવાલા કર્યા, પણ 'રાજહઠ' ઉપર તે વિજય ન મેળવી શકી. આખરે હતાશ બની તેણે બીરબલની સલાહ લેવાનો સંકલ્પ કર્યો. બીરબલને પોતાના મહેલમાં બોલાવી તેણે બધી વાત કહી સંભળાવી. બીરબલે થોડીવાર વિચાર કરી એક યુક્તિ રાણીને બતાવી અને ત્યાંથી રવાના થઈ ગયો. રાણીએ પોતાના માણસોને બોલાવી પોતાનો થોડોક સરસામાન બંધાવ્યા બાદ બાદશાહને તેડું મોકલ્યું. બાદશાહ આવી પહોંચે તે પહેલાં શરબતનો એક પ્યાલો તેણે તૈયાર કરી તેમાં કેફી ઔષધ મેળવી દીધું. બાદશાહ આવી લાગતાં રાણીએ પાછા કાલાવાલા કરવા માંડયા, પણ બાદશાહે તેથી સ્હેજ પણ ન પીગળતાં કહ્યું "મારી આજ્ઞા હું કોઈ કાળે પણ બદલવાનો નથી. પરંતુ સાથેજ એટલી છુટ રાખું છું કે મારા મહેલમાંથી તને જે વ્હાલામાં વ્હાલી વસ્તુ જણાય તે લઈ જવાનો તને ઇખતિયાર છે."

આ સાંભળતાં રાણી જાણે અત્યંત દિલગીર થઈ હોય એવો દેખાવ કરી કહેવા લાગી "ખુદાવિંદ ! જ્યારે આપની એવીજ દઢ ઇચ્છા છે તો પછી મારા હાથે આપ છેવટનો શરબતનો પ્યાલો પીઓ એવું આપની પાસે હું માગી લઉં

છું. કેમકે, હવે પછી આપની સેવાનો પ્રસંગ મને ઇશ્વર બતાવશે કે કેમ એ નક્કી નથી. હા, કૃપાનાથ! મુજ કિંકરી પર છેવટની આટલી કૃપા નહીં બતાવો?"

બાદશાહે આ ચારિત્ર્યથી ભોળવાઇ શરબત પીવા માટે 'હા' પાડી એટલે રાણીએ તરતજ ગ્લાસ ભરી આપ્યો. બાદશાહે લગારે સંકોચ વગર તે પી લીધો, થોડીવારમાંજ તેને કેફ ચઢયો અને ઘોર ઉંઘમાં પડયો. રાણીએ પોતાના માણસો તૈયાર રાખ્યા હતા, તેઓ બાદશાહને પાલખીમાં સૂવાડી રાણીને બીજી પાલખીમાં બેસાડી મહેલમાંથી બહાર નીકળી ગયા અને રાતો રાત મુસાફરી કરી સ્હવારના પહોરમાં રાણીના પિતાને ઘેર પહોંચી ગયા. બાદશાહને એક પલંગ ઉપર સૂવાડી રાણી પોતે તેની પાસે બેઠી. કેફ ઉતરતાં બાદશાહ જાગી ઉઠયો અને ચારે તરફ જોઈ આશ્ચર્યથી મનોગત્ કહેવા લાગ્યો "હું સ્વપ્ન જોઉ છું કે ખરેખર કોઇ અન્ય સ્થળે આવી પડયો છું?" એટલામાં તેણે રાણીને શૌચક્રિયાનો સામાન લાવતી જોઈ પૂછયું "હું જાગ્રતાવસ્થામાં છું કે સ્વપ્ન જોઈ રહ્યો છું."

રાણીએ કહ્યું "દિલદાર! આપ જાગ્રત છો. ચાલો ઉઠો, દાતણ પાણી કરી નમાઝ પઢી લો."

બાદશાહ આશ્ચર્ય પામી કહેવા લાગ્યો "પણ આ કાંઈ આપણા મહેલનો ઓરડો નથી. તો પછી આપણે કયે સ્થળે છીયે એતો પ્રથમ મને બતાવ?"

રાણીએ હાથ જોડી નમ્રતાપૂર્વક કહ્યું "કૃપાસિંધુ! આ મારા પિતાશ્રીનો મહેલ છે. ગઈ કાલેજ આપે મને

મારા બાપને ઘેર જઈ રહેવાની આજ્ઞા આપી હોવાથી હું અત્રે આવી છું."

બાદશાહ વધુ આશ્ચર્યમાં ગરકાવ થતો કહેવા લાગ્યો "પણ હું અહીં કેવી રીતે આવ્યો ?"

રાણી બોલી "ખુદાવિંદ ! આપે મને 'તને જે વ્હાલામાં વ્હાલી વસ્તુ જણાય તે લઇ જવાનો તને ઈખ્તિયાર છે' એવી આજ્ઞા આપેલી હોવાથી હું આપને અત્રે લઈ આવી છું, કેમકે મારે મન આપ શિવાય અન્ય કઈ વસ્તુ વ્હાલામાં વ્હાલી હોઇ શકે જે હું ત્યાંથી લઇ આવું ?"

રાણીની આ યુક્તિ જોઇ, તેમજ તે પોતાને એટલી બધી ચાહે છે એ જાણીને બાદશાહને આનંદ થયો અને તેજ દિવસે રાણીને પોતા સાથે લઈ શહેર તરફ પાછો ફર્યો. થોડા દિવસ પછી રાણીએ બાદશાહને ખુશ મીઝાજમાં જોઈ પોતે કરેલી યુક્તિ બીરબલે શીખવી હતી એમ કહી દીધું. બાદશાહે એવી ઉત્તમ યુકિત માટે બીરબલને ઘણોજ ધન્યવાદ આપ્યો.

## વાર્તા ૨૬.

### અક્કલ અને મૂર્ખતાની પરિક્ષા.

એક દિવસે બાદશાહે બીરબલને પૂછયું "બીરબલ ! અક્કલવંત કોને કહેવો અને મૂર્ખ કોને ગણવો ?"

હાઝર જવાબ બીરબલે કહ્યું "નામદાર ! જે માનવિ ધારેલી ધારણામાં સફળતા મેળવે એજ અક્કલવંત, શાણો ચતુર અને જ્ઞાની કહી શકાય અને જે પોતાની ધારેલી

ધારણામાં સફળતા ન મેળવતાં અધવચમાં જ અટકી પડે તેને મૂર્ખ-દીવાનો જાણવો."

આ સાંભળી બાદશાહ પ્રસન્ન થઇ તેના ચાતુર્યના વખાણ કરવા લાગ્યો.

## વાર્તા ૨૭.

### ત્રણ પ્રશ્નો.

એક પ્રસંગે બાદશાહે પૂછયું "બીરબલ! પાન કેમ સડી જાય છે? રોટલી કેમ બળી જાય છે? અને ઘોડા ચાલતાં ચાલતાં કેમ અટકી પડે છે?" બીરબલે તરતજ ફક્ત એકજ ઉત્તરમાં એ ત્રણેનો જવાબ આપી દીધો કે "નામદાર! ફેરવ્યા વગર," બાદશાહ આથી ઘણોજ ખુશ થયો.

## વાર્તા ૨૮.

### પ્રકાશમાં અંધકાર.

એક પ્રસંગે બાદશાહે પૂછયું "બીરબલ! જે પ્રાણી માત્રની દૃષ્ટિએ સૂર્યચંદ્ર દેખાય છે, તે સૂર્યચંદ્રના પ્રકાશથી સર્વ વસ્તુઓ જોઇ શકાય છે; પરંતુ એવીયે કોઈ વસ્તુ હશે જે તેમના પ્રકાશમાં ન જણાય?" બીરબલ તરતજ બોલી ઉઠયો "જી હા, નામદાર! એ સૂર્યચંદ્રના પ્રકાશમાં પણ અંધકાર દેખી શકાતો નથી."

આ હાજર જવાબીથી બાદશાહ અત્યંત પ્રસન્ન થયો

## વાર્તા ૨૯.

### ૬૮ તીર્થનું રક્ષણ.

" બ્રહ્મ પદે તીરથ સકળ, વસે સદા બળ રામ "

એક દિવસે દરબારમાં બાદશાહે બીરબલને સવાલ કર્યો કે " તમારો મહામંત્ર કયો ? " બીરબલે કહ્યું " નામદાર ! ગાયત્રીમંત્ર. " એ સાંભળી બાદશાહ બોલ્યો " તમે ગૌપૂજક છો, ગાયત્રી મંત્ર તમારો મહામંત્ર છે તો પછી ગાયના ચામડાના જોડા પગમાં પહેરી ગૌચર્મનું ભયંકર અપમાન કેમ કરો છો ? "

બધા સભાસદો બીરબલ શો પ્રત્યુત્તર આપે છે એની ઉત્કંઠ હૃદયે પ્રતિક્ષા કરવા લાગ્યા. બીરબલે કહ્યું " જહાંપનાહ ! બ્રાહ્મણના પગમાં ૬૮ તીર્થનો વાસ છે, એટલે તે પગોનો અને ગૌચર્મનો યોગ થવોજ જોઇયે. કારણ કે તે બન્નેના સંગમથી અધિક તીર્થનો મહીમા વધે છે અને તીર્થનું તે વડે રક્ષણ પણ થાય છે. "

સૌ કોઇ એકી અવાજે " વાહ, વાહ " પોકારી ઉઠયા અને બાદશાહ પણ બીરબલને તેના વિચિત્ર ચાતુર્ય માટે અનેક ધન્યવાદ આપવા લાગ્યો.

---

## વાર્તા ૩૦.

### માનો ચંદ્રકો છીર કસુંબ ચુવાયો.

એક સમયે બાદશાહ પોતાની બેગમ સાથે આનંદ ભુવનમાં આનંદ ક્રિડા કરતો હતો. તે પ્રસંગે પ્રેમમાં મસ્ત બનેલા પ્રેમી બાદશાહે પોતે અત્યંત પ્રેમભાવ વડે પાનનું એક બીડું પોતાને હાથે બેગમને ખવ-

ડાવ્યું જેથી તે માન આપવા ઉભી થઇ. પરંતુ બાદશાહ એથી કાંઇક જુદુંજ સમજ્યો, તેણે ધાર્યું કે 'બેગમ રીસાઈ ગઈ!' એટલે તેણે એકદમ રાણીના હાથ પકડી પ્રેમાલિંગન આપી પોતાના અંક (ખોળા) માં બેસાડી તે ચંદ્રમુખીના મુખ પ્રત્યે નિહાળ્યું. એ જોઈ બેગમે કટાક્ષ નેત્રે નિહાળી મંદ હાસ્ય કર્યું એટલે તેના મુખમાંથી તંબોળ રંગનું બુંદ નીકળી હડપચી ઉપર પડયું. તે લાલ રંગનું બુંદ ગૌર મુખચંદ્ર ઉપર અત્યંત શોભા આપતું હતું તેથી શાહે તેજ સમયે એક પાદપુર્તી સમશ્યાનું ચરણ રચ્યું—

'માનો ચંદકો છીર કસુંબ ચુવાયો.'

ત્યાર પછી તે દંપતિ જુદાં પડી સ્નાન, મંજન, ભોજન, શૃંગાર કરી પોત પોતાના કામમાં પરવર્યા. બાદશાહ જ્યારે દરબારમાં આવ્યો ત્યારે સર્વ સભાસદોને તેણે ઉકત્ સમશ્યાના અર્ધચરણ માટે પાદ પુરતી કરી આપવા કહ્યું. સર્વ કોઇએ પોતપોતાની તર્કશક્તિ મુજબ પાદ પુરતી કાવ્ય રચ્યાં, પણ બાદશાહના નિદાનોને મળતો એકે કવિતનો ભાવ ન હતો, છેવટે બીરબલ પ્રત્યે નિહાળી સમશ્યા કહી સંભળાવી એટલે બીરબલે તરત જ નીચે પ્રમાણે કાવ્ય રચી સંભળાવ્યું:—

એક સમે પિયૂને મુખમેં, કર ખોલકે આપ તંબોલ ખવાયો;
ચંદ્રમુખી મુખરે અપના, કર જોરહી કે જ્યોંહી શીશ નવાયો;
લોલનલાલ જીયે હિતસોં, ઉમંગી છતિયાં જીયરા હુરસાયો;
મુસકાતે ગિરી મુખમેં પીકસે, માનો ચંદકો છીર કસુંબ ચુવાયો

એ કવિત સાંભળી શાહ અત્યંત ખુશ થયો અને બીરબલના બુદ્ધિબળની પ્રશંસા કરી ઉત્તમ સરપાવ આપ્યો.

## વાર્તા ૩૧.

### રોગનું મૂળ ખાંસી ને વિનાશનું મૂળ હાંસી.

એક પ્રસંગે બાદશાહે બીરબલને કહ્યું " કવિરાય ! આજ રાત્રે મેં એવું તો આશ્ચર્યજનક સ્વપ્ન જોયું કે જાણે હું અત્તરના હોજમાં પડી ગયો હતો અને તમે મળમૂત્રના હોજમાં પડી ગયા હતા."

શાહનું આ પ્રમાણેનું ઉપહાસ્ય યુક્ત બોલવું સાંભળી બીરબલ બોલી ઉઠયો " નામદાર ! મેં પણ આજે રાત્રે એવા જ પ્રકારનું એક સ્વપ્ન જોયું, પરંતુ તેમાં વિશેષતા માત્ર એટલી જ હતી કે હું આપના શરીરને ચાટતો હતો અને આપ મારા શરીરને ચાટતા હતા." બીરબલનો આ દંતભંજક પ્રત્યુત્તર સાંભળી બાદશાહ તો ચુપજ થઈ ગયો.

## વાર્તા ૩૨.

### ચારે ગુણ સ્ત્રીમાં.

એક દિવસે બાદશાહે બીરબલને કહ્યું " બીરબલ ! મારી પાસે એવા ચાર માણસો લઇ આવ કે ચાર પૈકી એક બેશરમ-નિર્લજ્જ, બીજો કાયર-બ્હીકણ, ત્રીજો શરમાળ અને ચોથો નિડર હોય."

બીરબલે બીજે દિવસે એક બૈરીને લાવી શાહ આગળ ઉભી રાખી, શાહને અરજ કરી કે "નામદાર ! આપે મંગાવેલા ચાર મનુષ્યો તપાસી લો."

બાદશાહ હસી પડી કહેવા લાગ્યો " અરે, બીરબલ ! મને પણ તું આંધળો બનાવે છે ? માત્ર એક સ્ત્રીને લાવી ચાર માણસો બતાવે છે ? "

બીરબલે હાથ જોડી કહ્યું "ગરીબપરવર! એ સ્ત્રીના અંગમાંજ આપે બતાવેલા ચારે ગુણ રહેલા છે. કેમકે જ્યારે સ્ત્રી વિવાહમાં ફટાણા ગાય છે, ત્યારે પાસે બેઠેલા બાપ ભાઇ વગેરેની પણ શરમ રાખતી નથી. માટે બેશરમ. અંધારી કોટડીમાં જવા માટે જો ધણીએ આજ્ઞા કરી હોય તો કહે કે "બાપરે! હું તો બ્હીી મરૂં છું." માટે બ્હીકણ. જ્યારે સાસરે જાય છે ત્યારે મંદ સ્વરે બોલવું, અદબથી વર્તવું આચરે છે એટલે શરમાળ અને પુરૂષની સાથે પ્રેમ સંધાયો હોય તો કાળી રાત્રિ, ભૂત કે પ્રેત કે વાઘ ચોરથી પણ ન ડરતા નિશંકપણે પોતાની ધારેલી ધારણા પાર પાડે છે, જેથી નિડર છે. ચાર જુદા જુદા માણસોને ન લાવતાં એ ચારે ગુણના ભંડારરૂપ એકજ સ્ત્રીને લાવી હાઝર કરી છે."

બાદશાહ આથી ખુશ થયો અને ભારે ઈનામ આપ્યું.

## વાર્તા ૩૩.

### કઈ ઋતુ સારી.

બાદશાહે એક વેળા બીરબલને પૂછ્યું "બીરબલ! શીયાળો, ઉનાળો અને ચોમાસું એ ત્રણેમાંથી કઈ ઋતુ સારી?"

બીરબલે કહ્યું "નામદાર! હું તો સર્વ કાળ કરતાં વર્ષાકાળને અધિક સારો ગણું છું, કેમકે તેના યોગે ધાન્ય પાકે છે અને રાજા તથા રંકને પોષે છે. એ ન હોય તો સર્વ નકામું."

બાદશાહે તે વાત કબુલ રાખી, ધન્યવાદ આપ્યો.

## વાર્તા ૩૪.

### રાત્રિ દિવસ કોણું રળે ?

એક પ્રસંગે બીરબલને બાદશાહે એવો પ્રશ્ન કર્યો કે "બીરબલ ! જેને કોઈ કાળે પણ વિસામો લેવાનો વખત આવતોજ નથી એવી કઈ વસ્તુ છે ?"

બીરબલે તત્કાળ જવાબ આપ્યો કે "જહાંપનાહ ! શાહુકારનું વ્યાજ, કે જેને રાતે કે દિવસે વિશ્રાંતિ મળતી નથી અને હરવખત તે રળ્યાજ કરે છે.

## વાર્તા ૩૫.

### સ્વર્ગ અને નર્કના અધિકારી.

એક પ્રસંગે બાદશાહે પૂછ્યું "બીરબલ ! સ્વર્ગમાં કોણ જાય છે અને નર્કને કોણ પ્રાપ્ત કરે છે ?" બીરબલે તરતજ જવાબ આપ્યો "નામદાર ! જેના મૂવા પછી લોકો તેના વખાણ કરે તે સ્વર્ગે જાય અને જેની નિંદા થાય તે નર્કમાં જાય."

આવો સચોટ ઉત્તર સાંભળી બાદશાહ અત્યંત પ્રસન્ન થયો.

## વાર્તા ૩૬

### થોડું ઘણું.

એક દિવસ બાદશાહ ખાનગી દીવાનખાનામાં બેઠો હતો, તેવામાં બીરબલ પોતાની પાંચ વર્ષની છોકરી સાથે ત્યાં દાખલ થયો. બાદશાહને સલામ બજાવ્યા પછી બીરબલ બેઠો એટલે બાદશાહે છોકરીને પુછ્યું "દીકરી ! તને

બોલતાં આવડે છે ?" છોકરીએ જવાબ દીધો "સાહેબ ! થોડું ઘણું આવડે છે."

બાદશાહે કહ્યું "થોડું ઘણું તે શું ?" છોકરી બોલી "મારા કરતાં જેઓ મોટા છે તેમને જેવું બોલતાં આવડે છે તેમનાથી થોડું અને મારા કરતાં નાનાઓને બોલતાં નથી આવડતું તેમના કરતાં વધારે એટલે થોડું ઘણું."

આટલી નાની વયની છોકરીની આવી હુશીયારી જોઇ બાદશાહ આનંદ પામ્યો અને એક કીમતી પોષાક તે છોકરીને પહેરાવ્યો.

## વાર્તા ૩૭.

### આપનારનો હાથ નીચો.

એક દિવસે આનંદને વખતે બાદશાહે બીરબલને કહ્યું "બીરબલ ! એક માણસ બીજા માણસને કાંઈ આપે ત્યારે આપનારનો હાથ ઉપર અને લેનારનો હાથ નીચે એમ હોય છે, પણ કોઇવાર એથી ઉલટું બની શકે ?"

બીરબલે ઝટ દઈ 'હા' પાડી એટલે બાદશાહે કહ્યું "એ કેવી રીતે ? તે મને સમજાવ."

બીરબલ બોલ્યો "જહાંપનાહ ! તપકીર આપતી વેળાયે આપનારનો હાથ નીચે હોય છે અને લેનારનો હાથ ઉપર."

બીરબલની હાઝર જવાબીથી બાદશાહ બહુજ ખુશ થયો.

## વાર્તા ૩૮.
### કંકણ અને કેશ.

એક પ્રસંગે બાદશાહ અને બીરબલ એકાંતમાં વાતો કરતા બેઠા હતા, તે પ્રસંગે બાદશાહે પૂછ્યું " બીરબલ ! તું રોજ તારી પત્નિના હાથને તારો હાથ લગાડતો હશે તો તારી પત્નિના દરેક હાથમાં કેટલા કંકણ છે ? "

બાદશાહનો આ સવાલ સાંભળી બીરબલ વિચારમાં પડી ગયો. તેનો એવો ધારો હતો કે જુઠો જવાબ કદિએ ન આપવો. એટલે તેણે કહ્યું " નામદાર ! મારી પત્નિના હાથને મારો હાથ દિવસમાં એકાદ વખતે લાગતો હશે, પણ આપતો આપની દાઢીને દિવસમાં સેંકડો વખત હાથ લગાડો છો. તો આપ જ કહી આપો કે આપની દાઢીમાં કેટલા વાળ છે ! "

આ ઉત્તર સાંભળી બાદશાહ વિચારમાં પડયો કે " હા એ પણ ખરી વાત ! પરંતુ દાઢીના વાળ કાંઈ ગણી શકાતા નથી, વળી બીરબલે કાંઇ કંકણ ગણી મૂક્યા નહીં હોય. "

બીરબલ બોલ્યો, " નામવર ! સ્ત્રી જાતનો કાંઈ નિયમ નથી, કોઈ વેળા બે કંકણ વધારે પહેરે છે. અને કોઇવાર બે ઓછા પહેરી લે છે. ખેર, એ તો રહ્યું પણ આપ દર-રોજ મહેલમાં જતી વખતે સંગે મરમરના દાદર ઉપર ચઢ ઉતર કરો છો તો તેના પગથીયા કેટલા છે એ બતાવશો ? "

બાદશાહે લાચાર થઈ કહ્યું " ના, એ પગથીયાં તો મેં કદિ પણ ગણ્યાં નથી. " બીરબલે કહ્યું " ખુદાવિંદ ! જે ચીઝ સ્થિર છે તે આપે ગણી નથી તો કંકણ જેવી અસ્થિર વસ્તુની ગણત્રી હું કેમ રાખી શકું ? "

બાદશાહ આ જવાબ સાંભળી ચુપ થઈ ગયો.

## વાર્તા ૩૯.

### નિકસો રવિ ફોડ પહાડકી તાંઈ

એક દિવસે બાદશાહ સ્હવારના પહોરમાં મહેલના ઝરોખામાં બેસી પ્રભાતની શોભા જોતો હતો. તેનો મહેલ જમના કીનારા ઉપરજ હતો એટલે આસપાસનો દેખાવ અતિ સુંદર જણાતો હતો. એટલામાં બાદશાહની નઝર જમના જળમાં સ્નાન કરતી એક પરમ સૌંદર્ય મંડિત યુવા સ્ત્રી ઉપર પડી. તે જ્યારે પાણીમાં ન્હાવા ઉતરી ત્યારે જાણે સૂર્યચંદ્રની છાયા પડતી હોય તે પ્રમાણે તેના સૌંદર્યનું પાણીમાં પ્રતીબિંબ પડતું હતું. તે જ્યારે ડુબકી મારીને પાછી ઉપર આવી ત્યારે તેના માથાના વાળ તેના મોઢા ઉપર પડ્યા હતા, જે તેણે બે હાથોવડે બેઉ બાજુએ કર્યા. એટલે જાણે પર્વત ભેદીને સૂર્ય પ્રકાશી નીકળ્યો હોય એવો ભાસ થયો. આ સઘળું બાદશાહે જોઈ એક ચરણ બનાવી કાઢયું:—

નિકસો રવિ ફોડ પહાડકી તાંઈ.

આ શબ્દો કાંઇક ચમત્કારી જણાયાથી બાદશાહ તે વારંવાર બોલવા લાગ્યો. થોડીવાર પછી બીરબલ આવી પહોંચ્યો તેના સાંભળવામાં એ શબ્દો આવ્યા એટલે તે બોલી ઉઠયો “ કૃપાનાથ ! એ ચરણનું કવિત મ્હેં બનાવ્યું છે, તે આપ સાંભળવા કૃપા કરશો ? ”

બાદશાહે કહ્યું “ બીરબલ ! તારૂં કવિત કોણ ન સાંભળે ? બોલ જોઈયે તે કેવુંક છે ? ” બીરબલ બોલ્યો “ જહાંપનાહ ! સાંભળો:—

કવિત.

રાત સમય રસ કેલી કિયો,
આલી ભોર ભયે ઉઠ મંજન ધાઇ;
નીરકે છીરમેં દે ડુબકી,
જમુના જલ જેસે ચંદકી છાંઇ;
લે ડુબકી જલસે જબ ઉભરી,
ઉલઝી અલકેં મુખ ઉપર આંઇ;
દોઉ કર કેસ સંવાર લીયો,
નિકસો રવિ ફોડ પહાડકી તાંઇ.

આ બરાબર બંધબેસ્તું કવિત સાંભળી બીરબલને સરસ્વતીએ વરદાન આપેલુંજ હોવું જોઇયે, તે વગર આવું કવિત બનાવવું અશકય છે. એવી બાદશાહને સંપૂર્ણ ખાત્રી થઈ ગઈ.

## વાર્તા ૪૦.

### કીર્તિને કાળ નવ ખાય.

એક પ્રસંગે દરબાર ભરાયો હતો. અમીર અને અન્ય દરબારીયો સૌ કોઇ પોતપોતાના સ્થાનમાં ગોઠવાઈ ગયા હતા. એવામાં એક કવિએ આવી કહ્યું:—

દોહરો.

કહા ન અબલા કર સકે, કહા ન સિંધુ સમાય;
કહા ન પાવકમેં જલે, કહા કાલ નવ ખાય?

આ સાંભળી બધા વિચારમાં પડી ગયા, એટલામાં બીરબલ બોલી ઉઠયો:—

દોહરો.

સુત નહીં અબલા કર સકે, મન નહીં સિંધુ સમાય;
ધર્મ ન પાવક મેં જલે, કીર્તિ કાલ નવ ખાય.

આ જવાબ સાંભળી બધા " વાહ, વાહ " પોકારી ઉઠયા. પેલો કવિ પણ આનંદ પામ્યો, એટલે બાદશાહે બન્નેને ઇનામ આપ્યા.

---

## વાર્તા ૪૧.

### સુખી કોણ ?

એક વેળા ભર દરબારમાં બાદશાહે પૂછયું " બીરબલ ! સુખી કોણ ? "

બીરબલે કહ્યું "નામદાર ! જીવતું માણસ કોઈ કાળે પણ સુખી ન કહી શકાય. એતો મૂવા પછીજ સુખી કહેવાય છે."

બાદશાહે પૂછયું " તેનું શું કારણ ? "

બીરબલ બોલ્યો " જે માણસ આજે સુખી છે તે કાલે દુઃખદ અવસ્થામાં આવી પડે છે, એટલે કે દુઃખનો માથે ઝઝુમી રહેલો પર્વત કયારે માથે પડશે એ કોઈથી કળી શકાતું નથી અને રાત્રિ દિવસ તેનીજ ફીકર રહે છે. એટલે પછી તેને સુખી કયાંથીજ કહેવાય ? વળી બ્હારથી સુખી દેખાતા મનુષ્યનું અંતઃકરણ સુખી છે કે દુઃખી તે કેમ જાણી શકાય ? માટે ખરી રીતે તો માણસ મૂવા પછીજ સુખી બને છે.

આ સાંભળી સૌ ચકિત થયા, અને બાદશાહના મનને પણ ઘણોજ આનંદ થયો.

---

## વાર્તા ૪૨.

### સૌના મનમાં શું ?

એક દિવસે બાદશાહે દરબારમાં સવાલ પૂછયો કે " અત્રે વિરાજેલા દરબારીયોના મનમાં હમણાં શો વિચાર હશે ! તે કોઇ બતાવી શકશે ? "

આ સાંભળી તમામ દરબારીયો વગેરે ભયભીત બની ગભરાવા લાગ્યા. તેઓના મુખપરની લાલી ઉડી ગઇ. સવાલનો જવાબ શો આપવો એની કોઇને સમજ ન પડી, કેમકે જો ખોટો જવાબ આપે તો અપમાન થાય. એટલે બધા ચુપચુપ બેઠા. એ સવાલનો જવાબ આપવાની ઉમરાવોમાં તાકાત નથી એમ જાણી બાદશાહે બીરબલને તેનો જવાબ પૂછયો. બીરબલે કહ્યું " જહાંપનાહ ! બધાનો જુદો જુદો વિચાર કહું, કે એક સાથેજ બતાવું ?"

બાદશાહે અજાયબી પામીને કહ્યું કે " બસ, એકજ જવાબમાં કહો. " બીરબલ બોલ્યો " નામદાર ! અહીં બેઠેલા સૌ માણસોના મનમાં એવોજ એક વિચાર છે કે, જ્યાં સુધી રવિ, શશિ તપે છે ત્યાં સુધી તમારૂં રાજ્ય, તમારૂં સુખ, તમારૂં તેઝ તપી અવિચલ રહી અથાગ સુખના ભોક્તા થાવ. જો મારા જવાબમાં આપને કાંઈ શંકા થતી હોય તો વિરાજમાન થયેલા અમીર ઉમરાવોને પૂછી ખાત્રી કરી લો. "

આ ચમત્કારીક યુક્તિ જોઇ બાદશાહ અને દરબારીયો બીરબલ ઉપર ફિદા ફિદા થઈ ગયા.

## વાર્તા ૪૩.

### ચંચલ નૅન છિપે ન છિપાયે !

એક પ્રસંગે બાદશાહ બીરબલ સાથે સંધ્યા સમયે વાયુવિહાર અર્થે જતો હતો. એવામાં એકાએક તેની દૃષ્ટિ એક ઉત્તમ કુલની સૌંદર્યવતી સ્ત્રી ઉપર પડી, જે પોતાના મકાનના ઝરોખામાં ચક પાછળ બેઠી હતી. તેને જોતાંજ બાદશાહે તત્કાળ એક સમસ્યા ઘડી કાઢી કેઃ–" ચંચલ નૅન છિપે ન છિપાયે. "

ત્યાર પછી બીરબલને તે સમસ્યા કહી સંભળાવી તેની પૂર્તિ કરવા આજ્ઞા આપી. પણ બીરબલે ક્યાં જાય એવો હતો ? જેને સરસ્વતીએ વરદાન આપ્યું હોય તેને તે વળી ક્યાં વિચાર કરવો પડે એમ છે ? તેણે તરતજ નીચે પ્રમાણે પૂર્તિ કરી આપીઃ–

કવિત.

સૂર્ય છિપે બદરી બદરી, ઔર ચન્દ્ર છિપે હે અમાવસ આયે;<br>
પાનીકી બૂંદ પતંગ છિપે, ઔર મીન છિપે ઇચ્છા જલ પાયે;<br>
ભોર ભયે પર ચોર છિપે, ઔર મોર છિપે ઋતુ ફાગુન આયે;<br>
ઘૂંઘટ ઓટ કરો યદિ સો, પર ચંચલ નૅન છિપે ન છિપાયે.

---

## વાર્તા ૪૪.

### આ સડક ક્યાં જાય છે ?

એક દિવસ બાદશાહ બીરબલને સાથે લઈ શિકારે નીકળ્યો. જંગલમાં તેઓ ભૂલા પડી ગયા. એવામાં એક ખેડુત સ્હામેથી આવતો દેખાયો, એટલે તેને પૂછ્યું “ભાઈ ? આ સડક ક્યાં જાય છે ? ” આ સાંભળી

પેલા ખેડૂતે કહ્યું "તમે પણ કેવા મૂર્ખ છો ?! સડક તે વળી ક્યાં જઈ શકે ? એતો નિર્જીવ પડી છે !! હા, પ્રાણીઓ અવશ્ય તે ઉપર આવજા કરે છે."

આ પ્રત્યુત્તર સાંભળી અકબર અને બીરબલ ઉભય લજ્જિત બની એક બીજાનું મોઢું જોવા લાગ્યા.

## વાર્તા ૪૫.

### દાદએ હુઝૂરસ્ત.

એક દિવસે બાદશાહ અને બીરબલ પોતપોતાના ઘોડાઓ ઉપર સ્વાર થઈ ફરવા નીકળ્યા. માર્ગમાં બાદશાહે બીરબલને કહ્યું "ઈ અસ્પે પિદરે શુમાસ્ત ?" (આ ફારસી વાક્યના બે અર્થ લઈ શકાય. એક તો એકે "આ ઘોડો તમારા પિતાનો છે ?" અને બીજો અર્થ અસ્પે ને બદલે અસ્પ કહેતાં "આ ઘોડો તમારો બાપ છે ?" એવો થાય છે). બીરબલ બાદશાહની મતલબ સમજી ગયો હતો એટલે તેણે પણ એવોજ દ્વીઅર્થી ઉત્તર આપ્યો કે "દાદએ હુઝૂરસ્ત" અર્થાત્ "આપનો આપેલો છે" અથવા "આપનો દાદા–પિતામહ–છે."

બાદશાહ આ ઉત્તર સાંભળી ચુપ થઈ ગયો.

## વાર્તા ૪૬.

### સંસારમાં પુરૂષો વધારે કે સ્ત્રીઓ ?

એક દિવસ બાદશાહ અને બીરબલ શાહી મહેલમાં બેઠા બેઠા વાતો કરતા હતા. બેગમ પણ ત્યાંજ હાઝર

હતી. વાત પરથી વાત નીકળતાં બેગમે પૂછયું "કવિશ્રી! સંસારમાં પુરૂષો વધારે કે સ્ત્રીઓ ?"

બીરબલે તરતજ જવાબ આપ્યો "હુઝૂર ! સ્ત્રી પુરૂષો સરખી સંખ્યામાંજ છે, પરંતુ (ત્યાં ઉભેલા એક ખાજાસરા તરફ આંગળી બતાવી) આ લોકોએ હીસાબમાં ભારે ગોંટાળો કરી મૂકયો છે. જો સ્ત્રીઓની સંખ્યા ગણુવામાં આવે, તો આ લોકો સ્ત્રીઓ તરીકે પેસી જાય છે અને જો પુરૂષોનું વસ્તીપત્રક બનાવવામાં આવે, તો પુરૂષ તરીકે પોતાને ઝાહેર કરે છે."

આ જવાબ સાંભળી બાદશાહ અને બેગમ બન્ને ખુશ થયા અને ખોજો બીચારો લજ્જિત બની ત્યાંથી ચાલતો થયો.

## વાર્તા ૪૭.

### તંબાકુ ગધા નહીં ખાતા.

બાદશાહ અને બીરબલ એક દિવસે સંધ્યા વેળા મહેલની અગાશી ઉપર ઉભા ઉભા સૃષ્ટિસૌંદર્ય નિહાળી રહ્યા હતા; એવામાં બાદશાહની નઝર તંબાકુના ખેતરમાં ઉભેલા ગધેડા ઉપર પડી. બીરબલ તંબાકુ ખાતો હતો અને બાદશાહ પોતે નહીં ખાતો હોવાથી તેણે કહ્યું "બીરબલ ! જુઓ, તંબાકુને ગધેડો પણ નથી ખાતો." તરતજ બીરબલે જવાબ આપ્યો "હુઝૂર ! એવાઓએજ આનો ત્યાગ કર્યો છે !!"

આ દંતભંજક જવાબ સાંભળી બાદશાહ હસી પડયો અને બીરબલની હાઝર જવાબીના વખાણ કરવા લાગ્યો.

## વાર્તા ૪૮.

### રખપત એને રખાપત.

એક દિવસ દરબારમાં બાદશાહે પૂછયું "પત કેટલા છે એ કોઇ કહેશે ?"

પંડિત જગન્નાથ બોલી ઉઠયા "જહાંપનાહ ! પત પાંચ છે (૧) ઈન્દ્રપત (૨) સોનપત (૩) પાનીપત (૪) બલપત." સર્વેએ એ વાતને માન્ય રાખી, પણ બીરબલ ગુપચુપ બેસી રહ્યો. બાદશાહે તેના મૌનનું કારણ જાણી લઈ પૂછયું "કેમ, બીરબલ ! પત પાંચ ખરા કે નહીં ?" બીરબલે હાથ જોડી કહ્યું "જહાંપનાહ ! પત સાત હોય છતાં પાંચને ખરા કેમ કહી શકું ? મારા ધારવા પ્રમાણે પંડિતજી ભૂલી ગયા હશે, નહીં તો ખરેખરા બે પત તો બાકીજ રહે છે !!"

બાદશાહે પૂછયું "એ બે પત કયા ?" બીરબલ બોલ્યો "હજૂર ! રખપત અને રખાપત." બાદશાહે તેનો ખુલાસો પૂછતાં તેણે કહ્યું "આલમપનાહ ! આ બે પતને આધારેજ ભલમનસાઈ પારખી શકાય છે. પોતાની પ્રતિષ્ઠા સ્હામાવાળાની પ્રતિષ્ઠા રાખવાથીજ રહી શકે છે."

બધા દરબારીઓ અને ખુદ બાદશાહ બીરબલની બુદ્ધિને ધન્યવાદ આપવા લાગ્યા. પંડિતજીયે પણ પોતાની ભૂલ કબુલ કરી.

## વાર્તા. ૪૯.

### ટાઢ કેટલી !

શરદૃઋતુમાં એક દિવસે ઘણીજ ટાઢ પડી. સ્હવારમાં બીરબલ બાદશાહ પાસે હાઝર થયો, પણ બાદશાહને વધારે સરદી લાગતી હોવાથી તેણે પૂછ્યું " બીરબલ ! ટાઢ કેટલી છે ? "

બીરબલ બોલ્યો " હુઝૂર ! બે મુઠ્ઠી બરાબર. " બાદશાહે પુછયું " બે મુઠી કેવી રીતે ? " ત્યારે બીરબલે મહેલની સ્હામે સડક ઉપર મુઠીઓ વાળી બગલામાં દબાવીને જતા એક ગામડીયાને દેખાડી કહ્યું " જુઓ, નામદાર ! બે મુઠી બરાબર સરૃદી છે કે નહીં ? ! "

બાદશાહે તે વાત માન્ય રાખી અને બીરબલના બહુજ વખાણ કર્યા.

## વાર્તા ૫૦

### પાદ અને દસ્ત.

એક દિવસે બાદશાહે કહ્યું " બીરબલ ! તમારી હીંદી ભાષા તો તદ્દનજ ગંદી છે. પગ જેવા માનવ શરીરના ઉત્તમ અંગને કે જેના વડે તીર્થાટન કરી શકાય છે, પાદ કહેવામાં આવે છે ! ? " બીરબલ ઝટ બોલી ઉઠયો " જહાંપનાહ ! આપની ફારસી ભાષાનું પણ એમજ છે. સર્વ માનવ અંગોમાં સરતાજ એવા હાથને ફારસી ભાષામાં દસ્ત (મળ) કહેવામાં આવે છે ! ! "

આ ઉત્તર સાંભળી બાદશાહ પોતાના હાસ્યને અટકાવી ન શકયો.

## વાર્તા ૫૧.

### દાઢી ખેંચનારને મીઠાઇ ખવડાવો.

એક વેળા બાદશાહ ઝનાના મહેલમાં બેઠો હતો એવામાં બેગમે પૌત્રને લાવી તેની ગોદમાં આપ્યો, બાળક રમતાં રમતાં એકદમ ખુશ થઈ બાદશાહની દાઢી ખેંચવા લાગ્યો. બાદશાહ ઝનાનામાંથી બ્હાર નીકળ્યો એવામાં બીરબલ આવી ચઢયો એટલે બાદશાહે તેને પૂછયું "બીરબલ ! મારી દાઢી ખેંચનારને શું કરવો જોઇયે ?" બીરબલે ચેતી જઈ કહ્યું "જહાંપનાહ ! એને મીઠાઇ ખવડાવો."

આ ઉત્તર સાંભળી બાદશાહ પ્રસન્ન થઈ તેને ભેટી પડયો.

## વાર્તા પર.

### રાંડ અને ભડવો.

એક પ્રસંગે બાદશાહે બીરબલને આજ્ઞા આપી કે "બાગમાંથી પુરૂષોને હટાવી પડદાનો બંદોબસ્ત કરો." બીરબલે બાદશાહની આજ્ઞાનુસાર પ્રબંધ કર્યા પછી વિનોદની ખાતર બાદશાહને આવી કહ્યું "પૃથ્વિનાથ ! બીજા તો સઘળા પુરૂષો ચાલ્યા ગયા, પરન્તુ એક પુરૂષ કુવામાંથી બહાર નીકળતો નથી." બાદશાહ બેગમને સાથે લઇ કુવામાં ભરાઇ રહેલા માણસને જોવા બીરબલ સાથે ગયો. ત્રણેએ એકી સાથે કુવામાં જોયું તો ત્રણ પડછાયા દેખાવા લાગ્યા. બીરબલ તરતજ બોલી ઉઠયો "હુઝૂર ! જુઓ, પહેલાં તો એ હરામઝાદો એકલોજ હતો, પણ આ વખતે

તો પોતાની સાથે એક રાંડ અને એક ભડવાને પણ તેડી આવ્યા છે.”

બાદશાહ અને બેગમ એ વિનોદથી બહુજ ખુશી થયાં.

## વાર્તા ૫૩.

### હા, મહેરબાન !

એક દિવસે બાદશાહે કહ્યું “બીરબલ! જેના નામની સાથે બાન લગાડવામાં આવે છે તે માણસ બહુજ લુચ્ચો હોય છે. જેમકે ગાડીબાન, દરબાન, ફીલબાન વગેરે.”

બીરબલ તરતજ હાથ જોડી બોલી ઉઠયો “હા, મહેરબાન !”

બીરબલે પોતાને પણ લુચ્ચો બનાવેલો જાણી બાદશાહ ચુપ થઇ ગયો.

## વાર્તા ૫૪.

### કુરઆનની મીંડા વિનાની ટીકા.

શેખ ફયઝી ઘણોજ વિદ્વાન મંત્રી હતો. તેણે કુરઆનની “સબાતહુલ ઈલહામ” નામથી એવી ટીકા બનાવી જેમાં નુકતા (મીંડા) વાળો કોઈ પણ અક્ષર ન હતો. આ કાર્ય ઘણુંજ કઠિન છે. અને ફયઝી શિવાય કોઇ અન્ય વિદ્વાન આજસુધી એવા પ્રકારની ટીકાનું પુસ્તક રચી શકયે નથી; કેમકે ફારસી અને અરબીમાં નુકતાવાળા અક્ષર ૧૮ છે અને નુકતા વગરના ૧૫ અક્ષર છે. આમ હોવા છત “બિસ્મિલ્લાહ” લખવા માટે મુંઝવણ પડી, કેમકે પુસ્તકન આરંભમાં એ તો લખવીજ પડે. બહુજ વિચાર કર્યા છત

કાંઇ સમજ ન પડી એટલે ફૈયઝીએ બીરબલની સલાહ લેવા તેને પુછ્યું " પ્રિય મિત્ર ! મારી મીંડા વગરની ટીકાને મથાળે " બિસ્મિલ્લાહ " ને બદલે શું લખું ? "

બીરબલની અક્કલ ઘણે દૂર સુધી પહોંચતી હતી. તેણે ઝટ કહ્યું " કલ્મા ( કલ્મા-ઈસ્લામનો મહામંત્ર-માં એક પણ મીંડાવાળો અક્ષર નથી ) લિખ દો. "

આ સાંભળતાંજ ફૈયઝી હર્ષઘેલો થઈ ગયો, તેણે કહ્યું " ભાઈ ! આટલોજ અંશ આ પુસ્તકમાં ગુરૂત્વનો શેષ રહી ગયો હતો. "

## વાર્તા ૫૫.

### લોટા નથા.

એક વેળા બાદશાહે બીરબલને પુછ્યું "બ્રાહ્મન પ્યાસા ક્યોં ? ગધા ઉદાસ ક્યોં ? " બીરબલે બન્ને પ્રશ્નોનો એક જ ટુંકો જવાબ આપી દીધો " હુઝુર ! લોટા નથા." અર્થાત્ બ્રાહ્મણ પાસે લોટો ન હોવાથી તે તરસ્યો રહ્યો અને ગધેડો આળોટયા વગર ઉદાસ રહ્યો.

## વાર્તા ૫૬.

### ચાર પ્રશ્નો.

એક વખતે બીરબલને બાદશાહે સવાલ કર્યો " કોન ચહેહે બરસના, કોન ચહેહે ધૂપ, કોન ચહેહે બોલના, કોન ચહે હે ચૂપ. " અને સાથેજ સાથે કહ્યું "જો, આનો ઉત્તર નહીં આપવામાં આવે તો પ્રાણદંડની શિક્ષા કરવામાં આવશે. " બીરબલે તત્કાળ ઉત્તર આપ્યો:—

માલી ચાહે બરસના, ધોબી ચાહે ધૂપ;
શાહ જો ચાહે બોલના, ચોર જો ચાહે ચૂપ.

બાદશાહે કહ્યું દોહરો તો તમે ઘણોજ ઉત્તમ બનાવ્યો, પણ હજુ એ સંતોષકારક નથી; માટે એને કોઇ બીજી રીતે કહો.” બીરબલ બોલ્યોઃ—

અતિકા ભલા ન બરસના, અતિકી ભલી ન ધૂપ
અતિકા ભલા ન બોલના, અતિકી ભલી ન ચૂપ.

બાદશાહ આ બંને દોહરા સાંભળી અત્યંત પ્રસન્ન થયો.

## વાર્તા ૫૭.

### હથેલીમાં હાથી ડૂબ્યો.

એક દિવસે એક બેગમ ( રાણી ) સ્હવારે ઉઠી મોઢું ધોવા બેઠી. પોતાને કપાળે ચાંદલો ચોડેલો છે એ વાત તે ભૂલી ગઇ હતી એટલે મોઢું ધોતાં તે ચાંદલો તેના હાથમાં આવી પડયો. એ ચાંદલામાં હાથીનું ચિત્ર હતું એથી જાણે હથેલીનાં પાણીમાં હાથી ડૂબી ગયો હોય એવો ભાસ થવા લાગ્યો. રાણીએ તે વાત બાદશાહને કહી સંભળાવી.

બપોરે દરબારનું કાર્ય સમાપ્ત થતાં બાદશાહે ગંગને પૂછયું “કવિજી હથેલીમાં હાથી કેમ ડૂબ્યો?”

ગંગે હાથ જોડી કહ્યું “હુઝૂર! આમાં તો કાંઇક રસાલંકાર જણાય છે. સાંભળોઃ—

સવૈયા.

સોલ સિંગાર સજી અતિ સુંદર,રેન રમીયોં પિયા સંગ રાની;
ઉઠ પ્રભાત કમલમુખ ધોવત, ટીક ખસી હથેલી લિપટાની;
તામેં ચિત્ર હતો ગજરાજ, અજીવક બૂબક કાહુ પિછાની;
કવિગંગ કહે સુન શાહ અકબર, ડૂબત હાથી હથેરીકે પાની.

ગંગનું બોલવું સાંભળી, આનંદ પામી, બાદશાહ બોલ્યો "બારોટજી ! તમે પણ ખૂબ કરી ?! વારૂ, કોઈ બીજું કવિત પણ સંભળાવો."

ગંગે હાથ જોડી કહ્યું "જેવી ખુદાવિંદની આજ્ઞા"

સવૈયા

જ્ઞાન ઘટે કોઇ મૂઢકી સંગત, ધ્યાન ઘટે બિન ધીરજ લાએ;
પ્રીત ઘટે કોઈ સુંગેકે આગે, ભાવ ઘટે નિતહિ નિત જાએ;
શોક ઘટે કોઇ સાધુકી સંગત, રોગ ઘટે કુછ ઓસડ ખાએ;
કવિ ગંગ કહે સુન શાહ અકબર, દારિદ્ર કટે હે હરિગુણ ગાએ.

બાદશાહે અત્યંત આનંદ પામી શાબાશી આપી. બીરબલ વધુ વાણી વિનોદ કરાવવાના હેતુથી બોલ્યો "જહાંપનાહ ! ગંગ બારોટ તે કાંઈ જેવા તેવા છે ?! એ તો બારોટમાં શિરોમણિ છે."

ગંગે હાથ જોડી કહ્યું "એ સૌ નામદાર શહેનશાહના પ્રતાપ છે !"

બીરબલ બોલ્યો "પણ એમાંયે પોતામાં રતિ જોઇયે, રતિ વિનાનું કાંઈજ નથી."

ગંગ બોલ્યા "પુરૂષમાં જ્યાં સુધી રતિ ન હોય ત્યાં સુધી તે નકામો છે. સાંભળોઃ—"

સવૈયા.

રતિ બિન રાજ, રતિ બિન પાટ,
રતિ બિન છત્ર નહીં એક ટીકો;
રતિ બિન સાધુ, રતિ બિન સંત,
રતિ બિન જોગ ન હોય જતીકો;

રતિ બિન માત, રતિ બિન તાત,
રતિ બિન માનસ લાગત ફીકો;
કવિ ગંગ કહે સુન શાહ અકબર,
નર એક રતિ બિન એક રતીકો.

આ સવૈયો સાંભળી બાદશાહ ઘણોજ આનંદ પામ્યો. થોડીકવાર કેટલોક વિનોદ થયા પછી બાદશાહે પુછયું કવિજી !—

દુહો.

સબ નદીઅનકો નીર હે, ઉજ્વલ રૂપ નિધાન;
શાહ પૂછે કવિ ગંગકો, જમુના કયું ભઇ શ્યામ ?

ગંગે હાથ જોડી નમ્રતાથી જવાબ આપ્યો " ખુદાવિંદ ! સાંભળો:—

સવૈયા.

જા દિન તેં જદુનાથ ચલે,
બ્રજ ગોકુલસેં મથુરા ગિરિધારી;
તા દિનતેં બ્રજનાયિકા સુંદર,
રંપતિ, ઝંપતિ, કંપતિ પ્યારી;
ઉનકે નેનનકી સરિતા ભઈ,
(જેસે) શંકર શીષ ચલે જલભારી;
કવિ ગંગ કહે સુન શાહ અકબર,
તા દિનતેં જમુના ભઈ કારી.

બાદશાહ અત્યંત આનંદ પામ્યો અને એક કીંમતી સરપાવ કવિને આપ્યો; તેમજ બધા દરબારીયોએ પણ ગંગને " વાહવાહ " " શાબાશ, શાબાશ, " ના ઉદ્ગારોથી વધાવી લીધો.

## વાર્તા ૫૮.
### અકબરી રામાયણ.

એક દિવસે બાદશાહ અને બીરબલ એકાંતમાં વાતો કરતા હતા. વાત પરથી વાત નીકળતાં બાદશાહે "અકબરી રામાયણ" રચાવવાની ઇચ્છા પ્રકટ કરી. બીરબલે પણ એ કાર્ય પુરૂં કરવાનો સ્વિકાર કર્યો. બાદશાહની ઈચ્છા જાણીને બીરબલ બોલ્યો "દયાસિંધુ ! એ પુસ્તક રચવામાં ઓછામાં ઓછો બે માસ જેટલો લાંબો સમય વીતીજ જવાનો, તેમજ તેની પાછળ કેટલો ખર્ચ કરવો પડશે એનું બરાબર અનુમાન અત્યારથીજ કરી શકાય એમ નથી. પરંતુ, હાલ તરતને માટે દસ હઝાર રૂપીયા યોગ્ય સાધનો એકઠા કરવા પાછળ જોઈયેજ, એટલે આપ એ રકમ અપાવો તો આજથીજ કાર્યનો આરંભ કરી દઉં."

બાદશાહે દસ હઝાર રૂપીઆ અપાવી દીધા. બીરબલે એ રકમનો વ્યય એવા પ્રકારે કર્યો કે જ્યાં જ્યાં કુવા, તળાવ વગેરે ખોદાવવાની આવશ્યકતા હતી ત્યાં તે ખોદાવ્યા. જ્યારે બે માસ વીતવા આવ્યા ત્યારે પોતાના એક નોકરને માથે કોરા પાનાનું એક મોટું પુસ્તક ચઢાવી બીરબલ બાદશાહ સમિપ હાજર થયો અને જણાવ્યું "હુઝૂર ! અકબરી રામાયણ હવે શીઘ્રજ સમાપ્ત થશે, પણ એમાં માત્ર એકજ વાતની ન્યૂનતા રહેવા પામી છે અને તે વિષે બેગમ સાહેબ પાસેથી ખુલાસો મેળવવો પડશે. પ્રથમ તો, આપ એટલું બતાવો કે જેવી રીતે રામાયણમાં એક નાયક અને એકજ નાયિકા હતી, પણ આપને ત્યાં તો એથી તદ્દન વિપરિતજ છે. આપ (નાયક)

તો એકજ છો પણ નાયિકાઓ ઘણી છે, માટે આપ જેને મુખ્ય ગણતા હો તેની પાસેથી ખુલાસો મેળવવો રહ્યો.

બાદશાહે કહ્યું "મોટી બેગમને નાયિકા બનાવો."

આ સાંભળી બીરબલ પુસ્તક ઉપડાવી બેગમ પાસે ગયો અને થોડીક સાધારણ વાતચીત કર્યા બાદ પૂછવા લાગ્યો "જેવા પ્રકારે રામચંદ્રજીના રામાયણી નાયિકા સીતાજીને ચૌદ વર્ષ સુધી રાવણના ઘરમાં રહેવું પડયું હતું. તેવી રીતે આપ કોને ત્યાં રહ્યા છો ! એવો ઉત્તર મળતાં "અકબરી રામાયણ" સંપુર્ણ રીતે લખાઈ જશે."

આ વાત સાંળળી બેગમ ઘણીજ ગુસ્સે થઈ, તેણે દાસીને પેલું પુસ્તક બાળી નાંખવાની આજ્ઞા આપી દીધી. દાસીએ બેગમના દેખતાંજ તે બાળી નાંખ્યું. આ બનાવ બન્યા પછી બીરબલ નિરાશ થતો ત્યાંથી બાદશાહ પાસે ગયો અને બધી હકીકત કહી સંભળાવી અને કહ્યું "જહાંપનાહ ! હવે આપની શી આજ્ઞા છે ? જો ફરીથી એ પુસ્તક લખાવવાની ઈચ્છા હોય તો તે થઈ શકે તેમ છે."

બાદશાહ બોલ્યો "બીરબલ ! ખેર, જે બનવાનું હતું તે બની ગયું, હવે બીજી વાર લખાવવાની આવશ્યકતા નથી. રામચન્દ્રજીની સમતા હું ક્યાંથી કરી શકું ? મેં તો કેવળ તારી પરિક્ષા લેવા ખાતર એ કામ કર્યું હતું. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે જે રૂપીયા તને આપવામાં આવે છે તેનો વ્યય તું સારા સારા કામોમાં કરે છે; એટલા માટેજ હું ગમે તે બ્હાને તને રૂપીયા આપ્યા કરૂં છું."*

---

* આવાજ મતલબની એક વાર્તા "શાહી મહાભારથ"

## વાર્તા ૫૯.

### ઘુંઘચી (ચણોઠી)ની માળા.

એક દિવસ બાદશાહે બીરબલને પૂછયું " તમારા શ્રી કૃષ્ણજી ચણોઠીની માળા કેમ ધારણ કરતા હતા ? શું તેમને મોતીયોની માળા નહોતી મળતી ? "

બીરબલે કહ્યું " જહાંપનાહ ! શાસ્ત્રોમાં લખ્યું છે કે ' જે વસ્તુ એકવાર પણ સોનાથી તોળાય છે તે બહુજ પવિત્ર ગણાય છે. ' એટલે ચણોઠી તો સેંકડો બલ્કે હજારો વાર સોના વડે તોળાય છે, એટલા માટે એની પ્રતિષ્ઠા સૌ કરતાં વધારે શા માટે ન હોય ? એજ કારણે શ્રીકૃષ્ણજીએ હીરા મોતીની માળાઓ ન પહેરતાં ચણોઠીની માળા ધારણ કરી હતી. "

આ રોકડીયો જવાબ સાંભળી બાદશાહને હસવું આવી ગયું.

## વાર્તા ૬૦.

### નદી કેમ રડે છે ?

વર્ષાઋતુમાં એક દિવસ જમના કિનારે આવેલા રાજમહેલમાં અકબર સૂતો હતો, એવામાં નદીમાં અણુ-

માટે લખાઇ છે, પણ તેમાં માત્ર એટલોજ ફેર છે કે, આ વાર્તામાં જેવી રીતે સીતાજીના લંકા નિવાસ પરથી સવાલ પૂછયો હતો, તેવી રીતે પેલી બીજી વાર્તામાં બીરબલે બેગમને એવો સવાલ પૂછયો કે " દ્રૌપદીના પાંચ ધણી હતા એટલે આપના પાંચ ધણી ક્યા ક્યા છે એ બતાવો. " વાંચકોને એકજ પ્રકારની વાર્તાઓ બે વાર વાંચતાં કંટાળો ન આવે એ માટે બીજી વાર્તા અત્રે રજુ કરી નથી.

ચિન્તવ્યું જોશબંધ પૂર આવ્યું. જેનો ખળખળાટ સાંભળી અકબરે એવો વિચાર કર્યો કે "અડધી રાત્રિના સમયે આ નદી શા માટે રૂદન કરે છે ? મારા રાજ્યમાં કોઇ દુઃખી નથી, છતાં આ નદીને માથે એવું કયું દુઃખ પડયું હશે જે આમ વિલાપ કરે છે ?" એ વિચારોએ એવું ગંભીર રૂપ ધારણ કર્યું, કે તેણે ચોકીદારોને બોલાવી તે વિષે ખુલાસો પૂછયો, પણ એ બીચારા આવી તરંગી વાતનો શો જવાબ આપી શકે ? ચોકીદારોને ખુલાસો કરવા માટે અશક્ત જોઈ બાદશાહે કેટલાક દરબારીયોને બોલાવ્યા અને તે સવાલ કર્યો, પરન્તુ તેઓ પણ જવાબ ન આપી શકયા એટલે બીરબલને બોલાવી લાવવાનો શાહે હુકમ કર્યો. સીપાહીએ બીરબલને ત્યાં જઇ તેને જગાડયો અને શાહનો પેગામ આપ્યો. બીરબલે પેલા સિપાહીને પૂછયું "ભાઈ ! અર્ધી રાત્રિને સમયે એવું કયું કામ પડયું છે, જેને માટે મને બોલાવવામાં આવ્યો ?" સિપાહીએ બધી વાત કહી સંભળાવી એટલે બીરબલ ઝટપટ કપડાં પહેરી સિપાહી સાથે બાદશાહની હજુરમાં જઈ પહોંચ્યો. બાદશાહે તેને પણ એજ સવાલ કર્યો. બીરબલે વિચાર્યું કે વરસાદના જોરથી કદાચ નદીમાં એકાએક પૂર આવી જવાથી બાદશાહ ઝબકી ઉઠયો હશે. તેણે કહ્યું "જહાંપનાહ ! નદી રડે એમાં નવાઈ પામવા જેવું કાંઇજ નથી, કેમકે તેનું પિયર પર્વતમાં અને સાસરીયું સમુદ્રમાં છે, એટલે તે પિયરથી નીકળી સાસરીયે જાય છે અને એજ કારણે તે રૂદન કરે છે. કેમકે, સંસારના વ્યવહાર પ્રમાણે સાસરીયે જતાં કન્યાને માતૃપિતૃ

વિયોગને લીધે સ્હેજે રડવું આવીજ જાય છે.”

એ ચાતુર્યપૂર્ણ પ્રત્યુત્તર સાંભળી બાદશાહ અત્યંત ખુશ થયો અને બીરબલને ભારે ઈનામ આપ્યું.*

## વાર્તા ૬૧.

### પાનમાં પાન કયું મોટું ?

એક પ્રસંગે બાદશાહે દરબારીયોને પૂછયું કે “પાનમાં પાન કયું મોટું ?” કોઇએ કહ્યું “કેળનું” તો કોઈએ જવાબ આપ્યો કે “સાગનું” અને વળી કોઇએ કમળનું પાદડું સૌથી મોટું બતાવ્યું. પરંતુ બાદશાહે કોઈની પણ વાત માન્ય ન રાખતાં બીરબલને પૂછયું. બીરબલ ઝટ બોલી ઉઠયો “હઝૂર ! સૌથી મોટું પાન નાગરવેલનું છે. કારણ કે, તે આપ નામદાર જેવાના મુખ સુધીયે પહોંચી શકે છે. બીજાં પાન આકારમાં મોટાં છે, પણ અધિકારમાં એકે આની મોટાઇને ન પહોંચી શકે.”

આ જવાબ સાંભળી બાદશાહ બહુજ ખુશી થયો.

---

* આ વાર્તામાં બાદશાહને એક મૂર્ખ તરીકે ચીતર્યો છે, એટલે આ બનાવ આવા સ્વરૂપમાંજ બનવા પામ્યો હશે કે કેમ, એ એક સવાલ છે. એવી ઘણીક વાર્તાઓ આ પુસ્તકમાં જોવામાં આવશે. એ ઉપરથી એવું અનુમાન થાય છે કે એ વાર્તાઓ પાછળથી લોકોએ ઘડી કાઢી ઉમેરી દીધી છે. ગમે તેમ હોય, પરંતુ આપણે તો બીરબલના બુદ્ધિ ચાતુર્યનો પરિચય કરવા માગીયે છીયે એટલે આવી વાર્તાઓમાં પણ આપણી ઇચ્છા પાર પાડી શકાય એમ છે. છતાં આવી વાર્તાઓ ઉપરથી બાદશાહને એવો મૂર્ખ અથવા તરંગી ન ધારી લેવો.

## વાર્તા ૬૨.

### ગધેડીનો છેક હાથથી ગયો.

એક સમયે શાહે બીરબલને કહ્યું કે "જો તું મને આ રાજમહેલની નિસરણીના છેલ્લે પગથીયે પહોંચતાં સુધીમાં હસાવે તો હું તને એક સુંદર ઘોડો ઈનામ આપીશ." બીરબલે તે વાત કબુલ રાખી એટલે બાદશાહ નિસરણીપર ચઢવા લાગ્યો. બીરબલે હસાવવા માટે અનેક યુક્તિઓ ચલાવી, પણ બાદશાહે મન ઉપર કાબુ રાખ્યો. આખરે બીરબલે બાજી હાથમાંથી જતી જોઇ બૂમ પાડી કે "ગયોરે ગયો, ગધેડીનો છેક હાથથી ગયો."

આ અપમાનકારક વાક્યો સાંભળી બાદશાહે ઉપર ન ચઢતાં નીચે ઉતરી બીરબલને ધમકાવીને કહ્યું "કેમ, તેં મને ગાળ શામાટે દીધી?"

બીરબલે તરતજ હસ્તદ્વય જોડી કહ્યું "નારે, સરકાર! આપને માટે એવા નઠારા શબ્દો ઉચ્ચારતાં મારી જીભ ન કપાઇ જાય? એ તો આપ જ્યારે છેલ્લા પગથીયા સુધી પહોંચી ગયા, એટલે મેં જાણ્યું કે આપે ઘોડો આપવાનો ઇકરાર કર્યો હતો, પણ હું શરતમાં હારવાથી ઘોડો નહીં મળી શકે; એમ ધારીને મેં ઘોડા માટે એ શબ્દો ઉચ્ચાર્યા હતા."

આ પ્રમાણે નિસરણીપરથી નીચે ઉતારવાની અને હસાવવાની યુક્તિ ઘડી કાઢવાની ચાતુર્યતા જોઈ, શાહ પોતાના હાસ્યને ન અટકાવી શકયો અને ખડ્ખડ્ હસવા લાગ્યો. એ જોઈ બીરબલે કહ્યું "કેમ હઝૂર! આપને હસાવ્યાને!? માટે ઘોડો આપો." આ સાંભળી બાદશાહે તેને એક ઘોડો આપવાનો હુકમ કર્યો.

## વાર્તા. ૬૩.

### એનું નામ તે મસ્ખરી !!

આગલી વાર્તામાં બીરબલને ઇનામમાં ઘોડો મળ્યો એવું આપણે વાંચી ગયા પણ બાદશાહના નોકરોએ એક નકામો ( અંડવૃદ્ધિને કારણે ) ઘોડો બીરબલને આપ્યો. તે વખતે તો બીરબલ ગુપચુપ ત્યાંથી ચાલ્યો ગયો. પણ બીજે દિવસે તેણે નોકરોની બદમાશીનો બદલો વાળી નાંખવા માટે, ઘોડાની ગરદને બે માટલા બન્ને બાજુ લટકાવી દીધા અને બાદશાહને મળવા ચાલ્યો. બાદશાહ વાળુ કર્યા પછી બગીચામાં બેગમ સાથે ફરવા નીકળ્યો હતો, એવામાં તો લાગ જોઈ બીરબલે ઘોડાને બાગમાં દાખલ કરી દીધો. આ વિચિત્ર સ્વાંગ જોઈ બાદશાહને હસવું આવી ગયું. તેણે પૂછયું " કેમ બીરબલ ! આજે વળી આ વિચિત્ર સ્વાંગ કેમ કાઢયો ? "

બીરબલે હાથ જોડી કહ્યું " સરકાર ! એ સ્વાંગ નથી, બલ્કે એમાં ભારે હિકમત સમાયલી છે. આ ઘોડો આપે મને કાલે ઈનામમાં આપ્યો, પરંતુ સ્વારી સમયે તેના પાછલા ભાગ તરફ ઉલાળ પડતો હોવાથી મેં આગલા ભાગમાં વજન લટકાવી સમતોલપણું રાખ્યું છે. "

બાદશાહને હસવા સાથે ગુસ્સો પણ આવ્યો, કેમકે તેણે તો ઉત્તમ ઘોડો આપવાની આજ્ઞા આપી હતી; પણ નોકરોએ બદમાશી કરી એટલે તેમને શિક્ષા કરવી જોઇયે. એવો વિચાર આવ્યો અને તેણે નોકરોને બોલાવી ધમકાવવા માંડયા. આ જોઈ બીરબલે કહ્યું " જહાંપનાહ ! એમાં એમનોયે વાંક નથી, એમણે પણ મારા ચાતુર્યની

પરિક્ષા કરી જોવા માટે એમ કરેલું હોવું જોઇયે, માટે એમનો વાંક માફ કરો."

બીરબલના આવા પ્રકારના કહેવાથી બાદશાહે નોકરોને માફી આપી દીધી.

## વાર્તા ૬૪.

### વીંછીનો મંત્ર.

એક દિવસે કેટલાક દરબારીયોએ બીરબલ સાથે એવી શરત લગાવી કે 'જો તે ભર દરબારમાં શાહઝાદીનું ચુંબન લે, તો દસ હઝાર રૂપીયા ઈનામ તરીકે આપવા.' બીરબલે એ શરત કબુલ કરી, બીજે દિવસે સ્હવારમાંજ તે રાજમહેલમાં ગયો. શાહી કુટુંબમાં બીરબલ એક અંગત્ પુરૂષ તરીકે લેખાતો હતો, તેનો પડદો રાખવામાં આવતો ન હતો. તેણે શાહઝાદીને પોતા પાસે બોલાવી, કે જેની ઉમ્મર લગભગ તેર ચૌદ વર્ષની હતી અને તેને સઘળી બીના કહી સંભળાવી. શાહઝાદીએ કહ્યું "કાકાજી! ભર દરબારમાં આપ કેવી રીતે ચુંબન લઈ શકો?" બીરબલે તેને તે વિષેનો પાઠ ભણાવી દીધો.

બપોરે દરબાર ભરાઇ, બધા સરદારો હાઝર હતા. એવામાં શાહઝાદી કૃત્રિમ, છતાં જણાઈ ન આવે એવું કલ્પાંત કરતી ત્યાં દોડી આવી અને બાદશાહને જણાવ્યું કે, તેણીના ગાલ ઉપર વીંછી ડંખ્યો છે.

બાદશાહે દરબારીયો તરફ જોઇ કહ્યું "કોઇને વીંછીનો મંત્ર આવડે છે?" બીરબલ ઝટ બોલી ઉઠયો "હઝૂર! મંત્ર તો આવડે છે, પરંતુ તેમાં બાધા માત્ર

ગ્રીજ છે કે જે જગ્યાએ વીંછી કરડયો હોય તે જગ્યા
વડે ચૂસવી જોઈયે, અને શાહઝાદીને તો ગાલ ઉપર
ડંખ્યો છે ? ! ! "

બાદશાહે કહ્યું " બીરબલ ! શાહઝાદી હમણાં બાળક
અને વળી તારો સંબંધ કાકા જેવો છે, એટલે કાંઈ
ત જેવું નથી. માટે જલ્દીથી વીંછી ઉતારવાની
ષ કર."

બીરબલે તરતજ શાહઝાદીને ચુંબનો લેવા માંડયા
જે દરબારીયોએ શરત લગાવી હતી તેમને ઈશારો
. થોડીવારે શાહઝાદીએ કહ્યું " હવે વેદના મટી ગઈ
' એટલે બીરબલે ચુંબનો લેવાનું બંધ કર્યું અને એ
ણે શરત જીત્યો.

પેલા દરબારીયોએ બાદશાહને કહ્યું " હુઝૂર ! એ
તો અમને પણ આવડતો હતો, છતાં શાહી અદબને
ણે અમે તે ઝાહિર ન કરી શકયા." બાદશાહે કહ્યું
ર, પણ તમે આ વાત મને અત્યારે પણ કહી એ ઠી-
કર્યું, કેમકે કદાચ એવો પ્રસંગ આવી લાગે અને
બલ હાઝર ન હોય તો તમને એ કાર્ય સોંપી શકાય."

બીરબલ જોડે લગાવેલી શરત પ્રમાણે દરબારીયોએ
હઝાર રૂપીયા આપવાનો ઇન્કાર કર્યો. બીરબલ તેનો
ા વાળવાનો લાગ જોતો હતો. એક દિવસ બાદશાહ
ના બધા દરબારીયો સાથે ઉજાણીએ ગયો. ચોમાસું
ાન હતું, ચારે તરફ લીલું ઘાસ ઉગી નીકળ્યું હતું.
મલ લાગ જોઇ ઘાસ ઉગ્યું હતું ત્યાં પેશાબ કરવા
અને ત્યાંથીજ " અરેરેરેરે ! ! વીંછી કરડયો ! " એવી

બૂમ પાડી ઉઠયો. બાદશાહે તરતજ પેલા દરબારીયોને વીંછી ઉતારવાની આજ્ઞા આપી. પેલાઓએ જોયું કે 'હવે તો આપણે સપડાયા છીયે.' એટલે બાદશાહને અરજ કરી "જહાંપનાહ! વીંછી એવી જગ્યાએ કરડયો છે કે એ મંત્ર મુજબ ઉતાર કરવો નીતિ વિરૂદ્ધ જાય છે." બાદશાહ સમજી ગયો કે "કોઈ વાતે દરબારીયોએ બીરબલને સતાવ્યો હોવો જોઈયે અને એથીજ બીરબલે આ લાગ સાધ્યો છે." એમ વિચારી તેણે સ્હેજ કરડાકીથી કહ્યું "માણસનો જીવ નીકળતો હોય અને તેને ઉગારવાનું આપણા હાથમાં હોય, છતાં આપણે તેને મરવા દઈએ એ નીતિમય છે કે નીતિવિરૂદ્ધ બલ્કે પાપમય ?!!"

દરબારીયો ચુપ થઈ ગયા, આ બધો વખત બીરબલ મોટે મોટેથી બૂમો પાડતો રહ્યો અને જાણે ખરેખર વીંછી કરડયોજ હોય તે પ્રમાણે ચાળા કરતો હતો. દરબારીયોએ બીજો રસ્તો ન મળતાં અરજ કરી "નેકનામ! આ કામ નીતિવિરૂદ્ધનું—બેશર્મીનું હોવા છતાં, આપની આજ્ઞાથી તે બજાવી લાવવા અમો તૈયાર છીયે. અમારામાંથી એક માણસ એ કાર્ય બજાવશે, પરંતુ ચારે બાજુ પડદો કરી લેવો જોઇયે."

બાદશાહે તે વાત કબુલ રાખી એટલે શરત લગાવતી વખતે જે માણસ આગેવાન બન્યો હતો, તેણે બીરબલ પાસે જઇ આજીઝી કરી અને દસ ને બદલે વીસ હઝાર રૂપીયા આપવાની સોગંદપૂર્વક કબુલાત આપી, અને એ પ્રમાણે છુટકારો મેળવ્યો.

## વાર્તા ૬૫.

### દિલ્હીમાં કાગડા કેટલા ?

એક દિવસ બાદશાહે પૂછ્યું " બીરબલ ! આપણા શહેરમાં કેટલા કાગડા વસ્તા હશે ?" બીરબલે તરતજ હાથ જોડી કહ્યું " હુઝૂર ! સાઠ હઝાર પાંચસો ને બાવન કાગડા આપણા દિલ્લી નગરમાં છે."

બાદશાહે કહ્યું " જો કદાચ ઓછા વધતા હોય તો ?" બીરબલ બોલ્યો " જહાંપનાહ ! જો વધારે થાય તો જાણી લેવું કે એટલા કાગડા બહાર ગામથી પોતાના ભાઇબંધોને મળવા અત્રે આવ્યા છે અને જો ઓછા થાય તો સમજી લેવું કે એટલા પરદેશ ભાઇબંધોને મળવા ગયા છે."

આ તર્કશક્તિ અને હાઝર જવાબી સાંભળી બાદશાહ અત્યંત પ્રસન્ન થયો.

## વાર્તા ૬૬.

### સાકરનો હીરો.

એક દિવસ રાત્રિને સમયે બીરબલ વેષ બદલી નગર ચર્ચા જોવા નીકળ્યો હતો. રસ્તે જતાં તેણે કોઈનો રૂદન ધ્વનિ સાંભળ્યો. એ ધ્વનિ પાસેની પર્ણકુટીમાંથી સંભળાતો હતો. ત્યાં બીરબલ ગયો અને બારણું ખખડાવ્યું, એટલે એ ધ્વનિ બંધ થઈ ગયો અને થોડીવાર પછી એક સાઠ વર્ષની વયના ઘરડા ડોસાએ બારણું ઉઘાડયું. બીરબલે કહ્યું "ભાઈ! હમણાં અહીંયાથી રડવાનો અવાજ સંભળાતો હોવાથી હું તે વિષે ખુલાસો મેળવવા અત્રે આવ્યો છું."

પ્રથમતો અંધારી રાત અને વળી ઘરમાં દીપક સુદ્ધાં બળતો ન હોવાથી પેલો ડોસો બીરબલને ન ઓળખી શકયો તેણે કહ્યું " ભાઈ ! રડનાર તો હું પોતેજ હતો અને મારૂં દુઃખ અવિનાશી પરમાત્માને સંભળાવતો હતો, પણ તે તને સંભળાવવામાં કાંઈ સાર નથી ! ! માટે કૃપા કરીને એ વિષે કાંઈ પણ પૂછતો ના. "

બીરબલે કહ્યું " ભાઈ! તું મને કહેતો ખરો, જેથી હું યથાશક્તિ તારા તે દુઃખને ટાળવાની કોશિશ કરૂં ? !"

"ભાઇ એકતો અંધારૂં છે અને વળી મારા ઘરમાં દીવો સુદ્ધાં નથી એટલે ઘડપણની આંખો તારો ચ્હેરો જોઈ શકતી નથી. માટે તું તારૂં નામ બતાવ એટલે પછી હું મારૂં દુઃખ તારી આગળ કહી સંભળાવીશ. "

બીરબલે વિચાર્યું કે ' મધરાત થવા આવી છે, વળી મને ઉંઘ પણ આવે છે, તેમજ એ વૃદ્ધને, હું કોઇ ચોર હોઈશ, એવો ખ્યાલ ન આવે એટલા માટે એને સ્હવારમાં મારે ઘેર તેડાવવો વધુ યોગ્ય થઈ પડશે, તેણે ડોસાને કહ્યું " કાકા ! તમે અત્યારે રડવાનું બંધ રાખો અને કાલે સ્હવારે દીવાનને ત્યાં આવજો. મારૂં નામ બીરબલ છે. " એટલું કહીને બીરબલ ચાલતો થયો. ડોસો તો બીચારો બીરબલ નામ સાંભળી દંગજ થઈ ગયો. પ્રથમતો એ તેને ચોરજ ધારતો હતો, પણ જ્યારે " બીરબલ "નામ સાંભળ્યું, ત્યારે તેની અજાયબીનો પાર ન રહ્યો. બીરબલ રાત્રિને સમયે વેશ બદલી નગરચર્ચા જોવા નીકળે છે એ વાત તે સારી પેઠે જાણતો હતો.

બીજે દિવસે સ્હવારના પહોરમાંજ ડોસો બીરબલના

મકાનપર ગયો, બીરબલે તેને પોતા પાસે બોલાવી પોતાનો એહવાલ જણાવવા કહ્યું.

ડોસો બોલ્યો " મહારાજ ! હું એક હુન્નરી માણસ છું, પરંતુ વૃદ્ધાવસ્થાને કારણે વિશેષ મહેનતનું કાર્ય કરી શકતો નથી. આપ એતો જાણોજ છો કે વિદ્યા અને લક્ષ્મીને હડહડતું વેર છે ! એટલે બહુધા જ્યાં વિદ્યા હોય ત્યાં લક્ષ્મીનો અભાવજ હોય છે અને જ્યાં લક્ષ્મી હોય ત્યાં વિદ્યા ભાગ્યેજ વાસ કરે છે. છતાં પણ એથી દિલગીર ન થતાં હું માનું છું કે " **હુન્નર એક સાચો કીંમતી હીરો છે** " અને આપના જેવા પરિક્ષક–કદરદાનો તેને પારખવા માટે મોજૂદ છે. નામદાર ! મારો એકનો એક પુત્ર, કે જે મને રળી ખવડાવતો હતો, તે પણ પંદર દિવસ થયાં આ સંસારમાં મને રઝળતો મૂકી પરલોક સિધાવ્યો એટલે મારી ઘણીજ કઢંગી અને લાચાર અવસ્થા થઇ પડી છે. ગઈ કાલે મારે ત્રીજો અપવાસ કરવો પડયો હતો, એથી કંટાળી હું રડીને રડીને, પરમાત્મા પાસે પ્રાર્થના કરતો હતો. જો આપ મને થોડીક સહાયતા અપાવો તો, હું આપનો જન્મોજન્મ ઋણી રહીશ અને ઈશ્વર તમારી સદા જય કરશે ! "

બીરબલને તેની ઘણીજ દયા આવી. તેણે તેને આશ્વાસન આપી પોતાના નોકર સાથે ખાવાનું મંગાવી તેને ખવડાવ્યું અને થોડાક રૂપીઆ આપી કહ્યું " કાકા ! તમે એક કારીગર પુરૂષ છો, માટે હું તમને આ પંદર દિવસનું ખર્ચ આપું છું....તમે સાકરના એક મોટા કકડાને લઈ તેનો કારીગરીથી એવો આબેહુબ હીરો બનાવો કે કોઈ પારખી

ન શકે. પછી ચૌદમે દિવસે રાત્રે અહીં આવજો." એમ કહી તેને ઘેર જવાની રજા આપી. ડોસો બીચારો બીરબલને દુઆઓ દેતો ઘેર ગયો અને ઘેર જતાંજ તેણે પોતાને બતાવાયલું કાર્ય શરૂ કર્યું અને પોતાના હુન્નરનો એવો તો ઉપયોગ કર્યો કે, બરાબર પરિક્ષા કર્યા વગર કોઈ તેણે બનાવેલા હીરાને પારખી ન શકે. ચૌદમે દિવસે રાત્રે બીરબલને ઘેર ગયો એટલે બીરબલે પૂછયું "મ્હેં તમને કહ્યું હતું તં કામ તમે પુરૂં કરી શકયા કે નહીં ?"

આ સવાલ સાંભળતાંજ ડોસાએ ખીસામાંથી પેલો હીરો કાઢી બીરબલને આપ્યો. બીરબલ તેની કારીગરી જોઈ દંગજ થઈ ગયો, અને તેણે જાણી લીધું કે એકવાર ઝવેરી લોકો પણ ભૂલથાપ ખાઈ જાય એવું એણે કામ કર્યું છે. તેણે ડોસાના હુન્નરના વખાણ કરી પોતાને ત્યાંજ રાતના સુવાડયો અને સ્હવારમાં વહેલો બાદશાહના ન્હાવાના સમયે તેને મહેલમાં લઇ ગયો. બાદશાહે પૂછયું " ઓહો ! બીરબલ! આજે તું આટલો બધો વ્હેલો કેમ આવ્યો ?"

બીરબલે કહ્યું " જહાંપનાહ ! આજે સ્હવારના પહોરમાંજ આ માણસ એક ઉત્તમ હીરો લઇ મારે ત્યાં આવ્યો, તે હીરો આપને લાયકનો જાણી હું એને આપની હુઝૂરમાં લઇ આવ્યો છું." બાદશાહે કહ્યું " લાવ, તે હીરો જોઉ?!" ડોસાએ તરતજ ખીસામાંથી કાઢી આપ્યો. બાદશાહ હીરો હાથમાં લઇ તેની સુંદરતા જોઇ ખુશ થઈ ગયો અને કહ્યું " બીરબલ ! આ હીરો અત્યારે તો તારી પાસે રાખ અને પેલા માણસને બે કલાક પછી દરબારમાં આવવાનું જણાવી દે." બીરબલે કહ્યું " નેકનામ ! મારે

આજે કેટલુંક અગત્યનું ખાનગી કામ કરવાનું હોવાથી કદાચ ત્યાં વાર લાગી જાય એટલે બીચારો વહેપારી પાછો જાય. તેમજ વળી મારી પાસેથી ક્યાંક ખોવાઈ જાય તો મારે લેવાના દેવા થઇ પડે. માટે હાલ તરત તો આપ આપની પાસેજ રહેવા દો.”

આ સાંભળી બાદશાહે તે હીરો પોતાની કમ્મરની ઓટમાં રાખી લીધો. બીરબલ રજા લઈ ઘેર ગયો અને પેલા કારીગરને પણ કેટલીક યુક્તિ સમજાવી બાર વાગે કચેરીમાં જવા કહ્યું. બપોરે દરબાર ભરાતાં પેલો ઝવેરી આવી પહોંચ્યો અને બીરબલને પોતાના આવ્યાની વર્દી મોકલાવી. બીરબલે તેને અંદર આવવાનો હુકમ આપતાં બાદશાહને કહ્યું “ નામદાર ! પેલો હીરાવાળો ઝવેરી આપની હુઝૂર આવ્યો છે, માટે હવે શું કરવું છે ? ”

બાદશાહને તો તે હીરાની યાદીજ ઉતરી ગઈ હતી. જે વખતે તે સ્નાનમંજન કરી વસ્ત્ર બદલવામાં રોકાયો હતો તે પ્રસંગે તેને હીરાનો ખ્યાલજ ન રહ્યો, તેમજ પાણીનો સ્પર્શ થતાં હીરો ( સાકરનો ) પ્રવાહીરૂપ ધારણ કરી ચૂક્યો હતો. બીરબલે જ્યારે ઝવેરી આવ્યાની ખબર આપી ત્યારે બાદશાહને યાદી આવી, તેણે નોકરોને હમ્મામખાના (સ્નાન-ગૃહ)માં તપાસ કરવા મોકલ્યા, બીરબલ પણ સાથે ગયો; પરંતુ ત્યાં હીરો હતોજ ક્યાં જે મળી શકે ? ઘણી તપાસ કર્યા બાદ બધા પાછા ગયા અને બાદશાહને જાહેર કર્યું “ જહાંપનાહ ! બહુજ તપાસ કર્યા છતાંપણ હીરો હાથ ન લાગ્યો. ”

બાદશાહે બીરબલને કહ્યું “ બીરબલ ! આપણે એનો

હીરો ખોયો, માટે તું એને ગમે તેમ કરીને સમજાવી કીમત ચુકવી આપ."

બીરબલે પેલા ઝવેરીને પોતા પાસે બોલાવી કહ્યું "ભાઈ! તારો હીરો અમે રાખી લીધો છે, માટે તેની કીંમત કેટલી છે એ કહે." ડોસાએ કહ્યું "નામદાર! એના મેં તો ત્રણ હઝાર રૂપીઆ આપ્યા હતા. નામદાર ઈરાનના શાહને મેં એ હીરો બતાવ્યો ત્યારે તેમણે ત્રણ હઝારે માગણી કરી, પણ એથી મને કાંઈ નફો મળે તેમ ન હોવાથી મહા પ્રતાપાન્વિત અકબરશાહ બાદશાહને ભેટ કરી યોગ્ય પુરસ્કાર મેળવવાની લાલચે અહીં આવ્યો હતો. પછી તો આપ જે આપો તે ખરૂં." બીરબલે કહ્યું "ઠીક છે, ત્યારે તને પચાસ મોહોરો નફાની આપીશું." ડોસો બોલ્યો "નારે સાહેબ! આપશ્રીની પાસેથી તો જેટલું માગું તેટલું ઓછું છે, છતાં માત્ર બે હજાર રૂપીયા નફાના લીધા વગર હીરો હું આપવાનો નથી. જો નામદાર આલમપનાહને એ હીરો પસંદ પડયો હોય અને પાંચ હઝાર રૂપીયા આપવાની મરઝી ન હોય તો ભલે, હું મારા તરફથી ખુદાવિંદને ભેટ કરવા તૈયાર છું."

બીરબલ બોલ્યો "એમ મફતની ભેટ અમે લેતા નથી. ચાલ ખેર, ચાર હઝાર રૂપીયા પર માંડવાળ કરી નાંખ." ડોસો એકનો બે થયોજ નહીં, તેને તો બીરબલે શીખવીજ રાખ્યો હતો. તેણે કહ્યું "સરકાર! બે હઝારથી એક કોડી ઓછી લઈશ નહીં."

બાદશાહે બીરબલને કહ્યું "બીરબલ! એ શું કહે છે?" બીરબલ ખુલાસો કરતાં બોલ્યો "જહાંપનાહ! એણે

ત્રણ હઝાર રૂપીયામાં એ હીરો ખરીદયો હતો અને બે હઝાર રૂપીયા નફાના માગે છે. મેં એક હઝાર આપવાનું કહ્યું, પણ એ તો સાફ ના પાડે છે."

બાદશાહે ઉદાર મનથી કહ્યું "બીરબલ ! શા માટે તકરાર કરે છે, બીચારો ગરીબ માણસ છે, એટલે આશા રાખી આવ્યો હશે. માટે આપણે તેને રાજી કરવો જોઇયે." એમ કહી તેણે ખઝાનચીને પેલા ઝવેરીને પાંચ હઝાર રૂપીયા આપવાનો હુકમ કર્યો.

બીરબલને મનમાં હઝારો આશિર્વાદ આપતો ડોસો ઘેર ગયો અને તે દિવસથી બીરબલની સલાહ મુજબ વર્તવા લાગ્યો, તેમજ અનેક સારાં સારાં કામો કરી પોતાનું નામ અમર કરી ગયો.

## વાર્તા ૬૭.

### ચંપક અને ભ્રમર.

ગ્રીષ્મઋતુમાં એક દિવસે સંધ્યા સમયે બાદશાહ બીરબલને સાથે લઇ બાગમાં ફરવા નીકળ્યો. બાગમાં રંગ બેરંગી પુષ્પોના ઝાડ શોભી રહ્યા હતા, વચ્ચે વચ્ચે ફળ ઝાડો પણ ફળોથી ભરચક થઇ રહેલા હતા. જ્યાં ત્યાં પાણીના હોઝ ભરેલા હતા અને તેમાં ફુવારા ઉડતા હતા. ફરતાં ફરતાં બાદશાહની નઝર ત્યાં ગુંજાવર કરતા ભ્રમરો પર પડી. તેણે જોયું કે ભ્રમરો બધા ફુલો ઉપર બેસી રસ ચુંસે છે, પરંતુ ચંપાના ફુલ ઉપર બેસતા નથી. એટલે તેણે બીરબલને કહ્યું "બીરબલ ! આ ભ-

મરાઓ બીજા બધા ફુલો ઉપર બેસે છે, પણ ચંપાના ફુલ ઉપર બેસતા કેમ નથી ? એ તું બતાવી શકીશ ? ”

બીરબલ બોલ્યો “ જહાંપનાહ ! એનું કારણ અમારા શાસ્ત્રમાંનું છે. એક કવિએ તે ઉપર કવિતા પણ રચી છે કેઃ—

ચંપા તુજમેં તીન ગુન, રૂપ, રંગ ઓર બાસ;
એક અવગુન એસો ભયો, ભ્રમર ન આવે પાસ.

વળી ચંપક ઉપર ન બેસવાનું કારણ આ બીજી કવિતમાં આપેલું છે કેઃ—

ચંપકવર્ણી રાધિકા, ઓર ભ્રમર હરિકો દાસ;
ઇસ કારણ આવત નહીં, ભ્રમર ચંપા પાસ.

જહાંપનાહ ! કવિની કલ્પના–શક્તિએ આ કારણ તો સારૂં શોધી કાઢયું છે, પરંતુ ખરી બીના એ છે કે ચંપાની વાસ એટલી બધી તો તીવ્ર છે કે તે ભ્રમર સહન કરી શકતો નથી અને એજ કારણે તે તેનાથી દૂર રહે છે. ”

આ સાંભળી બાદશાહ ઘણોજ પ્રસન્ન થયો.

## વાર્તા ૬૮.

### સૌથી નરમ શું ?

એક દિવસે ઉનાળામાં બાગની અંદર દરબાર ભરવામાં આવ્યો અને ગાદી તકીયાની બેઠક રાખવામાં આવી. બાદશાહ મખમલની નરમ ગાદી ઉપર બેઠો હતો, પાછળ મૂકેલો તકીયો કિનખાબનો હતો. ધીમે ધીમે બધા દરબારીયો આવી લાગ્યા. દરબારનું કામ શરૂ થયું. થોડીવાર

પછી કામ ખલાસ થતાં આમતેમની વાતો થવા લાગી. એટલામાં બાદશાહને કાંઈ યાદ આવતાં, તેણે પૂછ્યું "સૌથી નરમ શું ?"

કોઇ દરબારીએ રૂ (કપાસ) ને નરમ કહ્યો, કોઇએ મખમલને નરમ બતાવ્યો. કોઇએ ઘીને નરમ કહ્યો, કોઈએ અંતઃકરણને એમ જેને જે નરમ લાગ્યું તે કહી સંભળાવ્યું. બીરબલ અત્યારસુધી મુંગો બેસી રહ્યો હતો એટલે બાદશાહે તેને પૂછ્યું "બીરબલ! તારો શો મત છે ?"

બીરબલે હાથ જોડી જવાબ આપ્યો "આલમપનાહ! જેની આંખમાં શરમ તે સૌથી નરમ."

બાદશાહ બોલી ઉઠયો "શાબાશ! શાબાશ!! જેની આંખમાં શરમ ન હોય તે માણસ પણ શા કામનો? ખરેખર, જેની આંખમાં શરમ નથી તે નરમ પણ નથીજ."

બધા દરબારીયોએ પણ એ વાત માન્ય રાખી અને બીરબલની બુદ્ધિને સૌ વખાણવા લાગ્યા.

## વાર્તા ૬૯.

### દોલત હાજર છે!!

એક દિવસે બાદશાહે દોલત નામના નોકરને કાંઇક વાંક પડતાં અપ્રસન્ન થઇ કાઢી મૂકયો. પેલો બીચારો નોકર ગરીબ હતો, અને પ્રથમવારજ તેનાથી એ ગુન્હો થવા પામ્યો હતો. તેણે બીરબલ પાસે જઈ આજીજી કરી મદદ માગી. બીરબલે દયા લાવી કહ્યું "તું એકવાર પાછો

બાદશાહ પાસે જા અને કહે કે ‘ હુઝૂર ! દોલત હાઝર છે, રહે કે જાય ? ” ગુલામે તે પ્રમાણેજ કર્યું એટલે બાદશાહ તેના સવાલથી ઘણોજ આનંદ પામ્યો અને કહ્યું “ દોલત સદા અમારે ત્યાં રહેશે. ” એમ કહી તેને પાછો પોતાને ત્યાં રાખી લીધો.

## વાર્તા ૭૦.

### બાદશાહ લજાયો.

એક પ્રસંગે બાદશાહ શિકાર રમવા ગયો હતો. સંયોગવશાત્ તે પોતાના અંગરક્ષકોથી છુટો પડી ગયો. એવામાં બપોર થતાં તે ઝોહોરની નમાઝ પઢવા લાગ્યો, એવામાં એક વિરહિણી સ્ત્રી ત્યાંથી નીકળી અને બાદશાહના મુસલ્લા (નમાઝ પઢતી વખતે પાથરવામાં આવતું કપડું) ઉપર પગ મૂકી ચાલતી થઇ. બાદશાહ ઘણોજ ગુસ્સે થયો અને નમાઝ ખતમ કરી તે સ્ત્રીને ધમકાવવા લાગ્યો, અને કહ્યું “ તને લગારે ભાન નથી કે મારા મુસલ્લા ઉપર પગ મૂકીને તું ગઇ ? ! ”

પેલી સ્ત્રીએ કહ્યું:—

**નર રાચી સુઝી નહીં, તુમ કસ લખ્યો સુજાન;**
**પઢ કુરઆન વોરા ભયો, નહીં રાચે રહેમાન.**

આ જવાબથી બાદશાહ મનમાં બહુજ લજ્જિત થઇ કહેવા લાગ્યો “ખરેખર, તારૂં કથન સત્ય છે. ખુદામાં તલ્લીન થયા વગર નમાઝ તેના ખરા સ્વરૂપમાં નજ પઢી કહેવાય.”

## વાર્તા. ૭૧.

### બાદશાહ બન્યો.

વૃદ્ધાવસ્થામાં બાદશાહ વાળને કાળા બનાવવા માટે ખિઝાબ લગાડતો હતો. એક દિવસે બપોરે તે ખિઝાબ લગાડતો બેઠો હતો એવામાં બીરબલ ત્યાં આવ્યો, એટલે બાદશાહે પૂછ્યું "બીરબલ! ખિઝાબથી દમાગ (મગજ-ભેજા) ઉપર તો કાંઈ નુકસાન થતું નથી?" બીરબલ બોલ્યો "નામદાર! ખિઝાબ લગાડનારને દમાગ હોતુંજ નથી એટલે પછી તને નુકસાન પહોંચવાની વાતજ ક્યાં રહી! ?"

બાદશાહે આશ્ચર્ય પામી કહ્યું "એમ કેમ? દમાગ નથી હોતું એની શી સાબિતી?" બીરબલે કહ્યું "જહાં-પનાહ! જો દમાગ હોય તો બનાવટી સુન્દરતા અને જુવાની આણવાની વૃથા મહેનત શા માટે કરે?" આ જવાબ સાંભળી બાદશાહ નિરૂત્તરજ થઈ ગયો.

## વાર્તા ૭૨.

### બીરબલ પારસ છે.

એક પ્રસંગે ઈરાનનો શાહઝાદો અકબરને મળવા આવ્યો હતો, ત્યારે તેણે બાદશાહને પૂછ્યું "શું આપની પાસે પારસમણિ છે?" બાદશાહે તરતજ બીરબલનો હાથ પકડી કહ્યું "આ રહ્યું પારસમણિ!!" અને તત્કાળ આ દુહો કહ્યો:—

> ઉદ્યમસે લક્ષ્મી મિલે, મિલે દ્રવ્યસે માન;
> દુર્લભ પારસ જગત્‌મેં, મિલનો મીત સુજાન.

અર્થાત્ ઉદ્યમથી લક્ષ્મી મળે, દ્રવ્ય માન અપાવે; પરંતુ આ જગત્માં દુર્લભ પારસ તો સુજાણ મિત્રનેજ કહી શકાય.

ઇરાની શાહજાદો એ જવાબ સાંભળી બોલ્યો “ ખચિત્ આપે સત્ય કહ્યું.”

## વાર્તા ૭૩.

### જેવું કર્મ તેવું ફળ.

બાદશાહે એક પ્રસંગે બીરબલ જોડે સંસારિક વિષયો ઉપર વાર્તાલાપ કરતાં પૂછયું “ બીરબલ ! સંસારમાં કોઈ રાજા મહારાજા અને ધનવાન છે તેમજ કોઇ ગરીબ મુફલિસ કંગાલ છે, એનું શું કારણ ? ”

બીરબલે ઉત્તર આપતાં કહ્યું “ નામદાર ! એતો:—

**રામ ઝરોખે બેઠકે, સબકા મુજરા લેત;**
**જેસી જાકી ચાકરી, વેસા વાકો દેત.**

આ દુહો સાંભળી તેમજ તેના ગંભીર આશયને જાણી બાદશાહ બહુજ ખુશ થયો.

## વાર્તા ૭૪.

### ઉત્તમ જળ કઇ નદીનું.

એક દિવસ બાદશાહ અને બીરબલ બંન્ને મહેલની અગાસી ઉપર ઉભા હતા. યમુના નદિનાં મોજાં કિલ્લાની દિવાલ સાથે ટક્કરો લેતાં હતાં. એ જોઇ બાદશાહે પૂછયું “ બીરબલ ! કઇ નદીનું જળ ઉત્તમ છે ? ” બીરબલે કહ્યું “ યમુનાનું. ” આથી બાદશાહે પુછયું “ ભાઈ ! તારા ધર્મમાં તો ગંગાજળનો મહિમા ગવાયો છે, તો પછી તું

યમુનાના જળને કેમ અને કેવા પ્રકારે ઉત્તમ બતાવે છે?" બીરબલ બોલ્યો "પૃથ્વિનાથ ! ગંગાજલ પાણી નથી, એતો અમૃત છે." એ સાંભળી બાદશાહ ચુપ થઈ ગયો.

## વાર્તા ૭૫.

### હુઝૂર ! ગધે આતે હે ?!

એક દિવસ બાદશાહે બીરબલને કોઈ વેશ ભજવવાનું કહ્યું. બીરબલે તે વાત કબુલ રાખી. ઘેર જઇ તેણે કુંભારનો વેશ લીધો અને ગધેડાને ડફણાં મારતો બાદશાહના મહેલ તરફ લઇ ગયો. બાદશાહ તે પ્રસંગે બગીચામાં પોતાની બેગમ સાથે બેઠો હતો એટલે લાગ જોઇ બીરબલે ગધેડાને બગીચામાં પેસાડી દીધો. સીપાહીઓ દોડી આવે તે પહેલાં તો બાદશાહ બોલી ઉઠયો "એ ગધેડા વાલા ! અહીં કેમ આવે છે, બાજુએ ચાલ્યો જા." બીરબલે હસીને કહ્યું "હું તો પ્રથમથીજ કહું છું કે હુઝૂર ગધેડો આવે છે?!"

આ જવાબ સાંભળી બાદશાહ બહુજ શરમાયો અને બીરબલના વેશના વખાણુ કરવા લાગ્યો.

## વાર્તા ૭૬.

### સમશ્યા-પૂર્તિ.

એક દિવસે શરદ્‌ઋતુમાં બાદશાહ સ્હવારે મહેલની છત ઉપર તડકામાં બેઠો હતો, એવામાં એકાએક તેની દૃષ્ટિ યમુના જળમાંથી નીકળતી બાષ્પ-વરાળ-ઉપર પડી. બાદશાહ બહુજ આશ્ચર્ય પામ્યો અને મનોગત્ કહેવા

લાગ્યો "આ સમય તો બરફ પડવાનો છે ન કે વરાળ નીકળવાનો ! ? તો પછી કયા કારણે આ વરાળ નીકળતી હશે ? ! !" બીરબલ આવે એટલે એની પાસેથી ખુલાસો મેળવવા માટે બાદશાહે વિચાર કરી એક ચરણ બનાવી કાઢ્યું "બીરબલ આવ્યો એટલે બાદશાહે પૂછયું "બીરબલ ! મ્હેં કવિતાનું ચરણ બનાવ્યું છે તેની સમસ્યાપૂર્તિ કરો."

બીરબલ બોલ્યો "ફરમાવો, એટલે પછી મારી અલ્પ સ્વલ્પ બુદ્ધિ અનુસાર બનશે તો પાદ્‌પૂર્તિ કરી આપીશ."

બાદશાહે કહ્યું:—"**કહી કારણ પ્રાતઃ બફાત હે પાની ?**"

બીરબલે પાંચ દસ સેકન્ડ વિચાર કરી કહ્યું "નામદાર ! સાંભળો:—

**લંકપતી તરિબે અપને હિત, જાય હર્યો જબ રામકી રાની;**
**કોપિ ચઢે દશરથકે નન્દન, અંજનિ પુત ભયો અગવાની;**
**બાંધિ લંગોટ કંગૂર ચઢયો, અરૂ લંક જરી ધરતી અકુલાની.**
**જાય સમુદ્રમેં પૂછ બુઝી, તેહી કારણ પ્રાતઃ બફાત હે પાની.**

બાદશાહે અત્યંત પ્રસન્ન થઇ પોતાના હાથની વીંટી તેને ઈનામ તરીકે આપી કહ્યું "બીરબલ ! તારા જેવા મિત્રને મેળવી, હું ખરેખર ભાગ્યશાળી થયો છું."

## વાર્તા ૭૭.
## ચોરકી દાઢીમેં તિનકા.

એક પ્રસંગે બાદશાહને ત્યાંથી કેટલાક આભુષણો ચોરી ગયા. બાદશાહે બહુ તપાસ ચલાવી પણ પત્તો ન લાગ્યો એટલે બીરબલને ચોર પકડી આપવાની આજ્ઞા

કરી. બીરબલે જે પેટીમાંથી આભુષણો ચોરી ગયા હતા. તે પેટી આગળ કાન ધર્યા અને થોડીવારે બોલી ઉઠયો "જહાંપનાહ! આ પેટી એવું કહે છે કે "ચોરકી ડાઢીમેં તિનકા." બીરબલ વાકય પુરૂં કરે તે પહેલાં તો ત્યાં ઉભેલા ખ્વાજાસરા અને ગુલામોમાંથી એકે ગભરાઇને ઝટ પોતાની ડાઢી ઉપર હાથ ફેરવ્યો. બીરબલે તેને પકડી પાડી ખૂબ ધમકાવ્યો અને બે ચાર ફટકા પણ લગાવી દીધા એટલે તેણે અપરાધ કબુલ કર્યો અને આભુષણો લાવી આપ્યાં.

---

## વાર્તા ૭૮.

### આખરે ધૂળની ધૂળ.

એક સમયે બાદશાહ બીરબલને સાથે લઈ નગરની બહાર ફરવા નીકળ્યો. ફરતાં ફરતાં એક જુના કબ્રસ્તાન આગળ બંને આવી પહોંચ્યા, એટલે બાદશાહે કબ્રસ્તાનમાં જઈ ફાતિહા પઢવાની ઇચ્છા પ્રદર્શિત કરી. બન્ને જણ કબ્રસ્તાનમાં દાખલ થયા એવામાં બાદશાહની નઝર એક ભાંગેલી કબર ઉપર પડી તો અંદર એક મૃત કલેવરના જેવું હાડપિંજર દેખાતું હતું. બાદશાહે હેરત પામીને તે હાડપિંજરને હાથ લગાડયો એટલે તે ભાંગીને ભૂકો થઇ ગયું. એ ઉપરથી બાદશાહે એક શએર (કવિતાની એક ટુંક) ગાયું કેઃ—

**બહોત લોગ એસે થે જીનકા હમેશા,**
**સીમીં બદન થા મોઅત્તર કફન થા.**

બીરબલે તરતજ તેના ઉત્તર રૂપે શએર કહ્યા કેઃ—

જો કબ્ર ઉનકી ખોદી તો યે હાલ દેખા,
ન તારે કફન થા ન અઝવે બદન થા.

## વાર્તા ૭૯.

### કાલી કે નેઅમત?!

એક સમયે બાદશાહ અને બીરબલ બંને ઘોડાપર બેસી જમના કિનારે ફરતા હતા. એવામાં બાદશાહની નઝર એક કુતરા ઉપર પડી, જે ઘણા દિવસની સુકી ગયેલી રોટલીનો કાળો પડી, ગયેલો કકડો ખાતો હતો. બાદશાહને મશ્કરી (મસ્ખરી) કરવાનું મન થઇ આવતાં, તેણે યુક્તિ દોડાવી કહ્યું "બીરબલ! કુત્તા કાલીકો ખાતા હૈ." બીરબલ બાદશાહની યુક્તિને કળી ગયો. કેમકે તેની માતાનું નામ કાલી હોવાથી બાદશાહે આવું વાકય ઉચ્ચાર્યું હતું. બીરબલે પાંચ દસ સેકન્ડ વિચાર કર્યા બાદ કહ્યું "જી હાં, બંદાપરવર! હૈ તો કાલી લેકિન ઉસ્કે દિલસે તો નેઅમત હૈ!!"

બીરબલે આપેલા ઉત્તરથી બાદશાહ ઝંખવાણો પડી ગયો, કેમકે તેની માતુશ્રીનું ઉપનામ 'નેઅમત બાનુ' હતું.

## વાર્તા ૮૦.

### કબુતરનું કૌતુક.

એક દિવસે બાદશાહે બીરબલને કહ્યું "બીરબલ! તું ખેતરમાં ગયો હતો, ત્યાં જે કૌતુક જોવામાં આવ્યું તેનું વર્ણન કહી સંભળાવ."

બીરબલ બોલ્યો "જહાંપનાહ ! મેં કાંઈ મોટું કૌતુક જોયું નથી, પરંતુ બધા માણસો એમ કહે છે. મેં જે કૌતુક જોયું તે આપને સંભળાવું છું. પેલા ખેતરમાં એક કુવો હતો જેમાં કેટલાક કબુતરો આવી ભરાયા હતા એટલે ખેડુતે તેની ઉપર એક ચાદર ઢાંકી દીધી. ત્યારપછી ખેડુતે ચાદર ઉઠાવી એટલે એક કબુતર ઉડી ગયું. જેથી ખેડુતે ચાદર પાછી ઢાંકી દીધી અને ફરી જોવા માટે ઉઠાવી એટલે એક કબુતર ઉડી ગયો."

બાદશાહ બોલ્યો "વારૂ, એ પછી શું થયું ?"

બીરબલ બોલ્યો "પાછો ખેડુતે ચાદરનો એક છેડો ઉપાડયો એટલે એક કબુતર ઉડી ગયું."

બાદશાહ વારંવાર પૂછતો કે 'એ પછી શું થયું ?' અને બીરબલ ઉપલોજ જવાબ આપતો, જેથી કંટાળી જઈ બાદશાહે કહ્યું "અરે બીરબલ ! 'એક કબુતર ઉડી ગયું' એ તારો લવારો ક્યારે બંધ થશે ?"

બીરબલે તરતજ જવાબ આપ્યો "હુઝૂર ! જ્યારે આપ 'પછી શું થયું' નહીં બોલો એટલે મારો લવારો પણ બંધ થઇ જશે.

આ જવાબ સાંભળી બાદશાહ ઘણોજ પ્રસન્ન થયો અને સરપાવ આપ્યો.

## વાર્તા ૮૧.

### ચાર પ્રશ્નો.

એક પ્રસંગે બાદશાહે દરબારમાં બીરબલને પૂછયું કે "બીરબલ ! દરેક પ્રાણી માત્ર જે ચંદ્ર સૂર્યને જોઇ

શકે છે અને તે સૂર્ય ચંદ્રના પ્રકાશ વડે હરેક વસ્તુ જોઈ શકાય છે; છતાં એવી કોઇ વસ્તુ હશે જે તેમના પ્રકાશમાંયે ન જણાય ?”

બીરબલ બોલ્યો “ જી હા, નામદાર ! એ બન્નેના પ્રકાશમાંયે અંધકાર જડી શકતો નથી.”

બાદશાહે એ ઉત્તરથી આનંદ પામી બીજા પણ ત્રણ સવાલો પૂછ્યા, જે નીચે પ્રમાણે છેઃ—

**બાદશાહ**—“ આ જગત્માં કોનો વિશ્વાસ ન કરવો ?”

**બીરબલ**—“ જહાંપનાહ ! આંખે કાણો, હાથે ઠુંઠો, પગે લંગડો અને ટુંકી ગરદનવાળો એ ચાર નીશાની વાળાઓનો વિશ્વાસ ન કરવો જોઈયે.”

**બાદશાહ**—“ નીમકહરામ કોણ ?”

**બીરબલ**—“ આપણું ખાઇને આપણુંજ બુરૂં કરે તે.”

**બાદશાહ**—“ નીચમાં નીચ કોણ ?”

**બીરબલ**—“ દેશદ્રોહી.”

બીરબલની આ હાઝરજવાબી જોઈ સર્વ દરબારીયો પણ ‘ વાહવાહ ’ પોકારી ઉઠયા અને બાદશાહે પણ તેને અનેક ધન્યવાદ આપવા સાથે ભારે સરપાવ પણ આપ્યો.

## વાર્તા ૮૨.

### દીવા હેઠળ અંધારૂં.

એક સમયે બાદશાહ અને બીરબલ કિલ્લાના બુરજ ઉપર બેઠા બેઠા હવા ખાતા હતા, તે વખતે બુરજની નીચે એક વહેપારી શાહુકારને કેટલાક ચોરો લુંટી લેતા હતા.

બાદશાહની નઝર એકાએક તે ઘટનાસ્થળે પહોંચી, પેલા શાહુકારે પણ ઉપર જોયું. શાહ અને શાહુકારની નઝર એક થતાં શાહુકાર પોકારી ઉઠયો કે "જહાંપનાહ! આપની નઝર સ્હામેજ ચોરો મને લુંટી બેફિકર મોજની સાથે ચાલ્યા જાય છે, છતાં આપ કાંઈ કરતા નથી ?!!"

પેલા શાહુકારનું આ વાકય શાહના અંતરમાં તીક્ષ્ણ તીર સમાન ભોંકાયું, તેણે ગુસ્સામાં રાતાચોળ બની બીરબલને ધમકી આપતાં કહ્યું "શું, ત્હેં મારા રાજ્યમાં આવોજ બંદોબસ્ત (?) રાખ્યો છે? મ્હેં જ્યારે જ્યારે ત્હને રાજ્યના વહીવટ સંબંધી પૃચ્છા કરી, ત્યારે ત્હેં એમજ જવાબ આપ્યો કે 'સર્વ સ્થળે શાંતિ અને આબાદી છે,' પણ આજે મ્હારી ખાત્રી થઈ કે તારી એ વાતો ખોટે ખોટીજ હતી; કારણકે મ્હેં અત્યારે આ પળેજ મ્હારી નઝરો સમક્ષ એક શાહુકારને સાત ચોરોથી લુંટાતો જોયો!!"

બીરબલે તરતજ હાથ જોડી જવાબ આપ્યો હુઝૂર! 'દીવા હેઠળ અંધારૂં' એ કહેવત આખું જગત્ જાણે છે. આ બુરજ ઉપર આપ મોગલકુળદીપક પ્રતાપી શહનશાહ પ્રકાશી રહ્યા છો એટલે કિલ્લા નીચે અંધેર હોય એ સ્વાભાવિકજ છે!? માટે આપ લગાર વિચારો કે આસપાસ સ્હેજ પણ અંધારૂં છે?"

આવું અપૂર્વ યુક્તિપૂર્ણ વાક્ય સાંભળી બાદશાહ અત્યંત ખુશ થયો. અને પેલા ચોરોને પકડી આણવા તરતજ સવારો દોડાવ્યા.

## વાર્તા ૮૩.

### ચોર પકડવાની કળા.

એક પ્રસંગે એક વહાણમાં ચોરી થઇ તેથી તે ચોરી કરનાર ચોરને શોધી કાઢવા માટે તે વહાણના માલીકે ઘણીજ બારીકીથી તપાસ ચલાવી, છતાં ચોરનો પત્તો ન લાગ્યો એટલે આખરે તેણે સઘળા શકદાર માણસોને સાથે લઈ અકબર બાદશાહના દરબારમાં હાઝર થઈ શાહ સમક્ષ ફરીયાદ કરી. બાદશાહે તે નાખુદાની સઘળી બાબત ધ્યાનમાં લઈ બીરબલને ચોર શોધી કાઢવાનું કામ સોંપ્યું. બાદશાહની આજ્ઞા થતાંજ બીરબલે ઘઉંનો લોટ મંગાવી એકેક મુઠી આટો દરેક શકદારોના હાથમાં આપીને કહ્યું કે “ આ લોટનો ફાંકડો મારી પોતાના થુંક વડે લોટનો ગોળો વાળી આપો એટલે કોણ ચોર છે એ હું મ્હારા ઇલ્મને પ્રતાપે તરતજ કહી આપીશ. ”

બીરબલનો આ હુકમ સાંભળતાંજ બધા શકદારોએ તે પ્રમાણે કર્યું, પણ તેઓમાંના એક જણ સિવાય બધાના મુખમાં પુષ્કળ અમી હોવાથી લોટના ગોળા તેઓએ બનાવી આપ્યા અને પેલો જે ચોર હતો, તેના મોઢામાંથી તો ઇલ્મ શબ્દ સાંભતાંજ અમી સુકાઈ ગયું હતું એટલે ગોળો ક્યાંથી બની શકે ? બીરબલે આ પ્રકાર જોઈ પેલાને પકડી પાડયો એટલે તેણે તરતજ ચોરી કબુલ કરી અને માલ જ્યાં સંતાડયો હતો ત્યાંથી લાવી આપ્યો.

## વાર્તા ૮૪.

### હસાવે તો ઇનામ આપું.

એક દિવસે બાદશાહે બીરબલને કહ્યું કે " બીરબલ ! જો તું મને હસાવીશ તો તને મોટું ઇનામ આપીશ." આ સાંભળી બીરબલે અનેક યુક્તિઓ ચલાવી બાદશાહને હસાવવાની મહેનત કરી, પણ બાદશાહ હસ્યો નહીં. છેવટે બીરબલે બાદશાહના કાનમાં કહ્યું " જહાંપનાહ ! જો આપ હવે નહીં હસશો તો હું મોટેથી બુમો મારી ધમસાણ મચાવી મૂકીશ." છતાંએ બાદશાહ સ્હેજ પણ ન હસતાં મૌન ધારીને બેઠો. આ પ્રકાર જોઇ બીરબલે ચેષ્ટા કરવા માંડી એટલે બાદશાહને તે ચેન ચાળા જોઈ હસવું આવી ગયું. બીરબલ તો વાટજ જોતો હતો, તેણે ઝટ ઉભા થઈ કહ્યું "નામદાર ! આપની શરત પૂર્ણ થઇ માટે ઇનામ હાઝર કરો."

બાદશાહે તેની બુદ્ધિ અને તર્કશક્તિના ભારે વખાણ કર્યા અને કહ્યા પ્રમાણે ભારે ઇનામ પણ આપ્યું.

## વાર્તા ૮૫.

### વખત તેવાં વાજાં

એક દિવસે બાદશાહની માતા મરણ પામી. એક બાજુ તેના કફન દફનની તૈયારી કરવામાં આવતી ત્યારે બીજી તરફ એજ પળે પટરાણીએ કુંવરને જન્મ આપ્યો. આ બંને ખબરો શહેરમાં ફેલાતાં શહેરીઓ ભારે મુંઝવણમાં પડયા, કેમકે રાજમાતાનો શોક પ્રદર્શિત કરવો કે કુંવરના જન્મનો હર્ષ જાહેર કરવો, એ મહા ધર્મસંકટ એમને માથે આવી પડયું હતું. શોક અને હર્ષ એકી સાથે જાહેર નજ થઈ શકે

એમ હેવાથી છેવટે થાકીને તેઓ બીરબલ પાસે ગયા અને તેની સલાહ માગી. બીરબલે કહ્યું "ભાઇયો! આજે તમે સઘળા એકી સાથે દરબારમાં જાવ અને જ્યારે બાદશાહની નઝર તમારા તરફ વળે એટલે તમે બધા ઉઘાડે માથે ઉભા થજો. એ બનાવ જોઇને જો શાહ હસે તો તમે પણ હસજો અને રડે તો તમે પણ તેમ કરજો."

બીરબલના કહેવા પ્રમાણે બધા શહેરીઓએ કર્યું. બાદશાહ આ પ્રજાજનોનો વિચિત્ર દેખાવ જોઇ હસવા લાગ્યો એટલે પ્રજાજનોએ પણ હસીને રાજકુમારના જન્મનો હર્ષ પ્રદર્શિત કર્યો.

બાદશાહે જાણી લીધું કે, આ યુક્તિ બીરબલનીજ બનાવેલી હોવી જોઈયે એટલે તેણે પ્રજાજનોને તે વિશે પૂછી જોતાં તેનું અનુમાન ખરૂં પડયું.

---

## વાર્તા ૮૬.

### બખ્તરની પરિક્ષા.

એક સમયે બાદશાહે લુહારને એક બખ્તર બનાવી લાવવા કહ્યું. બીચારા લુહારે પોતાની પુરતી અક્કલ હોંશીયારીથી સારામાં સારૂં બખ્તર બનાવી આપ્યું. બાદશાહે તેની પરિક્ષા કરવા સારૂ ઝમીન ઉપર મૂકી ગોળી મારી એટલે બખ્તર ભાંગીને ભૂકેભૂકા થઈ ગયું. એ જોઈ શાહે ગુસ્સે થઈને કહ્યું કે "જો ફરીથી આવો નકામો બખ્તર બનાવી આપીશ તો તને સૂળીએ ચઢાવી દઈશ, માટે મઝબુતમાં મઝબુત બનાવી લાવ."

બાદશાહનો આ કરપીણ હુકમ સાંભળતાંજ બીચારા

લુહારાના તો હાંજાજ ગગડી ગયા, અને કંપવા લાગ્યો. મહેનત અકારત ગઈ તેની ફીકર ન કરતાં હવે મોતના મુખમાંથી કેવા પ્રકારે છટકવું એ વિચારમાં તે પડયો. ઘેર જતાં રસ્તામાં બીરબલનું મકાન આવ્યું. તેણે બીરબલ આગળ હાઝર થઇ, બધી વાર્તા કહી સંભળાવી. અને એ અણુધારી આફતમાંથી બચવાનો માર્ગ બતાવવા અરઝકરી.

બીરબલે પેલા લુહારની દયાજનક કથા સાંભળીને કહ્યું " બીજું બખ્તર બનાવી તારા શરિરપર ધારણ કરી દરબારમાં આવજે અને જ્યારે બાદશાહ પરિક્ષા લેવા માટે માગે ત્યારે કહેજે કે 'હુઝૂર ! બખ્તરની પરિક્ષા ઝમીન પર રાખીને નથી લેવાતી, બલ્કે શરિર પર લેવાય છે. માંટે હું પહેરીને ઉભો છું, આપ જોઇએ તેટલી ગોળીઓનો પ્રહાર કરી પરિક્ષા કરી જુઓ એટલે તે શરિરનું કેવું સારી રીતે રક્ષણ કરે છે, એ તરત જણાઈ આવશે. જો તું આ પ્રમાણે કરીશ તો તારૂં કામ સફળ થશે."

બીરબલના કહેવા પ્રમાણે લુહાર બીજો બખ્તર બનાવી શરિરે પહેરી દરબારમાં હાઝર થયો અને જ્યારે બાદશાહે બખ્તર પરિક્ષા કરી જોવા માગ્યું એટલે પેલાએ બીરબલે સમજાવ્યા પ્રમાણે જવાબ આપ્યો.

બાદશાહ તરતજ સમજી ગયો કે, એ યુક્તિ કોઇ બીજાએ બતાવેલી છે, એટલે તેણે લુહારને તે બાબત પૂછી જોતાં જણાઈ આવ્યું કે, બીરબલનુંજ એ કારસ્થાન છે. શાહ એ જાણી ખુશ થયો અને લુહારને ઇનામ આપી વિદાય કર્યો.

## વાર્તા ૮૭.

### બુદ્ધિનું પરાક્રમ.

એક પ્રસંગે બાદશાહે બીરબલને ત્રણ દિવસની અંદર મરઘાનું ઇંડું લાવી આપવાની આજ્ઞા કરી બીજેજ દિવસે સ્હાંજે બાદશાહ નદિ કિનારે ફરવા જતે એ વખતે બીરબલ એક ઘોડાને નદીમાં લઇ જઈ, ઉભો રાખી, માલિશ કરવા લાગ્યો. બાદશાહ જ્યારે ત્યાં ફરવા નીકળ્યો એટલે બીરબલને આવી હાલતમાં જોતાંજ તેણે પૂછ્યું "કેમ બીરબલ! તેં આ શું કરવા માંડયું છે?"

બીરબલે હાથ જોડી કહ્યું "નામદાર! આ ઘોડાની ઘોડી બનાવું છું."

બીરબલનો આવો જવાબ સાંભળી બાદશાહ ખડખડ હસી પડી કહેવા લાગ્યો "અરે મૂર્ખા! નર તે ક્યારેક નારી થઈ છે!" બીરબલ ઝટ બોલી ઉઠયો "જહાંપનાહ! જ્યારે મરઘા ઈંડાં આપતા થાય તો પછી ઘોડાની ઘોડી કેમ ન બને? નર મટી માદા કેમ ન થાય?"

બીરબલનો આવો તરત અને ચમત્કારીક જવાબ સાંભળી બાદશાહ અત્યંત પ્રસન્ન થયો અને તેના ગુણની બેહદ પ્રશંસા કરવા લાગ્યો.

## વાર્તા ૮૮.

### મીઠી મસ્ખરી.

બીરબલ માંસ, ઈંડાં વગેરે વસ્તુઓને હાથ અડકાવતો નથી, એટલુંજ નહીં, પણ તે બધાની મશ્કરી (મસ્ખરી) સુદ્ધાં કરીને બધાને લજવે છે, માટે એને કોઈ પ્રકારે બનાવવો

શાહજાદાઓ અને કેટલાક દરબારીઓએ વિચાર કર્યો. એક દિવસે બાદશાહ પોતાના શાહજાદાઓ તેમજ થોડાક ખાસ ખાસ દરબારીયો સાથે યમુના કિનારે ફરવા ગયો. બીરબલ પણ સાથેજ હતો. એટલે તેના વિરોધીઓએ લાગ જોઈ ચુપ ચાપ એક માણસને થોડાંક મરઘીનાં ઈંડાં લાવવા માટે મોકલ્યો. ઇંડાં આવી પહોંચતાં પેલા શાહજાદાઓએ પોતાની ન્હાવાની ઈચ્છા પ્રગટ કરી. બાદશાહે 'હા' પાડી એટલે સૌ કોઇ અકેક ઈંડું લઈ જઈ ન્હાવા પડયા, બીરબલ પણ ન્હાવા લાગ્યો, બાદશાહ ઘાટ ઉપર બેસીને બધો તમાશો જોતો હતો. પ્રથમથી કરી રાખેલી ગોઠવણ મુજબ શાહજાદાઓ તેમજ અન્ય કેટલાક દરબારીયો એક પછી એક પાણીમાંથી નીકળી બાદશાહ આગળ ઈંડું લાવીને મૂકતા. બીરબલે આ પ્રકાર જોયો એટલે સૌને બનાવવાને ઈરાદે જ્યારે તેનો પોતાનો વારો આવ્યો, ત્યારે તેણે નદીમાં ડુબકી મારી કૂકડાની ગરદનના આકારે પોતાના હાથની આકૃત કરી "કુકડૂ કૂ" કરવા લાગ્યો. તે જોઈ બાદશાહે પૂછયું કે "બીરબલ! આ શો ધતીંગ?" બીરબલે હાથ જોડી કહ્યું "હુઝૂર! કૂકડા વગર મરઘીઓ ઇંડાં ક્યાંથી આપી શકે? માટે આ સઘળી મરઘીઓ વચ્ચે હૂં એક મરઘો છું અને બધી મરઘીઓને ઇંડાં આપતી જોઇ હર્ષને લીધે 'કુકડૂ કૂ' કરૂં છું."

આવો વિનોદી પ્રત્યુત્તર સાંભળી બાદશાહ પોતાના હાસ્યને અટકાવી ન શકયો, શાહજાદાઓ અને બીજા દરબારીયો પણ શરમાઈ જઇને નીચું ઘાલી ઉભા. બીરબલને બનાવવા જતાં પોતેજ બની ગયા. મશ્કરી (મસ્ખરી) કરવી અને રીસ ચઢાવવી એ કેમ બને? એટલે ચુપચાપ પોતાના ખેલમાં ગુંથાયા.

## વાર્તા ૮૯.

### સ્વભાવનું ઓસડ.

એક પ્રસંગે બાદશાહ અને બીરબલ ઘોડે બેસીને જમના કિનારે ફરતા હતા. કેટલાક ગધેડાઓ પણ ત્યાં ચરતા હતા અને તેમનો ધણી, બીચારો કુંભાર થોડાક અંતરે, એક ઘટાદાર વૃક્ષની છાયા તળે સૂતો હતો.

કૂતરાની પુંછડીને ગમે દસ વરસ સુધી સીધી બાંધી રાખો, પણ જ્યારે છૂટી થઇ એટલે વાંકીને વાંકીજ રહેવાની. ગધેડાઓ પણ એવાજ ખોડીલા હોય છે. તેમને ગમે તેટલા ન્હવરાવી ધોવરાવી સાફ કરવામાં આવે, પણ જ્યાં છૂટા થયા કે તરતજ ધૂળમાં આળોટયા વગર ચાલેજ નહીં. બીચારો કુંભાર થોડીજવાર પહેલાં પોતાના ગધેડાઓને મહામહેનતે ન્હવરાવી, ચરવા મૂકી, પોતે સૂઈ રહ્યો હતો. પણ ગધેડાઓ તો પોતાના સ્વભાવને આધીન થઈ તરતજ ભીને શરીરેજ ધૂળમાં આળોટવા લાગ્યા એટલે તેમને ધૂળ ચોંટેલી હતી, તે જોઈ બાદશાહે કહ્યું કે "બીરબલ! આ ગધેડાઓ જેવું એકે ખરાબ પ્રાણી નહીં હોય, કેમકે તેમના માલિકે થોડીવાર પહેલાંજ ન્હવરાવી સાફ કર્યાં હશે; પણ આટલી વારમાં તો તેઓએ આખે શરિરે પાછી ધૂળ ચોપડી લીધી છે."

એના જવાબમાં બીરબલે કહ્યું "નામદાર! એ તો એમનો મૂળ સ્વભાવ છે. બધાનું ઓસડ ઇશ્વરે પેદા કર્યું છે, પણ એક સ્વભાવ માત્રનુંજ ઓસડ મળતું નથી. એક કવિએ લખ્યું છે કે:—

પાવકકો જલબિંદુ નિવારણ, સૂર્ય તાપકો છત્ર કિયો હે,
વ્યાધિકો વૈદ, તુરંગકો ચાબુક, ચોપગકો વૃક્ષદંડ દીયો હે;

હસ્તી મહાદેવ કે શીર અંકુશ, ભૂત પિશાચકો મંત્ર કીયો હે,
ઔષધ હે સબકો સુખદાયક, સ્વભાવકા ઔષધ નાહીં કીયોહે.
આ પ્રત્યુત્તરથી બાદશાહ ઘણોજ પ્રસન્ન થયો.

## વાર્તા ૯૦.

## જેવી કરણી તેવી પાર ઉતરણી.

એક પ્રસંગે બાદશાહ રાત્રે નગરચર્ચા જોવા નીકળ્યો હતો. ફરતો ફરતો તે જમુનાના કિનારે આવ્યો, એવામાં ત્રણ સ્ત્રીઓ ત્યાં રડતી બેઠેલી જણાઇ. એ ત્રણે સ્ત્રીઓનું રૂદન સાંભળી શાહે તેમની પાસે જઇને પુછયું કે “ તમે શા માટે રડો છો ? એ કહેવામાં જો કશી હરકત ન હોય તો મને કહો.”

આવા રાતના સમયે નદી કિનારે આવી કોણ સવાલ કરે છે, એ જોવા પેલી સ્ત્રીઓએ પાછળ ફરી જોયું એટલે કોઇ દેવાંશી નરને ત્યાં ઉભેલો જોયો. તેને જોતાંજ પેલી સ્ત્રીઓએ હાથ જોડી, શીશ નમાવી દીધું. થોડીવારે પહેલી સ્ત્રી બોલી કે “મ્હારો સ્વામી જમુના નદિને પેલે પાર ખેતીનું કામ કરે છે એટલે દરરોજ નદીમાં તરીને પેલે પાર જાય છે અને આવે છે. પણ કોઇક દિવસે પાણીમાં તરનારો પાણીમાંજ ડુબી મરે એ વિચાર આવતાં હું રડું છું.”

બીજીએ કહ્યું “ મ્હારો ધણી રોજ ચોરી કરવા જાય છે જેથી તે કોઇક દિવસે કરોળીયાની પેઠે પોતાની જાળમાં પોતેજ ફસાઇ જશે અને માર્યો જશે. એ વિચાર આવતાં મને રડવું આવે છે.”

ત્રીજીને પૂછતાં તેણે કહ્યું "મ્હારો પતિ ન્હાની વયનો હોવાથી, હું મ્હારા એળે જતા યૌવનને રડું છું."

આ પ્રમાણે ત્રણેનું બોલવું સાંભળી બાદશાહ પોતાના મહેલમાં ગયો અને બીરબલના આવવાની વાટ જોવા લાગ્યો. એટલામાં બીરબલ આવી પહોંચતાં, શાહે તેને સવાલ કર્યો "બીરબલ! રાત્રે ત્રણ સ્ત્રીઓ શા કારણે રડતી હતી?"

બાદશાહનો આવો સવાલ સાંભળી બીરબલે કહ્યું "જહાંપનાહ! સાંભળોઃ—

નદી પાર ખેતી કરે, ઓર પર ચોરી જાય,
બાલે કંથકી કામિની, તીનોં બુરી બલાય.

એ માટે રડતી હતી,"

બીરબલની આ અપૂર્વ તર્કશક્તિ જોઇ શાહ અત્યંત પ્રસન્ન થયો અને ઘણુંજ ભારે ઇનામ આપ્યું.

## વાર્તા ૯૧.

### રાજાનો હજામ પણ ચાલાક હોય.

એક દિવસે બાદશાહ, દરબારમાં બેઠો બેઠો સ્હેજ પણ બોલ્યા ચાલ્યા વગર એકી નઝરે જોઇ રહ્યો હતો. આ વિચિત્ર હાલત જોઈ બધા દરબારીયો આશ્ચર્ય પામ્યા અને માંહોમાંહે અનેક પ્રકારના તર્ક વિતર્ક કરવા લાગ્યા. બાદશાહે દરબારીયોની મુંઝવણ જાણી લઇ એક કાગળ પોતાના ખીસામાંથી કાઢી, તેમાં લખેલ અક્ષર બતાવી, સૌને પુછ્યું કે "આ ઉ છે કે જુ છે." આ વળી વિચિત્ર સવાલે બધાને વધુ અકળામણમાં નાંખ્યા અને શો જવાબ આપવો તેના

વિચારમાં ગુંચવાયા; પરંતુ કાંઈ નિર્ણય ન કરી શકાયો. એવામાં બાદશાહના હજામે ઉભા થઈ હાથ જોડી કહ્યું "નામદાર જહાંપનાહ! જુ નથી પણ ઉ છે. જો જુ હોત તો હાલ્યા ચાલ્યા વગર રહેત નહીં."

આ વિનોદી જવાબ સાંભળી બધા હસી પડ્યા અને બાદશાહે હજામને ઘણી શાબાશી આપી.

## વાર્તા ૯૨.

### કાળીનું કૌતુક.

એક પ્રસંગે કાલિકા દેવીએ બીરબલને બ્હીવરાવવાનો વિચાર કર્યો, અને હઝાર માથાવાળું ભયંકર સ્વરૂપ ધારણ કરીને તે તેની પાસે ગઇ. બીરબલે કાલિકાને પોતાની સ્હામે આવેલી જોઇ, તરતજ ઉભા થઇ, નમન કર્યું અને પછી દિલગીર થયાનો ઢોંગ કર્યો. દેવી તો વિચારમાંજ પડી ગઈ, તે મનોગત્ કહેવા લાગી કે 'મ્હારા આવા ભયંકર સ્વરૂપથી તે સ્હેજ પણ ડર્યો નહીં, એટલુંજ નહીં, બલ્કે પ્રથમ હસ્યો અને બાદમાં દિલગીર થયો એનું શું કારણ?' તેનાથી એ ભેદ ઉકેલાયો નહીં એટલે તેણે બીરબલને તેનો ખુલાસો કરવા કહ્યું. બીરબલે મસ્તક નમાવી કહ્યું "દેવી! આપે આપના દર્શન દીધા તેની ખુશાલીમાં હું હસ્યો, પણ દિલગીર થવાનું કારણ કાંઇ કહેવા યોગ્ય નથી, માટે તે વિષયને પડતોજ મૂકો તો સારૂં."

આ ઉપરથી દેવીને તે કારણ જાણવાની વધુ ઉત્કંઠા થઈ અને તેણે વધુ આગ્રહ કર્યો, એટલે બીરબલે કહ્યું "માતા! મ્હારા બે હાથ અને એક નાક છે, છતાં સલેખમ થાય છે

ત્યારે નાક સાફ કરી કરીને મ્હારા હાથ દુઃખી આવે છે. તો પછી આપના માત્ર બેજ હાથ અને હઝાર માથાં ઉપર હઝાર નાક એટલે આપને સલેખમ થતાં આપની શી વલે થતી હશે અને કેવું દુઃખ ભોગવવું પડતું હશે ! ? એમ જાણી હું દિલગીર થયો."

બીરબલની આ વિચિત્ર હાઝરજવાબી જોઇ દેવી તેને આશિર્વાદ આપી અલોપ થઈ ગઇ.

## વાર્તા ૯૩.

### હાથી કે ગવૈયો ? !

એક સમયે બાદશાહે લાડ અને કપુર નામના પ્રખ્યાત ગવૈયાઓના ગાયનથી બહુજ આનંદમાં આવી જઈ, વગર વિચાર્યે એ બીચારા ગરીબોને હાથી ઈનામમાં આપ્યો. બીચારા ગવૈયા ઈન્કાર ન કરી શકયા અને હાથીને લઈ જઈ એક વર્ષ સુધી તો તેને ખવરાવી પીવરાવી રાખ્યો, પણ જ્યારે તેમની તીજોરીનું તળીયું દેખાયું, ત્યારે તેમને ભારે ફીકર પડી. તેમણે વિચાર કર્યો કે " જો એ બલાને થોડો વધુ વખત આપણે ત્યાં રાખીશું તો ઘરનાં છોકરાંને ઘંટી ચાટવાનો સમય આવશે." પણ ત્યારે એનું કરવુંએ શું ? એતો ન વહેંચી શકાય કે ન વેચી શકાય તેમજ રાખી પણ ન શકાય. આખરે લાડે એક યુક્તિ શોધી કાઢી પોતાના ભાઈને કહ્યું " ભાઈ ! હાથીની ડોકમાં ઢોલ અને તંબુરો વગેરે લટકાવી, છુટો મૂકી દેવાથી આપણો એ બલામાંથી છુટકારો થશે." કપૂરને પણ એ યુકિત પસંદ પડતાં હાથીના ગળામાં

ઢોલ, તંબુરો લટકાવી તેને છોડી મૂકયો. એટલે હાથી શહેરમાં ચારે તરફ ધૂમવા અને યથેચ્છ તોફાન કરવા લાગ્યો. હાથીના તોફાનથી ત્રાસ પામી લોકોએ શાહ પાસે જઈ અરજ કરી કે " જહાંપનાહ ! આપનો હાથી શહેરમાં છૂટો ફરે છે અને લોકોને ઘણોજ ત્રાસ પમાડે છે." આ સાંભળી બાદશાહે સીપાહીઓને તે હાથી કોનો છે એ તપાસ કરવાની આજ્ઞા આપી.

સિપાહીઓએ તપાસ કરીને શાહને કહ્યું " નામદાર ! એ હાથી તો આપે લાડ અને કપૂરને આપ્યો હતો એજ છે. " બાદશાહે તરતજ લાડ, કપૂરને બોલાવી ધમકી આપતાં કહ્યું " કેમ તમે તમારા હાથીને છુટો મૂકયો છે ? " બન્નેએ હાથ જોડી અરજ કરી કે " જહાંપનાહ ! તેને બાર માસ સુધી ખાનપાનમાં ખુશ રાખી અમારો બધો હુન્નર શીખવી દીધો છે. તે પ્રવીણ થઈ ગયો એટલે તેને ઢોલ તંબુરો આપી રઝા આપી કે 'મુલક બાદશાહ સલામતનો છે, માટે તારી મોજમાં આવે ત્યાં ફરી ગાનતાનથી અમીર ઉમરાવોના મન રાઝી કરી તારૂં ગુઝરાન ચલાવ અને અમને પણ તને જે યોગ્ય લાગે તે આપજે.' "

આ પ્રમાણેનું લાડનું બોલવું સાંભળી બાદશાહને બહુજ હસવું આવ્યું. તે એમની મતલબ સમજી ગયેલો હોવાથી તેણે હાથીને પકડી મંગાવી હાથીશાળામાં બંધાવ્યો અને લાડ, કપૂરને એક સારી પેદાશવાળું ગામ ઈનામ આપ્યું.

## વાર્તા ૯૪.

### ચપટી વિરૂદ્ધ ઠોંસો.

એક સમયે બાદશાહ દરબારમાં બેઠો હતો. દરબારનું કામકાજ ખલાસ થતાં નિત્યના નિયમ પ્રમાણે આડી અવળી વાતો ચાલવા લાગી. લહુઓ વચ્ચે વચ્ચે રમુજી વાકયો બોલી તમામ દરબારને હસાવતો હતો. એટલામાં શાહને બગાસું આવ્યું. એટલે રીવાજ મુજબ કેટલાક લોકોએ ચપટી વગાડી.

આપણા અહીં પણ એવો રીવાજ છે કે, કોઈને બગાસું આવે તો તે પોતે અથવા બીજો કોઈ પાસે બેસનાર વચલી આંગળીને અંગુઠા સાથે મેળવી ચપટી વગાડે છે. અને આતો વળી રાજદરબારી ખાતું અને તેમાંએ વળી શાહ જેવાને બગાસું આવ્યું એટલે ચપટી વગર ચાલેજ કેમ ?

લહુઆથી આ પ્રસંગે ન રહેવાયું, તેણે તરતજ પોતાના એક હાથની મુઠી વાળીને પેલા ચપટી વગાડનારાઓને બતાવી. એ પ્રકાર જોઇ બાદશાહે લહુઆને પૂછયું “ અરે એ લહુઆ ! તેં આ લોકોને ઠોંસો શા માટે બતાવ્યો ? ”

લહુઓ તો એ સવાલની વાટજ જોતો હતો, તેણે ઝટ હાથ જોડી અરજ કરી કે “ નામવર ! આ બધા લોકો ચપટી વગાડી એમ બતાવવા માગે છે કે ‘ **અમે બધા નામદાર બાદશાહ સલામતને ચપટીમાં ઉડાવીયે છીયે.** ’ પણ મ્હેં મુઠી ( ઠોંસો ) બતાવી તેમને જણાવ્યું

કે "તમે બધા બાદશાહની મુઠીમાં છો, એટલે શેના ચપટીમાં ઉડાવી શકો એમ છે ?"

આ જવાબ સાંભળી બાદશાહ બહુજ પ્રસન્ન થયો અને બધા હાજીયા દરબારીયો પણ શરમાઇને નીચું મોઢું ઘાલીને બેઠા.

## વાર્તા ૯૫.

### ગપ્પીદાસનો ગપ ગોળો.

એક દિવસે બાદશાહ અને બીરબલ બાગમાં બેસી વિનોદની વાતો કરતા હતા, એવામાં એક ગપ્પીદાસ ત્યાં આવ્યો, એ માણસ જ્યારે જ્યારે આવતો ત્યારે એકને એક નવી ગપ લેતો જ આવતો; પણ તેની વાતનો કોઈ જવાબ આપી શકતું નહીં. આજે તેણે આવીને કહ્યું "જહાંપનાહ ! મેં એક નવાઇ જેવો બનાવ જોયો છે, જો આજ્ઞા હોય તો કહી સંભળાવું." બાદશાહે 'હા' પાડી એટલે પેલો બોલ્યો "હુઝૂર ! આજે એક બકરી વાઘનો કાન પકડી જતી હતી તે મેં નઝરે જોયું."

તેની આ ગપ સાંભળી બાદશાહ ખડ્ખડ્ હસવા લાગ્યો, પણ બારબલે વિચાર કર્યો કે 'એ ગપ્પીદાસને એવો બનાવવો કે ગપગોળો ફેંકવાનુંજ ભૂલી જાય.' એમ ધારી તેણે કહ્યું "બેશક, તમારી વાત ખરી હોય એમ મને પણ લાગે છે; કારણ કે, મેં પણ એવોજ એક નવાઈ જેવો બનાવ ઘણા દિવસ ઉપર જોયો હતો. એક માણસ પોતાની ભેંસને નદીને કાંઠે પાણી પીવરાવવા લઈ ગયો. ભેંસ પાણી પીતી હતી એવામાં એક મગરે આવીને પેલા માણસના

બન્ને પગ પકડી લીધા. પેલા માણુસે પણ સમયસુચકતા વાપરી ભેંસનું પૂછડું પકડી લીધું. બન્ને પ્રાણીઓએ તેને પોતપોતા તરફ ખેંચ્યો, છેવટે મગર તેના શરિરનો અડધો ભાગ લઇ ગયો અને બાકીનો અડધો ભાગ ભેંસના પુંછડાને વળગી રહ્યો. એટલામાં ત્યાં એક વૈદ આવી ચઢયો એટલે તેણે બકરીનો પાછલો ભાગ કાપી તે માણુસના ધડ સાથે સાંધી દીધો. થોડા દિવસ પછી તે માણુસ સાજો થઈ ગયો અને હજુ સુધી તે બકરીની પેઠે દુધ આપે છે."

પોતાની ગપ સ્હામે બરાબર દંતભંજક ગપ બીરબલે મારી છે, એમ જાણી લઈ પેલો ગપ્પીદાસ શરમાઈને ત્યાંથી ચાલતો થયો.

## વાર્તા ૯૬.

### કહેવા કહેવામાં ફેર.

એક દિવસે શાહને એવું સ્વપ્નું આવ્યું કે તેના બધા દાંત એકદમ પડી ગયા, માત્ર એક દાંત બાકી રહી ગયો. બીજે દિવસે તેણે નજુમીને બોલાવી તે સ્વપ્નનો ખુલાસો પૂછયો. બીચારા ભોળા નજુમીએ કહ્યું "જહાંપનાહ! આપના બધા સગાવહાલા આપની હયાતીમાંજ ગુઝરી જશે."

એ મૂર્ખ રમલ જોનારના આ શબ્દો સાંભળી બાદશાહને એકદમ ક્રોધ ચઢયો અને તેને ત્યાંથી ધક્કા મરાવી કાઢી મૂકયો. થોડીવાર પછી બીરબલ આવ્યો એટલે બાદશાહે તે બધી વાત તેને કહી સંભળાવી, ખુલાસો પૂછયો. બીરબલે ધીમેથી કહ્યું કે "નામદાર આલી!

એ સ્વપ્નનો ખુલાસો ખુલ્લોજ છે. આપ આપના સગા સંબંધીઓ કરતાં વધારે લાંબુ આયુષ્ય ભોગવશો. માત્ર એકજ દાંત રહી ગયો, તે એકજ સંબંધી આપના કરતાં પણ વધુ આયુષ્ય ભોગવશે."

આ ખુલાસો બાદશાહને બહુજ ગમ્યો અને બીરબલને પોતે ઓઢેલી શાલ ઇનામમાં આપી દીધી. જો કે વાત એકજ હતી, પણ કહેવા કહેવામાં ફેર તે એનું નામ!!

## વાર્તા ૯૭.

### બીરબલને ગાળો.

એક દિવસે બીરબલના કેટલાક શત્રુઓએ મળીને બીરબલના નામની ગાળો એક મોટા કાગળ ઉપર લખી, તેને જાહેર રસ્તા ઉપર લગાડયો. આ બાબતની ખબર બીરબલને મળતાં તે પોતાના કેટલાક માણસોને લઈને તે સ્થળે ગયો. બીરબલને ત્યાં ઉભેલો જોઈ તેના મિત્રો તેમજ શત્રુઓ તેની આસપાસ ટોળે વળી ઉભા રહ્યા. બીરબલે પોતાના એક માણસને તે ગાળો લખેલો કાગળ ઉંચે લગાડેલો હોવાથી ત્યાંથી ઉતારીને થોડે નીચે લગાડવાની સુચના કરી. પેલા માણસે તે પ્રમાણે કર્યું એટલે બીરબલ બોલ્યો કે "અત્રે બધા એકઠા મળેલા લોકો! સાંભળો!! આ લખાણને હું આપણી વચ્ચેનો કરાર થયેલો ગણું છું. એ કરારનામું ઉંચે હોવાથી લોકો બરાબર રીતે વાંચી શકતા ન હતા, માટે મ્હેં એને લગાર નીચે લગાડયો, જેથી બધા બરાબર રીતે વાંચી શકશે. આ ઉપરથી લોકોએ એમ સમજવું કે, હવેથી તેમણે પોતાના મનને

જેમ ગમે તેમ વર્તવું અને અમારા તરફથી પણ અમને જે ઠીક લાગશે તેવી ચાલ ચાલીશું."

આટલા શબ્દો ઉચ્ચારી બીરબલ ત્યાંથી જતો રહ્યો. પણ તેના એ વિચિત્ર અને રહસ્યપૂર્ણ શબ્દો સાંભળીને લોકોના મનમાં ભારે ધાસ્તી ઉત્પન્ન થઈ એટલે તેમણે તરતજ તે કાગળ ફાડી નાંખ્યો. ત્યાર પછી બીરબલ સ્હામે શત્રુતા જાહેર કરવાનું લોકોએ પડતું મૂકયું.

## વાર્તા ૯૮.

### મૂર્ખ શિરોમણિ.

દિલ્હી નગરમાં એક નિર્ધન, કપર્દિકાહીન બ્રાહ્મણ રહેતો હતો, જે પોતાનું ગુઝરાન ભીખ માગીને ચલાવતો હતો. તેણે મહેતાજીનું મોઢું પણ જોયેલું નહીં અને સાવ અભણ હોવા છતાં, તેના મનમાં પોતાને લોકો પંડિતજી કહીને બોલાવે એવી અભિલાષા રહેતી. મૂળે મૂર્ખનો સરદાર એટલે એ અભિલાષામાં દિન પ્રતિદિન વૃદ્ધિ થતી ચાલી. તેણે એક દિવસે એવો વિચાર કર્યો કે "જો બીરબલ પાસે જઈ હું કાંઈ સલાહ લઈશ તોજ મ્હારી એ પુરાતન અભિલાષા પરિપૂર્ણ થશે."

વિચાર થતાંજ તેણે માથે પગ મૂકી બીરબલના ઘર તરફ દોટ કાઢી, પણ ત્યાં પહોંચતાં બીરબલ દરબારમાં હોવાની ખબર મળી એટલે ત્યાંજ બેસી રાહ ન જોતાં સીધા દરબાર તરફ કૂચ કરી. અડધે રસ્તે જતાં બીરબલ જોડે ભેટો થયો. તેને જોતાંજ ગોર મહારાજે હાથ જોડીને અરજ કરવા માંડી "હજૂર! હું વિદ્યાબિદ્યા

તો ભણ્યો નથી, પણ મ્હને લોકો પંડિત કહે એવી કોઈ જુકતી જુકિત આપ બતાવો તો પરભુ આપનું ને આપના બૈરી છોકરાનું કલ્યાણ કલ્યાણ કરી નાંખશે. મ્હારા ગરીબ બ્રાહ્મણની આટલી અરજ આપ જરૂર સાંભળો બાપજી !"

બીરબલે જોયું કે " છે તો મૂર્ખાનો સરદાર, વગર ભણ્યે ગણ્યે પંડિતની પદ્વિ જોઈયે ?" તેણે વિચાર કર્યો કે " લાવ, એનેયે બનાવીયે તો ખરા ! ?"

બીરબલ કંઈ બોલે તે પહેલાં તો અધીરા બની ગયેલા બ્રાહ્મણ મહારાજે બાફી માર્યું " ભાઈશાબ ! ગમે તેમ કરીને પણ કોઇ જુક્તિ શોધી બતાવો. પરભુ આપનું કલ્યાણ કરશે."

બીરબલે કહ્યું " મહારાજ ! અધીરા ન બનો. સાંભળો, આપની અભિલાષા અત્યારે ને અબ ઘડીયેજ પૂર્ણ થઈ જાય એવી સ્હેલી અને સરળ યુક્તિ હું તમને બતાવું છું. જાવ, તમે અહીંથી થોડે દુર જઇને ઉભા રહો અને પછી તમને કોઈ પંડિત કહીને બોલાવે એટલે તેને મારવા માટે દોડજો."

પેલો મૂર્ખનો સરદાર તો બીરબલને હાથે પગે લાગી, અનેક આશિર્વાદો આપી ત્યાંથી થોડે છેટે જઇને ઉભો રહ્યો. આ તરફ બીરબલે ત્યાં રમતા કેટલાક છોકરાઓને કહ્યું " પેલો માણસ સ્હામે ઉભો છે તે પંડિત કહેતાં ચિરડાય છે, માટે એને પંડિત કહીને બોલાવશો તો લગાર ગમ્મત પડશે."

છોકરાઓને તો એવાં રમકડાં જોઇએજ. તેઓ તરતજ પેલા બ્રાહ્મણ સ્હામે જઈ "પંડિત ! પંડિત !" કહીને તેને બોલાવવા લાગ્યા. બીરબલના કહેવા પ્રમાણે બ્રાહ્મણ તે છોકરાઓને મારવા દોડયો, એટલે બીજા લોકોએ પણ તેને ગાંડો ધારી "પંડિત" કહી સતાવવા માંડયો. તેમને પણ પેલો બ્રાહ્મણ મારવા દોડયો. બે ચાર દિવસમાં તો આખા દિલ્હી શહેરમાં તે પંડિત તરીકે પ્રખ્યાત થઈ ગયો.

ત્યાર પછી એક દિવસ બીરબલને તેની દયા આવતાં પોતાની પાસે બોલાવી કહ્યું "મહારાજ ! હવેથી તમે ચિરડાશો નહીં અને કોઈ પંડિત કહે તો પણ તમારે તેની પાછળ દોડવું નહીં."

બ્રાહ્મણે તે પ્રમાણેજ કર્યું, છતાં પણ લોકોએ તો તેને પંડિત શબ્દથીજ બોલાવવા માંડયો અને એવી રીતે તેના મનની અભિલાષા પૂર્ણ થઈ.

## વાર્તા ૯૯.

### નજરે જોયલી વાત પણ ખોટી પડે.

એક પ્રસંગે એવો બનાવ બન્યો કે જે ખોજાના હાથમાં બાદશાહી બિછાનું સોંપેલું હતું, તે એક દિવસ એવો વિચાર કરવા લાગ્યો કે 'બાદશાહ હંમેશ ઠપકો આપે છે કે બિછાનું બરાબર થતું નથી, માટે આજે તો બરાબર ધ્યાન રાખીને સાફ કરવું.' એવો વિચાર કરી તેણે બિછાનું બરાબર ચોકસાઇથી સાફ કર્યું. ત્યારપછી તેને એવો વિચાર આવ્યો કે 'આજે તો મ્હેં ઘણીજ કાળજીથી બિછાનું કર્યું છે, છતાં બાદશાહને તેની ઉપર

સારી ઉંઘ આવશે કે નહીં ?' વળી પાછો થોડી વાર વિચાર કરી તે મનમાં કહેવા લાગ્યો "લાવને હુંજ જરા સૂઇ જોઉં ! ?"

એમ કહી તે શાહી બિછાના પર ચઢી ચાદર ઓઢીને સૂતો. એક તો થાકેલો પાકેલો અને વળી એવા કોમલ બીછાના ઉપર કોઇ દિવસ સૂતેલો નહીં, એટલે સૂતા વેંતજ નિદ્રાદેવીના ખોળામાં પડયો અને ઘસઘસાટ ઉંઘ લેવા લાગ્યો.

તે દિવસે બાદશાહ લગાર કામમાં રોકાયલો હોવાથી તે સૂઈ રહેવા આવ્યો નહીં. રાણી વખત સર સૂવા આવી તો બિછાના ઉપર કોઈને સૂઈ રહેલો જોઈ મનમાં કહેવા લાગી "બાદશાહ સલામત આજે કાંઇ કામના વધારે બોજને કારણે થાકી પાકી આવેલા હશે અને સૂઇ રહ્યા છે. માટે તેમને જગાડવા એ ઉચિત્ નથી." એમ વિચાર કરી રાણી તેની બાજુમાં ધીમેથી સૂઇ રહી અને તે પણ થોડીવારમાં ઉંઘી ગઈ.

બાદશાહ પોતાના કામમાંથી પરવારીને સૂઇ રહેવાના ઓરડામાં દાખલ થયો અને રાણીને પડખે કોઇને સૂતેલો જોઈ તેને ઘણોજ ક્રોધ ચઢયો. પાસે પડેલી તલવાર તેણે ઉપાડી, પરંતુ એવામાં તેને બીરબલના શબ્દો યાદ આવી ગયા કે "નજરે જોયલી વાત પણ કોઈ વખત ખોટી પડે છે." તેણે વિચાર કર્યો કે "લાવ, અત્યારેજ બીરબલ ને બોલાવી આ પ્રત્યક્ષ દાખલો બતાવી કહું કે, એને ખોટો કરી દેખાડ." તરતજ તેણે બીરબલને (જે હજી થોડુંક કામ બાકી હોવાથી મહેલમાંજ હતો) પાસેના ઓરડામાં બોલાવ્યો અને તેને બધી બીના કહી સંભળાવી. બીરબલે

કહ્યું " જહાંપનાહ ! ચાલો આપણે બન્ને એ બાબતની તપાસ કરીયે."

બન્ને જણ સૂવાના ઓરડામાં આવ્યા. બીરબલે બાદશાહને એક પડદા પાછળ ઉભો રાખી ધીમેથી રાણીને જગાડી. રાણીને સૂઈ રહેતાં વાર થઇ ન હતી, એટલે તે તરતજ ઝબકી ઉઠી. બીરબલે પેલા ખોજા પ્રત્યે ઈશારો કરી રાણીને પૂછયું " એ કોણ સૂતું છે ? " રાણી બોલી " બીરબલ ! આ પ્રસંગે આપ આવી રીતે સૂવાના ઓરડામાં આવો એ તમને શરમ ભરેલું ગણાય. અને વળી ઉપરથી " આ કોણ સુતું છે ? " એ સવાલ પણ ઠીક કર્યો છે ! ! બાદશાહ સલામતને માથે તમે લોકોએ એવો કામનો બોજો નાંખી દીધો છે કે, બીચારા આજે થાકી પાકીને કોણ જાણે કયારથીએ આવીને સૂઈ રહ્યા છે ! મ્હેં પણ તેમને જગાડવાનું યોગ્ય ન ગણ્યું અને છાનીમાની સૂઈ રહી. પણ હવે તમે કહો કે, અત્યારે તમને અહીં આવી આવો સવાલ કરવાની શી જરૂર પડી ? નહીં તો બાદશાહ સલામતને કહી તમને યોગ્ય દંડ અપાવીશ."

બીરબલે કહ્યું "ના ના, મ્હારા આવવાનું કારણ એટલુંજ માત્ર છે કે, એક અગત્યની બાબતનો મ્હારે અત્યારે ને આ પળેજ જહાંપનાહ પાસેથી ખુલાસો મેળવવાનો છે. અને તે બાબત ખાનગી હોવાથી આપ પાસેના દીવાનખાનામાં પધારો તો મહાકૃપા થશે."

રાણી તરતજ બીજા ઓરડામાં ચાલી ગઇ. બીરબલે પેલા ખોજાના મોઢા ઉપરથી ચાદર ખેંચી લીધી, પણ તેતો ઘસઘસાટ ઉંઘતો હોવાથી જાગ્યો નહીં. એટલે બીરબલે તેને

હલાવીને જગાડયો. ખોજો બીચારો ગભરાઈને ઉઠયો અને બીરબલને જોતાંજ ગભરાઇ ગયો.

બીરબલે પૂછયું "કમબખ્ત! અહીંયાં શું કરતો હતો?"

ખોજાએ કહ્યું "મહારાજ! હું જે કાંઈ બોલીશ તે સાચે સાચુંજ બોલીશ. હંમેશ મ્હને ખુદાવંદ બિછાનું સારૂં નહીં હોવા બાબત ઠપકો આપતા હતા, એટલે આજે મ્હેં ઘણીજ સફાઇ અને કાળજીથી બિછાનું પાથર્યું. ત્યાર પછી મ્હને એવો વિચાર થયો કે એવા બિછાના ઉપર બાદશાહ સલામતને ઉંઘ આવશે કે કેમ? એમ ધારીને હું બીછાના ઉપર સૂતો, પણ થાકેલો પાકેલો હોવાથી આવા કોમળ બિછાનામાં તરતજ ઉંઘ આવી ગઈ. આપ નામદાર મારી આટલી કસૂર માફ કરો."

બીરબલે તેને ત્યાંથી ચાલ્યા જવાનો હુકમ કર્યો. બાદશાહ આ બધો તમાશો જોઈ બીરબલની વાત ખરી પડેલી જાણી તેની બુદ્ધિમત્તાના વખાણ કરવા લાગ્યો.

---

## વાર્તા ૧૦૦.

### ડાહી માના દીકરા.

એક દિવસે બાદશાહ અને બીરબલ ગપસપ મારતા બેઠા હતા. ગ્રીષ્મઋતુનો પ્રખર તાપ પડવા છતાં બગીચામાંના ઝાડોને કારણે મંદમંદ પવનની લહેરો આવતી હતી, જે તાપથી અકળાયલા મનને કાંઈક શાંતિ આપી જતી હતી. એ લ્હેરોનો લ્હાવો લેતાં લેતાં બાદશાહને કાંઈક વિચાર થઇ આવતાં તેણે બીરબલ તરફ જોઈ કહ્યું "બીરબલ!

વાણીયાઓને 'ડાહી માના દીકરા' કહેવામાં આવે છે, તે શું સત્ય હશે ?"

બીરબલ બોલ્યો "જહાંપનાહ! ખરેખર, વાણીયા જેવા ડાહી માના દીકરા બીજા કોઇ ભાગ્યેજ હશે."

બાદશાહે કહ્યું "વારૂ, ત્યારે તું એનો પુરાવો આપી શકીશ ?"

બીરબલ બોલ્યો "હુઝૂર! આપ કહો તો અત્યારેજ આપુ." એમ કહી તેણે થોડાક મગ મંગાવીને બાદશાહ આગળ મેલ્યા અને શહેરમાંથી ચાર શાહુકાર વાણીયાઓને બોલાવી મંગાવ્યા. થોડીવારમાં વાણીયાઓ આવી લાગતાં બીરબલે તેમને પૂછયું "શેઠજી! આ અનાજનું નામ શું ?"

ડાહી માના દીકરાઓ વિચારમાં પડયા કે 'આજે આ જાણીતા અનાજનું નામ બાદશાહ આપણને પુછે છે, માટે એમાં કાંઈ ભેદ હોવો જોઈયે. એટલે બહુ વિચાર કરીનેજ જવાબ આપવો, કેમકે જો આપણે ખરો જવાબ આપીશું તો બાદશાહ આપણને કાંઈ વાંકમાં લાવી સજા કરશે તો બૈરી છોકરાં રડતાં થઇ જશે.' તેમને વિચારમા પડેલા જોઈ બાદશાહે પૂછયું "કેમ, શેઠ! વિચારમાં કેમ પડી ગયા ? આ અનાજનું નામ કહી આપો ને ?"

એટલે એક વાણીયાએ થોડાક મગ હાથમાં લઇ કહ્યું "હુઝૂર! આતો અડદ જણાય છે!!" બીજો બોલ્યો "અરે, આતો કાંઈ મરી જેવું છે!"

ત્રીજો કહેવા લાગ્યો "વટાણા કરતાં કાંઈક ન્હાનું અનાજ છે, પણ એનું નામ યાદ નથી આવતું!"

આ પ્રમાણે તેમની વાત સાંભળી બાદશાહ બોલ્યો " અરે, વાણીયાઓ ! તમે તો દીવાના થયા છો કે આજે ભાંગ પીધી છે ? આતો મગ છે મગ !?"

વાણીયા બોલ્યા " હા, હા, સાહેબ ! એજ એજ !"

બાદશાહે પૂછયું " એજ એટલે શું ? નામ આપોને ?"

ચારે વાણીયા બોલ્યા " ખુદાવિંદ ! આપ હમણાં જે બોલ્યા એજ ! !"

બાદશાહે ગુસ્સે થઇ પુછયું " પણ તેનું કાંઈ નામ ?"

વાણીયાઓએ કહ્યું " જહાંપનાહ ! આપે હમણાં નામ દીધું, તે પણ અમે ભૂલી ગયા !"

બાદશાહ બોલ્યો " શું, મગ ?"

" હા, ખાવિંદ ! એજ ! !" કહી વાણીયા અદબ-વાળી ઉભા રહ્યા.

આટલું થતાં પણ વાણીયાઓએ ' મગ ' નું નામ ન આપ્યું, એટલે બાદશાહ તેમની ચતુરાઈ જોઈ ઘણોજ આ-શ્ચર્ય પામ્યો અને તેમને જવાની રજા આપી.

## વાર્તા ૧૦૧.

## ચોબાની હાજર જવાબી.

એક વેરાગીએ બાદશાહનું એવું તો મન હરણ કરી લીધું હતું, કે બાદશાહ તેને હર વખત પોતાની પાસેજ રાખવા લાગ્યો.

એક દિવસે એક મથુરાવાસી બ્રાહ્મણ દરબારમાં આવી લાગ્યો અને તેણે બાદશાહને આશિર્વાદ આપ્યો કે " જમના મૈયા, કૃષ્ણ, બલદેવતુ મ્હારી જય કરે."

એ આશિર્વાદ સાંભળી બાદશાહે તે વૃજવાસીને સવાલ કર્યો કે “ ચોબાજી ! તમારો કન્હૈયો કયાં છે ?”

મથુરાવાસીએ જવાબ આપ્યો “ જહાંપનાહ ! અમારો કાનુડો મથુરામાં છે.”

આ ઉપરથી પેલા વેરાગીને કાંઇક ગમત કરવાની ઈચ્છા થઈ આવી, તેણે ધીમેથી બાદશાહને કહ્યુ “ ખુદાવિંદ ! એને એ પૂછો કે તમારો કૃષ્ણ તો જરાસંઘના ડરથી ન્હાસીને દ્વારિકામાં જઇ ભરાયો છે. તે મથુરામાં કયાંથી હોય ?”

પેલા ચોબાજીએ વેરાગીને કાંઈક કહેતાં જોઇ લીધો હતો એટલે જ્યારે બાદશાહે વેરાગીના કહેવા પ્રમાણે ચોબા-જીને સવાલ કર્યો, ત્યારે ચોબાજીએ પણ ઝટ જવાબ આપ્યો કે “ હુઝૂર ! અમારો કૃષ્ણ મથુરા છોડીને કદિ પણ નાશી ન જાત. પણ આ મુંછ મુંડેલો તમારી પાસે બેઠો છે એની જાતવાળાઓએ અમારા ગામમાં આવી રાત્રિદિવસ ‘હર ભજ, હર ભજ’ ની બુમો પાડી તેને નસાડી મૂકયો. નહીં તો, મથુરાને એ કદિ પણ ત્યાગ ન કરત.”

આ જવાબ સાંભળીને પેલા વેરાગીને નખથી શિખા પર્યન્ત જાણે અસંખ્ય વીંછીઓના દંશની પેઠે બળતરા થવા લાગી. એવામાં બાદશાહને પણ હસવું આવી ગયું એટલે વેરાગીએ ત્યાંથી ઉઠીને પલાયન કરી જવામાંજ સાર જોયો.

## વાર્તા ૧૦૨.

### છતી આંખે આંધળા.

એક દિવસે બાદશાહે બીરબલને પુછ્યું “ અરે, બીર-બલ ! આ જગત્માં આંધળા વધારે કે દેખતા ?”

બીરબલે જવાબ આપ્યો કે " ખુદાવિંદ ! ! વિચાર કરી જોઇયે તો દેખતા કરતાં આંધળાઓની સંખ્યા અધિક જણાઈ આવશે. "

બાદશાહ બોલ્યો " એનો પ્રત્યક્ષ પુરાવો બતાવી શકીશ ? "

બીરબલે કહ્યું " જી હા, નામદાર ! કાલે બતાવીશ."

બીજે દિવસે બીરબલ વગર ભરેલો ખાટલો અને તેને ભરવાની દોરી લઈ બાદશાહ પાસે હાઝર થયો અને કહેવા લાગ્યો " ખુદાવિંદ ! આંધળાનો પુરાવો જોવો હોય તો ચાલો, મારી સાથે આવો."

બાદશાહ તેની સાથે જવા તૈયાર થયો એટલે બીરબલે એક કારકુનને પણ સાથે લીધો. આ બધો સરંજામ લઈ બીરબલ નદી કિનારે આવ્યો અને ત્યાં બેસી જઇ ખાટલો ભરવા લાગ્યો. તે જોઈ બાદશાહે આશ્ચર્ય પામીને પૂછયું " અરે, બીરબલ ! આ તેં શું કરવા માંડયું ? "

બાદશાહનો આવો સવાલ સાંભળી બીરબલે પેલા કારકુનને કહ્યું " ચાલો, આંધળાઓના લીસ્ટની બાદશાહ સલામતના નામથીજ શરૂઆત કરો. "

પેલા કારકુને બીરબલના કહેવાનુસાર કર્યું. થોડીવારમાંજ ત્યાં અમીર, ઉમરાવો, મોટા મોટા સરદારો, વહેપારીયો વગેરે આવવા લાગ્યા. એમાંના કેટલાક બીરબલને જોતાંજ બોલી ઉઠતા " અરે, આ શું ધંધો કરો છો ? " જો કોઈ એ પ્રકારનો સવાલ કરતો તેનું નામ પેલો કારકુન આંધળા તરીકે લખી લેતો. અને જેમણે એવો સવાલ કર્યો કે " આજે તો કાંઇ ખાટલો વણુવા બેઠા છો ? " તેમના નામ દેખતાની યાદીમાં દાખલ કરી લેતો. આવો પ્રકાર

એક કલાક સુધી ચાલ્યો અને તે અરસામાં પાંચસો આંધળાની યાદીમાં અને એક સો દેખતાની યાદીમાં નામ લખાયાં.

જ્યારે જવાનો વખત થયો, ત્યારે બીરબલે પેલા કારકુન પાસેથી યાદી લઈને બાદશાહને દેખાડી. આંધળાની યાદીમાં પ્રથમ જ પોતાનું નામ જોઈ બાદશાહે આશ્ચર્ય પામીને પૂછ્યું "બીરબલ! તેં આ આંધળાની યાદીમાં મ્હારૂં નામ કેમ લખાવ્યું? અને તે પણ વળી પહેલુંજ?"

બીરબલે હાથ જોડી નમ્રતાપૂર્વક કહ્યું "જહાંપનાહ! જે વખતે આપણે અત્રે આવ્યા અને હું ખાટલો ભરવા બેઠો, તે વખતે આપે પ્રત્યક્ષ નઝરે જોવા છતાં મ્હને પ્રશ્ન કર્યો કે "બીરબલ! તેં આ શું કરવા માંડ્યું?" મ્હને ખાટલો ભરતો જોઈ જેમણે એવો સવાલ કર્યો, તેમનાં નામ આંધળાની યાદીમાં દાખલ કર્યાં અને જેમણે મને પુછ્યું કે "આજે તો તમે કાંઈ ખાટલો ભરવા મંડી ગયા છો!" તેમનાં નામ દેખતાની લીસ્ટમાં દાખલ કર્યાં. તેઓ જ ખરેખરા દેખતા છે, એવા દેખનારાઓની સંખ્યા ઘણી જ ઓછી છે અને આંધળાઓની તેથી છ ગણી છે.

બાદશાહ બીરબલની આવી ચતુરાઈ જોઈ ઘણોજ આનંદ અને આશ્ચર્ય પામ્યો અને તેને મહેલમાં લઈ ગયો.

## વાર્તા ૧૦૩.

### આરસીમાં મોહરો.

એક ગરીબ માણસને એક દિવસે રાત્રે એવું સ્વપ્નું આવ્યું કે, એક ચોકસ ગુણિકાને ત્યાં તે આખી રાત રહ્યો અને તેના બદલામાં તેને દસ મોહર આપવાની કબુલાત કરી.

સ્હવારે જ્યારે તે જાગ્યો, ત્યારે પોતાના પાડોશી આગળ સ્વપ્નું કહી સંભળાવ્યું. પેલા પાડોશીએ પોતાના મિત્રને એ વાત જણાવી. અને એ પ્રમાણે તે વાત કાને કાન ફેલાતાં આખરે તે ગુણિકાના સાંભળવામાં આવી. એ ગુણિકા ઘણી જ લુચ્ચી હતી. તેણે તરતજ પેલા ગરીબ માણુસને ઘેર જઇ દસ મોહરોની માગણી કરી, પણ પેલો બીચારો કયાંથી આપે ? આખરે ગુણિકાએ તેને કોટવાલ આગળ લઈ જઇને ઉભો કર્યો, કોટવાલ શો ઈન્સાફ આપવો તે નક્કી ન કરી શકયો. તેથી તેણે બેઉ જણને બીરબલની પાસે દરબારમાં મોકલાવ્યા. બીરબલે બન્ને પક્ષનું સાંભળી લીધા પછી, એક મોટો આરીસો મંગાવી તેની પાસે દસ મોહરો એવી રીતે રાખી કે તે અરિસામાં તેનો પડછાયો પડે. પછી પેલી ગુણિકાને કહ્યું " આરસીમાં જે મોહરો દેખાય છે તે લઇ જા. "

પેલી ગુણિકાએ કહ્યું " મહારાજ ! એતો પડછાયો છે!"

બીરબલ બોલ્યો " એ પડછાયા જેવીજ તારી ફરીયાદી પણ છે. "

આ સાંભળી પેલી ગુણિકા ત્યાંથી જવા લાગી, પણ બીરબલે તેને જતી અટકાવી કહ્યું " તેં આ ગરીબ માણુસને વગર લેવે દેવે નાહક હેરાન કર્યો છે, તેના બદલામાં તને કાંઈ શિક્ષા થવી જોઇયે. માટે જા તને ફક્ત બે મહીનાની કેદની સઝા કરવામાં આવે છે. "

ગુણિકાને કેદમાં મોકલાવી બીરબલે પેલા ગરીબ માણુસને ઘેર જવાની રઝા આપી.

## વાર્તા ૧૦૪.

### પ્રશ્નોત્તરી.

એક દિવસે બાદશાહે બીરબલને પૂછયું કે "કોઇ ગુરૂએ પોતાના શિષ્યને ચાર પ્રશ્ન પૂછયા હતા, જેનો પેલા શિષ્યે એકજ જવાબ આપ્યો હતો. તે પ્રશ્ન એ હતાઃ-

પાન સડે ઘોડા અડે, વિદ્યા વિસર જાય;
જગરે પર વાટી જલે, ચેલા! કોન ઉપાય?

એનો ઉત્તર શો આપવો જોઈયે એ તમે બતાવો."

બીરબલ તરતજ હાથ જોડી કહેવામાં લાગ્યો, "જહાંપનાહ! ચેલાએ એકજ ઉત્તર એ આપ્યો હતો 'ગુરૂજી! ફેરવી ન હતી.' કેમકે નહીં ફેરવવાથી પાન સડી જાય, ઘોડો અડીયલ ટટ્ટુ બની જાય, બાટી (ભૈયા લોકો તેમજ મારવાડીઓ વગેરે અત્યારે પણ લોટના લંબગોળ ગોળા બનાવી અગ્નિપર શેકીને ખાય છે તે) બળી જાય તેમજ વિદ્યાનું પણ વિસ્મરણ થઈ જાય છે."

બીરબલના આ ઉત્તરથી બાદશાહ બહુજ પ્રસન્ન થયો

## વાર્તા ૧૦૫.

### સાચા એહદી (આળસુ)

એકવાર બાદશાહે નગરમાં બધા આળસુઓને ભેગા કરી તેમને માટે રાજ્ય તરફથી ખાવા પીવાનો અને કપડા લત્તાનો બંદોબસ્ત કરી આપ્યો. આપ્યો. આ ઉપરથી લોભવશ હઝારો માણુસો આળસુ બની બનીને આવવા લાગ્યા. જ્યારે બાદશાહે આ પ્રકાર જોયો ત્યારે તે મનમાં પસ્તાવા લાગ્યો, કેમકે જ્યારે માણુસને બેઠા બેઠા ખાવા પીવાનું

મળે તેમજ પહેરવાને કપડાં મળે તો પછી કામ કરવાની તેને જરૂર ન જણાય, એ સ્વાભાવિક છે. એટલે લોકોને જાણી બુજીને આળસુ બનાવવાનો અપરાધ બાદશાહને માથે આવતો હતો. તેણે બીરબલને સાચા આળસુ શોધી કાઢવાની આજ્ઞા આપી. બીરબલે તેજ વખતે નોકરોને બોલાવી આજ્ઞા આપી કે "નદી કિનારે ઘાસની ઝુંપડીઓ તૈયાર કરાવી બધા આળસુઓને ત્યાં રાખો."

જ્યારે તે પ્રમાણે પ્રબંધ કરી ચુકાયો અને બધા આળસુઓ નિરાંતે પગ લાંબા કરીને પડયા હતા, કેટલાક ટોળ ટપ્પે લાગ્યા હતા, એટલે બીરબલે લાગ જોઈ પોતાના નોકરોને પેલી ઝુંપડીઓ ચુપચાપ પાછળથી સળગાવી મૂકવાનો હુકમ આપ્યો. ઝુંપડીઓ સળગતાંજ જે બનાવટી આળસુ હતા તેઓ બ્હાર નીકળી ન્હાસવા લાગ્યા, ફક્ત બેજ સાચા આળસુ હતા, તેઓને આગમાંથી બચાવી બાદશાહ આગળ રજુ કર્યા. બાદશાહે બીરબલની બુદ્ધિમત્તા અને કાર્યદક્ષતા માટે ઘણાંજ વખાણ કર્યાં.

## વાર્તા ૧૦૬.

### આ કઈ કોટડીની કુંચીયો છે ?

બીરબલે એક દિવસે પોતાની દાસીના બાદશાહ આગળ વખાણ કર્યાં એટલે બાદશાહે કહ્યું "ઠીક, ત્યારે એને બોલાવો, હું પણ જોઉં તો ખરો કે, તે કેવી ચતુર છે ?!"

બીરબલે સીપાહીને મોકલી દાસીને બોલાવી મંગાવી. દાસી આવી લાગતાં તેની કમ્મરે લટકતી કુંચીયો તરફ

બાદશાહે આંગળી બતાવી પૂછયું "આ કઈ કોટડીની કુંચીયો છે?"

દાસીએ હાથ જોડીને અરજ કરી "હુઝૂર! જે કોટડીમાં જહાંપનાહ (તમે) કેદ હતા એજ કોટડીની આ ચાવીયો છે!!"

આ ઉત્તર સાંભળી બાદશાહ લાજવાબ બની ગયો અને દાસીને ઘણુંજ ઈનામ આપ્યું.

## વાર્તા ૧૦૭.

### વાત તો હું કરી લઇશ.

એક પ્રસંગે બીરબલ એક અગત્યના કામ માટે બાદશાહના ખાનગી ઓરડામાં દાખલ થયો. બાદશાહે કહ્યું "બીરબલ! અત્યારે તમે કેમ આવ્યા?"

બીરબલ બોલ્યો "હુઝૂર! એક અગત્યના કામ બાબત આપને થોડુંક પુછવાનું છે." બાદશાહે કહ્યું "અત્યારે મ્હને વાત કરવાને અવકાશ નથી, માટે બીજા દિવસ પર મુલ્તવી રાખો." બીરબલે વિનોદપૂર્વક ઉત્તર આપ્યો "જહાંપનાહ! આપ ગભરાશો નહીં, વાત તો હું કરી લઇશ."

## વાર્તા ૧૦૮.

### તમારા કેટલા પુત્ર છે?

એક દિવસે બાદશાહે બીરબલને સવાલ કર્યો કે "બીરબલ! તારાં લગ્ન કયારે થયાં?" બીરબલે કહ્યું "હુઝૂર! પાંચ વર્ષ થયાં હશે."

બાદશાહે પુછયું "તારા પુત્ર કેટલા છે?"

બીરબલ બોલ્યો " જહાંપનાહ ! એક પુત્ર છે."

આ સાંભળી બાદશાહે કહ્યું " ઓહો, ખાનખાનાનાં લગ્ન થયે હજુ ત્રણ વર્ષ થયાં હશે એટલામાં તો, તેમને ત્રણ પુત્રો પણ થયાં અને તમારો માત્ર એકજ પુત્ર ? !"

બીરબલે કરસમ્પુટ કરી કહ્યું " નામદાર ! એમની પાસે સિપાહીઓ પણ ઘણા છે ને ? !"

આ જવાબ સાંભળી બાદશાહ ખડખડાટ હસી પડયો, પણ ખાનખાનાનને પગથી માથા સુધી આગ લાગી ગઇ પણ કરે શું ?

## વાર્તા ૧૦૯.

### આપ જગત્પિતા છો.

એક દિવસ દરબારમાં એક ગુણિકાના છોકરાનો કેસ ચાલતો હતો. તે દરમિયાન બાદશાહ વારંવાર ઉપહાસ તરીકે પેલી ગુણિકાને સવાલ કરતો કે " આ છોકરાના પિતાનું નામ શું ? " પરંતુ, બીચારી ગુણિકા લજ્જિત થઈ માથું નમાવી લેતી. આ તમાશો જોઈ બીરબલથી ન રહેવાયું. તેણે બાદશાહને સંબોધી કહ્યું " પૃથ્વિનાથ ! આપ જગત્ના પિતા છો, એટલે એમજ સમજી લો કે, એ છોકરો આપનોજ છે."

એ ઉત્તર સાંભળી બાદશાહ ઘણોજ લજ્જિત થયો.

## વાર્તા ૧૧૦.

### તમને પણ મ્હારી આજ્ઞામાં રહેવું પડશે.

એક દિવસે અબુલ ફ્રઝલે બાદશાહની રૂબરૂમાં બીરબલને કહ્યું "બીરબલ ! તમને આજથી બાદશાહે કૂતરાઓના અફસર નીમ્યા છે."

બીરબલે તરત જ ઉત્તર આપ્યો "ઘણુંજ સારૂં થયું, કેમકે હવે તમને પણ મ્હારી આજ્ઞામાં રહેવું પડશે."

આ પ્રત્યુત્તર સાંભળતાંજ બાદશાહ હસી પડયો અને વઝીર ઘણોજ શરમિંદો થઈ ગયો.

## વાર્તા ૧૧૧.

### હું એને ભૂલી ગયો.

એક દિવસ બાદશાહે કહ્યું "બીરબલ ! તમારી સ્ત્રી અતિ સ્વરૂપવાન છે ?"

એ સાંભળતાંજ બીરબલે તરત ઉત્તર આપ્યો "હુઝૂર ! હું પણ એમજ સમજતો હતો; પરંતુ જ્યારથી મ્હેં બેગમ સાહેબને જોયા છે, ત્યારથી હું એને ભૂલી ગયો છું."

બાદશાહ આ ઉત્તર સાંભળી ખુશ પણ થયો તેમ લજ્જિત પણ થયો.

## વાર્તા ૧૧૨.

### સૂર્ય પશ્ચિમમાં કેમ સંતાય છે ?

એક દિવસ બાદશાહ સંધ્યા સમયે બાગમાં બેઠો જમુનાના જળ તરંગોની બહાર જોતો હતો, એવામાં

ત્યાં બીરબલ આવી પહોંચ્યો. થોડીવાર આમ તેમની વાતો કર્યા પછી બીરબલે બાદશાહને પૂછ્યું "હુઝૂર! સૂર્ય પશ્ચિમમાં કેમ સંતાય છે?"

બાદશાહે કહ્યું "એ પ્રશ્ન તો કોઇ મૂર્ખાઓ પાસે જઇને કરજે."

બીરબલ તરતજ બોલી ઉઠયો "જહાંપનાહ! ત્યારેજ તો આપને પૂછું છું."

બાદશાહ મનમાં સમજી ગયો કે, બીરબલે તેને બનાવ્યો, છતાં તેની ઘણીજ પ્રશંસા કરી ભારે ઇનામ આપ્યું.

## વાર્તા ૧૧૩.

### મા લાદે, બહેન દો.

એક પ્રસંગે બાદશાહ અને બીરબલ યમુના તટપર હવા ખાતા બેઠા હતા. એવામાં બાદશાહની નઝર પાણીમાં તણાતી માળા ઉપર પડી. તેણે બીરબલને તે માળા બતાવી કહ્યું "બીરબલ! માલા દે (માળા આપ)."

બીરબલે વિનોદ કરતાં કહ્યું "પૃથ્વિનાથ! બહેને દો. (વહી જવા દો)."

(આ સ્થળે બન્ને વાકયોનાં બે અર્થ થઈ શકે છે. એક તો સાધારણ છે અને બીજો અર્થ વિનોદ તરીકે એ થાય છે કે બાદશાહે કહ્યું કે "મા લાવી આપ" ત્યારે બીરબલે તેના જવાબમાં કહ્યું "બ્હેન આપો.")

## વાર્તા ૧૧૪.

### કોઈ પઠ્ઠા ચઢ ગયા હોગા.

એક પ્રસંગે બાદશાહની પટરાણીના શરીરમાં ઘણીજ વેદના થવા લાગી. બાદશાહે બીરબલને એ વેદનાનું કારણ પૂછતાં બીરબલે કહ્યું " હુઝૂર ! કોઇ પઠ્ઠા ચઢ ગયા હોગા." આ ઉત્તરથી બાદશાહ અત્યંત લજ્જિત થઈ ગયો.

( આ વાક્ય પણ દ્વિઅર્થી છે. પઠ્ઠાનો અર્થ માંસનો લોચો અથવા યુવાન-બળવાન-પુરૂષ થાય છે. )

## વાર્તા ૧૧૫.

### આપ ક્યાંથી બાદશાહ થાત ?!

એક દિવસ બાદશાહે બીરબલને પૂછ્યું " બીરબલ ! જો બાદશાહી નષ્ટ થતી ન હોત તો કેવું ઉત્તમ થાત ? "

તરતજ બીરબલે ઉત્તર આપ્યો " જહાંપનાહ ! જો એમ હોત તો પછી આપ ક્યાંથી બાદશાહ થાત ?! "

આ સાંભળી બાદશાહ નિરૂત્તર થઈ ગયો.

## વાર્તા ૧૧૬.

### બે પ્રશ્નોનો એકજ ઉત્તર.

એક દિવસ બાદશાહે બીરબલને બે પ્રશ્ન પૂછ્યા અને કહ્યું કે એનો ઉત્તર એકજ હોવો જોઈયે. એ પ્રશ્નોત્તરી નીચે પ્રમાણે છે:—

(૧) બડા ક્યોં ન ખાયા ? (૨) જૂતા ક્યોં ન પેહના ?"

બીરબલે તરતજ ઉત્તર આપ્યો "હુઝૂર ! તલા ન થા."

## વાર્તા ૧૧૭.

### બે પ્રશ્નોનો એકજ ઉત્તર.

એક પ્રસંગે બાદશાહે બીરબલને કહ્યું કે " હું તને બે સવાલ કરૂં અને તેનો તું એકજ ઉત્તર આપે તો, મારી શાલ ઇનામમાં આપું. બીરબલે 'હા' પાડી એટલે બાદશાહે પૂછયું " (૧) ધન કેવી રીતે લુંટાયું ? (૨) બળદ કેમ ઘાયલ થયો ? "

બીરબલે કહ્યું "હુઝૂર ! જુવો એનું કારણ હોવું જોઈયે."

બાદશાહે કબુલ કર્યું અને તેને શાલ ભેટ આપી.

## વાર્તા ૧૧૮.

### સંસારના મૂર્ખ.

એક દિવસ બાદશાહે બીરબલને પૂછયું " શું, દુનિયામાં ઘણા માણસો મૂર્ખ હશે ? ! "

બીરબલે વિનોદી ઉત્તર આપતાં કહ્યું " પૃથ્વિનાથ ! એ તો ખબર નથી, પરંતુ આપ એકલા હોવાના વિચારે અકળાશો મા, ઘણા નીકળી આવશે. "

આ ઉત્તર સાંભળી બાદશાહ ચુપ થઈ ગયો.

## વાર્તા ૧૧૯.

### માકૂલ, બહેન કૂલ.

એક દિવસ બીરબલ એક જાટ સાથે મહેસુલ સંબંધી વાતો કરતો હતો અને વાત કરવામાં ઘડીયે ઘડીયે " માકૂલ (ઠીક) માકૂલ " કહેતો હતો.

બે ચાર વખત સાંભળ્યા પછી જાટથી ન રહેવાયું. તેણે કહ્યું "સાહેબ ! આપ ઝબાન સંભાલ કર બોલે. જેસે આપ મુઝસે માફૂલ માફૂલ કહેતે હૈં, વેસે હી અગર મેં આપસે બહિન–બહેન ફૂલ બહેન ફૂલ કહું તો કેસી લડાઈ હોગી ?"

બીરબલ એ મૂર્ખની આ વાત સાંભળી ચુપ થઇ ગયો.

## વાર્તા ૧૨૦.

### અજબ મસ્ખરી.

એક દિવસ બાદશાહ સીડી ઉપર ચઢતો હતો. એવામાં તેને કાંઈક ખ્યાલ આવતાં બીરબલને કહ્યું "જો મ્હને છેલ્લે પગથીયે પહોંચતા સુધીમાં નહીં હસાવો તો ગરદન મારવાનો હુકમ આપીશ."

આ સાંભળી બીરબલે બાદશાહને હસાવવાના અનેક ઉપાયો કર્યા, પણ બાદશાહે મનપર ઘણોજ કાબુ રાખ્યો. એટલે છેવટે બીરબલે અકળાઇને કહ્યું "શું, હવે આગળ રહીને મરાવશો ?"

બાદશાહ આ દ્વિઅર્થી વિનોદપૂર્ણ ઉત્તર સાંભળી ખડખડાટ હસવા લાગ્યો.

## વાર્તા ૧૨૧.

### એકાદશી વ્રત.

એક દિવસ એકાદશીનું વ્રત હતું. બીરબલે બાદશાહને કહેવડાવી મોકલ્યું કે "આજે હું દર્બારમાં નહીં આવું."

બીજે દિવસે જ્યારે બીરબલ દરબારમાં આવ્યો, ત્યારે બાદશાહે પૂછ્યું " બીરબલ ! કાલે શું કામ હતું ? "

બીરબલ—" પૃથ્વિનાથ ! કાલે એકાદશી વ્રત હતું."

બાદશાહ—" (હસીને) એકાદશી શું ચીજ છે ? "

બીરબલ કાંઈ ઉત્તર આપે તે પહેલાં તો અક્કલના ખાં દરબારી બોલી ઉઠયા " હુઝૂર ! ઈરાનના શાહની બેગમનું એ નામ છે. "

બીરબલ તરતજ બોલી ઉઠયો " જી હા, હુઝૂર ! એ વાત ખરી છે, પણ તેને હીંદુઓજ રાખે છે. "

આ જવાબ સાંભળી બાદશાહ ચુપ થઈ ગયો, અને પેલો દરબારી તો લજ્જિત થઇને માથું નીચું ઘાલી બેસીજ ગયો.

## વાર્તા ૧૨૨.

### ઓર કયા ?

એક દિવસ બીરબલ પોતાના કોઈ સગાને ત્યાં જમવા ગયો હતો, તે બાબતની બાદશાહને ખબર મળી ગઇ, એટલે જ્યારે તે દરબારમાં આવ્યો કે તરતજ બાદશાહે તે શું શું જમી આવ્યો હતો એ પૂછવા માંડયું. બીરબલે પ્રથમ તો ત્યાંના દેખાવનું અતિશયોક્તિ પૂર્ણ વર્ણન કહી સંભળાવ્યું, અને ત્યાર પછી ત્યાં જમવાના પદાર્થોનું વર્ણન શરૂ કર્યું. બાદશાહ શાંત ચિત્તે તે સાંભળતો અને વચ્ચે વચ્ચે " ઓર કયા ? " એવો પ્રશ્ન કરતો. એવામાં એકાએક એક મહત્વનું કામ આવી પડવાથી તે લીસ્ટ અધુંજ રહ્યું.

કામકાજમાં બાદશાહ તે વાત વિસરી ગયો અને ચાર છ મહીના જેટલો દીર્ઘ કાલાવધિ પણ ગુજરી ગયો. એક દિવસે બાદશાહને તે વાત યાદ આવી જતાં તેણે બીરબલની સ્મરણશક્તિની પરિક્ષા લેવા ખાતર સવાલ કર્યો " અરે, બીરબલ ! ઓર કયા ? " બીરબલે તરતજ જવાબ આપ્યો " હુઝૂર ! ઓર કયા ? કઢી ! "

બાદશાહ તેની અજબ તીવ્ર સ્મરણશક્તિથી ઘણોજ આશ્ચર્ય પામ્યો અને તેને એક મોતીની માળા ઇનામ આપી. અન્ય કેટલાક ખુશામતીયા દરબારીયોએ એમ ધાર્યું કે " બાદશાહને કઢી ઉપર ઘણોજ પ્રેમ છે, અને તેથીજ બીરબલે કઢી નામ લેતાંજ બાદશાહે તેને મોતીની માળા ઈનામ આપી. માટે આપણે પણ જો કઢી તૈયાર કરીને બાદશાહ આગળ રજુ કરીશું, તો બાદશાહ એકાદ જાગીર બક્ષીસ આપી દેશે. " બધાએ આવો વિચાર કરી બીજે દિવસે ઘણીજ સારી છાશની કઢી બનાવી અને મજુરો પાસે ઉપડાવી લઈ ચાલ્યા. શાહી બાગના દરવાઝેથી મઝૂરોને વિદાય કરી બધા દરબારીયો પોતપોતાને માથે કઢીનું વાસણ ઉપાડી બાદશાહની રૂબરૂ હાઝર થયા. તેમને આવા વિચિત્ર ઢંગથી આવેલા જોઇ બાદશાહે પૂછયું " શું છે ? " પેલાઓએ ઝટ દઇને ઉત્તર વાળ્યો " હુઝૂર ! આપને માટે કઢી લઈ આવ્યા છીયે. "

આ જવાબથી બાદશાહ ઘણોજ ક્રોધે ભરાયો, તેણે સિપાહીઓને હુકમ કર્યો કે " જેને માથે કઢીનું પાત્ર હોય તેને બેડીયો પહેરાવી દો. આ લોકો બીરબલની મ્હામે થવા માગે છે. બીરબલે મ્હને કાલે "કઢી" શબ્દ કહી

સંભળાવ્યો, એટલે આ લોકો પણ ઇનામની લાલચે આ સ્વાંગ ધારણ કરીને આવ્યા છે. પરંતુ, બીરબલે જે ઉત્તર આપ્યો હતો તેની મતલબજ જુદી હતી."

બાદશાહને આવી રીતે ગુસ્સે થયેલો જોઈ બધા ગભરાયા અને છેવટે બાદશાહના અત્યંત કાલાવાલા કરી છુટકારો મેળવી શકયા.

---

## વાર્તા ૧૨૩.

### રામ નામને બદલે મ્હારૂં નામ લખો.

એક પ્રસંગે બાદશાહે બીરબલને બોલાવી આજ્ઞા આપી કે "હિન્દૂ લોકો પત્રને મથાળે 'રામ' નામ લખે છે, તે કાઢી નાંખી હવેથી મ્હારૂં નામ લખે એવો હુકમ બહાર પાડો."

બીરબલે હાથ જોડીને અરજ કરી "બહુ સારૂં હુઝૂર! પરંતુ, એક સવાલ એ ઉભો થાય છે કે રામ નામ લેતાં પત્થરો પાણીમાં તરે છે, એટલે આપનું નામ લેતાંએ પત્થર પાણીમાં તરશે કે કેમ ? !"

બાદશાહ આ જવાબ સાંભળી નિરૂત્તર બની ગયો અને એ હઠ પડતી મૂકી.

---

## વાર્તા ૧૨૪.

### પનઘટની વાતો.

એક પ્રસંગે બારશાહ અને બીરબલ થોડાક સિપાહીયો સાથે લઇ શિકાર રમવા ગયા. જ્યારે શિકાર ખેલતાં ખેલતાં જંગલમાં ઘણે દૂર જઈ પહોંચ્યા, એટલે બાદશાહને

ઘણીજ તરસ લાગી. બાદશાહ અને બીરબલ બંને પાણીની શોધમાં નીકળ્યા અને લગભગ અડધા એક કલાકની રખડ પછી એક પનઘટ પાસે આવી પહોંચ્યા. બાદશાહે ત્યાં મર્યા પડેલા ગરૂડપક્ષીના જોડલાને જોઈ બીરબલને પૂછયું:-

દોહા

ઝુકયો ન દેખો પારધી, લગ્યો ન દીખે બાણ;
મેં તોહે પૂછાં બીરબલ! કેસે ત્યાગે પ્રાણ?

બીરબલે એ પ્રશ્ન સાંળળી ચારે બાજૂ નઝર ફેરવી જોયું તો ઘડા વગેરે મૂકવા માટે બનાવેલા ખાડાઓમાં થોડુંક પાણી ભરેલું દેખાયું. એટલે તેણે વિચાર કર્યો કે " આ ખાડાઓમાં પાણી થોડું હતું એટલે બન્નેમાંથી એકે પણ પરસ્પરના અતિ પ્રેમને કારણે પીધું નહીં હોય અને એ કારણેજ બન્ને મરી ગયાં." આમ વિચાર કરી તેણે બાદશાહને કહ્યું " હુઝૂર !:--

દોહા

જલ થોડા નેહા ઘણો, લગે પ્રીતિકે બાણ;
તૂ પી, તૂ પી કર મરે, યા વિધિ ત્યાગે પ્રાણ.

બાદશાહે આ ઉત્તર સાંભળી આનંદમાં આવી જઈ બીરબલને બગલગીર કર્યો અને તેને એક અમૂલ્ય રત્નજડિત વીંટી ઈનામ તરીકે આપી.

## વાર્તા ૧૨૫.

### જૂતાં કે મારે ખડે હેં.

એક દિવસે બાદશાહ પોતાના વઝીરો સહ જુમા મસ્જીદમાં નમાઝ પઢવા ગયો. સંયોગવશાત્ કોઇ ચોર

આવીને ફૈઝીના જોડા ચોરી ગયો. નમાઝ ખલાસ થતાં ફૈઝી જોડા શોધવા લાગ્યો, પણ ગેબ થયેલા જોઇ આમ-તેમ નઝર ફેરવતો ઉભો રહ્યો. બીરબલ તેની પરિસ્થિતિને કળી ગયો હતો એટલે, જ્યારે બ્હાર નીકળતી વખતે બાદશાહે ફૈઝીને પૂછયું "ફૈઝી! ચાલતા કેમ નથી?" ત્યારે તેણે ઝટ ઉત્તર આપ્યો "હુઝૂર! જૂતીં કે મારે ખડે હેં."

## વાર્તા ૧૨૬.

### એકને બદલે હજાર.

એક પ્રસંગે એક અમીરને ત્યાં તેના પુત્રના લગ્ન-પ્રસંગે મેહફિલ રાખવામાં આવી હતી. બાદશાહ તેમજ સૌ દરબારીયો પણ હાઝર હતા. પેલા અમીરે બીરબલના જોડા સંતાડી દીધા. જ્યારે મેહફિલ ખલાસ થઈ, ત્યારે બીરબલને જોડા ન જડયા. બાદશાહ, દરબારીયો અને પેલો અમીર પણ પાસેજ ઉભા હતા. અમીરે બીરબલને પૂછયું "કેમ, રાજાજી! શું શોધો છો?"

બીરબલ બોલ્યો "મ્હેં અહીં જોડા ઉતાર્યા હતા, પણ કોઈ અહીંથી ઉપાડી ગયું લાગે છે."

અમીરે કહ્યું "ચાલો, ખેર." એમ કહી તેણે પોતાના એક સેવકને આજ્ઞા કરી કે "જાવ, આજે મ્હારા તરફથી રાજાજીને જોડા આપો."

બાદશાહ અને અન્ય દરબારીયો એ દ્વિઅર્થી વાકય સાંભળી સ્હેજ હસ્યા. એવામાં ચાકરે બીરબલને નવા જોડા લાવી આપ્યા, જે પહેરતાં બીરબલે આશિર્વાદ રૂપે પેલા અમીરને કહ્યું "ખુદા તમને આલોક અને પરલોકમાં, આ

પરોપકારને કારણે, આવા આવા હઝાર જોડા આપે."

આ લાજવાબ ઉત્તર સાંભળી બધા હસી પડયા અને પેલો બીચારો અમીર બહુજ ઝંખવાણો પડી ગયો.

---

## વાર્તા ૧૨૭.

### ચોબાની હાઝર જવાબી.

એક દિવસ અકબરે બીરબલને પૂછયું કે "મથુરાના ચોબા બહુજ હાઝર જવાબ હોય છે, એમ મ્હેં સાંભળ્યું છે. માટે જો કોઇ ચોબો કયારેક આવી ચઢે તો દરબારમાં તેને હાઝર કરવો."

બીરબલે તેમ કરવાનું કબૂલ કર્યું. દૈવયોગે બીજેજ દીને એક ચોબો મથુરાજીથી આવ્યો. બાદશાહની આજ્ઞાનુસાર બીરબલ તેને દરબારમાં લઈ ગયો અને બાદશાહ આગળ કરસમ્પુટ કરી અરઝ કરી "નામદાર! આપની આજ્ઞાનુસાર આ ચોબાજીને આપની પાસે લાવ્યો છું."

બાદશાહે, પૂછયું "ચોબેજી! અબ યહાંસે કહાં જાવગે?"

ચોબાએ જવાબ આપ્યો "હુઝૂર! વાપિસ મથુરા જાએંગે."

બાદશાહે કહ્યું "ઠીક, ત્યારે અમારી ભાભી મથુરાને અમારી સલામ કહેજો."

ચોબાજીએ કાંઈક વિચાર કરી ઉત્તર આપ્યો "બહુ સારૂં બંદા પરવર! અને રસ્તામાં આપનો બનેવી વૃન્દાવન મળે એને શું કહું?"

બાદશાહ નિરૂત્તર બની ગયો અને ચોબાજીની હાઝર જવાબીની પ્રશંસા કરી ઘણું ઈનામ આપ્યું.

## વાર્તા ૧૨૮.

### બેટી દે દો, પોતા દિલા દો.

એક પ્રસંગે બાદશાહ અને બીરબલ ઘોડાઓ પર સવાર થઈ ફરવા નીકળ્યા. રસ્તામાં વડનું એક મોટું ઘટાદાર ઝાડ જોઈ બાદશાહે કહ્યું "બીરબલ ! કેસા સુંદર બર (વડ અથવા વર) હે ?"

બીરબલ તરતજ બોલી ઉઠયો "હુઝૂર ! બેટી દે દો."

બાદશાહ એ ઉત્તર સાંભળી ચુપ થઈ ગયો. આગળ ચાલતાં એક મોટું મકાન આવ્યું એટલે, બાદશાહે કહ્યું "બીરબલ ! યે મકાન કિત્ના ઉમ્દા હે, પરન્તુ મેલા હો રહા હે !!"

બીરબલે ઉત્તર આપ્યો "હુઝૂર ! સચ હે, આપ પોતા દિલવા દો."

('પોતા દિલવા દો' એટલે ચૂનાવડે ધોળાવી દો. પરન્તુ બીરબલે પ્રથમ જે ઉત્તર આપ્યો હતો, તેની સાથે પણ આ વાકય સંબંધ ધરાવે છે અને તે આધારે તેનો અર્થ પૌત્ર તરીકે લઈ શકાય.)

બાદશાહ બીરબલે કરેલી મસ્ખરીથી ઘણોજ પ્રસન્ન થયો અને કહેવા લાગ્યો "બીરબલ ! હરેક વાતને વિનોદનું સ્વરૂપ આપવાની તારામાં ખરેખર અજબ શક્તિ રહેલી છે."

## વાર્તા ૧૨૯.

### જાઝરૂમાં ચિત્ર.

એક સમયે બાદશાહે બીરબલને એક આવશ્યકીય કાર્યને માટે ઈરાનના બાદશાહ પાસે મોકલ્યો. બીરબલ ઈરાન પહોંચ્યો, એટલે શાહે તેનો ભારે સત્કાર કર્યો. બીરબલના બુદ્ધિચાતુર્યનાં વખાણ ઈરાન સુધી પહોંચી ચૂકયા હતા એટલે ત્યાંના શાહે તેની પરિક્ષા કરવા માટે જાઝરૂમાં અકબરનું ચિત્ર લટકાવી દીધું. બીરબલ જ્યારે શૌચ કર્મથી નિવૃત્ત થવા જાઝરૂમાં ગયો, ત્યારે ત્યાં તેણે અકબરનું ચિત્ર ટંગાવેલું જોયું એટલે તે ઉલ્ટા પગલે પાછો વળ્યો, અને ઈરાનના શાહને પૂછવા લાગ્યો " હુઝૂર ! શું આપને કબ્ઝીયાતનો વ્યાધિ લાગુ પડયો છે ? "

શાહે વિસ્મય પામી તેમ પૂછવાનું કારણ પુછયું એટલે બીરબલે તરતજ ઉત્તર આપ્યો કે " જાઝરૂમાં આપે અકબર બાદશાહનું ચિત્ર ટંગાવ્યું છે, એ આ વાતની સાક્ષી પૂરે છે. કેમકે એ મહાપ્રતાપી શહેનશાહને જોવાથી આપને કબ્ઝીયાત દૂર થઈ રહેવાઈથી દસ્ત આવતો હશે. "

શાહ આ દંદાંશિકન ( દંતભંજક ) જવાબ સાંભળી નિરૂત્તર બલ્કે ઘણોજ લજ્જિત બની ગયો.

## વાર્તા ૧૩૦.

### આ પણ અમારૂંજ છે ? !

એક દિવસ બીરબલ ભોજન કર્યા પછી પેટ ઉપર હાથ ફેરવતો હતો. એ જોઇ તેને ત્યાં આવેલા એક મહેમાન ચોબાજીએ વિનોદ દાખલ કહ્યું " કેવું સરસ પેટ છે ! "

બીરબલે કહ્યું "જાઇયે તો તમે પણ રખાવી લો." ચોબાજીએ જાય તેવો ન હતો, તેણે ઝટ ઉત્તર આપ્યો કે "આ પણ અમારૂંજ છે ને ?"

આ જવાબ સાંભળી બીરબલ લાજવાબ થઈ હસી પડયો.

## વાર્તા ૧૩૧.

### હોડીનો પ્રબંધ.

એક દિવસ બાદશાહ અને બીરબલ ફરતા ફરતા એક ગામમાં જઈ પહોંચ્યા. અકબરે એક રસ્તે જતા માણસને પુછયું "ભાઈ! તારૂં નામ શું છે ?" પેલાએ ઉત્તર આપ્યો "ગંગા." બાદશાહે કહ્યું "તારા બાપનું નામ ?" પેલાએ જવાબ આપ્યો "યમુના."

આ જોઇ બીરબલે તેના ભાઈ અને માનું નામ પૂછતાં તેણે અનુક્રમે "નર્મદા" અને "સરસ્વતી" નામ બતાવ્યાં. બીરબલ જેવો વિનોદી પુરૂષ ચુપ રહે એ અ-સંભવિતજ ગણાય. તેણે પેલા ગામડીયાને કહ્યું "બસ, બસ, લગાર થોભીજા ભાઈ! મ્હને પ્રથમ હોડીનો પ્રબંધ કરી લેવા દે, નહીં તો આપણે બધા તણાઇ જઈશું !!"

આ ઉત્તર સાંભળી બાદશાહ અને પેલો ગામડીયો બેઉ ખડ્ખડ્ હસવા લાગ્યા.

## વાર્તા ૧૩૨.

### આન પડી હે.

એક સમયે અકબર બાદશાહે ડાહી માના દીકરા-રાઓ (વાણીયા)ને વિનોદ ખાતર ચોકીદારીનું કાર્ય કર-

વાની આજ્ઞા આપી. બીચારા બ્હીકણુ વાણીયાઓના મનમાં ફાળ પડી. તેમણે એવો વિચાર કર્યો કે ' આ વિષયમાં બીરબલ મહારાજની સલાહ લેવી જોઇયે.'

એ ઉપરથી આખી મહાજન બીરબલ પાસે હાઝર થઇ અને બધી હકીકત કહી સંભળાવી, કાંઈક રસ્તો બતાવવાની અરઝ કરી. બીરબલે થોડીકવાર વિચાર કરી કહ્યું "તમે રાત્રે ચોકી કરવા નીકળો, ત્યારે પાઘડી પગોમાં અને પાજામો (સુરવાલ) માથે બાંધીને જજો અને 'ઑલ-વૅલ" ને બદલે ' આન પડી હે! આન પડી હે!' એમ પોકાર કરજો."

સંયોગવશ એજ રાત્રે બાદશાહ વેષ બદલી નગર ચર્યા નિહાળવા નીકળ્યો હતો, તેણે વાણીયાઓને કાંઈક વિચિત્ર પ્રકારનો સ્વાંગ ધારણ કરેલા જોઈ પૂછયું "ભાઇ! આ તમે શું કર્યું છે?"

વાણીયા કહેવા લાગ્યા "ભાઈ! બાદશાહની હઠ એવી જ છે કે, અમે ચોકીદારી કરીયે. પણ અમારા બાપદાદાઓએ પણ કયાં વાઘ માર્યો હતો કે બહાદુરીનું કામ કર્યું હતું, જે અમે આ કામ કરી શકીયે? અને જો આ કાર્ય બજાવવા જેટલી અમારામાં હીંમત અને શક્તિ હોત તો પછી અમે વાણીયા કેમ કહેવાત?"

બાદશાહ સમજી ગયો કે આમાં પણ બીરબલનો હાથ હોવો જોઈયે. બીજે દિવસે તેણે એ હુકમ રદ કર્યો અને તપાસ કરી તો બીરબલનું ચાતુર્ય ત્યાં પણ કામ કરતું માલુમ પડયું. બાદશાહે અત્યંત પ્રસન્ન થઇ ઘણું ઈનામ બીરબલને આપ્યું.

## વાર્તા ૧૩૩.

### ખુશ કે નાખુશ.

એક દિવસ બાદશાહે પૂછયું " બીરબલ ! રમઝાન ખુશી થઈને જાય છે કે નાખુશ ? ! " બીરબલ બોલ્યો " હુઝૂર ! ખુશ થઇને જાય છે. " બાદશાહે પૂછયું " કેવી રીતે ? ! " બીરબલે ઉત્તર આપ્યો " જહાંપનાહ ! જો ખુશ થઈને ન જતો હોય તો દર વર્ષે વગર બોલાવ્યે શા માટે આવે ? "

આ સાંભળી બાદશાહ ઘણોજ પ્રસન્ન થયો.

## વાર્તા ૧૩૪.

### સોયા સો ચૂકા.

એક દિવસ બીરબલ કુંજડા-કાછીયા-નો વેશ લઇ બાદશાહના મહેલ પાસે જઇ પહોંચ્યો. બાદશાહે તેને પૂછયું " સોયા કિસ ભાવ દેગા ? " બીરબલ બોલ્યો " ટકે સેર. "

પછી બાદશાહે પૂછયું " ઓર ચૂકા કયા ભાવ હે ?"

બીરબલે ઉત્તર આપ્યો " સોયા સો ચૂકા. "

બાદશાહ એ ઉત્તર સાંભળી પેલા કાછીયાને ધ્યાન પૂર્વક જોવા લાગ્યો અને તેને ઓળખી લઈ ખડ્ખડ્ હસવા લાગ્યો, તથા તેને ભારે ઈનામ આપ્યું.

## વાર્તા ૧૩૫.

### નદીનાં લગ્ન.

એક પ્રસંગે બાદશાહે બીરબલ ઉપર ક્રોધે ભરાઈ તેને દરબારમાં ન આવવાનો હુકમ કર્યો. બીરબલ પણ દિલ્હી છોડી બીજા દેશમાં જઈ વસ્યો અને ત્યાંના રાજા પાસે રહેવા લાગ્યો.

થોડા દિવસ પછી અકબર બાદશાહને બીરબલ વગર સુનું સુનું લાગવા માંડયું. સર્વ ઠેકાણે તપાસ કરાવ્યા છતાં, બીરબલનો પત્તો ન લાગ્યો. આખરે બાદશાહે તેને શોધી કાઢવા એક યુક્તિ રચી. ભારતના બધા રાજાઓને લખી મોકલાવ્યું કે "અમારી નદીનાં લગ્ન મુકરર થયાં છે, માટે તમે તમારી નદીયોને જાનમાં મોકલજો."

બીજા બધા રાજાઓ તેનો કાંઈ જવાબ આપી ન શકયા, પરંતુ જે રાજા પાસે બીરબલ હતો, તેણે બીરબલના કહેવા પ્રમાણે લખી મોકલાવ્યું કે "અમારી બધી નદીયો આવે છે માટે તેમને લેવા તમારા કૂવાઓને મોકલો."

બાદશાહ એ ઉત્તર વાંચી સમજી ગયો કે, એ જવાબ બીરબલનોજ હોવો જોઇયે, કેમકે બીરબલ વિના અન્ય કોઇ એવું ચાતુર્ય ન વાપરી શકે. તેણે તરત જ માણસ મોકલાવી ત્યાંથી બીરબલને પાછો બોલાવી લીધો.

## વાર્તા ૧૩૬.

### ગધેડાનો નાચ.

એક પ્રસંગે બાદશાહ બપોરના સમયે મહેલના ઝરોખામાં બીરબલ સાથે વાર્તા વિનોદ ચલાવતો બેઠો હતો. એવામાં સ્હામે યમુના કિનારે ગધેડાને નાચતો જોયો, એટલે તેણે બીરબલને પૂછયું " બીરબલ ! :-

કિસ કારન યે નાચે ગધ્ધા ? '

બીરબલે તરતજ ઉત્તર આપ્યો કે:-

આગે નાથ ન પીછે પગહા,
ઇસ કારન યે નાચે ગધ્ધા.

બાદશાહ એ ઉત્તર સાંભળી ઘણો જ આનંદ પામ્યો.

## વાર્તા ૧૩૭.

### " મલ " શબ્દનો અર્થ શો ?

એક દિવસ એક સંસ્કૃત જાણનાર મુગલે રાજા ટોડરમલને લજ્જિત કરવા માટે દરબારમાં પૂછયું " રાજા સાહેબ ! મલ શબ્દનો શો અર્થ થાય છે ? "

ટોડરમલ તો કાંઈ બોલ્યો નહીં, પરન્તુ બીરબલે તરતજ ઉત્તર આપ્યો કે " મિરઝા સાહેબ ! મલ અને બેગ એ બન્ને શબ્દોના અર્થ એકજ થાય છે. "

આ ઉત્તર સાંભળી પેલો મુગલ પોતેજ લજ્જિત થઈ ચુપ થઇ ગયો. ( સંસ્કૃતમાં મલ અને બેગ એ બન્ને શબ્દોનો અર્થ વિષ્ટા થાય છે અને બેગ શબ્દ બહુધા મુગલોના નામ પાછળ લગાડવામાં આવે છે, જેમકે અફ્ઝલ બેગ, નુસરત બેગ વગેરે. )

## વાર્તા ૧૩૮.

### બુદ્ધિસાગર.

રૂમના બાદશાહે બીરબલની બુદ્ધિમત્તાની અત્યંત પ્રશંસા સાંભળી તેને પોતાને ત્યાં મોકલવા, તેણે અકબર બાદશાહને પત્ર લખ્યો. અકબરે તે પત્ર વાંચી બીરબલને ઘણાજ ઠાઠમાઠથી ત્યાં મોકલાવ્યો. બીરબલે રાજધાની પાસે પહોંચતાં અગાઉથી બાદશાહને કાસિદ સાથે ખબર મોકલાવી.

બાદશાહે બીરબલની પરિક્ષા કરવા ખાતર પોતાના બધા દરબારીયોને પોતાના જેવાજ વસ્ત્રાભૂષણો પહેરાવી એવી રીતે બેસાડયા કે, ખરા બાદશાહને ઓળખવો મુશ્કેલ થઇ પડે. જ્યારે બધી તૈયારી થઈ ચુકી ત્યારે બીરબલને દરબારમાં બોલાવ્યો. બીરબલે દરબારમાં આવી આવો પ્રકાર જોયો એટલે તરતજ તેણે મનમાં ધારી લીધુ કે 'અહીં પણ બુદ્ધિની પરિક્ષા લેવાય છે.' તેણે ચારે તરફ એકવાર જોઈ લીધું અને પછી ધીમે પગલે ચાલતે ચાલતો-બધાને જોતો જોતો પેલા ખરા બાદશાહ પાસે પહોંચી ગયો અને તેને સલામ કરી.

પેલો બાદશાહ અત્યંત પ્રસન્ન થયો અને ઘણાજ આનંદપૂર્વક તેનો સત્કાર કર્યા બાદ પૂછ્યું "બીરબલ ! તમે મ્હને કેવી રીતે ઓળખી કાઢયો ?"

બીરબલે કહ્યું "હુઝૂર ! બધાની દૃષ્ટિ આપના પ્રત્યે હતી અને આપ બધાને જોતા હતા. એ ઉપરથી મ્હે આપને ઓળખી લીધા."

આ ઉત્તર સાંભળી સુલ્તાન બહુજ ખુશ થયો અને બીરબલને "દરીયાએ અકલ" (બુદ્ધિનો સાગર)ની ઉપાધિથી વિભૂષિત કર્યો. ત્યાર પછી ઘણા દિવસ સુધી તેને મહેમાન રાખ્યો અને પછી ઘણુંજ દ્રવ્ય આપી હીંદુસ્થાન તરફ રવાના કર્યો.

## વાર્તા ૧૩૯.

### કોણ જીતશે?

એક સમયે લડાઇપર જતી વખતે બાદશાહે બીરબલને પુછ્યું "કેમ, બીરબલ! અમે જીતીશું કે હારીશું?"

બીરબલે કહ્યું "પૃથ્વિનાથ! એનો ઉત્તર રણભૂમિમાં આપીશ."

જ્યારે સંગ્રામભૂમિમાં પહોંચ્યા, ત્યારે બીરબલે બાદશાહને કહ્યું "હુઝૂર! આપની જીત થશે."

બાદશાહે પૂછ્યું "કેવી રીતે?" બીરબલ બોલ્યો "ધર્માવતાર! સાંભળો. શત્રુ હાથીપર સ્વાર થઇને આવ્યો છે, અને હાથી અપશુકનીયો છે, પોતાને માથે ધૂળ નાંખે છે અને આપ ઘોડાપર બેઠા છો જે ગાઝીમર્દ કહેવાય છે. એટલે આપનો વિજય અવશ્ય છે."

આ સાંભળી બાદશાહ ઘણોજ પ્રસન્ન થયો અને બીરબલના કથનાનુસાર સંગ્રામમાં વિજય પ્રાપ્ત થતાં તેને ભારે મૂલ્યવાન પારિતોષિક આપ્યું.

## વાર્તા ૧૪૦.

### બીરબલની કૂતરી

એક દિવસ બીરબલ પોતાની કૂતરીને સાથે લઈ ફરવા નીકળ્યો હતો, એવામાં બાદશાહ સ્હામેથી ઘોડા ઉપર બેસીને આવ્યો. તેણે બીરબલ સાથે કૂતરી જોઈ વિનોદમાં પૂછયું "બીરબલ કુતીયાકા કયા લેગા?"

હાઝર જવાબ બીરબલે એવોજ દંદાંશિકન જવાબ આપ્યો કે "હુઝૂર કુતીયાકે કયા દેંગે?"

બાદશાહ આ જવાબ સાંભળી નિરૂત્તર બની ગયો.

## વાર્તા ૧૪૧.

### છ પ્રશ્નો.

એક દિવસ બાદશાહે દરબારીયોને છ પ્રશ્નો પૂછયા કે (૧) દૂધ કોનું સારૂં? (૨) પાંદડું કયું સારૂં? (૩) ફળ કોનું ઉત્તમ? (૪) મીઠાસ કોનામાં સારી? (૫) ફૂલ કયું સારૂં (૬) રાજાઓમાં મ્હોટો કોણ?

પરંતુ, ઉપસ્થિત સભાસદોમાંથી કોઇ બાદશાહને રૂચે એવો યોગ્ય ઉત્તર આપી શકયો નહીં. એવામાં બીરબલ આવી પહોંચ્યો, એટલે બાદશાહે તેને પણ એ પ્રશ્નો પૂછયાં. બીરબલે થોડીક પળ વિચાર કર્યો પછી કહ્યું "હુઝૂર! સાંભળો. દૂધ માતાનું સારૂં, જે વડે બાળકનું પાલન પોષણ થાય છે. પાંદડું પાન (નાગરવેલ)નું સારૂં જેના આપવાથી નોકર પોતાના માલિકને માટે પ્રાણ સુદ્ધાંનું બલિદાન આપવા તૈયાર થઇ જાય છે. ફળોમાં દીકરો ઉત્તમ જે પોતાના બાપ દાદાની કીર્તિ વધારે છે. મીઠાસ વાણીની

સારી જે માણસને સર્વપ્રીય બનાવે છે. ફૂલ કપાસનું ઉત્તમ, જેના વડે સંસારમાં લજ્જા જળવાય છે અને રાજાઓમાં ઈન્દ્ર મ્હોટો, જે વરસાદ વરસાવી ચરાચરનું પાલન કરે છે.”

આ ઉત્તરો સાંભળી બાદશાહે બીરબલને કોટિશઃ ધન્યવાદ આપી બહુમૂલ્ય ઇનામ આપ્યું.

## વાર્તા ૧૪૨.

### ઉંટની ગરદન વાંકી કેમ?

એક સમયે બાદશાહે બીરબલને એક જાગીર આપવાનું વચન આપ્યું, પરંતુ જ્યારે આપવાનો વખત આવ્યો ત્યારે પોતાની ગરદન વાંકી ફેરવી લીધી. બીરબલ તે વખતે કાંઇ પણ ન બોલ્યો. એક દિવસ બાદશાહ અને બીરબલ ફરવા નીકળ્યા, એવામાં ત્યાંથી એક ઉંટ વાંકી ગરદન રાખી નીકળ્યો. બાદશાહે બીરબલને સવાલ કર્યો કે “ બીરબલ ! આ ઉંટની ગરદન વાંકી કેમ હશે ? ”

બીરબલે તરતજ ઉત્તર આપ્યો કે “ હુઝૂર ! એણે પણ કોઈને જાગીર આપવાનું વચન આપ્યું હશે.”

આ જવાબ સાંભળતાંજ બાદશાહને પોતે આપેલું વચન યાદ આવી ગયું, એટલે તે બહુજ લજ્જિત થયો અને એક મોટી જાગીર બીરબલને બક્ષીસ આપી.

## વાર્તા ૧૪૩.

### બીરબલની પુત્રી.

એક ઉત્સવ પ્રસંગે બાદશાહને ત્યાં બીરબલના મકાનના બધા માણસોને મહીના સુધી મહેમાન રાખવામાં

આવ્યા હતા. તે દરમિયાન એક દિવસ બીરબલની પુત્રી સ્નાનાગારમાં સ્નાન કરવા માટે ગઈ. એટલામાં અકબર ત્યાં અચાનક આવી ચઢયો અને તેના કપડાં સંતાડી એક ખૂણામાં જઈ બેઠો.

બીરબલની પુત્રી જ્યારે સ્નાન કરી બ્હાર નીકળી તો જોયું કે કપડાં ગેબ ! ! તેણે આસપાસ નજર ફેરવી તો બાદશાહને પેલાં કપડાં સાથે ખૂણામાં બેઠેલો દીઠો, એટલે તેણે પોતાના સ્તન બંને હાથથી ઢાંકી લીધા અને બાદશાહ પાસે ચાલી ગઈ અને કપડાં માગ્યાં.

બાદશાહને એ પ્રકાર વિચિત્ર જણાતાં તેણે પૂછયું "આ, શું કર્યું ?"

છોકરીએ તરતજ ઉત્તર આપ્યો "ધર્માવતાર ! મારૂં આખું શરીર આપે મ્હારી બાળવયમાં જોયું છે, કેમકે હું આપના હાથોમાંજ ઉછરી છું; પરંતુ આપે મ્હારા સ્તન જોયાં ન હતાં એટલે માત્ર એમનેજ ઢાંકવાની જરૂર હતી."

આ ઉત્તર સાંભળી બાદશાહ ઘણોજ પ્રસન્ન થયો અને ઘણું ઈનામ આપી કહેવા લાગ્યો "ખરેખર, માબાપનાં લક્ષણ બાળકોમાં પણ પ્રવેશે છે."

## વાર્તા ૧૪૪.

### મીણનો શાહજાદો.

એક પ્રસંગે બીરબલને બાદશાહે પૂછયું "શું કૃષ્ણજીની પાસે કોઇ સેવક ન હતો કે પોતેજ હાથીનો અવાજ સાંભળી દોડી આવ્યા ?"

બીરબલે કહ્યું "જહાંપનાહ ! એનો ઉત્તર પછી આપીશ."

એક ખોજો બાદશાહના પૌત્રને હંમેશ બાદશાહ પાસે લઈ જતો, તેને બીરબલે મીણનું બનાવેલું પુતળું આપી કહ્યું કે "એ પુતળાને શાહઝાદાનાં વસ્ત્રો પહેરાવી, બાદશાહ બાગમાં ફરતા હોય ત્યારે, તે જુવે એવી રીતે પુતળાને ગોદમાં લઇ, દૂરથી આવતાં આવતાં હોઝમાં પડી જજે."

ખોજાએ તે વાત કબુલ કરી. એજ દીવસે સ્હાંજે બાદશાહ અને બીરબલ બાગમાં ફરતા હતા, એવામાં બીરબલે પુતળાને લઇને આવતા ખોજા તરફ બાદશાહનું ધ્યાન ખેંચ્યું. બાદશાહ પૌત્રને રમાડવા માટે ઉત્સુક બન્યો, એવામાં તો ખોજો પેલા પુતળા સમેત હોઝમાં પડી ગયો એ બનાવ જોઈ બાદશાહ એકદમ દોડયો અને હોઝમાં પડતું નાંખી, પેલા પુતળાને બહાર કાઢી લાવ્યો.

બાદશાહ બહાર નીકળ્યો એટલે તરતજ બીરબલે કહ્યું " જહાંપનાહ ! આપની પાસે કોઇ સેવક ન હતો, કે તમે પોતે પૌત્રને બચાવવા દોડી જઈ હોઝમાં કૂદયા ?" કૃપાનિધાન ! એ કેવળ મોહનું કારણ છે. જેવા પ્રકારે આપને આપની સન્તતિ જોડે પ્રેમ છે એવીજ રીતે શ્રીકૃષ્ણને પોતાના ભક્તોપર પ્રેમ છે. "

બાદશાહ પોતાના સવાલનો જવાબ મળી ગયેલો જોઇ અત્યંત પ્રસન્ન થયો.

## વાર્તા ૧૪૫.

### કોને કોને ધિક્કાર છે ?

એક દિવસે બાદશાહે સવાલ કર્યો કે "બીરબલ ? કોને કોને ધિક્કાર છે ?"

બીરબલે હાથ જોડી કહ્યું “ હુઝૂર ! નગરના પટવારીને, હાડકાંના વહેપારીને, જુગારના ખેલાડીને, કંગાળની સરદારીને, ઘરડાની ઝિનાકારી ( પરસ્ત્રી સંસર્ગ )ને, હાકિમોની રિશ્તેદારી ( સગાઈ સંબંધ )ને, મૂર્ખની મિત્રાચારીને, નીચની દિલદારી (પ્રેમ)ને, કટાયલી કટારીને, ખરાબ સડક ઉપર બળદગાડીની સવારીને, ભૂખી-લૂખી સરદારીને, શિયાળના શિકારીને અને કુલટા નારીને ધિક્કાર છે. ”

બાદશાહે બીરબલના આ ચાતુર્યપૂર્ણ ઉત્તરથી અત્યંત પ્રસન્ન થઇ ભારે ઇનામ આપ્યું.

## વાર્તા ૧૪૬.

### બેટા રોતા થા.

એક દિવસ બીરબલ દરબારમાં હાઝર ન થઈ શક્યો, એટલે બાદશાહે તેને બોલાવી લાવવા સીપાહી મોકલ્યો. સીપાહીએ બીરબલ પાસે જઇ કહ્યું “ બાદશાહ સલામત આપને યાદ ફરમાવે છે, માટે તાકીદે ચાલો ” પણ બીરબલે તેને માત્ર “ હમણાંજ હાઝર થાઉં છું, તમે જાવ.” એમ કહી વિદાય કર્યો. સીપાહીએ બીરબલે આપેલો જવાબ બાદશાહને કહી સંભળાવ્યો. બાદશાહે વળી પાછી અડધી કલાક સુધી વાટ જોઈ, પણ બીરબલનો પત્તોજ નહીં, એટલે પાછો સીપાહીને તેડવા મોકલ્યો. બીજી વખત પણ બીરબલે ઉપલોજ જવાબ આપી તેને પાછો કાઢયો. ફરી પાછો અડધો કલાક વીતી જતાં ત્રીજીવાર સીપાહીને રવાના કરવામાં આવ્યો, પરંતુ બીરબલે ઉપલો ઉત્તર આપી તેને પાછો કાઢયો. હવે તો બાદશાહથી ન રહેવાયું, તેણે એક

અમલદારને હુકમ કર્યો કે “ જાવ, જલ્દીથી તેને બોલાવી લાવ, અને જો ન આવે તો પકડીને હાઝર કરો.”

પેલો અમલદાર બીરબલને ઘેર ગયો અને બાદશા-શાહનો હુકમ કહી સંભળાવ્યો. બીરબલે વિચાર કર્યો કે ‘હવે જો આનાકાની કરી તો માઠું પરિણામ ઉદ્ભવવાનો સંભવ છે.’ એટલે તે ઝટ તૈયાર થયો અને બાદશાહ સ્હામે હાઝર થઈ ગયો. તેણે સલામ કરી, પણ બાદશાહે ગુસ્સાને કારણે તેનો જવાબ ન આપ્યો અને ઉલ્ટો ક્રોધમાંજ સવાલ કર્યો “ કેમ બીરબલ ! આજે તને બોલાવવા માટે ત્રણ વાર સીપાહીને મોકલવો પડ્યો, છતાં તારૂં “ આવું છું.” વાક્ય પુરૂં ન થયું ? આટલી બધી વાર તેં શા કારણે લગાડી ?”

હાઝર જવાબ બીરબલે તરતજ હાથ જોડી અરઝ કરી “ હુઝૂર ! દીકરો રડતો હતો, તેને સમજાવતાં આટલો બધો વખત ગાળવો પડ્યો.”

બાદશાહે વધુ ગુસ્સામાં કહ્યું “ તું આવા રોકડીયા ઉત્તર આપી મ્હને પણ બનાવવા ચાહે છે ? બાળકને તે સમજાવતાં શી વાર લાગે ? તેને મનગમતી ચીજ આપીયે કે તરત છાનું થઇ જાય.”

બીરબલે કહ્યું “ જહાંપનાહ ! બાળકને કેવી રીતે સમજાવવો એનો અનુભવ હજુ આપને થયો નથી, એટલે બાળહઠ વિષે આપ શું જાણો ?”

હવે બાદશાહનો ગુસ્સો સ્હેજ નરમ પડ્યો હતો. તેણે કહ્યું “ બીરબલ ! તારા જેવો ચતુર પુરૂષ બાળકને ન સમ-

જાવી શકે એ તો આશ્ચર્યની વાત !! જો તારી જગ્યાએ હું હોત તો તરત સમજાવી દેત."

બીરબલે કર સમ્પુટ કરી અરજ કરી "નામદાર! રાજા માબાપ તરીકે ગણાય છે અને રૈયત તેનાં બાળક છે. માટે હું બાળક બનું અને આપ મ્હને સમજાવો અને પછી જુઓ કે બાળહઠ કેવા પ્રકારની હોય છે."

બાદશાહે તે વાત કબુલ કરી એટલે બીરબલે ન્હાના બાળકની પેઠે ઝમીનપર બેસીને હળવે હળવે રડવા માંડયું. બાદશાહ તખ્ત ઉપરથી હેઠે ઉતરીને તેને સમજાવવા લાગ્યો અને શરિર પર હાથ ફેરવી કહ્યું "બેટા! તું કેમ રડેછે?" ત્યારે બાળ બીરબલે વધુ જોરથી રડવા માંડયું. બાદશાહે તેને પોતાના ખોળામાં લઈ મમતાથી પૂછયું "બેટા! તું કેમ રડે છે? તને શું જોઇયે? ચાલ જલ્દીથી કહે, હું હમણાંજ તને અપાવું." તો પણ તેણે કાંઇ જવાબ ન આપતાં ઉં ઉં ઉં કરીને રડવાનું ચાલુ રાખ્યું. થોડીવાર સુધી એવી રીતે રડયા પછી તે બોલ્યો "મને શેરડી જોઇયે છે, તે મંગાવી આપ." બાદશાહે તરતજ શેરડીનો એક ભારો મંગાવ્યો અને તેમાંથી પસંદ પડે તે કાઢી લેવા કહ્યું. બીરબલે તો પાછું રડવાનું શરૂ કરી કહ્યું "તું કાઢી આપ."

બાદશાહે ભારામાંથી એક સારી શેરડીનો કકડો કાઢી આપ્યો તો તે "આ નહીં" કહી ફેંકી દીધી. "આ નહીં, પેલો." એમ કરતાં કરતાં છેવટે એક કકડો પસંદ કર્યો, અને તે હાથમાં લઈ પાછું રડવા માંડયું. ત્યારે બાદશાહે પૂછયું "બેટા! હવે શામાટે રડે છે? પાછું વળી શું જોઇયે છે?"

થોડી પળ રડયા પછી તેણે જવાબ આપ્યો " આને છોલી આપ. " બાદશાહે શેરડી છોલીને તેના હાથમાં આપી. તે લઇને પાછો રડવા લાગ્યો. બાદશાહે પૂછયું " હવે શા માટે રડે છે ? " તેણે કહ્યું " એના કકડા કરી આપ. "

બાદશાહે કકડા કરી આપ્યા એટલે બીરબલે રડતાં રડતાં કહ્યું " મ્હારી ટોપીમાં નાંખ. " બાદશાહે તેમ કર્યું. એટલે તેણે ટોપી શેરડીના કકડા સુદ્ધાં ફેંકી દીધી. બાદશાહ ઉઠીને તે વીણવા લાગ્યો અને બીરબલ આગળ ભેગા કરી પૂછયું " બેટા ! છાનો રહે. જો તેં કહ્યું તેમ મ્હેં કર્યું ને ? " બીરબલે તો રડવાનું બંધ કર્યુંજ નહીં અને પગ ઘસવા લાગ્યો. બાદશાહે આ પ્રકાર જોઈ પૂછયું " બેટા ! આમ શામાટે કરે છે ? "

બીરબલે કહ્યું " આને કાપી કેમ નાંખ્યો ? પાછો આખો કરી આપ. "

બાદશાહે કહ્યું " બેટા ! આને આખો કેવી રીતે કરી શકાય ? "

બીરબલે હાથ જોડી અરઝ કરી " ત્યારે પછી હું રડવાનું કેમ બંધ કરૂં ? "

બાદશાહે કહ્યું " બીરબલ ! ધન્ય છે તને ! તું જે બોલ્યો તે ખરૂં જ છે. ખરેખર બાળહઠ તે બાળહઠજ છે. " બાદશાહનો ગુસ્સો તદ્દન ઉતરી ગયો હતો એટલે તે તખ્ત ઉપર જઈ બેઠો. બીરબલ પણ પોષાક બદલી પોતાની જગ્યાએ જઈ બેઠો. બધા દરબારીયોએ બીરબલનાં ઘણાંજ વખાણ કર્યાં અને બાદશાહે પણ ભારે ઈનામ આપ્યું.

## વાર્તા ૧૪૭.

### તે તે પાંવ પસારીયે જેતી લાંબી સોડ.

એક દિવસ બીરબલની ગેરહાઝરીમાં કેટલાક હાજીયા દરબારીયોએ બાદશાહ આગળ અરજ કરી કે "હુઝૂર! આપ સર્વ કામો માટે બીરબલનેજ કહો છો અને અમને કોઈ જાતની સેવા બજાવવાનો કેમ હુકમ કરતા નથી?" બાદશાહે કહ્યું "તમે એના જેવા ચતુર નથી, માટેજ."

આ ઉત્તર સાંભળી બધા દરબારીયો એક અવાઝે બોલી ઉઠયા "જહાંપનાહ! એ તે કેમ કહેવાય? આપ એકવાર અમારી પરિક્ષા કરી જુઓ."

બાદશાહે એજ વખતે એક સવા ગજ લાંબી પહોળી ચાદર મંગાવી અને પેલા દરબારીયોને કહ્યું "હું બીછાના ઉપર સૂઈ રહું છું અને તમે આ ચાદર મ્હને, મ્હારૂં આખું શરિર ઢંકાય એવી, રીતે ઓઢાડી દો." આમ કહી બાદશાહ પલંગ ઉપર લાંબો થઇ સૂતો, પણ માત્ર સવાગજ લાંબી પહોળી ચાદર કોણ ઓઢાડી શકે? પગની તરફ ખેંચવા જાય તો માથા ઉપર ન રહે અને જો માથા પર ઢાંકવા જાય તો પગ ઉઘડી જાય. બધાએ ઘણીએ હિકમત ચલાવી, પરંતુ ફોકટ. આવો પ્રકાર જોઈ બાદશાહે બીરબલને કચેરીમાંથી તાબડતોબ બોલાવ્યો. બીરબલે આવી ચાદર પોતાના હાથમાં લીધી અને જોવા લાગ્યો. બધા દરબારીયો એકી નજરે તેના તરફ જોઈ રહ્યા હતા, કે જોઇયે એ શું યુક્તિ ચલાવે છે.

બીરબલે પલંગ પાસે જઈ બાદશાહના પગ બેવડા

વાળી દઈ, ચાદર ઓઢાવી દીધી. બાદશાહે કહ્યું "બીરબલ! મારા પગ કેમ વાળી દીધા?"

બીરબલે તરતજ ઉત્તર આપ્યો "જહાંપનાહ! કહેવત છે કે 'તે તે પાંવ પસારીયે જેતી લાંબી સોડ.'"

આ ઉત્તર સાંભળી બાદશાહ ઘણો જ પ્રસન્ન થયો અને બધા દરબારીયો પણ ચુપ થઈ ગયા.

## વાર્તા ૧૪૮.

### હાથકે છુએ જો કોઉ બેરહુ ન ખાયગો.

એક દિવસે બાદશાહે એક લોંડીની મશ્કરી કરી, અને વિષયવાસના તૃપ્ત કરવાનું કહ્યું. પરંતુ પેલી લોંડીએ સ્વિકાર ન કર્યો.* અકબરે કહ્યું "આજકાલ તારી યુવાવસ્થા છે, માટે દરેક પ્રકારનું અત્યારેજ સુખ ભોગવી લે. દરેક આનંદક્રીડા માટે આ કાળજ યોગ્ય છે; નહીં તો પછી તારો હાથ લગડેલા બોર પણ કોઈ નહીં ખાય."

ત્યાર પછી બાદશાહ જ્યારે દરબારમાં આવ્યો ત્યારે, "હાથકે છુએ જો કોઉ બેરહુ ન ખાયગો" એ સમસ્યાની પૂર્તિ કરવા બીરબલને કહ્યું. બીરબલે પોતાની વિચિત્ર તર્કશક્તિના બળે એજ વખતે એક કવિત રચી કાઢી કહ્યું "હુઝૂર! સાંભળો:—

* ખરીદ કરેલી લોંડીઓ સાથે સંગ કરવામાં ધાર્મિક બાધ નથી. ઘણા ખરા બાદશાહો એવી રીતે ખુબસુરત લોંડીઓ ખરીદ કરી તેમને હરમ તરીકે રાખતા હતા. પછી તે લોંડી ગમે તે ધર્મની હોય તો પણ ચાલી શકે.

કવિત.

માનુષ્યકો જન્મ પાયો, સુંદર રંગરૂપ પાયો,
ફેર રસરંગ જાસો, જીવ હુલસાયગો;
જવાનીકી તરંગમેં, કરે ન કયું ઉમંગ આલી?
દિન ઢલ જાય, એસે યેહુ ઢલ જાયગો;
કરે કયોં ગુમાન એસી, તેજ તરૂનાઇમેં,
ફિર લલચાય ચિત્ત, પાછે પછતાયગો;
જોબન કે ચાર દિન, બીત ગયે પીછે સખિ!
હાથ કે છુએ જો કોઉ બેરહુ ન ખાયગો.

## વાર્તા ૧૪૯.

### એ શું કરે છે.

એક દિવસ અકબર અને બીરબલ શિકાર રમવા માટે ઘોડાઓ પર સ્વાર થઈ, એકલાજ જંગલ તરફ ચાલ્યા. શિકારની શોધમાં ઘણે દૂર સુધી ચાલ્યા ગયા, પણ કાંઈ મળ્યું નહી. ભૂખ કકડીને લાગી હોવાથી બન્ને ઘોડા ઉપરથી નીચે ઉતરી એક ઘટાદાર વૃક્ષની છાયામાં બેસી ચણા ફાંકવા લાગ્યા. ઘોડા પણ પાસેજ ચરતા હતા. એવામાં ત્યાંથી જાટ કોમની બે સ્ત્રીઓ પસાર થઈ, તેમને જોઈ ઘોડા ખંખારવા લાગ્યા. અને પેસાબ પણ કરી. બાદશાહે પેલી સ્ત્રીઓને વિનોદ ખાતર પૂછ્યું "આ ઘોડા શું કરે છે?"

જાટ સ્ત્રીઓ પણ બહુજ હાઝર જવાબ હોય છે. બાદશાહનો પ્રશ્ન સાંભળી તેઓમાંની એક બોલી ઉઠી કે "આ ઘોડાઓ એમ કહે છે કે અમારો ખોરાક તો તમે

ખાઇ જાવ છો, એટલે પછી શું અમારા ફુલાન પર બેસશો?"

બાદશાહ આ ઉત્તર સાંભળી ચુપ થઇ ગયો અને બીરબલ પણ નિરૂત્તર બની ગયો.

(ફુલાનનો અર્થ યોનિ થાય છે તેમજ ફુલાણો, પેલો વગેરે પણ થાય છે.)

## વાર્તા ૧૫૦.

## બીરબલ હંસે તો મેહ બરસે.

એક વેળા અકબરના રાજ્યમાં વરસાદ વરસ્યો નહીં અને પ્રજાને ઘણુંજ કષ્ટ વેઠવું પડ્યું. અન્ન ન મળવાથી લોકો ભૂખે મરવા લાગ્યા, એટલે બાદશાહે જ્યોતિષીઓને બોલાવી પૂછ્યું. જોશીઓએ કહ્યું "જો બીરબલ હંસે તો વરસાદ વરસે." એ સાંભળી બાદશાહે અનેક પ્રકારની ઉપ-હાસ્યજન્ય વાતો કહી બીરબલને હંસાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ બીરબલ ન હસ્યો. બાદશાહે ગુસ્સે થઈ તેને શહેર-માંથી કાઢી મૂક્યો. બીરબલ ચાલતાં ચાલતાં સંધ્યા થઈ જવાને કારણે, એક બુરજ ઉપર જઇને બેઠો. દૈવસંયોગે એક કુંભાર પોતાનો ગધેડો શોધવા નીકળ્યો હતો, તે પણ સ્હાંજ પડી જતાં એ બુર્જ ઉપર આવી એક ખૂણામાં જઈ બેઠો. થોડીવાર પછી એક શેરડીવાળો શેરડીનો ભારો લઇ ત્યાંજ આવી લાગ્યો અને એક ખૂણામાં તે ભારી મૂકીને બેઠો. એવામાં એક આંધળો અને આંધળી પણ ત્યાં આવી પહોંચ્યા. રાત્રે આંધળાને કામદેવે સતાવવા માંડ્યો એટલે તે આંધળી જોડે સંભોગ કરવા લાગ્યો. આંધળીએ કહ્યું "શું કરે છે! કોઇ જાતું હશે તો?" આંધળાએ

ઉત્તર આપ્યો "છાની રહે, કોઇ જોતું નથી. અત્યારે મ્હને ત્રિલોકી દેખાય છે."

આ સાંભળી ગધેડાવાળાએ કહ્યું "ભાઇ! જો તને ત્રિલોકની સર્વ વસ્તુઓ જણાતી હોય, તો મહેરબાની કરીને મારો ગધેડો હાલ ક્યાં છે એ કહે."

કુંભારનો આ પ્રશ્ન સાંભળી આંધળીએ પેલા અંધને કહ્યું "અરે, કાઢી લે."

આ વાત સાંભળી શેરડીવાળો સમજ્યો કે કદાચ પેલા ભારામાંથી શેરડી કાઢી લેવાનું કહેતી હશે, એટલે તેણે કહ્યું "ભાઇ! લગાર વિચાર કરીને કાઢજે. શેરડીઓ મ્હારી ગણેલી છે. જો તારે ખાવી હોય તો માંગી લે, પણ જો ચોરી કરી તો તારૂં માથું તોડી નાંખીશ."

આ બનાવ જોઈ બીરબલને હસવું આવ્યું અને તરતજ વરસાદ વરસવા લાગ્યો. વરસાદ વરસતાં બાદશાહે બીરબલને શોધી મંગાવ્યો અને તેને હંસવાનું કારણ પૂછયું. ત્યારે બીરબલે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, જે સાંભળીને બાદશાહ પણ હંસતાં હંસતાં લોટી પડયો.

## વાર્તા ૧૫૧.

### હીંમતે મર્દા તો મદદે ખુદા.

એક દિવસે બાદશાહે પૂછયું "બીરબલ! લડાઈ પ્રસંગે કઈ વસ્તુ કામ લાગે?" બીરબલે અરજ કરી "નામદાર! તે પ્રસંગે સમયસૂચકતા કામ લાગે."

બાદશાહે કહ્યું "અરે, બીરબલ! સમયસૂચકતા તે વળી શા ઉપયોગમાં આવે? લડાઈ વખતે તો હથીયાર કામ લાગે છે?!"

બીરબલે કહ્યું "હુઝૂર! હથીયાર કરતાં એની વિશેષ ઝરૂર પડે. હાથ કંકણુને દર્પણુની શી આવશ્યકતા છે? આપ પરિક્ષા કરી જુઓ."

બાદશાહે કહ્યું "વારૂ, કાલે પરિક્ષા લેવાશે."

બીજે દિવસે બાદશાહે એક મસ્તાન હાથીને દારૂ પીવડાવી વધારે તોફાની બનાવી એક સાંકડા રસ્તામાં છોડી મૂક્યો અને પછી બીરબલને તે રસ્તે ઘેર જવાનો હુકમ કર્યો. બીરબલ બાદશાહની આજ્ઞાનુસાર તે ગલીમાં પેઠો કે તરતજ પેલા હાથીએ દૂરથી તેની સ્હામે દોટ મૂકી. બીરબલે આસપાસ નજર ફેરવી તો પાસે એક કૂતરો બેઠેલો જણાયો. હાથી થોડેજ છેટે રહી ગયો, એવામાં તો બીરબલે સમયસૂચકતા વાપરી પેલા કૂતરાના પાછલા પગ પકડી અદ્ધર ઉઠાવ્યો અને જોરથી ફેરવીને હાથી તરફ ફેંક્યો. દૈવયોગે કૂતરો હાથીની સૂંઢ ઉપરજ પડ્યો અને સૂંઢ ઉપર બચકું પણ ભરી લીધું. બીચારો હાથી બૂમો પાડવા લાગ્યો, એ લાગ જોઈ બીરબલ ધીમેથી તેની નઝર બચાવી પસાર થઈ ગયો. બાદશાહ આ બનાવ જોઈ ઘણોજ આશ્ચર્ય પામ્યો અને બીરબલને પાછો બોલાવી તેને ભારે ઈનામ આપ્યું.

## વાર્તા ૧૫૨.

### અપ્સરા અને ચુડેલ.

એક સમયે બાદશાહે બીરબલ આગળ અપ્સરા અને ચુડેલ જોવાની ઈચ્છા પ્રકટ કરી. બીરબલે કહ્યું "હુઝૂર! હમણાંજ આપને બતાવું છું." એમ કહી તે ઘેર ગયો

અને પોતાની સ્ત્રીને સાથે લીધી અને રસ્તામાંથી એક સુન્દરી વેશ્યાને પણ લીધી તથા બાદશાહ આગળ બન્નેને હાઝર કરી અરજ ગુજારી કે "હુઝૂર ! આ મ્હારી સ્ત્રી અપ્સરા સમાન છે, તે મ્હારી સેવા ખરા અંતઃકરણથી બજાવે છે. એના સમાન આખા સંસારમાં કોઇ સુંદર સ્ત્રી નથી."

બાદશાહે કહ્યું "બીરબલ ! એતો શ્યામવર્ણી છે ? અપ્સરા તો સુન્દર હોવી જોઇયે ?"

બીરબલે હાથ જોડી ઉત્તર આપ્યો "નામદાર ! સુન્દરતા ગુણથી પારખી શકાય છે, માત્ર ગૌરવર્ણ સુન્દરતા ન કહેવાય. મ્હારી સ્ત્રી મ્હને સ્વર્ગના આનંદનો સાક્ષાત્કાર કરાવે છે."

એટલે બાદશાહે સવાલ કર્યો "ત્યારે હવે ચુડેલ કઇ ?" બીરબલે તરતજ પેલી પરમ સૌંદર્યમંડિત વેશ્યા પ્રતિ અંગુલી સંકેત કરી કહ્યું "જહાંપનાહ ! આ ચુડેલ છે. જેને એ વળગે છે, તેનું સર્વસ્વ હરણ કરી તેને ત્યાગી દેગે છે."

બાદશાહ અત્યંત પ્રસન્ન થયો અને બધાને ઈનામ આપી બીરબલના ચાતુર્યના ભારે વખાણ કરવા લાગ્યો.

## વાર્તા ૧૫૩.

## પરિક્ષકની બલિહારી.

એક સમયે મલ્યાલના રાજા રોહસેને અકબર બાદશાહને પત્ર લખી મોકલ્યો કેઃ-"કમ અસલનો અસલ, અસલનો કમ અસલ, ગાદીનો ગધેડો અને બજારનો

કૂતરો. એ ચારે ચીજોને શોધીને મોકલી આપો, કાંતો યુદ્ધને માટે તૈયાર થઈ જાવ."

બાદશાહ એ પત્ર વાંચી મનોગત્ કહેવા લાગ્યો કે "આમાં લખેલી ચીજો મળી શકે એમ નથી. અને જ્યારે એમજ છે, એટલે યુદ્ધ કર્યા વગર છૂટકો નથી. પણ તેમ થતાં લાખો માણસો અને કરોડો રૂપીયાનું બલિદાન આપવું પડશે. એનું કેમ ?!"

આમ વિચાર કરી તેણે બીરબલને બોલાવી મંગાવ્યો. બીરબલે આવીને બાદશાહનો ઉદાસ ચહેરો જોયો એટલે તેના પેટમાં ફાળ પડી. પણ જ્યારે અકબર બાદશાહે તે પત્ર બતાવ્યો, ત્યારે તેણે વિચાર કરી કહ્યું "જહાંપનાહ! આમાં જણાવેલી ચીજો હાલ તરત તો મળી શકે એમ નથી, છતાં આપ એ રાજા પાસેથી એક વર્ષની મુદ્દત માંગી લો અને પછી જુઓ કે આપણા પોબાર પડે છે કે નહીં ?!"

બીરબલનો એ પ્રત્યુત્તર સાંભળી બાદશાહની ઉદાસિનતા નાશ પામી અને તેણે તરતજ મુન્શીને બોલાવી પેલા રાજાને નામે પત્ર લખાવી એક વર્ષની મુદ્દત માંગી. પત્ર રવાના કર્યા પછી બીરબલે કહ્યું કે "જહાંપનાહ! હવે ઢીલ ન કરતાં તે ચારે વસ્તુઓ જેમ બને તેમ તાકીદે મેળવવાની જરૂર છે, કેમકે વખતને વહેતાં વાર નહીં લાગે."

બાદશાહે કહ્યું "ત્યારે તુંજ આ કામ માથે લઇ લે." બીરબલે હામ ભીડી, પણ તે કાર્ય માટે રૂપીયા એક લાખની રકમ બતાવી. બાદશાહે તરતજ ખજાનચીને એક લાખ

રૂપીયા બીરબલને ઘેર મોકલી આપવાનો હુકમ આપ્યો. બીરબલે બાદશાહ પાસેથી એક માસની રજા માગી લીધી અને જોઈતાં સાધનો સાથે લઇ શાહુકારનો વેષ ધારણ કરી બીજેજ દિવસે મલ્યાલ તરફજ રવાના થયો. દેશ દેશની ચર્ચા જોતો, ફરતો ફરતો બીરબલ મલ્યાલ નગરીમાં પહોંચ્યો અને ત્યાંના મુખ્ય રમણીય બઝારમાં એક મ્હોટું આલીશાન મકાન ભાડે રાખી રહેવા લાગ્યો, અને ભારે ઠાઠમાઠથી સરાફીનો વહેપાર પણ શરૂ કરી દીધો.

બીરબલના આલીશાન મકાનની સ્હામેજ આવેલા સરકારી ચબુતરામાં શહેરનો કોતવાલ રહેતો, તેની સાથે બીરબલે મિત્રતા સાંધી અને દિવસાનુદિવસ તેમાં વૃદ્ધી થતી ગઈ. અકબર બાદશાહ જેવાને વશ કરનાર રસુજી પૂતળાંને કોણ વશ ન થાય? અને વળી પાછી કહેવત છે કે 'હાથ પોલો એટલે જગત્ ગોલો' 'લક્ષ્મી શત્રુને પણ મિત્ર બનાવે!' પોલિસ અધિકારીને વશ કરવો એ કાંઈ મ્હોટું કામ ન ગણાય. થોડા દિવસમાં તો કોતવાલ સાહેબ બીરબલનોજ એટલો રાત દિવસ ઘસતા થઈ ગયા. બીરબલ તો એટલું ઇચ્છતોજ હતો, તેણે નવા નવા પ્રકારના આનંદ અને મોજશોખના મેળાવડા પોતાને ત્યાં ભરવાનો આરંભ કર્યો. ગાનતાનના પણ જલ્સા થવા લાગ્યા અને તેમાં કોતવાલ સાહેબને ખાસ આમંત્રણ થતું; એટલુંજ નહીં બલ્કે, ખુદ કોતવાલ સાહેબની તે કામોમાં સહાયતા પણ લેવાતી. નગરમાં જો કોઈ નવો ગવૈયો આવ્યો હોય અથવા કોઇ નાયિકાની પધરામણી થઈ હોય કે કોતવાલ સાહેબ તેને પાધરી બીરબલ પાસે તેડી લાવે, રંગ

રાગની મજલિસો થાય અને કોતવાલ સાહેબ કહે તે રકમ બીરબલ આપે.

એક સમયે એક નવયૌવના, અપૂર્વ સૌંદર્ય મંડિત, લાવણ્યમયી, ગાયનકળા તેમજ નૃત્યશાસ્ત્રમાં અતિ પ્રવીણ નાયિકા રંભાને એક રથમાં બેસાડીને કોતવાલ સાહેબ શેઠ પાસે લઇ આવ્યા અને કહેવા લાગ્યા "શેઠ! આ કોકિલાના કંઠને પણ લજવનારી અત્યંત સ્વરૂપવાન નાયિકાને આજે લઇ આવ્યો છું, માટે આજે એનોજ મુજરો કરીયે." શેઠે કહ્યું "થવા દો, મ્હારી કયાં ના છે?"

શેઠનો હુકમ મળતાંજ તે કામણગારી નાયિકાએ નાચ અને ગાયનની શરૂઆત કરી અને ત્યાં બેઠેલા સર્વને છક કરી નાંખ્યા. ગાયન સમાપ્ત થતાં, શેઠે ઘણાજ આનંદપૂર્વક કોટવાલને પૂછ્યું "કોટવાલજી! આ નાયકાને કેટલા રૂપીયા આપીયે તો સંતોષ પામે?!" કોટવાલે કહ્યું "શેઠજી! બસો રૂપીયા બસ છે."

બીરબલે તરતજ બસો રૂપીયા ગણી આપ્યા. નાયકા અત્યંત ખુશ થઈ, મોઢું મલકાવી, શેઠને કટાક્ષબાણ મારી મનોગત્ કહેવા લાગી "અત્યાર સુધીમાં મ્હને કોઇએ પણ આટલી મોટી રકમ ઇનામ આપી નથી. ખરેખર ગાયન કળાની ખૂબીને માત્ર આ શેઠજ પારખનાર છે. માટે એવા મ્હોટા કદરદાન શેઠને મૂકીને પાંચ પચીસની નજીવી રકમ માટે શા સારૂ આમ તેમ આથડવું જોઇયે! મૂર્ખાઓના તાબેદાર થવા કરતાં આવા એકાદ કદરદાન ઉદાર ગૃહસ્થની સેવા કરવામાંજ આબરૂ જળવાય એમ છે." એવો સંકલ્પ

કરી તેણે શેઠજીને સંબોધી કહ્યું " શેઠજી ! હું પૈસાની ભૂખી નથી, માત્ર આપ જેવા કદરદાન ગૃહસ્થની ચરણ સેવાનીજ ભૂખી છું. માટે જો આપ મ્હને આપના દાસી થવાનું માન આપો, તો હું મ્હને મહાન્ ભાગ્યશાળી ગણીશ."

તે રમણિક રંભાનું આવું મૃદુતામય વાક્ય સાંભળી શેઠે કહ્યું " જો તું વિશુદ્ધ પ્રેમની પ્રતિમા બની પ્રેમપંથની પ્રતિજ્ઞા પાળવા ઇચ્છતી હોય તો મ્હારી ના નથી ! તું ખુશીથી મ્હારે ત્યાં રહે, અને જે જોઇયે તે લે."

રંભાએ તરત જ બીરબલનો હાથ ઝાલ્યો અને નીચે ઉતરી તેને પોતા સાથે રથમાં બેસાડી પોતાને ઘેર લઈ ગઈ અને નાના પ્રકારની કોકકળા વડે શેઠનું મન પ્રસન્ન કરી, આખી રાત્રિ રતિરંગમાં વ્યતીત કરી. સ્હવાર થતાંજ શેઠે ઘેર જવાની ઈચ્છા દર્શાવી એટલે તે નાયિકા ગદ્ગદ્ કંઠે કહેવા લાગી " હે ભાગ્ય આધાર ! હું તમને અહીંથી જવા દેવા ચાહતી નથી. છતાં, આપ તરછોડી ચાલ્યા જશો તોએ હું અબળા શું કરી શકું એમ છે ? ! "

શેઠે કહ્યું " પ્રિયે ! હું તને તરછોડીશ નહીં. તને હંમેશા મળતો રહીશ, માટે કાં ફીકર ન કરતાં મોજ-શોખમાં રહે."

રંભાએ રજા આપી એટલે શેઠજી ઘેર આવ્યા. તે દિવસથી વખતો વખત શેઠજી રંભાને ઘેર જવા લાગ્યા અને ખૂબ રંગરાગમાં દિવસો વીતાડવા લાગ્યા.

એક દિવસ કોતવાલે આવી પૂછયું " શેઠજી ! આપ પરણેલા છો કે કુંવારા ? " બીરબલે કહ્યું " જો ઉંચા કુળની

ખાનદાની કન્યા મળે તોજ લગ્ન કરવું, નહીં તો જન્મજન્માંતર કુંવારા રહેવું, એવો મ્હેં નિશ્ચય કરેલો છે.”

કોતવાલે કહ્યું “ શેઠ ! જો એમ જ છે તો હું આપને માટે એવીજ કોઇ ખાનદાની કન્યા શોધી કાઢવાની બનતી મહેનત કરીશ.” આ પ્રમાણેની ગોઠવણ કરી કોતવાલ સાહેબ ત્યાંથી વિદાય થયા.

થોડાક દિવસ પછી તેણે એવીજ મનોરમા નામની એક ઉંચા કુળની કન્યા શોધી કાઢી શેઠની સાથે વીધી યુક્ત પાણી ગ્રહણ કરાવી આપ્યું. શેઠે એવા ઉચ્ચ કુળની કન્યા મળવા બદલ ઘણોજ આનંદ પ્રદર્શિત કર્યો. પરંતુ શેઠે એવો નિયમ બાંધ્યો કે કોઈ પણ કામ માટે ઘરની બ્હાર જતાં પહેલાં મનોરમાના વાંસા ઉપર એક કોરડો મારવો અને ત્યાર પછી કામે જવું. આ પ્રમાણે કેટલાક દિવસો વીતી ગયા.

એક દહાડે બીરબલ બજારમાંથી એક પાકેલું તરબુજ ખરીદી, તેના બે કકડા કરી, કાચા લાલ રંગના રૂમાલમાં તેને બાંધી દોડતો દોડતો ઘેર આવ્યો અને મનોરમા જુવે તેમ આંખની ભ્રમરો ચઢાવી, તેને પણ બે રોકડા સટકાવી દઈ કહ્યું “ જો આ રાજકુમારનું માથું કાપી લાવ્યો છું, તે આ પેટીમાં મૂકું છું. પણ ખબરદાર, કોઈને આ વાત કહીશ નહીં; નહીંતો, તારા પણ આવી રીતેજ કટકા કરી નાંખીશ.” એમ કહી પેલી પોટકી એક પેટીમાં મૂકી, તેને તાળું વાસી બીરબલ બ્હાર ચાલ્યો ગયો.

હજીતો તે ઘણે દૂર પહોંચ્યો પણ ન હતો, એટલામાં તો શેઠાણીએ મોટેથી રાડો પાડવા માંડી. આ બૂમો કોત-

વાલ સાહેબને કાને અથડાતાં તે ચબુતરામાંથી કેટલાક સિપાહીઓને લઈ શેઠના મકાનમાં દોડી ગયા અને શેઠાણીને રડવાનું કારણ પૂછયું. તેણે રડતાં રડતાં કહ્યું "ભાઈ! શું કહું? તમેજ મ્હને આ મહા પાપી કસાઈના હાથોમાં સોંપી છે. હું, શું કહું? કહેતાં જીભ અચકાય છે, હૃદય કંપે છે; છતાં, કહ્યા વગર ચાલે તેમ પણ નથી. તમારા શેઠે રાજકુમારનું ખૂન કરી, તેનું માથું કાપી લાવી આ પેટીમાં મૂકયું અને મ્હને પણ બે કોરડા સટકાવી, કોઈને એ વાત ન કહેવાની સખત તાકીદ કરી છે. પણ (કોરડાના સોળ દેખાડી) આ સખ્ત મારને કારણે મ્હને રડવું આવે છે."

આ વિચિત્ર વાત સાંભળી કોતવાલ અત્યંત ખેદ પામી કહેવા લાગ્યો "આ ઉપરથી તો જણાય છે કે એ ઘણોજ ભયંકર પાપી છે, માટે એને પકડીને એના પાપોની શિક્ષા અપાવવીજ ઘટે છે. શું, મ્હેં આવી સારા કુળની કન્યા શોધી આપી તે આવા નિર્દયપણે મારવા માટે? ધિક્કાર છે એ ચાંડાલને!!" આમ કહી તેણે શેઠને પકડી લાવવા સિપાહીઓને મોકલ્યા. કોતવાલ સાહેબનો હુકમ મળતાંજ કાળી કફનીવાળા હડકાયલા કૂતરાઓની પેઠે શેઠની શોધમાં દોડયા. થોડીક તપાસ કરતાં શેઠ સપડાઇ ગયા. કશી પણ પૂછગછ ન કરતાં સિપાહીઓ ભસવા લાગ્યા "શું જુઓ છો, ફટકાવો? એ હરામખોર, ચંડાલ, પાપીને જકડી લો!? અરે, નીચ હરામખોર! આવી રીતે ખૂન કરી, તેં પોતાને હાથેજ મોત માગી લીધું છે. હવે તું ક્યાં સટકી શકે એમ છે? લો બચ્ચાજી, આ તમારા કર્મનાં ફળ

ચાખો ! ! ” એમ કહી સિપાહીઓએ તેને બાંધી લીધો અને મારતા મારતા કોતવાલ સાહેબની હજુર હાઝર કર્યો. માર ન સહન થવાથી બીરબલે કહ્યું “ અરે દુષ્ટો ! મુજ નિરપરાધીને શા માટે આવી રીતે ખોખરો બનાવો છો ? મ્હેં એવો તે કયો અપરાધ કર્યો છે, જેને માટે આવી શિક્ષા કરાય છે ? ”

કોતવાલ સાહેબનો પિત્તો ઉછળી આવ્યો, તેમણે રાતાચોળ બની કહ્યું “ છાનો મર, હરામખોર ! એતો જાણ્યું બધું તારૂં ડહાપણ ! ! તેં જે અપરાધ કર્યો છે એ અત્યારેજ જણાઇ આવશે. અરે, નાપાક, હરામખોર ! તેં આવાં નીચ કર્મો કરવા માંડયાં છે, એની મ્હને તો સ્હેજ પણ ખબર ન હતી. ખેર, તારી કરણીનાં ફળ અબ ઘડીયેજ તને ચખાડું છું ! ! ” આમ શેઠને ધમકાવીને સિપાહીઓના મઝબુત પહેરા હેઠળ રાજા સમક્ષ હાઝર કર્યો અને અરઝ કરી “ નામદાર ! આ પાપીએ આપના કુંવરનું માથું કાપી પોતાના ઘરની પેટીમાં મૂક્યું છે. અને બાયડી એ વાત કોઈને જણાવી ન દે, એટલા માટે તેનો પણ કોરડા મારી વાંસો ફાડી નાંખ્યો છે.”

કોતવાલનું આવું બોલવું સાંભળી રાજાના ગુસ્સાનો પાર ન રહ્યો અને તેણે કાંઈ પણ પૃચ્છા ન કરતાં ખૂનીને એકદમ સૂળીએ ચઢાવી દેવાનો હુકમ કર્યો. રાજાનો હુકમ મળતાંજ કોતવાલ શેઠને સ્મશાન ભૂમિ તરફ લઇ ચાલ્યો. રસ્તામાં શેઠનો નોકર મળ્યો, એટલે શેઠે તેને કહ્યું “ તું દોડતો તારી શેઠાણી પાસે જઇને કહે કે તારો સ્વામી સૂળીયે ચઢે છે, અને તે જે ઉત્તર આપે તે ગ્હને તરતજ કહી જા. ” ચાકર

દોડતો દોડતો ઘેર ગયો અને બનેલી હકીકત શેઠાણીને કહી સંભળાવી. પરંતુ, શેઠાણીએ સ્હેજ પણ દિલગીરી ન દર્શાવતાં ગુસ્સામાં કહ્યું " ભલે, ચઢવા દે, જેવું કરે તેવું પામે, એમાં હું શું કરવાની હતી ? ! ! "

શેઠાણીના આવા કઠોર શબ્દો સાંભળી નોકરે તુરત આવી શેઠને બધી વાત કહી સંભળાવી. શેઠે ચાકરને કહ્યું " હવે તું રંભાને ત્યાં જઇ કહે કે, શેઠ હમણાં આવે છે. " ચાકરે જઈને રંભાને તે પ્રમાણે કહ્યું, એટલે તે તરતજ ઉઠી અને ઝરોખામાં આવી શેઠના આગમનની વાટ જોતી ઉભી રહી.

શેઠે ધીરજથી કોતવાલને કહ્યું " લગાર રંભાના ઘર આગળ થઈને મ્હને લઇ જાવ. તો તમારો મોટો ઉપકાર થશે. " કોતવાલનો એ વખતે મીઝાજ કાંઇ ઠેકાણે હોવાથી, તેણે તે વાત માન્ય રાખી અને રંભાના મકાન તરફ ચલાવ્યું. ઝરોખામાં રાહ જોતી ઉભેલી રંભાએ જ્યારે શેઠને આવી દશામાં જોયા એટલે તેનું હૈયું ભરાઈ આવ્યું. તેણે નીચે ઉતરી આવી કોતવાલને કાલાવાલા કરી કહ્યું " હું આપને બસો રૂપીયા પાન સોપારીના આપું છું, તે આપ લો. અને માત્ર બે ઘડી સુધી શેઠને આ ઝાડની છાયા નીચે બેસવા દેવાની કૃપા કરશો, તો હું આપનો ઉપકાર માનીશ. હું અત્યારેજ રાજાજી હજુર જાઉં છું. જો એ અપરાધ માફ કરી, એમને મૂકી દેવાનો હુકમ કરશે તો ઠીક; નહીંતો પછી આપ ખુશીથી લઇ જજો. " પૈસો પાણીમાંએ ઘર બનાવે અને લક્ષ્મીને જોતાં મહા મુનીવરનું મન પણ ચંચળ થઇ જાય, એટલે પછી કોતવાલ જેવાના શા ભાર ?

ણે બસો રૂપીયા ખીસામાં મૂકી તેમ કરવાની હા પાડી.

રંભા પોતાના શેઠને છોડાવી લાવવા માટે ઉત્તમ કારના અલંકારો સજી ઝાંઝરનો રણકાર કરતી ઘણાજ ઠમાઠથી દરબારમાં હાઝર થઇ અને વિચિત્ર પ્રકારના ત્તમોત્તમ હાવભાવ અને ગાનતાનથી રાજાને તેણે આંજી ાખ્યો. રંભાના અદ્ભુત નાચથી રાજા મોહિત બની કહેવા ાગ્યો “માગ! માગ! તારી મરજીમાં આવે તે માગ!” ાયકાએ રાજાનું વચન લઇ, હાથ જોડી અરજ કરી “દયા-નધાન! આપે જે શેઠને સૂળીએ ચઢાવવાનો હુકમ આપ્યો છે, તેને આપ છોડી દો.”

રાજાએ કહ્યું “એને તો કયારનોએ સૂળીએ ચઢાવી દીધો હશે, માટે કાંઈ બીજું માગ.” રંભાએ કહ્યું “પૃથિવ-ાથ! જો જીવતો હોય, તો છોડી મૂકવા હુકમ ફરમાવો, મ્હારે એ શિવાય અન્ય કોઈ માગણી કરવાની નથી.”

રાજાએ સિપાહીને તાકીદનો હુકમ આપ્યો કે “જો શેઠને સૂળીએ ચઢાવવામાં ન આવ્યો હોય, તો તેને એકદમ મૂકી દો.” રાજાએ હુકમ કરતાંજ સિપાહી દોડયો અને તપાસ કરીને, જ્યાં કોતવાલ બેઠો હતો ત્યાં જઇ તેણે રાજાનો હુકમ કહી સંભળાવી બધો વૃત્તાંત સુણાવ્યો. એટલે કોતવાલ શેઠને છોડી મૂકી, નીચું ઘાલી રસ્તે પડયો. એવામાં તો રંભા પણ ત્યાં આવી લાગી અને શેઠને પોતાના મકા-નમાં લઇ જઈ, આસના વાસના કરવા લાગી. તેની આંખ-માંથી અશ્રુધારા વહેવા લાગી. એ જોઈ બીરબલે તેને આશ્વા-સન આપી કહ્યું “પ્રિયે! તું લેશ માત્ર પણ ગભરાઈશ નહીં. આ ખટપટ મ્હેંજ એક ગુપ્ત કારણસર ઉભી કરી છે. હવે,

હું મારે દેશ જઈશ, ત્યાંથી થોડાક દિવસ પછી પાછો અહીં આવીશ. અને પછી તને પણ મ્હારે દેશ લઈ જઈશ. તું સ્હેજ પણ ચિંતા ન કરજે."

આ પ્રમાણે રંભાને ધીરજ આપી, અન્ય આડી અવળી વિનોદની વાતો કરી, બીરબલ ત્યાંથી વિદાય થઈ ઘેર આવ્યો અને વહેપાર વગેરે આટોપી લઈ, દિલ્હી તરફ રવાના થયો. થોડાક દિવસની મુસાફરી પછી બીરબલ દિલ્હી આવી પહોંચ્યો અને બાદશાહ આગળ હાઝર થઈ કહેવા લાગ્યો "જહાંપનાહ! મલ્યાલના રાજાએ માગેલી ચારે વસ્તુઓ મ્હેં મેળવી લીધી છે."

બીરબલનું આવું બોલવું સાંભળી બાદશાહ ઘણોજ ખુશ થયો અને તે વસ્તુઓ ક્યાં છે? એમ પૂછવા લાગ્યો. બીરબલે કહ્યું "હુઝૂર! એ ચારે વસ્તુઓ એ રાજાના ગામમાંજ છે, માટે આપ મ્હને એક પત્ર સહી સિક્કા સાથે લખી આપો."

બાદશાહે તરતજ સહી સિક્કા સાથેના પત્રમાં લખી આપ્યું કે "આપની મંગાવેલી ચારે ચીજો બીરબલ સાથે મોકલેલ છે, તે તપાસી લઈ, પાછો ઉત્તર આપશો." એ પત્ર લઈ બીરબલ ભારે દબદબા સાથે મલ્યાલ જઈ પહોંચ્યો અને અનુચર દ્વારા રાજાને કહી મોકલાવ્યું કે "દિલ્હીથી બીરબલ આપને ભેટવા આવ્યો છે."

રાજાએ તરતજ દરબારમાં તેને દાખલ થવા દેવાનો ચોબદારને હુકમ આપ્યો. બીરબલ રાજ્યરીતિ પ્રમાણે દરબારમાં પ્રવેશી રાજા સન્મુખ આવી યોગ્ય વિનયથી અભીવંદન કરી ઉભો રહ્યો. રાજાએ પણ તેનો યોગ્ય આદર સત્કાર

કરી બેસવાને આસન આપ્યું. બીરબલે શાહના હાથનો લેખેલો પત્ર રાજાના હાથમાં મૂક્યો. રાજાએ પત્ર વાંચી આશ્ચર્યતાથી બીરબલને પૂછ્યું "તે ચારે વસ્તુઓ ક્યાં છે ?" બીરબલે કહ્યું "મહારાજ ! અહીંયાજ હાઝર છે." એમ કહી, તેણે પોતાના પેલા જુના ચાકરને કહ્યું "જા, અને મ્હારી સ્ત્રીને તેમજ રંભાને તેડી લાવ."

ચાકર દોડતો જઈ બન્નેને તેડી લાવ્યો. બીરબલે તે બન્નેને પોતા પાછળ ઉભી રાખી, કહ્યું "મહારાજ ! હું આપના નગરમાં શેઠ નામ ધારણ કરી, સરકારી ચબુતરાની સ્હામે એક બંગલો ભાડે રાખી રહેતો હતો. પ્રથમ મ્હેં આપના કોતવાલ સાથે મિત્રતા બાંધી. તેણે મ્હારી પાસેથી પુષ્કળ ધન સંપાદન કરી આ નાયકા રંભા સાથે મ્હારો સંબંધ કરાવ્યો અને ત્યારબાદ આ ઉચ્ચ કુળની કન્યા મનોરમા સાથે મ્હને પરણાવ્યો. આ પરણેતર સ્ત્રીને હંમેશ એક કોરડો મારવાનો મ્હેં નિયમ કર્યો. ત્યાર પછી એ સ્ત્રી અસલ છે કે કમઅસલ, એની ખાત્રી કરવા બજારમાંથી એક પાકેલું તરબુજ ખરીદી, તેના બે કકડા કરી, એક રાતા રૂમાલમાં બાંધી હું ઘેર ગયો અને મ્હારી સ્ત્રીને કહ્યું કે "આ રાજકુમારનું માથું કાપી લાવ્યો છું, પણ તું કોઇને કહેતી નહી." એમ કહી તે પોટકી પેટીમાં બંધ કરી, મનોરમાને બે કોરડા જોરથી મારી બ્હાર જતો રહ્યો. હું બ્હાર નીકળ્યો કે તરતજ એ કુળવંતી નારીએ બૂમરાણ કરી મૂકી અને લોકોની ઠઠ મેળવી. એ કોલાહલ સાંભળી કોતવાલ સાહેબ તેની પાસે દોડી ગયા અને તેને શોર બકોર કરવાનું કારણ પૂછ્યું. પોતાની દાઝ કાઢવાનો યોગ્ય સમય

હાથ લાગેલો જોઈ એ કુળવંતી નારીએ બધી વાત કો તવાલને કહી સંભળાવી. એટલે કોતવાલ સાહેબે મ્હને બાંધ આપની સમક્ષ હાજર કર્યો. અને કોતવાલના કહેવા પરથ આપે મ્હને સૂળીએ ચઢાવવાનો હુકમ આપી દીધો. મ્હેં મ્હાર ચાકર સાથે એ ખબર મનોરમાને કહેવડાવી, છતાં તેણે મ્હને ઉગારવાની કાંઇ પણ ચેષ્ટા ન કરતાં આનંદ પ્રદર્શિ કર્યો. એટલે એ **અસલની કમઅસલ** કહેવાય ને ? રાજાએ એ વાત કબુલ કરી, એટલે બીરબલે આગળ ચલાવ્યું કેઃ—

" મહારાજ ! આ રંભા જાતે નાયકા હોવાથી કમ અસલ છે, છતાં મ્હારી સાથે ગાઢ પ્રેમ ધરાવતી હતી. જ્યાં તેણે મ્હને સૂળી ચઢાવવા લઇ જવાતો જોયો કે, તરત તેની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તેણે હીંમત રાખી આપને રીઝવી મ્હારો પ્રાણ બચાવ્યો. માટે તે **કમઅસલની અસલ** ખરીને ? "

રાજાએ એ વાત પણ કબુલ રાખી એટલે બીરબલે આગળ ચલાવ્યું " મહારાજ ! લો, હવે આપની સ્હામે બેઠેલો આ કોતવાલ એજ **બજારનો કૂતરો છે.** "

આ સાંભળી કોતવાલ બોલી ઉઠયો " મ્હને બજારનો કૂતરો શા માટે બનાવ્યો ? "

બીરબલે કહ્યું " કૂતરાનો જાતિ સ્વભાવ એ છે કે જ્યાં સુધી તેને રોટલાનો ટુકડો ખાવા મળે, ત્યાં સુધી ધણીની તાબેદારી કરી અનેક પ્રકારના લાડ લડે. તમે પણ એજ સ્વભાવના છો. જુઓ, સાંભળો, જે વખતે મ્હારી બાયડીએ

તમને રાજકુમારનું માથું પેટીમાં મૂકવા સંબંધીની વાત કહી, તે વખતે તમે કાંઈ પણ ખાત્રી કર્યા વગર મ્હને પકડી, મારી શકાય તેટલો માર મારી, આબરૂ લુંટવામાં કચાશ રાખી નહીં. અરે, એટલુંજ નહીં, પણ હું કોણ છું? મ્હારી રીત ભાત કેવા પ્રકારની છે, તે પણ ન વિચારતાં તમે તદ્દનજ બેશરમ બની ગયા. મ્હારી સાથે મ્હારે ખર્ચે તમે મોજ ઉઠાવી, છતાં મ્હારીજ ગરદન કાપવા તૈયાર થયા. મ્હારે માથે ઘેરાયલા આફતના વાદળને વિખેરી મ્હને બચાવવાને બદલે, મ્હારૂં લૂણ હરામ કરી, મ્હારી ઉપર અત્યાર ગુજારી, રાજા આગળ બહાદુરી બતાવી, ઈનામ મેળવવા ખાતર તું આવો અધમ બન્યો, માટે તું **બજારનો કૂતરો** કહેવાય કે નહીં?" રાજાએ તે વાત માન્ય રાખી એટલે બીરબલે ધીમે સાદે કહ્યું "મહારાજ! હવે માત્ર '**ગાદીનો ગધેડો**' એ વસ્તુ બાકી રહી. પરંતુ બેઅદબી માફ કરજો, એ ઉપમા આપને જ લાગુ પડે છે."

રાજાએ સ્હેજ ક્રોધે ભરાઇ પૂછયું "એ કેવી રીતે?"

બીરબલે કહ્યું "મહારાજ! આપે મ્હારા અપરાધની કાંઈ પણ તપાસ કર્યા વગર, એક હલકા અને નીચ વૃત્તિના માણસના વચનોમાં શ્રદ્ધા રાખી, મ્હને મારી નાંખવાનો હુકમ આપી દીધો. માટે જ એ ઉપમા આપને લાગુ પડે છે. લગાર આપ પોતે જ વિચાર કરી જુઓ. પ્રથમ તો આપે રાજકુમારની જ તપાસ કરી હોત તો કદાચ આવું પરિણામ આવવાનો સંભવ રહેત જ નહીં, કેમ, એ ચારે વસ્તુઓ આપને પહોંચી ગઈ ને? જો પહોંચી

ગઇ હોય તો શહેનશાહ અકબર બાદશાહની ખાત્રી માટે પહોંચ લખી આપો.”

બીરબલની ચતુરાઈ, તેની અપાર બુદ્ધિ અને અદ્-ભુત ખૂબી જોઈ રાજા અત્યંત પ્રસન્ન થયો અને કીમતી પોષાક અને અમૂલ્ય આભૂષણો મંગાવી તેને ભેટ આપી. અને ચારે વસ્તુઓ મળ્યાની પહોંચ પણ લખી આપી, બીરબલને મોટા માન સહિત વિદાય કર્યો.

બીરબલ બન્ને સ્ત્રીઓને સાથે લઈ દિલ્હી આવી પહોંચ્યો. બીજે દિવસે સ્હવારે બાદશાહ આગળ હાઝર થઇ પેલી પહોંચ રજુ કરી. બાદશાહે તેનાં અત્યંત વખાણ કર્યા અને ભારે શિરપાવ આપ્યો.

## વાર્તા ૧૫૪.

### બીરબલ અને તાનસેનની પરિક્ષા.

દિલ્હી શહેરમાં તાનસેન નામનો પ્રખ્યાત ગવૈયો હતો. તે ગાયન અને વાદન કળામાં અદ્વિતીય હતો. તેને ગંધર્વની ઉપમા આપીયે તો પણ અતિશયોક્તિનો સંભવ નથી. ચાતુર્ય માટે જેમ બીરબલ વિખ્યાત હતો, તેમ સંગીત કળામાં તાનસેન એકકો હતો. તેની ખ્યાતિ સાંભળી, દેશ દેશથી ગવૈયાઓ તેને મળવા આવતા અને તેઓ પણ તેની અદ્ભુત ગાયન કળાથી આશ્ચર્ય પામતા. અને જ્યારે તેઓ પોતાને દેશ પાછા ફરતા, ત્યારે ત્યાંના રાજા આગળ તેનાં વખાણ કરતા. ગવૈયાઓને મોઢે વખાણ સાંભળી રાજાઓ પણ કાંતો તાનસેનને પોતાને ત્યાં જ બોલાવતા

અથવા ખુદ દિલ્હીમાં આવી તેનું ગાયન સાંભળતા. બીચારા તાનસેનને પોતાની ઉત્તમતા અને વિખ્યાતી વિષે સ્હેજ પણ અભિમાન ન હતું, પરંતુ મુસલમાનો તેને માટે મગરૂર હતા. તેઓ બીરબલ કરતાં તાનસેનની ઉત્કૃષ્ટતા લોકો આગળ વર્ણવી બતાવતા, કેમકે બીરબલની પદ્ધિ એકદમ ચઢી જતાં, તેઓ તેના પ્રત્યે દ્વેશભાવ ધરાવતા હતા. ધીમે ધીમે તેઓએ બાદશાહ આગળ પણ તાનસેનનાં જોઇયે તે કરતાં વિશેષ પ્રમાણમાં વખાણ કરવા માંડયાં. બાદશાહ પેલાઓની મતલબ સમજી ગયો હતો અને બીરબલ પ્રત્યેનો તેમનો દ્વેશભાવ તેનાથી ગુપ્ત રહેવા પામ્યો ન હતો. હદ ઉપરાંતની તાનસેનની પ્રશંસા અકબર સાંખી ન શકયો. એક દિવસ દરબાર ભરાયો હતો, ત્યાં બીરબલના વિરોધીઓએ તાનસેનના અતિશયોક્તિ મિશ્રિત વખાણ કરવા માંડયાં. એટલે બાદશાહ બોલી ઉઠયો “ તમે લોકો તાનસેનના આટલા બધા વખાણ કરો છો, એટલે તે મહા ગુણવાન હોવો જોઇયે; છતાં બીરબલની બરાબરી કરી શકે એમ નથી. ”

બાદશાહનો આવો ઉત્તર સાંભળીને પેલા ચુપ જ થઈ ગયા. દરબાર બરખાસ્ત થયા પછી પેલા બધા દરબારીયો એક મોટા ઉમરાવના મહેલમાં એકઠા થયા, અને શું કરવું એનો વિચાર કરવા લાગ્યા. તેમણે એવો ઠરાવ કર્યો કે, ‘ એજ મહેલને ઉત્તમ રીતે શણગારી તાનસેનની મજલિસ મુકરર કરવી અને બાદશાહને પણ આમંત્રણ આપવું. ’

બીજે જ દિવસે મજલિસ નક્કી કરી, બધા અમીર ઉમરાવો, દરબારીયો અને બાદશાહને આમંત્રણ આપવામાં

આવ્યું. મહેલને એવી ઉત્તમ રીતે શણગારવામાં આવ્યો હતો કે થોડીક પળ સુધી તો માણુસ સ્વર્ગમાંજ પોતાને વિચરેલો ગણે. રાત્રે મુકરર સમયે બધા માણુસો આવી પહોંચ્યા અને તાનસેન પણ હાઝર થઈ ગયો, એટલે થોડાક અમીર ઉમરાવો જઇને બાદશાહને તેડી લાવ્યા.

બાદશાહ આવી પહોંચતાં સૌએ ઉઠીને પ્રણામ કર્યા. બાદશાહે જોયું કે આખા મહેલમાં માત્ર એક જ દીવો બળે છે, એટલે તેણે પૂછયું "મહેલને આવી ઉત્તમ રીતે શણગાર્યો છે, છતાં માત્ર એક જ દીવો કેમ સળગાવ્યો છે ?"

પેલા અમીરે કહ્યું "હુઝૂર ! હમણાં જ બધા દીવા સળગાવવામાં આવશે."

અમીરે ઈશારો કરતાં તાનસેને ગાયન શરૂ કર્યું. પ્રથમ પગલે જ દીપક રાગ અલાપ્યો અને એવી તો ઉત્તમ રીતે ગાયો કે તેના પ્રભાવથી બધા દીવા સળગી ઉઠયા. ચારે તરફથી 'વાહ વાહ'ના પોકારો સંભળાવા લાગ્યા.

ત્યારબાદ તેણે સંપૂર્ણ રાગ રાગણી ગાઇ સંભળાવી અને છેવટે મલ્હાર રાગ શરૂ કર્યો. મલ્હાર રાગ શરૂ થયો કે તરત જ વરસાદ વરસવા લાગ્યો. ગ્રીષ્મઋતુ વર્તમાન હોવાથી લોકો બફાઈ જતા હતા, પણ વરસાદ પડવાથી બધાનાં મન શાંત થયાં. જ્યાં સુધી મલ્હાર રાગ ચાલુ રહ્યો, ત્યાં સુધી વરસાદ પણ ચાલુ જ રહ્યો.

બાદશાહ પણ એ ચમત્કાર જોઇ ઘણો જ આનંદ પામ્યો. અમીરખાન નામના એક ઉમરાવે લાગ જોઈ બાદશાહને અરઝ કરી "હુઝૂર ! બીરબલ કરતાં તાનસેનની

ઉત્કૃષ્ટતા આપે આજે નજરો નજર નિહાળીને ? ? હુઝૂર ! તાનસેનને બીરબલની પદ્વિ આપવામાં કાંઇ વાંધો આવી શકે એમ છે ? ” અન્ય અમીર ઉમરાવોએ પણ તેમાં પોતાની સંમતિ દર્શાવી. પરંતુ બાદશાહે ચોખ્ખા શબ્દોમાં કહ્યું “ જો કે તાનસેન જોઇયે તેવો ગુણવાન છે, છતાં બીરબલની બરાબરીચે આવી શકે એમ નથી, પણ જ્યારે તમે આવી રીતે અતિશય આગ્રહ કરો છો, તો હું પણ તમને ખાત્રી કરાવી આપીશ કે, એ બન્નેમાં કોણ વધુ ગુણવાન છે ? ”

ત્યારબાદ સૌને ફુલપાન વગેરે આપી મજાલસ ખતમ કરવામાં આવી.

બીજે દિવસે બાદશાહે બ્રહ્મદેશના રાજા ઉપર એક કાગળ લખી કાઢયો, તેમાં એવું લખ્યું હતું કે “ આ પત્ર લાવનાર બંને માણસોને તરત જ ગરદન મારી દેજો. લગાર પણ ઢીલ કરશો નહીં.” પછી પોતાની મહોર વગેરે લગાવી બીરબલ અને તાનસેનને બોલાવી કહ્યું “ આ પત્ર લઈ એક ઝરૂરનું કામ બજાવવા બ્રહ્મદેશના રાજા પાસે જાવ. બીજા કોઇથી એ કામ બની શકે એમ નથી, તમે જશો તો જલ્દીથી નિવેડો આવી જશે. ”

સર્વ પ્રકારની તૈયારી કરી બીજે જ દિવસે બીરબલ અને તાનસેન રવાના થઈ ગયા. મહીનાઓની સફર કર્યાં બાદ તેઓ બ્રહ્મદેશમાં જઇ પહોંચ્યા. શહેરની પાસે પહોંચતાં રાત પડી જવાને કારણે દરવાજા બંધ જોયા, એટલે રાતની રાત બ્હાર જ વીતાડવાનો નિશ્ચય કરી બીરબલે કહ્યું “ ભાઈ તાનસેન ! અહીં આપણે પહેલ વહેલા જ

આવેલા છીયે અને વળી જંગલમાં પડયા છીયે, માટે વારા-ફરતી આપણામાંના અકેકે પહેરો ભરવો જોઈયે."

બીરબલની એ વાત તાનસેને પણ કબુલ કરી અને પ્રથમ જાગવાનું પણ તેણે જ કબુલ્યું. બીરબલ સૂઇ રહેવાની તૈયારી કરતો હતો, એવામાં ત્યાંથી એક ગામડીયો પસાર થતો હતો, એણે એમને દૂરથી જોયા એટલે પાસે આવી કહેવા લાગ્યો "ભાઇયો ! તમે પરદેશી હોય એમ દેખાવ ઉપરથી જણાય છે. તમે મહેરબાની કરીને અહીં જ પાસે આવેલી મ્હારી ઝુંપડીમાં આવી નિરાંતે સૂઇ રહો. અહીંયાં વાઘની ધાસ્તી ઘણી છે, માટે અહીંયાં સૂઈ રહેવું યોગ્ય નથી."

તાનસેનને તો એટલું જ જોઇતું હતું, પણ બીરબલે લગાર આનાકાની કરવા માંડી. પણ પેલા ગામડીયાએ દયા લાવી–પોતાની ગામડીયા ઉદારતાને વશ થઈ–ઘણા કાલાવાલા કર્યાથી બીરબલે પણ જવાનું કબુલ કર્યું, અને બંનેએ સરસામાન ઉપાડી લીધો; ગામડીયાએ પણ તેમની મજુરીમાં ભાગ પડાવ્યો. થોડીજવારમાં પેલા ગામડીયાની ઝુંપડી આવી પહોંચી, ઘોડાઓને વાડામાં છોડી તે બન્નેને ઝુંપડીમાં લઈ ગયો, અને નિરાંતે સૂવાડયા. સ્હવારમાં ઉઠી બન્ને જણે જવાની તૈયારી કરી, પણ ગામડીયા લોકોની મહેમાનદારી લૂખી ન હોય, "ખાઈપીને જાવ" એવો આગ્રહ થયો, એટલે રોકાયા. પેલા બીચારા ગરીબ ગામડીયાએ ગામ-ડામાં મળતી બધી સારી સારી ચીજો રાંધી હતી, તેણે ઘણા જ પ્રેમપૂર્વક બન્ને અજ્ઞાત મહેમાનોને જમાડયા. તે વખતે તેની મુખમુદ્રા ઉપર વિચિત્ર પ્રકારનો આનંદ વિલસી રહ્યો હતો. ખરેખર, ગામડાના લોકો હજુ સુધી પણ મહે-

માનદારીના તત્વને શહેર વાળાઓ કરતાં વધુ સારી પેઠે સમજે છે.

જમી રહ્યા બાદ બીરબલ અને તાનસેન પેલા ગામડીયાની રજા લઈ ઘોડાઓ ઉપર સ્વાર થઇ શહેર તરફ ચાલ્યા. શહેરમાં દાખલ થતાં જ તેઓ આશ્ચર્યચકિત્ થઇ ગયા. પોતે જાણે ઇંદ્રપુરીમાં જ વિચરતા હોય એમ તેમને લાગ્યું. ચારે બાજુએ વહેપારીયોની ગંજાવર દુકાનો આવેલી હતી. નગરજનોના ચહેરાઓ ઉપર પણ ઉદાસિનતા જણાતી ન હતી, બલ્કે એક પ્રકારનું નૂર દેખાતું હતું. બીરબલ અને તાનસેનનાં કપડાં રાજવંશી જેવાં હોવાથી લોકો તેમને માન આપતા. તેઓ લોકોને પૂછતા પૂછતા દરબાર આગળ જઈ પહોંચ્યા, પણ ત્યાં અત્યંત ભીડ જામેલી હોવાથી તેમને રસ્તો ન મળ્યો. એવામાં ચોબદારના નઝર તેમના ઉપર પડી, તેણે તેમને પરદેશથી આવેલા કોઈ રાજવંશી પુરૂષો ધારી લીધા, તરત જ પાસે આવી સલામ કરી સમાચાર પૂછયા. બીરબલે કહ્યું "અમે દિલ્હીથી બાદશાહી સંદેશો લઇને આવ્યા છીયે, માટે રાજા સાહેબને અમારા આગમનની ખબર આપો." ચોબદાર તેમને અંદર લઈ ગયો અને થોડે દૂર ઉભા કરી, રાજા આગળ જઈ માથું નમાવી, તેણે કહ્યું "પૃથ્વિ પતિ! દિલ્હીથી અકબર બાદશાહનો સંદેશો લઇને તેમના બે દરબારીયો અત્રે આવી પહોંચ્યા છે. આપ જો રઝા આપો તો હાઝર કરૂં?"

રાજાએ રઝા આપવાથી ચોબદાર બીરબલ અને તાનસેનને રાજા આગળ લઈ ગયો. રાજાએ તેમને બેસવા

આસન આપ્યું. ત્યારબાદ દરબારનું કાર્ય ખલાસ થતાં, રાજાએ તેમના આવવાનું પ્રયોજન પૂછયું. તેના જવાબમાં બીરબલે બાદશાહનો આપેલો કાગળ તેના હાથમાં મૂકયો. રાજાએ પત્ર ઉઘાડી વાંચ્યું, ત્યારે તેના આશ્ચર્યનો પારજ ન રહ્યો. તે કાગળમાં નીચે પ્રમાણે લખાણ લખાયું હતુંઃ—

બ્રહ્મદેશના રાજા જોગ—

દિલ્હીથી લા. હીંદુસ્થાનનો સૌથી મ્હોટો બાદશાહ, જેનું રાજ પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધીના સઘળા દેશોમાં લંબાયલું છે તે, હું તમને આ પત્રદ્વારા જણાવું છું કે આ પત્ર લઈને આવનાર મ્હારા દરબારના આ બે માણસોને કેટલાક ખાનગી કારણોને માટે ગરદન મારવા છે; પરંતુ એ કામ ખાનગી રીતે કરવાનું હોવાથી અત્રે બની શકયું નથી એટલે તમારી પાસે એમને મોકલ્યા છે, માટે તેમને વગર ઢીલે ગરદન મારજો. વિગેરે વિગેરે.”

રાજાએ તે પત્ર પોતાના પ્રધાનના હાથમાં મૂકયો. એ પણ વાંચીને ઘણો જ અજાયબ થયો. રાજાએ તેને પૂછયું “કેમ પ્રધાન ! તારો શો વિચાર છે ? ” પ્રધાન અતિશય ચતુર હતો, તેણે કહ્યું “ મહારાજ ! આમાં કાંઈપણ ભેદ હોવો જોઇયે, માટે એમને એક અઠવાડીયા સુધી હાલ તરત તો કેદમાં રાખીએ અને શું કરવું એનો નિર્ણય કરી લેશું.” રાજાએ પણ તેની સલાહ યોગ્ય ગણી. પ્રધાને ઈશારત કરવાથી સિપાહીઓએ બન્નેને કેદ કરી લીધા. આ પ્રકાર જોઈ તાનસેનના તો હોંશકોશ જ ઉડી ગયા. પ્રધાને એમ કરવાનું કારણ તેમને કહી સંભળાવ્યું અને પછી તેમને કેદખાનામાં લઈ જવાનો હુકમ કર્યો. પ્રધાન સાહે-

બનો હુકમ મળતાંજ સિપાહીઓ તેમને કારાગૃહમાં લઈ ગયા અને પ્રધાનના હુકમ મુજબ બન્નેને એકજ ઓરડીમાં કેદ કર્યા. સીપાઈના ગયા પછી તાનસેને બીરબલને કહ્યું "ભાઈ બીરબલ! આતો આપણે અહીં આવીને ફસાઈ પડયા. બાદશાહે તો ગરદન મારવાનો જ હુકમ લખી મોકલ્યો છે, માટે આપણું મોત આવી પહોંચ્યું એતો નકી જ. હું તો કાંઇ આમાં સમજી શકતો નથી, જો તારી અક્કલ પહોંચતી હોય તો કોઇ રસ્તો શોધી કાઢ!!!"

બીરબલ તો મનમાં સમજી ગયો હતો કે 'બાદશાહે પરિક્ષા લેવા ખાતર આ તાગડો રચ્યો છે.' તેણે તાનસેનને કહ્યું "ભાઇ! આપણા બચવાનો માત્ર એકજ ઉપાય છે અને તે એકે જ્યારે આપણને ગરદન મારવાની જગોએ લઇ જાય, ત્યારે આપણે બન્નેયે એક બીજાથી અગાઉ મરવાની ઇચ્છા પ્રગટ કરવી. એના કરતાં બીજી કોઈ વધારે સારી યુક્તિ મ્હને તો જણાતી નથી. પછીતો જે બનવાનું હશે તે બનશે."

જેમ તેમ કરતાં તેમણે અઠવાડીયું કેદખાનામાં ગાળ્યું. આઠમે દિવસે સ્હવારે સીપાહીયો તેમને ગરદન મારવાની જગ્યાએ લઈ ગયા. તાનસેન બીરબલના શીખવાડયા મુજબ બહારથી તો ખુશી દેખાતો હતો, પણ મનમાં બાર હાથનો બાડો પડેલો હતો. જ્યારે ગરદન મારવાની જગ્યાએ તેમને લઇ જઈ ઉભા કરવામાં આવ્યા એટલે બીરબલ 'મ્હને પ્રથમ ગરદન મારો' કહી આગળ વધ્યો. તેને એ પ્રમાણે આગળ થતો જોઈ તાનસેન તેને પાછળ હઠાવી પોતે આગળ આવ્યો અને 'મ્હને પ્રથમ મારો' એમ કહેવા લાગ્યો. એવી

રીતે બેઉ જણે એક બીજાની પહેલાં મરવાની ઈચ્છા બતાવી. આ બનાવ જોઈ સિપાહીયો હસવા લાગ્યા. તેઓએ વિચાર્યું કે "આ લોકો પાગલ થઈ ગયા છે કે શું ?"

ત્યાર પછી તેઓમાંનો એક સિપાહી દોડતો દોડતો દરબારમાં પહોંચ્યો અને રાજાને બધી વાર્તા સંભળાવી. પ્રધાને કહ્યું "નામદાર ! મ્હેંતો આપને પ્રથમ જ કહ્યું હતું કે એમાં અવશ્ય કાંઈ ભેદ હોવો જોઇયે. નહીં તો એવો તે કોણ હોય જે આવી રીતે ખુશીખુશી મોત માગે ?! માટે એમને અહીં બોલાવી એનો ખુલાસો મેળવવો જોઇયે." રાજાએ પણ એ પ્રસ્તાવ પસંદ કર્યો અને બન્નેને દરબારમાં હાઝર કરવાનો હુકમ આપ્યો. થોડીજ વારમાં બન્નેને રાજા આગળ હાઝર કરવામાં આવ્યા. પ્રધાને બીરબલ તરફ ફરીને પૂછયું "તમે એક બીજાની પહેલાં મરવાનું કેમ પસંદ કરો છો ?"

બીરબલે કહ્યું "તમને એ વાતનો ખુલાસો કહેવાથી અમને ગેરલાભ થવાનો સંભવ છે, માટે આપ એ સવાલજ ન કરો તો સારૂં !!"

બીરબલના આવા વચનોએ તેમની શંકામાં વધુ ઉમેરો કર્યો. રાજા અને પ્રધાને થોડીવાર વિચાર ક્યાઁ પછી તેમને કહ્યું "તો તમે એ વાતનો ખુલાસો નહીં કરો તો અમે તમને જન્મભર બંદીખાનામાં રાખીશું, માટે જે કાંઈ વાત હોય તે સાચે સાચી કહી સંભળાવો."

બીરબલ જાણે એ વાત કહેવાથી દિલગીર થતો હોય એવો બ્હારથી ડોળ બતાવી બોલ્યો "મહારાજ ! જ્યારે આપ એ વાત કહેવા માટે અમને મજબૂર કરો છો એટલે

અમને કહ્યા વગર છૂટકો નથી. પણ હું સાચું જ કહું છું કે, એ વાત કહેવાથી ખરેખર અમને ઘણોજ ગેરફાયદો થશે. ખેર, જે બનવા કાળ હશે તે બનશે જ. જુઓ, સાંભળો! અકબર બાદશાહ ઘણો કાળ થયાં આપનું રાજ્ય પડાવી લેવાનો વિચાર કરે છે, પણ આપ તેના કરતાં બળવાન રહ્યા એટલે તમારી સ્હામે રણસંગ્રામમાં ઝઝુમવાની તેની હીંમત ચાલી નહીં. પણ એક દિવસ દરબારમાં તેણે પોતાની ઇચ્છા કહી સંભળાવી એટલે એક પંડિત સભાસદે બાદશાહને કહ્યું કે 'જો આ દરબાર માંહેના બે માણસોનો જીવ તે રાજા લે તો, તેના મરણ પછી જે પ્રથમ માર્યો ગયો હોય તે રાજા થાય અને બીજો તેનો પ્રધાન બને અને તેઓ બાદશાહની તરફેણના હોવાથી રાજ્ય બાદશાહના કબ્જામાં વગર જંગે આવી જાય.' બાદશાહે બધા લોકોની સંમતિથી અમને મોકલ્યા, માટે આપ સ્હેજ પણ ઢીલ કર્યાં વગર અમને ગરદન મારો."

બીરબલનો એ ખુલાસો સાંભળી રાજા ચમકયો, તેણે પ્રધાનનો મત પૂછયો. પ્રધાન પણ વિચારમાં પડી ગયો હતો. તે બોલી ઉઠયો "માહારાજ! એ લોકોના માંહેમાંહેના કજીયા ઉપરથી તો એ વાત ખરી હોય એમ લાગે છે. જો આપણે એમને મારીશું, તો આપણને હાનિ પહોંચવાનો દરેક સંભવ છે, માટે જેમ એ લોકો કાગળ લઈને આવ્યા તેમ એમને અત્રેથી જવાબ કહીને મોકલાવી દેવા જોઇયે. કાગળ લખી આપવાનીયે કાંઈ જરૂર નથી, જે કાંઈ કહેવું હોય તે મોઢે મોઢેજ કહી દો એટલે પત્યું."

રાજાને પણ એ યુક્તિ પસંદ પડી. તેણે કહ્યું "આપણે

કાંઇ અકબરના નોકર ચાકર નથી કે તેનો ફરમાન બજા-વીએ. (બીરબલ અને તાનસેન તરફ ફરીને) અમે તમને ગરદન મારવામાં ખુશી નથી, માટે તમે પાછા તમારે દેશ જાઓ અને તમારા બાદશાહને જઇને કહેજો કે 'બ્રહ્મદેશનો પ્રતાપશાલી મહારાજા કાંઇ તમારો તાબેદાર નથી કે તમારો ફરમાવેલો હુકમ બજાવે. તમને જો ગરદન મારવા હોય તો પોતાના રાજ્યમાં જ મારો, અમે નિર્દોષ માણસોને મારીને પાપી બનવા નથી ઇચ્છતા, માટે તમે જેવા આવ્યા હતા તેવા પાછા જાવ."

તાનસેનના મનમાં તો આનંદ થવા લાગ્યો, પણ બીર-બલ બોલી ઉઠયો "અરે મહારાજાધિરાજ! અમો ગરીબો ઉપર દયા તો લાવો!! પહેલાં અમને મારી નાંખવાનું કહ્યા પછી, હવે ના પાડો છો, એ અમારે માટે તો ઝુલમ જેવું જ ગણાશે. કૃપા કરીને અમને ગરદન મારો. ઈશ્વર તમારૂં કલ્યાણ કરશે!! તમે જ્યારે અમારી છુપી વાત જાહેર કરવાની ફરજ પાડી, ત્યારે જ અમે તે કહી. મ્હેં તો અગાઉથી જ અરઝ કરી હતી કે, એ વાત કહેતાં અમને નુકશાન થશે, અને થયું પણ. છતાં હજીયે અમારી ઉપર દયા લાવી અમને ગરદન મારવાની આજ્ઞા આપો!"

રાજાએ કહ્યું "તું જેટલું બોલશે એટલું બધુંયે વ્યર્થ જવાનું. વિષનો પ્યાલો જાણી લીધા પછી કયો મૂર્ખ છે જે પીયે? બધી વાત જાણી ચૂક્યા બાદ હું શા માટે હાથે કરીને દુઃખમાં પડું?! માટે હું તમને અત્યારે ને અબઘડીયે જ મ્હારા નગરમાંથી ચાલ્યા જવાની આજ્ઞા કરૂં છું. અકબર મ્હારા એક સૌથી ન્હાના વઝીર

ની પદ્વિને પણ યોગ્ય નથી. એ મ્હને શું કરી શકે એમ છે ?!! જો તમે અત્યારે જ નહીં ચાલ્યા જાવ, તો મ્હારા સીપાહીઓ તમને બળાત્કારે પણ નગરમાંથી કાઢી મૂકશે."

બીરબલ બોલ્યો "મહારાજ ! જ્યારે આપ નામદારની એવી જ ઈચ્છા છે તો, અમારો કાંઈ ઉપાય નથી. પણ જો અમે દિલ્હી પાછા જઈશું તો બાદશાહ અમારા પર રોષે ભરાશે. પરંતુ, જ્યારે આપ નાજ પાડો છો એટલે નિરાશ થઈને પાછા ફર્યા વગર છૂટકોજ નથી !!" એમ કહી જાણે પોતાને કેટલુંક નુકશાન થયું હોય તેમ ભારે ખેદ દર્શાવી રાજાની રજા લઈ બન્ને જણ દિલ્હી તરફ રવાના થઈ ગયા.

મંજલો કાપતા તેઓ જ્યારે દિલ્હી પહોંચ્યા, ત્યારે દરબારનો વખત થયેલો હોવાથી ઘેર જવાને બદલે સીધા દરબારમાં જ ગયા. બાદશાહે તેમને ભારે આવકાર દઈ બેસાડયા પછી ત્યાં શું બન્યું તે પૂછયું. તાનસેન બોલી ઉઠયો "હુઝૂર ! જો બીરબલ ન હોત અને કોઇ બીજો સાથે હોત તો આજે અહીં આપની સેવામાં પાછા આવી શકયા ન હોત. બીરબલના અપૂર્વ બુદ્ધિ કૌશલ્યના યોગે આપનાં દર્શન પાછા કરવાનું ભાગ્ય પામી શકયા છીયે. નહીં તો, ત્યાંજ સો વર્ષ પૂરાં થઇ ચુકયાં હોત." એમ કહી તેણે ત્યાં બનેલી બધી વાત કહી સંભળાવી. પછી બાદશાહે બીરબલના વિરોધી સરદારોને સંબોધી કહ્યું "મ્હેં તમને એ દિવસેજ કહ્યું હતું કે બેમાંથી વધુ હુશિયાર કોણ છે, તેનો સાક્ષાત્કાર કરાવી આપીશ. એ કદાચ તમને યાદ જ હશે ?! લ્યો, જુઓ ! તમારો માનીતો તાન-

સેન પોતે જ શું કહે છે? હું હવેથી સખ્ત તાકીદ કરૂં છું કે, તમારે કોઈ પણ દિવસ બીરબલની વિરૂદ્ધતા કે અદેખાઈ કરવી નહીં.'

આ પ્રમાણેનું બાદશાહનું બોલવું સાંભળી અમીરખાન બોલી ઉઠયો "જહાંપનાહ! ખરેખર, હવે અમને ખાત્રી થઇ ચુકી છે. જેને જે છાજતું હોય એજ એને આપવું, એ આપજ પારખી શકો એમ છે!!"

ત્યારબાદ બાદશાહે બીરબલને ઘણીજ શાબાશી આપી.

## વાર્તા ૧૫૫.

### ઢેડ પંચનો ન્યાય.

એક પ્રસંગે અકબર અને બીરબલ એકાંતમાં વાતો કરતા બેઠા હતા, ત્યાં વાતપરથી વાત નીકળતાં બીરબલે કહ્યું "હુઝૂર! જો મ્હારો કાંઈ વાંક થઇ જાય તો, હું કહું તેની પાસે મ્હારો ન્યાય કરાવજો." બાદશાહે કહ્યું "ભલે, જેવી તારી મરઝી!"

કેટલાક દિવસ પછી એવું બન્યું કે, બીરબલે કાંઈક જાણી જોઇને વાંક કર્યો અને બાદશાહે તેને દંડ કરવાનો વિચાર કર્યો. બીરબલ ચેતી ગયો કે 'આજે દસ પંદર હઝાર રૂપીયાનું પાણી થશે' એટલે તેણે હાથ જોડી અરઝ કરી હુઝૂર! મ્હેં ગુનોહ કર્યો છે એ ખરૂં છે, પણ આપ મ્હને શિક્ષા ફરમાવી શકો એમ નથી; કેમકે જો આપને ઇન્સાફથી મ્હારો દંડ કરવોજ હોય તો આપેલા વચન પ્રમાણે હું કહું તેની પાસે મ્હારો ન્યાય કરાવવો જોઇયે."

બાદશાહે કહ્યું "ભલે, તું કહે તે પાંચ માણસોને બોલાવું અને તેઓ જે દંડ નક્કી કરે તે મ્હને પણ કબુલ છે."

બીરબલે જણાવ્યું "હુઝૂર ! શહેરમાંથી પાંચ ઢેડાઓને બોલાવો અને તેઓ જે દંડ મુકરર કરે તે હું તરત જ આપીશ."

બાદશાહે કહ્યું "અરે બીરબલ ! એ નીચ લોકો આગળ શા માટે ઈન્સાફ કરાવે છે ? કોઈ ઉચ્ચ વર્ણના શાહુકારને કે કોઇ બીજા સારા પુરૂષને બોલાવ ? !" બીરબલ બોલ્યો "હુઝૂર ! ભલે લોકો તેમને નીચ ગણે, પણ હું તો એમને પણ મ્હારા દેશબંધુ ગણું છું. ઈશ્વરના દરબારમાં તો એ અને આપણે સૌ સરખા જ છીયે. જહાંપનાહ ! મ્હારે તો એમની જ પાસે ઇન્સાફ કરાવવો છે."

બાદશાહે સીપાહીને મોકલી પાંચ ઢેડાઓને બોલાવી મંગાવ્યા. ઢેડાઓ હાજર થઇને "કેમ માબાપ ! શી આજ્ઞા છે ?" કરીને ઉભા રહ્યા. બાદશાહે 'બીરબલનો ઈન્સાફ કરવો છે' એમ કહી બધી બાબત તેમને કહી સંભળાવી અને શી સજા કરવી એ નક્કી કરવાની આજ્ઞા આપી. ઢેડા તો 'બહુ સારૂ બાપજી !' કહીને મનમાં તો ખુશી થવા લાગ્યા કે "હાશ, આજે ઠીક લાગ આવ્યો છે ! જ્યારે ત્યારે દરબારીયો આપણને કનડે છે, માટે એવી સજા કરીયે કે બધા ઠેકાણે જ આવી જાય."

એકે કહ્યું "અલ્યા ! એને હાત વીશું ને દશ (દોઢસો) નો ડંડ કરાવીશું ? !"

બીજો બોલી ઉઠયો "ના, ના, ના. એતો મોકાણજ

મંડાય તો !! એટલો બધો જો દંડ કરાવીયે તો બીચારો વગર મોતે મરી જાય. ઘરનાં છૈયાં છોકરાં ઘંટી ચાટતા થઈ જાય ! ! ! મારો તો વિચાર છે કે પાંચ વીશું ને દશનો દંડ કરાવીયે ! ! ”

આ સાંભળી ત્રીજો બોલી ઉઠયો “ અલ્યા ! પણ, તમે કાંઈ ભાન ઠેકાણે રાખો ?! એટલો ડંડ બીચારો કોને ઘેરથી લાવશે ? ત્રણ વીશું ને દશનો દંડ કરાવો, દશનો. એટલે જન્મજન્માંતર ખોડ ભૂલી જવાનો ! ! ”

આખરે રકજક કરતાં છેવટે તેઓએ ‘ બે વીશુને દશ’નો ભારે દંડ નક્કી કર્યો અને તે પણ જાણે ભારે પડી જશે એમ ગણીનેજ. પછી તેમનો આગેવાન હાથ જોડીને બાદશાહને કહેવા લાગ્યો “ અન્નદાતા ! અમે ઘણો જ વિચાર કર્યા પછી દંડની રકમ નક્કી કરી છે, માટે આપ જો ફરમાવો તો બોલીયે.”

બાદશાહે કહ્યું “ બોલો, જોઈયે તમે કેટલો દંડ ઠેરવ્યો ? ”

ઢેડા બોલ્યા “ અન્નદાતા, ખુદાવિંદ ! બીરબલ શાહેબનો વાંક મ્હોટો છે, એટલે દંડ પણ મ્હોટો હોય એ સ્વાભાવિક છે. અમે એવો ભારે દંડ નક્કી કર્યો છે કે જન્મભર યાદ કરશે. બે વીશુંને દશ રૂપીયાનો એમને દંડ થવો જોઇયે. બીરબલ સાહેબને આથી જો કે ઘણું ખમવું પડશે, એટલે દયાતો ઘણીએ આવે છે, પણ લાચાર છીયે ! ! ”

બાદશાહ બીરબલની હીકમત સમજી ગયો. તેણે જાણી લીધું કે ગરીબ માણસ બીચારો પોતાની ગુંજાસ જોઇને કામ કરે. ઢેડાઓને મનથી તો પચાસ રૂપીયા ઘણાજ વધારે થઈ

ાડે એમાં શી નવાઈ ? બીચારા આખા વર્ષ સુધી મહેનત કરે યારે જેમતેમ કરીને ચાલીસ પચાસ રૂપીયા એકઠા કરે.

બાદશાહે ઢેઢાઓને વિદાય કર્યા અને બીરબલની ચતુરતા ખાતર તેનો વાંક માફ કર્યો.

## વાર્તા ૧૫૬.

### છતી આંખે અંધ, પેઢીનું નાક, હાથનું મણી, બજારની ખાટ ને નરકની વાટ.

લંકાપતિ શૂરવીર, પરાક્રમી અને અકકલમંદ રાજા મૂરસિંહે દિલ્હીપતિ અકબર બાદશાહ અને તેના દરબારીયોનું બુદ્ધિચાતુર્ય જોવાનો વિચાર કર્યો. તેણે બાદશાહ ઉપર એવી મતલબનો પત્ર લખ્યો કે **છતી આંખે અંધ, પેઢીનું નાક, હાથનું મણી, બજારની ખાટ અને નરકની વાટ** એ પાંચે વસ્તુઓ ચાર મહીનામાં શોધી આપવી, કાંતો યુદ્ધ માટે તૈયાર થવું. લંકાપતિનો દૂત પેલો પત્ર લઈ દિલ્હી આવી પહોંચ્યો અને બાદશાહને પત્ર આપ્યો. બાદશાહે પત્ર વાંચી તેની નેમ જાણી લીધી એટલે વિચાર કર્યો કે 'ફક્ત બીરબલને વારંવાર હું આવાં કાર્યો સોંપી દઉં, એ ઠીક ન ગણાય; કેમકે એથી દરબારીયોનું બુદ્ધિચાતુર્ય પારખવાનું બની શકતું જ નથી. માટે આ વખતે બીરબલને આ કાર્ય નહીં સોંપતાં બીજા બધા દરબારીયોની પરિક્ષા લઉં.' આવો વિચાર આવતાં તેણે બીરબલ સિવાયના અન્ય સર્વ દરબારીયોને એ પાંચે વસ્તુઓ એક મહીનામાં મેળવી આપવાનો હુકમ કર્યો

અને સાથેજ, જો તેઓ એમાં નિષ્ફળ જાય તો સખતમાં સખત શિક્ષા કરવાની પણ સૂચના આપી દીધી.

બાદશાહની આજ્ઞા અને સૂચનાએ દરબારીયોના હાંજાજ ગગડાવી મૂક્યાં. તેઓએ શહેરે શહેર અને ગામે ગામ એ વસ્તુઓ માટે શોધ ચલાવી, પરંતુ નિષ્ફળતા શિવાય કશું ન મળ્યું. ક્યાંથી જ મળે? જો એ જણસો ઝાડપર ફળની પેઠે લાગતી હોય, કાંતો વહેપારીની દુકાને મળતી હોય, અથવા એને કોઈ વણકર વણતો હોય કે કોઇ કુંભાર ઘડતો હોય તો પત્તો મળે!! કોઈની જ બુદ્ધિ કામ ન લાગી, મહીનોએ પૂરો થવા આવ્યો એટલે ફાંસીયે લટકવાની બ્હીકે તેમના કાળજાઓમાં ધ્રુજારીઓ ઉત્પન્ન કરી મૂકી. આખરે તે બધા બીરબલને શરણ થયા, તેને અત્યંત નમ્રતાપૂર્વક વિનવવા લાગ્યા, અને કહ્યું "રાજાજી! જો એ પાંચે વસ્તુઓ મેળવી આપો તો અમે આપને પાંચ હઝાર રૂપીયા ઇનામ આપીશું."

બીરબલે તેમની વિનવણીથી તેમની કફોડી સ્થિતિ જાણી લીધી. તેણે તેમની કરૂણ પ્રાર્થના પ્રત્યે દયા આવતાં, એ વસ્તુઓ મેળવી આપવાનું વચન આપ્યું. પછી બાદશાહ આગળ જઈ તેણે હાથ જોડી અરઝ કરી "જહાંપનાહ! લંકાપતિએ માગેલી પાંચ વસ્તુઓ શોધી આપવાનું આપે બધા દરબારીયોને જણાવ્યું, પરંતુ એ કામ જેવું તેવું નથી કે સાધારણ માણસ પણ કરી શકે!! અને વળી એ વસ્તુઓ અહીંયાં મળે તેમ પણ નથી, એ તો લંકામાં જ મળી શકે છે, માટે આજ્ઞા આપો તો હું ત્યાં જઈ એ વસ્તુઓ મેળવી આપું."

બાદશાહે ઘણીજ આનાકાની પછી હા પાડી એટલે બીરબલે એ કાર્ય માટે જોઇતો ખર્ચ માંગી લીધો અને સાથે જ બાદશાહને હાથે એક પત્ર એવી મતલબનો લખાવી લીધો, કે " મારો દીવાન આપે માગેલી પાંચે વસ્તુઓ લઈને આવ્યો છે, તે તપાસી લઇ પહોંચ લખશો."

બીરબલ બીજે જ દિવસે લંકા તરફ રવાના થઈ ગયો. ત્યાં પહોંચતાં એક મ્હોટા મ્હેલ જેવો મકાન ભાડે રાખી લીધો અને ત્યાંના રીત, રિવાજ, લોકોની સ્થિતિ વગેરે બાબતોનો તેણે એક મહીનામાંજ ઘણો જ સારો અનુભવ મેળવી લીધો. શહેરમાં તે ભારે ઠાઠમાઠથી ફરતો એટલે સૌનું ધ્યાન તેના પ્રત્યે આકર્ષાતું. ધીમે ધીમે તેણે ત્યાંના અમીર ઉમરાવોને બીઝબાનીયો વગેરે આપી પોતાના મિત્ર બનાવ્યા. પોતે કાશ્મીરના રાજાનો દીવાન છે એમ તેણે ઝાહેર કરેલું હોવાથી બધા તેના પ્રત્વ માન ધરાવતા હતા.

એકાદ મહીનો બીજો ગાળ્યા બાદ એક દિવસ સાદો પોષાક પહેરી, બે ચાર સીપાહીયોને સાથે લઈ તે દયારામ નામના એક શાહુકારને ત્યાં ગયો. દયારામની પેઢી તેના પૂર્વજોના વખતથી જ ઘણી પ્રખ્યાત હતી એટલે તેની આખા રાજ્યમાં સારી આંટ હતી. દયારામે બીરબલને ઘણા જ સન્માન પૂર્વક બેસાડયો અને ઘણા જ વિવેકથી તેને આવવાનુ પ્રયોજન પૂછ્યું. બીરબલે તેના પ્રત્યુત્તરમાં કહ્યું " શેઠજી ! અમે પરદેશી–દૂર દેશના રહેવાશી–છીયે. હું કાશ્મીર નૃપનો પ્રધાન છું અને રાજાને કામે લંકાપતિ પાસે આવેલો છું. અમારો બાદશાહ તમારા રાજાના કુંવર જોડે પોતાની કન્યાનું વેવિશાળ કરવા માંગે છે. તમારા

રાજા સાહેબ પહેરામણીની રકમ અગાઉથી મળે તોજ આ લગ્ન સંબંધ કરવા રાઝી થયા છે. થોડીક રકમ તો મ્હારી પાસે છે અને બાકીની રકમ માટે મ્હેં બાદશાહને લખી મોકલ્યું છે, પરંતુ એ રકમ હજુ સુધી આવી શકી નથી અને રાજા સાહેબે આજે જ રકમ માટે માગણી કરી છે. જો આજેને આજે જ એ રકમ ન ભરી આપું, તો કામ બગડી જાય એટલે આપની પાસેથી ફક્ત પચાસ હઝાર રૂપીયાની રકમ લેવા મ્હને અત્યારે આવવું પડયું છે. લગભગ આઠેક દિવસમાં કાશ્મિરથી હુંડી આવી જશે એટલે આપને વ્યાજ સુદ્ધાં હું રકમ ચુકવી આપીશ. જો આટલું કાર્ય કરી આપે તો આપનો મ્હોટો ઉપકાર થશે.”

પેલો શાહુકાર ઘણા દિવસથી આ કાશ્મિરી ગૃહસ્થ વિષે લોકોને મોઢે વાતો સાંભળતો. તેણે તેની વાતમાં વિશ્વાસ રાખી તરત જ ચાર આનાને વ્યાજે રૂપીયા ગણી આપ્યા. બીરબલ તેનો ઘણો જ ઉપકાર માની રૂપીયા લઇ ઘેર ગયો.

બીજે દિવસે ભપકાદાર પોષાક પરિધાન કરી, મોતીના હાર વગેરે લટકાવી, ચાર પાંચ સિપાહીયોને સાથે લઇ ભારે ડોળદમામથી એક મ્હોટા દ્રવ્યવાન શેઠ અમીચંદને ઘેર ગયો. શેઠ એ વખતે દીવાનખાનામાં હીસાબ ગણતા બેઠા હતા. બીરબલ થોડીકવાર સુધી સ્હામે ઉભોજ રહ્યો, પણ શેઠે નજર સરખીયે ઉંચી ન કરી, એટલે પછી આવકાર આપવાની કે બેસાડવાની તો વાત જ કયાં રહી ! ! થોડીવાર પછી શેઠે હીસાબ ગણી લઇ ચોપડું ઉંધું માર્યું અને ચસ્મા કપાળે મૂકી બીરબલ સ્હામે જોઇ નમસ્કાર કર્યા અને પાછા તીજોરી ઉઘાડી રૂપીયા ગણવા

લાગ્યા. બીરબલે આવો પ્રકાર જોઇ કહ્યું “ શેઠજી ! મ્હારે આપની સાથે એક ઝરૂરનું કામ છે, માટે તે પ્રથમ આપ સાંભળી લો. ”

આ સાંભળી શેઠ બોલ્યા “ થોડીવાર સબુર કરો. આ થોડુંક અગત્યનું કામ આટોપી લઉં એટલે નીરાંતે આપની સાથે વાતચીત કરૂ. ”

બીરબલ થોડીકવાર થોભી રહ્યો અને પાછો શેઠ આગળ આવ્યો અને લગાર વધુ આજીઝી પૂર્વક વાત કરી એટલે શેઠનો મીઝાજ ઠેકાણે આવ્યો અને કહ્યું “ વારૂ, ત્યારે તમે શું કહેવા માગો છો ? ”

બીરબલે દયારામને કહેલી વાત તેને પણ કહી સંભળાવી. શેઠે થોડીવાર વિચાર કરી લઈ કહ્યું “ મ્હારે તમારે મુદ્દલ પરિચય નથી, છતાં તમે પચાસ હઝાર રૂપીયા જેટલી ભારે રકમ મ્હારે ત્યાં માગવા આવ્યા એ શું કહેવાય ? ”

બીરબલ બોલ્યો “ શું કરીયે શેઠજી ! અટકી પડયા એટલે આવવુંજ પડે. ફક્ત આઠ દિવસનું કામ છે, માટે એટલી કૃપા તો અવશ્ય થવી જોઇયે. તો પાંચ સાત રૂપીયા વ્યાજના વધારે લેજો. અમે આપના જેવા ધરખમ શાહુકારને ત્યાં ન જઇયે તો કોને ત્યાં જઈયે ? ! ”

શેઠે મનમાં વિચાર્યું કે અંગ ઉપર પાંચ સાત હઝારનું ઘરેણું પહેર્યું છે અને એનું મકાન પણ આપણે જોયું છે અને વળી રાજાને કામે આવેલો છે એટલે પૈસા ડુલ થઇ જવાનોયે સંભવ નથી. અને કહે છે કે ફક્ત આઠ દિવસનું કામ છે. વ્યાજ પણ સારૂં મળશે માટે પૈસા આપ-

વામાં વાંધો આવે તેમ નથી. એમ વિચાર કરી તેણે બીર બલને કહ્યું " તમે જ્યારે આટલું બધું કહો છો એટલે તમને ગમે તેમ કરીને પણ રૂપીયા તો આપવા જ જોઇયે પરંતુ હાલમાં લગાર પૈસા તરફથી અડચણ છે, છતાં તજ વીઝ કરી જોઉં છું. તમને જે રકમ આપીશ તેમાંથી એ માસનું વ્યાજ આઠ આનાની તેરીખે પ્રથમથી કાપી લઇશ અને તમારે તમારી સાક્ષી સહવર્તમાન કાગળ ઉપર લખ આપી ઉપર તમારી મોહોર લગાડવી પડશે."

બીરબલ તેના જણાવ્યા પ્રમાણે પોતાની સહી સા કરી ઉપર મહોર પણ લગાડી આપી રૂપીયા લઇ ત્યાંથ વિદાય થયો.

બીરબલે બીજે દિવસે ત્યાં એકવચન માટે પ્રખ્યા ગણાતી રૂપવંતી નામની એક વેશ્યાને ત્યાં જવાનો વિચા કરી પોતાના માણસ સાથે પચીસ રૂપીયા તેને મોકલાવ આપી કહેવડાવ્યું કે 'આજની રાત હું તારે ત્યાં આવીશ.

રૂપવંતીએ રૂપીયા લઇ કહેવડાવી મોકલ્યું " આજની રાત હું તમારીજ છું, માટે જ્યારે ઇચ્છા થા ત્યારે આવજો."

આ પ્રમાણે કહી મોકલી તેણે રાત માટે બધી તૈયા રીયો કરવા માંડી. જાણે પોતાનો પતિજ આવવાનો હો તેમ તેણે ફૂળફુલ વગેરે મંગાવ્યાં, રમવા માટે ચોપટ બાજી, પાના વગેરે પણ તૈયાર રાખ્યાં અને જાણે એ ગૃહપત્નિ પોતાના સ્વામીના આગમનની પ્રતિક્ષા કરતી હોય એમ રાહ જોતી બેઠી. નવ વાગ્યા, દસ વાગ્યા પણ બીરબલ ન આવ્યો, અગીયારના ટકોરા પણ પહેરેગીરોએ

વગાડ્યા, છતાં બીરબલ ન આવ્યો. રૂપવંતીની આંખો નિદ્રાને કારણે મીંચાવા લાગી, તે આખરે ઉઠી અને પલંગ પર ન સૂતાં ભોંયપર સૂઈ રહી. બરાબર બાર વાગે બીરબલે આવી દરવાજો બંધ જોતાં હાક મારી. હાક થતાં જ રૂપવંતી જાગી ઉઠી અને દોડી જઈ દરવાજો ઉઘાડી ઘણા જ પ્રેમ સહિત બીરબલનો હાથ ઝાલી મકાનમાં તેને લઇ ગઇ. બીરબલે તેની પરિક્ષા લેવા માટે તેણે દરવાજો જલ્દીથી કેમ ન ઉઘાડ્યો અને સૂઈ કેમ ગઈ, તે માટે ઠપકો આપ્યો. રૂપવંતી એનો કાંઈ જવાબ ન આપી શકી. એટલે બીરબલે જાણે તેની ઉપર વધુ ગુસ્સે થયો હોય તેમ, હાથમાં રાખેલો ચાબુક ઉગામ્યો. રૂપવંતીએ પોતાનો કાંઇ વાંક થયો હોય તો માફ કરવા વિનંતી કરી, પણ બીરબલે તે પ્રત્યે ધ્યાન ન આપતાં તરતજ ચાબુક વડે તેને ફટકાવવા માંડી. પણ તે એકવચની ગુણીકાએ માર ખમવા છતાં, જાણે પોતાનોજ વાંક થયો હોય તેમ કાલાવાલા કરવા માંડયા. બીરબલ વીસ પચીસ ખાસા ફટકા લગાવી દઈ, પછી જાણે પોતે વાજબી શિક્ષા કરી હોય તેમ શાંત થઇને ઉભો. રૂપવંતીને આટલો બધો સખત માર પડવા છતાં, તે એકે કડવું વચન બોલી નહીં, તેમજ ગુસ્સે પણ થઈ નહીં. બલ્કે એક ગૃહિણી જેમ પોતાના સ્વામીની સાથે વર્તે તેમ એ પણ વર્તી. તે પછી બીરબલે તેની વિનંતી પ્રત્યે દયા લાવી આખી રાત્રિ તેને ત્યાં ગાળી અને સ્હવાર પડતાં ત્યાંથી ચાલ્યો ગયો.

ચોથે દિવસે દુષ્ટ બુદ્ધિ નામની વેશ્યાના ઘર આગળથી નીકળ્યો. વેશ્યાએ જોયું કે, છે કોઇ પૈસાદાર માણસ અને વળી પરદેશી એટલે જો એ હાથમાં આવે તો તેને લુંટ-

વાનો વિચાર કર્યો અને આંખની ઈશારતથી ઉપર બોલાવ્યો. ચાકરને ઘોડો સોંપી તે ઉપર ગયો અને પૂછવા લાગ્યો કે "તમારે ત્યાં કોઇ માણસ આખી રાત ગુઝારે તો તમે કેટલા રૂપીયા લો ?"

બીરબલનું આવું બોલવું સાંભળી વેશ્યાએ વિચાર કર્યો કે એને કોઈ વાતની ખબર નથી ને શરીર ઉપર બે ત્રણ હઝારનું જવાહિર છે, માટે કોઇ યુક્તિ કરી એ પડાવી લેવું જોઇયે. એમ વિચાર કર્યા પછી એણે કહ્યું "શેઠજી ! એક રાતના પાંચ રૂપીયા લેવાનો મ્હારો ઠરાવ છે, પછી તો આપ મ્હોટા માણસ છો એટલે જે કાંઈ આપો તે લેવા કબુલ છું."

બીરબલે તેને દસ રૂપીયા આપ્યા અને રાત્રે આવવાનું જણાવ્યું. ગુણિકાએ પાનનું બીડું આપ્યું એટલે બીરબલ ત્યાંથી ચાલતો થયો. રાત પડતાં બીરબલ પેલી વેશ્યાને ત્યાં જવા નીકળ્યો અને સાથે કોઇને પણ ન લીધો. ગુણિકાને ઘેર પહોંચતાં દરવાજો બંધ જોયો એટલે ગુપચુપ બ્હાર બેઠો. એ નીચ ગુણીકાએ બીજા પણ બે ચાર જણાઓને બોલાવ્યા હતા, તેમની સાથે મોજમજા ઉડાવીને તેમને પાછલે દરવાજેથી રવાના કર્યા અને પછી પોતાના ચાર મદદગારોને બોલાવી તૈયાર રાખ્યા અને તેમને બરાબર રીતે સમજાવી દીધું કે, બીરબલ ઉપર આવે કે તરત જ તેને પકડીને લુંટી લેવો. થોડીવારે બીરબલે નીચેથી બુમ પાડી એટલે ગુણીએ પેલા બદમાશોને સંતાડી દઇ નીચે આવી દરવાજો ઉઘાડી બીરબલના ગળામાં હાથ નાંખી, સ્ત્રી–ચરિત્ર ચલાવતાં કહ્યું "વ્હાલા ! આટલી બધી વાર કયાં લગાડી ?"

બીરબલે કહ્યું " ના, હું તો ક્યારનોયે આવ્યો હતો, પણ દરવાજો બંધ જોતાં અહીં ઓટલા ઉપર જ બેસી રહ્યો." આ સાંભળી ગુણીકા બોલી " હેં ! નીચે શું કામ બેઠા ? મ્હને કેમ ન જગાડી ? ચાલો, વ્હાલા ! હવે આવો સંકોચ ન રાખતા ? ! "

આમ કહી અને હાવભાવ દેખાડી તેને ઉપર લઇ ગઇ અને કુરસી ઉપર બેસાડી પોતે બીજા ઓરડામાં ગઈ. એવામાં પેલા ચારે બદમાશોએ આવી બીરબલને પકડી તેનાં બધાં ઘરેણાં ઉતારી લીધાં અને " ક્યાં ગઈ પેલી છીનાળ ? " એમ કહેતા પેલા બીજા ઓરડામાં પેઠા અને બારણું અંદરથી વાસી લીધું. બીરબલને લુંટાઈ ગયાની ક્યાં ચિંતા હતી ? એતો એમાં જ પોતાની કાર્યસાધના અવલોકતો ત્યાંજ બેસી રહ્યો. પેલા બદમાશોએ બધાં ઘરેણાં પેલી ગુણીકાને આપી દીધાં એટલે તેણે તે પેટીમાં બંધ કરી દીધાં અને પાછલે રસ્તેથી બ્હાર નીકળી ગઇ અને "ચોર, ચોર"ની બૂમો મારવા લાગી. આસપાસના મહોલ્લાવાળાઓ અને પોલીસનો સિપાહી વગેરે ત્યાં દોડી આવ્યા અને " ચોર ક્યાં છે ?" એમ પૂછવા લાગ્યા. પેલી રંડાએ કૃત્રિમ રૂદન કરતાં કહ્યું " હું સૂઇ રહી હતી એવામાં ચોર મકાનમાં પેઠો, પણ કાંઈ માલ ન મળવાથી, તેણે મ્હને જગાડી માર મારી માલ ક્યાં છે એ જાણવા માગ્યું. એટલે તેને એક પેટી તરફ ઈશારત કરી, લાગ જોઈ, જીવ બચાવવા ખાતર હું બ્હાર ન્હાસી આવી છું. "

આ સાંભળી અક્કલનો અધુરો સિપાહી પૂછવા લાગ્યો "શું ચોર ન્હાસી ગયો ?' તે કઈ બાજુએ ન્હાસી ગયો ?"

ગુણીકા રડવાનું ચાલુ જ રાખતાં બોલી " અરે, એ ચંડાળ હજુ:તો ઘરમાં જ હશે."

આ ઉપરથી સિપાહી અને પાડ પાડોશીયો તેના મકાનમાં પેઠા ને બીરબલને બેઠેલો જોઈ તેને પકડી કેદ કર્યો અને ચોકી ઉપર લઇ ગયા. સ્હવાર પડતાં જ કોતવાલે રાજા સાહેબ પાસે જઈ કહ્યું " અન્નદાતા ! રાત્રે એક ચોરને પકડવામાં આવ્યો છે એટલે તેને શી શિક્ષા કરીયે ? "

રાજાએ કાંઇ પણ તપાસ ન કરતાં તત્કાલ તેને ફાંસીએ લટકાવી દેવાનો હુકમ ફરમાવ્યો. કોટવાલ સાહેબ ચાવડી ઉપર આવ્યા અને બીરબલને ફાંસી આપવાને માટે સ્મશાન ભૂમિ તરફ લઇ ચાલ્યા. બીરબલે કોતવાલ સાહેબને કહ્યું " કોતવાલ સાહેબ ! હું કહું તે જગ્યાએ જો મ્હને લઇ જાઓ તો આપને પચાસ રૂપીયા અને આપના અન્ય સિપાહીયોને દરેકને વીસ વીસ રૂપીયા આપું. "

કોતવાલ સાહેબે ઘણી આનાકાની પછી તેમ કરવાનું કબુલ્યું, એટલે બીરબલે પેલા મદથી અંધ બનેલા અમીચંદ શેઠને ત્યાં પોતાને લઇ જવા કહ્યું. કોતવાલ સાહેબે શેઠના મકાન તરફ હંકાર્યું. ત્યાં પહોંચતાં બીરબલે પેલા શેઠને બ્હાર બોલાવી કહ્યું " શેઠ સાહેબ ! રાજા સાહેબે વિના વાંકે મ્હને ફાંસીએ લટકાવવાનો હુકમ આપ્યો છે. એની તો મ્હને લગારે ચિંતા નથી, પણ તમારૂં દેવું રહી ગયું એ ખરેખરા સંતાપનું કારણ છે. તમે બે હઝાર રૂપીયા રાજાને આપી મ્હને છોડાવશો તો તમારા બધા નાણાં મળી જશે, નહિં તો પાણીમાં જવાના. માટે એટલી જો મહેરબાની કરો તો આપણ ઉભયને લાભ થાય. "

આ સાંભળી શેઠને ઘણો જ ગુસ્સો ચઢયો, એમણે નાક અને ભવાં ચઢાવી બે ચાર ગાળો સંભળાવી દઈ કહ્યું "નાલાયક, નીચ, નાપાક ! ગૃહસ્થનો પોષાક પહેરી, લાલચ બતાવી તું મ્હને એકવાર બરાબર રીતે ઠગી ગયો અને તેની શિક્ષા પણ તને જલ્દીથી જ મળી ગઇ, છતાંયે બીજી-વાર ઠગવા આવ્યો ? પણ હવે હું ઠગાવાનો નથી, એટલા રૂપીયા મ્હારા ભાગ્યમાંથી ઓછા થયા હશે, ખેર."

આ સાંભળી બીરબલે કોતવાલને કહ્યું "કોતવાલ સાહેબ ! આ પણ વખતનાં વાજાં વાગે છે. એક સ્થળેથી તો નાસીપાસી મળી, પણ દયારામ શેઠને ત્યાં મ્હારી ઉપર ઝરૂર દયા દેખાડવામાં આવશે." કોતવાલ તેને દયારામ પાસે લઈ ગયો. બીરબલે દયામણે ચહેરે કહ્યું "દયારામ શેઠ ! મ્હને રાજાએ વિના અપરાધે દેહાન્ત દંડની શિક્ષા કરી છે. હવે હું આ જગત્માં માત્ર થોડી જ પળનો પરોણો છું. જોકે એની મ્હને લગારે ચિંતા નથી, પરંતુ આપનું ઋણ મ્હારે માથે રહી જાય તો મ્હારી અવગતિ થાય એ વિચાર મ્હારા અંતરને ચીરી નાંખે છે. જો આજને બદલે કાલનો દિવસ મ્હારા દેહાન્તનો હોત તો હુંડી આવી જતાં નાણાં આપને ચૂકવી શકયો હોત. હજુએ સમય વીત્યો નથી, જો આજે પણ આપ બે હઝાર રૂપીયા રાજાને નજરાણું આપી મ્હને છોડાવી શકો તો કાંઈ મ્હોટી વાત નથી ! ! કેમકે રાજાએ મ્હને વગર વાંકે જ સઝા કરી છે."

દયારામે આ પ્રસ્તાવ સાંભળી વિચાર્યું કે "મ્હારા નસીબમાં જે પૈસા ન હતા તે મ્હેં એને આપ્યા ને ગયા

એટલે એને તો સંભારવાજ શા માટે જોઈયે ? મારે હવે તો આ નિરપરાધી મનુષ્યને ફાંસીયે લટકતો બચાવી લેવો, એજ સજ્જનનું લક્ષણ ગણાય. જો કે પૈસા સંબંધી પુષ્કળ તાણ છે, છતાં એને છોડાવી એના પર ઉપકાર કરવો જોઈયે." એમ વિચારી શેઠ ઘરમાં ગયા અને તિજોરી ઉઘાડી તો ફક્ત બે હઝાર રૂપીયાજ રોકડા નીકળ્યા. એવામાં તેમનાં પત્નિએ આવી પુછ્યું "વ્હાલા ! બ્હાર શી ધમાલ ચાલે છે ?"

શેઠે તેને બધી વાત કહી સંભળાવી. દયારામની પત્નિ પણ દયાદેવી, એટલે તેણે પણ શેઠના વિચારોને વધુ પુષ્ટિ આપી. દયારામે ખુશ થઇ. ઘરમાંથી બ્હાર આવી સિપાહીયોને અમુક રકમ આપી બીરબલને પોતે રાજા પાસેથી પાછા ફરે ત્યાં સુધી જીવતો રાખવા સૂચવ્યું, અને દરબાર ગઢ પ્રતિ પ્રયાણ કર્યું. રાજા તે વખતે દરબાર ભરીને બેઠો હતો. દયારામે દરબારમાં દાખલ થઈ રાજાને દંડવત્ કરી હાથ જોડી અરઝ કરી કે "મહારાજ ! કોઇ ગૃહસ્થને આજે ફાંસીની આજ્ઞા અપાઈ છે, પરંતુ તેની તપાસ કરવામાં આવી નથી. તે અપરાધી છે કે નિરપરાધી એની ખાત્રી કર્યો વિનાજ શિક્ષા ફરમાવવામાં આવી છે. માટે આપ એની તપાસ કરો અને પછી જો તે અપરાધી ઠરે તો હું આપનું અપમાન કરવા બદલનો દરેક દંડ આપીશ."

રાજાના મનમાં તે વાત ઉતરી, તેણે માણસને બોલાવી તરતજ હુકમ કર્યો કે "આજે જે માણસને ફાંસીની શિક્ષા કરવામાં આવી છે અને કોતવાલ સ્મશાનભૂમિ તરફ લઇ ગયો છે, તેને તરત જ અહીં લઇ આવો."

માણસો દોડયા અને બીરબલને લાવી દરબારમાં હાઝર કર્યો. બીરબલે રાજા સ્હામે પહોંચી જઈ તરત જ તેના હાથમાં અકબર બાદશાહે લખી આપેલો પત્ર મૂકયો. રાજાએ ઉપરની મોહોર જોઇ કાગળ ફાડીને વાંચ્યો અને "પાંચે વસ્તુઓ કયાં છે ?" એવો સવાલ કર્યો. બીરબલે કહ્યું "મહારાજ ! પહેલાં અમીચંદ શેઠ અને રૂપવંતી ગુણીકાને તેમજ જેણે મ્હારી ઉપર ચોરીનો આરોપ મૂકયો એ દુષ્ટબુદ્ધિ વેશ્યાને પણ હાઝર કરો, આપે માગેલી પાંચે વસ્તુઓ મ્હારી સાથે જ છે અને તે તરત જ આપને હવાલે કરીશ."

રાજાએ અમીચંદ, રૂપવંતી અને દુષ્ટબુદ્ધિને તરત જ તેડી લાવવા સિપાહી મોકલ્યા, અને બીરબલને માન ઇકરામ સાથે પોતાની પાસે કુરસી આપી બેસાડયો અને અકબરના ક્ષેમ કુશળના સમાચાર પૂછવા માંડયા. બીરબલે બધા સમાચાર કહ્યા. એવામાં સિપાહીયો ત્રણે જણને લઇ દરબારમાં દાખલ થયા એટલે બીરબલે કહ્યું "મહારાજા ધિરાજ ! તમે માગેલી પ્રથમ વસ્તુ **છતી આંખે અંધ** તે આ અમીચંદ શેઠ છે. એમણે ન કરવાના ઉપાયો કરી ધન મેળવ્યું છે અને તેના મદમાં અંધાપો લઇ બેઠા છે. બીજી વસ્તુ **પેઢીનું નાક** તે આ દયારામ શેઠ છે, એમનો ને મ્હારો લગારે પરિચય ન હતો, છતાં મ્હારાં વચનોમાં વિશ્વાસ રાખી તરતજ પચાસ હઝાર રૂપીયા કાઢી આપ્યા ને અત્યારે પણ મ્હને બંદીવાન તરીકે જોવા છતાં, મ્હારા ઉપર વિશ્વાસ રાખી મ્હને ગમે તે ભોગે બચાવવા આપની પાસે દોડી આવ્યા. માટે પોતાના બાપદાદાની રીત પ્રમાણે આબરૂ

ઈઝ.ઝ.તથી વેપાર કરીને પૈસા મેળવનાર પેઢીનું નાક તો એજ પુરૂષ ગણી શકાય. ત્રીજી જણસ **હાથનું મણી** આ રૂપવંતી ગુણીકા છે. જે પુરૂષને પોતાને ત્યાં આવવા હા પાડી હોય, તો તેને જ પોતાના ખરા પતિ તરીકે તે રાત્રે ગણે છે. એની ખાત્રી માટે આપ એના વાંસા ઉપરના ચાબુકના સોળ જોઇ શકશો, જે મ્હેં જ પરિક્ષા લેવા માટે માર્યા હતા. ખરેખર હાથનું મણી એજ નારી છે. ચોથી વસ્તુ **બજારની ખાટ** તે આ દુષ્ટબુદ્ધિ વેશ્યા છે જેને ઠરાવ કરતાં મ્હેં વધારે રૂપીયા આપ્યા અને રાત્રે જ્યારે હું એને ઘેર ગયો ત્યારે એણે દરવાઝો ન ઉઘાડતાં બે ચાર આવેલા આસામીયો પાસેથી દ્રવ્ય કઢાવી લઇ તેમને રૂખ્સત કર્યા પછી મ્હને અંદર લીધો અને પોતાના મદદગારોને હાથે મ્હને લુંટાવી મ્હને જ ચોર તરીકે પકડાવ્યો, તથા એ અપરાધમાં જ મ્હને ફાંસીની શિક્ષા પણ થઇ."

આટલું સાંભળતાંજ રાજાએ તે નીચ વેશ્યાને માર મારવાનો હુકમ કર્યો. થોડાકજ ફટકા પડયા હશે કે તરત જ તેણે પોતાનો અપરાધ કબુલ કર્યો એટલે સૌની ખાત્રી થઇ ગઇ. અને પાછું બીરબલે આગળ ચલાવ્યું:-

"મહારાજ! આપે માગેલી પાંચમી વસ્તુ **નરકની વાટ** છે. અપરાધી ખરો કે ખોટો છે એની તપાસ ન કરતાં પરભારી જ શિક્ષા ફરમાવી દેવી એજ નરકની વાટ છે. કેમ, હવે આપે માગેલી પાંચે વસ્તુઓ મળી ગઇને? જો બરાબર હોય તો બાદશાહને જવાબ લખી આપો." એમ કહી બીરબલ ચુપ થઇ ગયો.

લંકાપતિ અને તેના સર્વ દરબારીયો વગેરે બીરબ-

લની આ ચમત્કૃતિ જોઇ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા. રાજાએ તેને ઉત્તમ વસ્ત્રાલંકારો આપી મોટા માન સાથે કોટી કરી અને દયારામ શેઠને તે દિવસથી પોતાના દરબારમાં બેસવાની પરવાનગી બક્ષી તેને ઘેર બેઠાં પગાર આપવો ચાલુ કર્યો. રૂપવંતીને પણ શાબાશી આપી તેનોએ મુસારો બાંધી આપ્યો. દુષ્ટબુદ્ધિનું ઘરબાર જપ્ત કરી, તેને ગધેડાપર બેસાડી તેના નાક કાન કાપી લઈ શહેર બ્હાર કાઢી મૂકી. મદોન્મત્ત અમીચંદને તેના મુદ્દલ રૂપીયા ચુકવી દરબારમાંથી હાંકી કાઢયો અને દરબારી તરીકેનો પણ તેનો હક છીનવી લીધો. દયારામના પૈસા પણ રાજાએ પોતાના ખઝાનામાંથી આપવાનો હુકમ કર્યો. થોડાક દિવસ સુધી બીરબલને પોતાને ત્યાં મહેમાન રાખ્યો અને ત્યારબાદ અકબર બાદશાહ ઉપર પાંચે વસ્તુઓની પહોંચ લખી આપી તેને વિદાય કર્યો. બીરબલે દિલ્હી પહોંચી સર્વ બીના બાદશાહને કહી સંભળાવી જેથી બાદશાહ તેમજ અન્ય દરબારીયો બીરબલના અસીમ ચાતુર્ય માટે તેને અનેક ધન્યવાદ આપવા લાગ્યા.

---

## વાર્તા ૧૫૭.

### આકાશને માર્ગે.

બાદશાહી ગવૈયા લાડ અને કપુર ઉપર બાદશાહનો સારો પ્રેમ હતો. સૌ ગવૈયાઓ કરતાં તેમને બાદશાહ વારંવાર સારૂં ઇનામ આપતો. એક દિવસે તેમનાથી બાદશાહનો અપરાધ થઈ ગયો. બાદશાહે તેમને પૂછયું " તમે આ અપરાધ કેમ કર્યો ? "

લાડ અને કપુરના મનમાં એમ હતું કે ' આપ઼ં બાદશાહના અત્યંત માનીતા છીયે એટલે બાદશાહ આ઼ ણુને કાંઈ પણ શિક્ષા નહીં કરે, એટલે તેઓ થયેલા અ઼ રાધની ક્ષમા યાચવાને બદલે હસવા લાગ્યા. જો તેમણે ક્ષ઼ માગી હોત તો કદાચ બાદશાહ તેમને માફી આપી હ઼ પણ આતો ઉલ્ટા સ્હામે હસ્યા. એથી બાદશાહે પોતા઼ ઘોર અપમાન માની લઈ, પોતાના રાજ્યમાંથી તે બન્ને઼ એકદમ ચાલ્યા જવાની આજ્ઞા કરી.

બાદશાહને ક્રોધ ચઢયો છે જાણી તેઓ ગુપગુપ ત્યાંથ઼ ચાલતા થયા, પણ દિલ્હી મૂકીને બીજે કયાંય જવા઼ ન ગમ્યું એટલે આખો દિવસ જંગલમાં ગુઝારતા અને રા઼ શહેરમાં આવતા. આવી રીતે છએક મહીના ગાળ્યા, પ઼ એવું ક્યાં સુધી નભી શકશે ? એવો વિચાર થ઼ તેમણે બીરબલની સ્હાય લેવાનું ઉચિત્ ધાર્યું. એક દિવ઼ રાત્રે બીરબલ પાસે જઇ આજીઝી કરી કોઈ રસ્તે઼ શોધી આપવા કહ્યું. બીરબલે દયા લાવી એક યુક્તિ બતા઼ એટલે બીચારા ખુશખુશ થતા વિદાય થયા. એ઼ દિવસ તેઓ બીરબલની સૂચના મુજબ દિવસે બહાર ફ઼ નીકળ્યા હતા એવામાં બાદશાહે તેમને ઓળખતાં જ પોત઼ નો ઘોડો તેમની તરફ દોડાવ્યો. બાદશાહને પોતાની ત઼ આવતો જોઇ બંને એક વૃક્ષપર ચઢી ગયા. બાદશ઼ તેમને વૃક્ષ ઉપર ચઢતાં જોઇ લીધા હતા એટલે વૃક્ષ઼ નીચે ઘોડો થોભાવી ઉપર નઝર કરી કહ્યું " મ્હેં તમ઼ મ્હારા રાજ્યમાંથી ચાલ્યા જવાની આજ્ઞા કરી હતી, છ઼ તમે કેમ ગયા નથી ? "

કપુરે હાથ જોડી કહ્યું “ નામદાર ! અમે તો આપની આજ્ઞાનું પાલન બરાબર રીતે કર્યું અને દેશેદેશ ફર્યા. પરંતુ જ્યાં ગયા ત્યાં આપનું જ રાજ્ય જણાયું, એટલે ક્યાં જઈ રહેવું એનો વિચાર કરતા કરતા પાછા દિલ્હીમાં આવ્યા, પણ બીજે ક્યાંય રહેવાનું સ્થળ ન જણાયું એટલે છેવટે આ વૃક્ષને રસ્તે આકાશ તરફ જવાનું ઉચિત્ ગણી પહેલી મુસાફરી આરંભી છે.”

આ ઉત્તર સાંભળીને બાદશાહ હસ્યો અને તેમને નીચે ઉતરવાની આજ્ઞા કરી. બાદશાહના હુકમ પ્રમાણે તેઓ તરતજ નીચે ઉતરી પોતાના અપરાધની ક્ષમા યાચવા લાગ્યા. બાદશાહે પણ તેમની હાજર જવાબીથી ખુશ થઇ તેમને માફી આપી.

## વાર્તા ૧૫૮.

### પાંચ પ્રશ્નો.

એક દિવસ બાદશાહ સૌ કરતાં વ્હેલો આવી દરબારમાં બેઠો. તેણે પોતાના મનમાં પાંચ પ્રશ્નો ગોઠવી રાખ્યા હતા, તેનો ખુલાસો દરબારીયો પાસેથી મેળવવાનો સંકલ્પ કર્યો. થોડી વારમાં દરબારીયો એક પછી એક આવવા લાગ્યા. પહેલાં જ અનવરખાન નામનો સરદાર આવી પહોંચ્યો એટલે બાદશાહે તેને પૂછયું “ અનવરખાન ! મ્હારા પાંચ સવાલોનો જવાબ આપશો ?”

અનવરખાને કહ્યું “ હુઝૂર ! મ્હારાથી બની શકશે તો આપીશ.”

બાદશાહે પ્રશ્નો રજુ કરતાં કહ્યું “ ફુલ, દાંત, પુત્ર,

બધા રાજાઓમાં મ્હોટો રાજા અને બધા ગુણોમાં મ્હોટે ગુણ કયો ? તે કહો."

અનવરખાને વિચાર્યું કે સવાલો તો ભારે છે અને આપણી અક્કલ તેના યોગ્ય ઉત્તરો આપી શકે તેમ નથી એમ વિચારી તેણે બાદશાહને કહ્યું "જહાંપનાહ ! હું એકલો જવાબ આપું અને તે ખોટો હોય એ ઠીક નહીં માટે બીજા દરબારીયો આવી જતાં તેમની સાથે મસલહત કરીને જવાબ આપું તો વિશેષ યોગ્ય ગણાશે."

બાદશાહે તેની વાત કબુલ રાખી. થોડીવારમાં તો બધા દરબારીયો આવી લાગ્યા. બીરબલ એક અગત્યના કેસમાં રોકાયલો હોવાથી આવી શકયો ન હતો. દરબારીયોએ આપસમાં મસલહત ચલાવી લીધા પછી અનવરખાને ઉભા થઇ અરઝ કરી કહ્યું "હુઝૂર ! એ પાંચે પ્રશ્નોના જવાબ અમે શોધી કાઢયા છે, જો આજ્ઞા હોય તો કહી સંભળાવું."

બાદશાહે તેમ કરવાની આજ્ઞા આપતાં અનવરખાને કહ્યું "જહાંપનાહ ફુલ મ્હોટું જાઇનું, દાંત મ્હોટા હાથીના, પુત્ર રાજાનો મ્હોટો, રાજાઓમાં મ્હોટો ચક્રવર્તી રાજા અને મ્હોટામાં મ્હોટો ગુણ વિદ્યા."

દરબારીયોના મનથી એ જવાબો ખરા જ હતા પણ બાદશાહે ના કબુલ કર્યા એટલે સૌ વિચારમાં પડી ગયા. એવામાં બીરબલ આવી પહોંચ્યો, બાદશાહે તેને પણ એ પાંચે પ્રશ્નો પૂછયા. બીરબલે તરતજ ઉત્તર આપ્યો "જહાંપનાહ ! ફુલ કપાસનું મ્હોટું જે આખી માનવ જાતિને ઢાંકે છે. દાંત હળના મ્હોટા જેના ઉપયો-

ગથી બધી જાતનું ધાન્ય પાકે છે. પુત્ર ગાયનો મ્હોટો જે જમીન ખેડે છે. બધા રાજાઓમાં મેઘરાજ મ્હોટો જેના વરસવાથી જગત્ સારાનું પોષણ થાય છે, અને બધા ગુણોમાં મ્હોટો ગુણ હીંમત, કેમકે એક કહેવત પણ છે કે 'હીંમતે મર્દા તો મદદે ખુદા."

આ પાંચે જવાબ સાંભળી બાદશાહ તેમ જ દરબારીયોએ તે કબુલ રાખ્યા અને તેની અક્કલની બધા પ્રશંસા કરવા લાગ્યા.

## વાર્તા ૧૫૯.

## રજપૂતાણીનું પતિવ્રત.

અકબરે એવો ધારો બાંધ્યો હતો કે જેટલા રજપુત રાજાઓને તેણે જીત્યા હોય તેટલાની પાસેથી છ મહીના ચાકરી લેવી. તે રજપુત રાજા છ મહીના પોતાના ગામમાં રહે અને છ મહીના બાદશાહની પાસે દરબારમાં રહે. એવા ઘણા રજપુત રાજાઓ રહેતા હતા. જેમાં એક અમરસિંહ રાઠોડ નામનો રાઠોડ વંશનો રજપુત રાજા પણ હતો.

એક દિવસ બાદશાહને પોતાની અમુક બેગમની ચાલ ચલગત વિષે શંકા ઉત્પન્ન થઇ અને તેની બારીકાઈથી તપાસ કરતાં માલુમ પડી આવ્યું કે તે બેગમે પોતાની નીતિમત્તા ધુળમાં મેળવી છે. આ ઉપરથી બાદશાહે વિચાર કર્યો કે 'મ્હારા દરબારીયોમાંથી કોની સ્રી પતિવ્રતા છે એ જાણવું જોઇયે.' બીજે જ દિવસે તેણે દરબારમાં આવીને હુકમ કર્યો કે "સભામાં એક બીડો

મૂકો કે કોની સ્ત્રી પતિવૃતા છે. જેની સ્ત્રી તપાસ કરતાં તેવી સાબિત થશે તો તેને હું ઘણું જ માન આપીશ. પણ જો એથી વિરૂદ્ધ હશે તો ગરદન મારવામાં આવશે."

બીરબલે બાદશાહની આજ્ઞા મુજબ બીડો ફેરવ્યો, પણ કોઇ ઉઠયું નહીં, કેમકે કોઇનેયે પોતાની સ્ત્રી વિષે પોતાના મનમાં ખાત્રી ન હતી. જ્યારે કોઇ ન ઉઠયું ત્યારે બાદશાહ બોલ્યો "અરે, શું આટલા બધા મોગલ સરદારો, હીંદુ રાજાઓ, સરદારો અને અમીરો અત્રે બેઠા છે તેમાં કોઇનીયે સ્ત્રી પતિવૃતા નથી ? ખરેખર, તમને ધિક્કાર છે !!"

બાદશાહનું આવું બોલવું સાંભળી અમરસિંહ રાઠોડે ઉભા થઈ કહ્યું "જહાંપનાહ ! આપ શું બોલો છો ? શું રાજપૂતોનું શૌર્ય સમુળગુંજ નાશ પામ્યું છે ? શું કોઇને પણ પોતાની સ્ત્રી વિષે ખાત્રી નથી ? શું દુનિયામાં પતિવૃતા સ્ત્રીયો જ રહી નથી ? હુઝૂર ! આપ એકદમ બધાને ન ધિક્કારો. મ્હારી પોતાની સ્ત્રી સતી, મહા સાધ્વી પતિવૃતા છે."

અમરસિંહને ઉશ્કેરાયલો જોઈ બધા દરબારીયો ચુપ થઈ ગયા. અમરસિંહે બીડો ઉઠાવી લીધો એટલે બધા દરબારીયોનાં મોઢાં ઉતરી ગયાં, કોઇએ ઉંચી આંખ સરખીયે કરી નહીં. બધા માંહો માંહે કહેવા લાગ્યા કે "આ રજપૂતે તો આપણા સર્વની આબરૂ લીધી, માટે કોઈ ઉપાય યોજી કાઢવો જોઇયે."

એક કાણીયો અમીર તો ઘણોજ તપી ગયો હતો; તે જેમ તેમ હીંમત આણી ઉભો થઈ બોલ્યો "જહાંપ-

નાહ ! અમરસિંહ આટલી બધી શેખી મારે છે પણ હું એમની સ્ત્રીને સારી પેઠે ઓળખું છું અને એમના ઘરનાં બધાં છિદ્ર હું સારી રીતે જાણું છું. જો આપ મ્હને રજા આપો તો હું આપની ખાત્રી કરી આપીશ."

બાદશાહે તેને રજા આપી એટલે કાણીયાએ અરજ કરી " હુઝુર ! જ્યાંસુધી હું એમના ગામથી પાછો ન આવું ત્યાં સુધી અમરસિંહને અહીંયાં પુરતા ચોકી પહેરામાં રાખવા જોઇયે, નહીં તો કદાચ એ સંદેશો મોકલાવી પોતાની સ્ત્રીને ચેતાવી દેશે."

બાદશાહે કહ્યું " ભલે, એમ કરવામાં આવશે. પરંતુ જો તું અમરસિંહની સ્ત્રીને પતિવ્રતા પણાનો ભંગ કરનારી સાબિત નહીં કરી શકે, તો ત્હારો શિરચ્છેદ કરવામાં આવશે. માટે હજી પણ એકવાર વિચાર કરી લેવાની તને રજા આપવામાં આવે છે.

કાણીયો જુસ્સામાંને જુસ્સામાંજ બોલી ઉઠયો "હુઝુર ! એ વાતનો પૂરતો વિચાર કરી રાખેલો છે. આપના ચરણના પ્રતાપે હું એ વાત સાબિત કરી બતાવીશ."

એટલે બાદશાહે તેને જવાની પરવાનગી આપી અને અમરસિંહને નઝર કેદ તરીકે રાખ્યો. બધા અમીર ઉમરાવો ઘણો જ આનંદ પામ્યા અને કાણીયો અમરસિંહના ગામ તરફ રવાના થયો. ગામમાં પહોંચી તેણે તજવીઝ કરી તો માલુમ પડયું કે, ગામમાં કોઇયે પણ અમરસિંહની સ્ત્રીનું મોઢું સરખુંયે જોયું ન હતું. એટલું જ નહીં, બલ્કે તેના મહેલમાં શું છે એ પણ કોઈ જાણતું ન હતું. અમીર સાહેબને હવે પસ્તાવો થવા લાગ્યો અને પોતાના શિરચ્છેદ

થવાના સ્વપ્નો જોવા લાગ્યો. તેણે આડકતરી રીતે ઘણા પૈસા બરબાદ કર્યા, પણ કાંઇ વળ્યું નહીં. આખરે તેણે એક માલણને શોધી કાઢી જે અગાઉ અમરસિંહને ત્યાંજ નોકર હતી, પણ કાંઈ ગુન્હાસર તેને કાઢી મૂકવામાં આવી હતી. માલણે પૈસાની લાલચે એ કાર્યનો આરંભ કર્યો. મહેલની રચના અને બધા પ્રકારની નિશાનીયો તે સારી પેઠે જાણતી હતી એટલે અમીર સાહેબે બધી વાતો તેને મોઢે સાંભળી લખી લીધી, પણ એટલેથીજ કામ પાર પાડે તેમ ન હતું. અમરસિંહની સ્ત્રીના અંગપરની કોઇ ગુપ્ત નીશાની લાવવા તેણે માલણને કહ્યું. માલણે પ્રથમ તો આનાકાની કરી, પણ અમીર સાહેબે ઘણી મોટી રકમ ઈનામ આપવાની લાલચે તેને એ કાર્ય બજાવવા માટે રાઝી કરી લીધી. માલણને મહેલમાંથી વાંકસર કાઢી મૂકેલી હોવાથી તેને મહેલનાં દરવાઝામાં પણ પગ મૂકવાની રઝા ન હતી એટલે તેણે એક બીજી યુક્તિ શોધી કાઢી. તેણે સારો ગૃહસ્થી પોષાક પહેર્યો અને અમીર સાહેબના રથમાં બેસી, સિપાહીયોને સાથે લઇ જાણે બ્હાર ગામથી આવી હોય તેમ ગામના મુખ્ય દરવાઝેથી દાખલ થઈ. સારો પોષાક પહેરેલો હોવાથી તેની આકૃતિ અને રૂપમાં પણ ઘણો ફેરફાર થઈ ગયો હતો. તેણે અમરસિંહના મહેલ પાસે આવી પોતાનો રથ વાડામાં છોડાવી રાણીને ખબર મોકલાવી કે તેના પતિની ફોઇ તને મળવા આવી છે.

રાણી આ ખબર સાંભળી વિચારમાં પડી ગઇ. કેમકે અમરસિંહે પોતાની ફોઈ હોવાની વાત કદિપણ તેને કહી ન હતી. તે મનોગત્ કહેવા લાગી "એમણે મ્હને કદિ-

પણ પોતાની ફોઈ હોવાની વાત કરી નથી, છતાં આ ફોઈબા કયાંથી ફાટી નીકળ્યા ? પણ હશે, કદાચ તેમણે મ્હારી આગળ પોતના ફોઈના અસ્તિત્વની વાત ભૂલથી નહીં કરી હોય, માટે લાવ એમને આવકાર આપું.” એમ વિચાર કરી તેણે ફોઈબાને મહેલની અંદર તેડાવ્યા. ફોઇબા ભારે ઠાવકાપણા અને ગંભીરતા સાથે અંદર દાખલ થયા, રાણીયે તેને પગથી માથા સુધી ટીકી ટીકીને જોઈ, પણ તેમાં રાજપૂતાણીનું એકે લક્ષણ જણાયું નહીં. છતાં અમરસિંહની ખાતર તેને આવકાર આપી મહેમાન તરીકે ઘણા માન સાથે મહેલમાં રાખી.

ફોઇબાએ બે ત્રણ દિવસમાં બધો પ્રકાર જાણી લીધો. અમરસિંહે પોતાની રાણીથી ગમે તેમ થાય તોયે જુદા ન થવાના વચન તરીકે રાણીને એક રૂમાલ અને એક કટાર આપ્યાં હતાં. રાણી એ વસ્તુઓ હંમેશ પોતાની પાસેજ રાખતી. એ વસ્તુઓ પર ફોઈબાની નઝર પડતાં તેમણે તેની માગણી કરી, પણ રાણીએ આપવા ના પાડી. ફોઇબા આથી રીસાયા અને ચાલ્યા જવાને તૈયાર થયા. રાણીએ વિચાર્યું કે, હવે આપ્યા વગર છૂટકો નથી, એટલે તેમને મનાવ્યાં અને કટાર તથા રૂમાલ આપતાં કહ્યું “ફોઇબા ! તમે જયારે આ તુચ્છ વસ્તુઓ માટે આટલી બધી રકઝક કરો છો. તો લો. જોકે એ વસ્તુઓ કીંમતી નથી, છતાં આપના ભત્રીજાની નિશાની તરીકે છે એટલે મ્હેં આપવા માટે ના પાડી હતી.”

ફોઈબા પણ કાચું કાપે એવી ન હતી. તેણે હવે નખરાં શરૂ કર્યા અને કહ્યું “ નારે બાઇ ! હવે તો એ

મ્હારે ન જોઈયે ! શું મ્હારે ઘેર એવી વસ્તુઓની ખોટ પડી છે કે ત્હારી પાસે આવી તુચ્છ વસ્તુઓ માટે સવાલ કરૂં ? મ્હેંતો જાણ્યું કે લાવ, વહુની યાદગીરી લઇયે, પણ વહુ આપે કેમ ? !"

રાણીયે ઘણો પસ્તાવો કરી તેના કાલાવાલા કરી સમજાવી અને રૂમાલ, કટાર લેવા માટે રાઝી કરી. આટલેથી પણ કામ ખતમ ન થયેલું હોવાથી ફોઇબા તો નીરાંતે મહેલમાં મહેમાન પડ્યા અને નિત્ય આમ તેમના ટોળ ટપ્પા મારી રાણીને ફોસલાવવા માંડી. એક દિવસ પોતે રાણીને ન્હવરાવવા બેઠી અને તેના ગુહ્ય ભાગના ચિન્હો જોઇ લીધા. ત્યાર પછી બે ત્રણ દિવસ ત્યાં વધુ રોકાયા બાદ ફોઇબા ત્યાંથી વિદાય થઇ અમીર સાહેબ પાસે ગયા અને રથ, સિપાહીયો, રૂમાલ, કટાર આપી દીધું. અમીર સાહેબે ગુપ્ત નીશાનીયો પૂછતાં તેણે ઈનામ માગ્યું. અમીર સાહેબે તરતજ રૂપીયા ગણી આપ્યા એટલે માલણે બધી વાત ખુલાસાવાર કહી સંભળાવી; ગુપ્ત ચિન્હો પણ કહી આપ્યાં.

કાણીયાએ અત્યંત આનંદ પામી બીજે જ દિવસે દિલ્હી તરફ કૂચ કરી અને મજલો કાપતો પંદરમે દહાડે બપોરે દરબારના વખતે જ શહેરમાં આવી પહોંચ્યો. પૂરેપૂરી નિશાની અને રૂમાલ તથા કટાર મળેલાં હોવાથી તે ઠંડે કાળજે ઘેર ગયો અને બરાબર ખાઇ પીને, કપડાં લત્તાં પહેરી દરબારમાં " હુઝૂર સલામત ! " કરતો જઈ પહોંચ્યો. અને જાણે પોતે મ્હોટો વાઘ માર્યો હોય તેમ મૂછોપર તાવ દેતો છાતી કાઢીને બેઠો. બાદશાહે

અગત્યનું કાર્ય ખતમ થતાં કાણીયાને પૂછયું "કેમ, તમે ખાત્રી કરી શકયા કે નહીં ?"

અમીરે કહ્યું "જહાંપનાહ ! આપના પ્રતાપે હું અમરસિંહને ગામ ગયો, ત્યાં રાણીએ મ્હને મહેમાન તરીકે રાખ્યો. બે મહીના અમે ઘણા ઘણા પ્રકારની આનંદ ક્રીડામાં વીતાડયા."

બાદશાહ વચમાં જ બોલી ઉઠયો "એની સાબિતી શી છે ?"

કાણીયાએ કહ્યું "હુઝૂર ? રાજા સાહેબના મહેલમાં દાખલ થવાના સાત દરવાઝા છે. તે દરેક દરવાઝા પર સો રજપુતો ચોકી ભરે છે. ત્યાર બાદ દાસીયોનો પહેરો આવે છે. રંગ મહેલના બારણા પાસે એક આરસી જડેલી છે, જેમાં માણસનું આખું શરીર દેખાય છે. રંગ મહેલમાં ચાર ઝરોખા છે અને સાત બારીયો છે. વચમાં રૂપેરી કુરસીયો ગોઠવી છે, જેની ઉપર કિનખાબ જડેલું છે. રાણીનું સૌંદર્ય તો એટલું બધું અલૌકિક છે કે, તે વર્ણવી બતાવવા માટે પૂરતા શબ્દો નથી. તેના પરસેવામાં ગુલાબના અત્તરની સુગંધ આવે છે. મહેલના ઉદ્યાનમાં અનેક પ્રકારના મનોહર વૃક્ષો ઉગેલા છે. વચ્ચે એક ફુવારો પણ છે, જેમાંથી પાણી ચકકરી ખાઈ દસ હાથ ઉંચે ઉડે છે. વળી અનેક જાતના પક્ષીઓના પાંજરા પણ ગોઠવેલા છે." આટલું બોલી કાણીયો ચુપ થઈ ઉભો.

બાદશાહે રાઠોડને પૂછયું "કેમ અમરસિંહ ! હવે તમે શું કહેવા માગો છો ?" અમરસિંહે કહ્યું "જહાંપનાહ ! એમાં તે શું મ્હોટી વાત કરી ? એટલું તો મ્હારી પ્રજા પણ જાણે છે અને ત્યાંના વતનીઓ અહીંયાં રહે

તેઓ પણ આ બધી વાત આપને કહી આપશે. જો કોઈ ગુપ્ત ભેદ અમીર સાહેબ બતાવે તોજ એમની વાત માન્ય કરી શકાય."

કાણીયો એટલું તો ઇચ્છતોજ હતો. તેણે બાદશાહ પૂછે તે પહેલાંજ ભરડવા માંડયું "જહાંપનાહ! મ્હારી પાસે એવી ગુપ્ત સાબિતીયો પણ છે. (પેલો રૂમાલ અને કટાર બતાવી) હુઝૂર! આ રૂમાલ અને કટાર રાણીએ મ્હારા પર પ્રસન્ન થઇ મ્હને ભેટ આપ્યાં છે. એ વસ્તુઓ રાજા સાહેબે રાણીને દિલ્હી આવતી વખતે પોતાની યાદગીરી તરીકે આપી હતી."

બીરબલે તે વસ્તુઓ અમરસિંહને આપી કહ્યું "અમરસિંહ! જુઓ, એ તમારીજ ચીઝો છે કે નહીં, તેની ખાત્રી કરી લો."

અમરસિંહે તે વસ્તુઓ ઓળખી લીધી. હવે તો તેને પણ પોતાની સ્ત્રીની ભ્રષ્ટતાની ખાત્રી થવા લાગી. પણ પછી મીયાંએ કોઈ પ્રપંચદ્વારા એ વસ્તુઓ મેળવી હોય એમ ધારી તેણે બાદશાહને અરઝ કરી કે "હુઝૂર? આ વસ્તુઓ છે તો મ્હારીજ, પણ કદાચ કોઇ અન્ય પ્રપંચદ્વારા તે હસ્તગત્ કરાઈ હોય તો તે સંભવિત્ છે, માટે કોઈ બીજો વધુ સજ્જડ પુરાવો મળવો જોઇયે."

કાણીયો બોલી ઉઠયો "જહાંપનાહ! જો આને પ્રપંચદ્વારા મેળવેલી જાણી રાજા સાહેબ વધુ સજ્જડ પુરાવો માગતા હોય, તો હવે લાચારીયે પણ હું છેલ્લી નિશાની તરીકે રાણીના શરીર પરના ચિન્હો કહી આપુ છું. જે સાંભળ્યા બાદ મ્હને સંપૂર્ણ ખાત્રી છે કે રાજા સાહેબ

પોતાની સ્ત્રીની પવિત્રતાનો ખ્યાલ સરખોયે મનમાં નહીં લાવે. સાંભળો, રાણીની ડાબી જાંગ ઉપર ત્રણ કાળા તલ છે ! ! ” કાણીયો ચુપ થયો. અમરસિંહની નઝરો નીચી નમી ગઇ. બાદશાહ તેમજ બધા સભાસદોની હવે સંપૂર્ણ ખાત્રી થઈ ગઈ કે કાણીયાએ રાણીના સતીત્વનો અવશ્ય ભંગ કરેલો હોવોજ જોઇયે, નહીં તો શરીરના ગુપ્ત ભાગનાં ચિન્હો એ કયાંથી બતાવી શકે ? !

બાદશાહે અમરસિંહે આપેલા વચન પ્રમાણે તેને દેહાન્ત દંડની શિક્ષા કરવાની સભાસદો પાસે સલાહ માગી. અમરસિંહ બોલ્યો “ નામદાર ! આપે હવે સલાહ લેવાની આવશ્યકતા નથી. મ્હારી સ્ત્રીની અપવિત્રતા સિદ્ધ થયા પછી આ જગતમાં મ્હારે માટે જીવવું અત્યંત નામોશી ભરેલું છે. હું અત્યારેજ ફાંસીયે લટકી જવા તૈયાર છું. પણ એક ઉમ્મેદ રહી છે તે જો આપ આજ્ઞા આપો તો કહું.”

બાદશાહે કહ્યું “ અમરસિંહ ! મ્હને તમારા જેવા વિશ્વાસુ માણસને ખોઈ બેસવાનો ખ્યાલ આવતાં લાગી આવે છે, પરંતુ મરદનાં વચન મિથ્યા ન જાય એજ મ્હોટો વાંધો છે. ખેર, તમારી શી ઉમ્મેદ છે તે કહી સંભળાવો. ”

અમરસિંહે કહ્યું “ હુઝૂર ! મ્હને મ્હારી સ્ત્રી ઉપર ઘણોજ વિશ્વાસ હતો અને આપના દરબારમાં દુષ્ટા સાબિત થઇ, માટે મ્હારે તેને ધિક્કાર આપવો છે. જો આપ આજ્ઞા આપો તો મ્હારે ગામ જઈ મ્હારી ઉમ્મેદ પૂર્ણ કરૂં.”

બાદશાહે કહ્યું “ અમરસિંહ ! એમ ન બની શકે ! હાલમાં તમે અહીંથી મુક્ત થઇ તમારે ગામ જાવ અને ત્યાં તમારા મનમાં કાંઈ જુદોજ ખ્યાલ આવતાં સ્ત્રીને

ધિક્કારવાને બદલે મ્હારી સ્હામેજ બળવો જગાડો તો ત્‍હને નકામી મહેનત પડે. તે શિવાય કદાચ તમે રાણીની હત્યા કરો તો તેનું પાતક પણ અમારે માથે આવે, માટે એતો નહીં બને !!"

આ સાંભળી અમરસિંહ બોલ્યો "હુઝૂર! એવું કદાપિ નહીં બને. અમે રજપૂત છીયે, અમારો ટેક કદી ન ફરે. બોલ્યું વચન ન પાળીયે તો અમારા તુખમમાં ફેર ગણાય. હું મ્હારા પૂર્વજોનો કોલ આપવા તૈયાર છું."

બાદશાહે કહ્યું "એમ હું ન માનું. જો તમે કોઈ સારા આસામીને ઝામીન તરીકે મુકી જાઓ તો તમને એક માસની મુદ્દત આપી શકું."

અમરસિંહ બોલ્યો "જહાંપનાહ ! આ પરાયા પરદેશમાં મ્હારો ઝામીન કોણ થઈ શકે? તેમજ મ્હારી શિક્ષા પણ મુકરર થઈ ચુકી છે એટલે લોકો ઝામીન થતાં બ્હીયે પણ ખરા !!"

એવામાં અમરસિંહના ગામનો વતની મોતીચંદ સાહુકાર ઉભો થઈ બોલ્યો "જહાંપનાહ ! અમરસિંહને જવાની આપ રજા આપો, હું એમનો ઝામીન થાઉં છું. જો એક મહીનામાં એ નહીં આવી શકે તો હું સુખેથી ફાંસીયે ચઢવા તૈયાર છું."

બાદશાહ સહ સર્વ દરબારીયોએ મોતીચંદની હીંમત અને પરમાર્થબુદ્ધિ માટે અસંખ્ય ધન્યવાદ આપ્યા. અમરસિંહને રજા મળતાં તે તરત જ પોતાના ગામ તરફ રવાના થયો. ચૌદમે દિવસે તે પોતાના ગામમાં પહોંચી

ગયો. મહેલ પાસે આવતાં તે ઘોડા ઉપરથી ઉતરવાની તૈયારી કરતો હતો, તેવામાં ઘોડાએ ખોંખાર કર્યો એટલે રાણી તરતજ મહેલના ઝરોખામાં આવી. તેણે પોતાના પતિના ઘોડાનો ખોંખાર ઓળખ્યો હતો, એટલે વિયોગ પીડિત રાણી કોઇ દિવસ નહીં ને એજ દિવસે ઝરોખામાં દોડી આવી. અમરસિંહને રાણીના આ વર્તન ઉપરથી વિશેષ શંકા ઉત્પન્ન થઇ, તેથી તેણે ઘોડા પરથી નીચે ન ઉતરતાં રાણી તરફ જોઈ કહ્યું " વાહ, વાહ ! શાબાશ છે ! ! " આટલું કહી તેણે ઘોડાને પાછો ફેરવ્યો અને ગામમાં કોઇની સાથે વાત સરખીયે કરવા ઉભો ન રહેતાં સીધો દિલ્હી તરફ રવાના થયો.

રાણી આ બધો પ્રકાર જોઇ અત્યંત વિસ્મય પામી. તેણે પોતાની દાસીને કારભારી પાસે ખબર કાઢવા મોકલાવી, પણ કારભારીએ અમરસિંહને જોયોએ ન હતો, તે પાછી ફરી અને રાણીને જણાવ્યું " બા ! આ કાંઈ ગોટાળો થયેલો દેખાય છે. પેલા ફોઇબાનું તો કદાચ આ કાવત્રું નહીં હોય ? ! "

રાણીને પણ એ વાતમાં સત્યતા જણાવા લાગી. કદાચ રૂમાલ અને કટારે આ તોફાન ઉભું કર્યું હશે, એમ ધારી તેણીએ પાલખી તૈયાર કરાવી અને પોતાની દાસીયો અને થોડાક સ્વારોને લઇ આડે પરંતુ ટુંકે રસ્તે દિલ્હી તરફ જવા નીકળી. અમરસિંહ ક્રોધાવેશમાં રસ્તો ભૂલી આડે રસ્તે ચઢી ગયો એટલે રાણી તેના કરતાં એક દહાડો વહેલી દિલ્હી પહોંચી અને સીધી બીરબલને ઘેર ગઈ. બીરબલ સારે નસીબે ઘરમાં જ હતો. તેણે રાણીને ભારે

આવકાર આપ્યો. રાણીએ બધી બીના તેને વિસ્તાર કહી સંભળાવી.

બીરબલે એ બધી બીના બરાબર સાંભળી લીધા પછી કહ્યું " રાણી બા ! ઠીક થયું જે આજે તમે આવી પહોંચ્યાં. પણ અમરસિંહ તમારા કરતાં અગાઉ નીકળી ચુકયા છે એમ તમો જણાવો છો, છતાં અહીં કેમ ન આવી શકયા ? શું તેઓ મોતથી ડરી જઈ કયાંક બીજે પલાયનમ્ કરી ગયા ? કાલે એમને ફાંસીયે ચઢવાનો દિવસ છે, જો તેઓ કાલ સૂધીમાં નહીં આવી પહોંચેતો બીચારો મોતીચંદ શાહુકાર ફાંસીયે લટકશે. ખેર, તમે હમણાં બેફી-કર રહો. જો અમરસિંહ કાલે આવી પહોંચે તો હું તમને દરબારમાં તેડાવીશ એટલે તમે ત્યાં આવી બાદશાહ આગળ બધો ખુલાસો કરજો. અથવા જો અમરસિંહ ન આવે તો મોતીચંદને બદલે તમે ફાંસીયે ચઢવાનું કબુલી લઇ બીચારા મોતીચંદને છોડવજો એટલે બાદશાહને કહીને હું તમને પણ છોડાવીશ. " રાણીયે તેમ કરવા કબુલાત આપી.

બીજે દિવસે સ્હવારમાંજ મોતીચંદને ફાંસી આપવા સ્મશાનભૂમિ તરફ લઇ જવા લાગ્યા. બીરબલના ઘર પાસેથી પસાર થતાં કોતવાલે બીરબલને ખબર આપી. બીરબલે તેને બધો પ્રકાર સમજાવી દીધો અને ઉતાવળ ન કરવાની સૂચના આપી. સ્મશાનભૂમિમાં પહોંચી કોતવાલે મોતી-ચંદને કહ્યું " શેઠ ! અમરસિંહ અત્યારસુધી આવ્યા નથી, માટે આપને હવે ફાંસીયે ચઢવું પડશે. " આ સાંભળી મોતીચંદે આનંદપૂર્વક ઉત્તર આપ્યો " હું અત્યંત ખુશ છું. જો મ્હારા ભોગે પણ મ્હારો મિત્ર બચી જવા પામે

તો હું મ્હારા જીવનનું એમાંજ સાર્થક માનીશ.”

લગભગ નવ વાગ્યા સુધી કોતવાલે વાટ જોઇ, પછી સમય વીતી જતો હોવાથી તેણે મોતીચંદને ફાંસીને લાકડે ચઢાવ્યો અને દોરી ગલામાં નાંખી દીધી. એવામાં બીરબલની સૂચના મુજબ રાણી પાલખીમાં બેસી ત્યાં જઈ પહોંચી અને મોતીચંદને બદલે પોતાને ફાંસીયે ચઢાવવા કોતવાલને વિનંતિ કરી, પણ કોતવાલે આનાકાની કરતાં રાણીયે વધારે હઠ પકડી. આ પ્રકાર ચાલતો હતો તેવામાં દુરથી “સબુર, સબુર” નો અવાઝ આવ્યો. સૌનું ધ્યાન તે તરફ આકર્ષાયું, તો અજાયબી વચ્ચે અમરસિંહને ઘોડો દોડાવતો તે તરફ આવતો જોયો. અમરસિંહે દોડતા ત્યાં આવી પહોંચી મોતીચંદને ફાંસી પરથી ઉતારી પોતે ફાંસીપર જઈ ઉભો, કોતવાલે કહ્યું “હવે તો ફરીથી બાદશાહનો હુકમ મળ્યા વગર મ્હારાથી કાંઇ કરી શકાય તેમ નથી.”

અમરસિંહને દુરથી આવતો જોઈ રાણી ત્યાંથી ચાલી ગઈ હતી એટલે અમરસિંહે તેને જોઈ ન હતી. આ તરફ કોતવાલ અમરસિંહ અને મોતીચંદને લઈ બાદશાહ પાસે ગયો. બાદશાહ અમરસિંહની આવી સાચવટ જોઈ ઘણોજ આશ્ચર્ય પામ્યો. કોતવાલે રાણીની પણ હકીકત બાદશાહને કહી સંભળાવી. બીરબલે તરતજ માણસ મોકલી રાણીને દરબારમાં તેડાવી. થોડી જ વારમાં રાણી દરબારમાં આવી પહોંચી. તેને જોતાંજ કાણીયા અમીરના તો હોંસ કોશજ ઉડી ગયા. અમરસિંહ પણ દાંત કચકચાવવા લાગ્યો, પણ ભર દરબારમાં શું કરી શકે ? !

બીરબલે ઉભા થઇ બાદશાહને અરઝ કરી “જહાં-

પનાહ ! અમરસિંહને અત્યારે જ બંધન મુક્ત કરી દેવા જોઇયે. આ સ્ત્રી એમની રાણી છે ( સૌ વિસ્મય પામ્યા ) અને તે ખરેખર સતી પતિવૃતાજ છે. ” આટલું કહી તેણે બધો વૃત્તાંત બાદશાહને કહી સંભળાવ્યો. અમરસિંહનો પણ પોતાની સ્ત્રી પ્રત્યેનો ગુસ્સો નરમ પડયો. બાદશાહ કાણીયા પ્રત્યે ઘણોજ ક્રોધે ભરાયો અને તેને સંબોધી કહેવા લાગ્યો “ બદમાશ, નાલાયક ! તું આવાં જ કાવત્રાં કરી લોકોની આબરૂ ધુળમાં મેળવવા માટે અવતર્યો છે ? દુષ્ટ પાપી ! હવે તારે ફાંસીયે ચઢવું પડશે. તારી બધી માલ મીલ્કત સરકારમાં ઝપ્ત કરવામાં આવશે.”

કાણીયો ધ્રુજી ઉઠયો. તેણે બાદશાહની ઘણી ઘણી માફી માગી પણ બાદશાહ ન માન્યો. આખરે અમરસિંહે હાથ જોડી અરઝ કરી “ હુઝૂર ! એણે જે બદમાશી કરી તે જોતાં તો એ ફાંસીને લાયકજ છે, પરંતુ ઇશ્વરે તેને તેની બદમાશીનો બદલો આપી દીધો. હું એને માફ કરૂં છું માટે આપ પણ દયા લાવી માફી બક્ષો અને તેને જીવતો રહેવા દો. ”

બાદશાહે કહ્યું “ અમરસિંહ ! તમારા કહેવાથી હું તેને ફાંસીયે ચઢાવતો નથી, પણ એવા દુષ્ટ માણસનું મારા રાજ્યમાં કામ નથી, એવા નાલાયકોને તો દેશપાર જ કરવા જોઇયે. કાણીયા ! અમરસિંહના કહેવાથી હું તને ફાંસીયે ચઢાવતો નથી પણ તારે અત્યારેજ મારા રાજ્યમાંથી ચાલ્યા જવું અને તારી બધી દોલત સરકારમાં ઝપ્ત કરવામાં આવે છે. ”

ત્યારપછી બાદશાહે રાણીને ધન્યવાદ આપ્યા અને

અમરસિંહને પચાસ ગામ ઈનામમાં આપ્યા. થોડાક દિવસ સુધી અમરસિંહને તથા રાણીને પોતાના મહેલમાંજ મહેમાન રાખ્યા અને ત્યારબાદ તેમને પોતાને ગામ જવા રજા આપી.

---

## વાર્તા ૧૬૦.

### બાદશાહનો પોપટ.

એક દિવસે તહેવાર પ્રસંગે એક ફકીર બાદશાહને એક પોપટ ભેટ આપી ગયો. તેણે તેને કેટલુંક બોલતાં શીખવ્યું હતું, જેથી બાદશાહ ઘણોજ પ્રસન્ન થયો અને એક ચાકરને બોલાવી તે પોપટની દેખરેખનો સર્વ ભાર તેને સોંપ્યો. અને સાથે સાથે સખત હુકમ પણ કર્યો કે "એની બરાબર માવજત રાખવી અને લગાર પણ તબીયત અસ્વસ્થ જણાય તો તરતજ મ્હને ખબર કરવી, અને 'પોપટ મરી ગયો' એમ જો કોઇ આવીને મ્હને કહેશે તો તેનું માથું ધડથી ઉડાવી દઇશ."

બીચારા ચાકરે પોપટની બરાબર દેખરેખ રાખવા માંડી અને પોતાના પ્રાણ કરતાં પણ, બાદશાહની બ્હીકને લીધે પોપટના પ્રાણને બહુમૂલ્ય ગણવા લાગ્યો. પરંતુ એક દિવસ પોપટ એકાએક મરી ગયો. હવે બીચારા નોકરને ધાસ્તી લાગવા માંડી, કેમકે જો બાદશાહને જઇને તે પોપટના મરી જવાના સમાચાર સંભળાવે તો માથું કપાઈ જાય. તે બીચારો ભારે ચીંતામાં પડયો, એવામાં બીરબલ કોઇ અગત્યના કામ પ્રસંગે મહેલમાં આવ્યો એટલે નોકરે

તેની સ્હામે ગુઠણુમંડીએ પડી અત્યંત કાલાવાલા કરી પોતાનો જીવ બચાવવાની વિનંતિ કરી.

બીરબલે તેને આશ્વાસન આપી શાંત કર્યો અને પછી બાદશાહ પાસે જઇ કહ્યું " ખુદાવિંદ ! આપણો પો.... આપણો પોપ....ટ...."

બાદશાહે ગભરાઈ જઇ પૂછ્યું " શું મરી ગયો ? "

બીરબલે કહ્યું " ના, જહાંપનાહ ! એમ તે બને ! ? એતો મહાતપસ્વી છે, અત્યારે તેણે સમાધિ ચઢાવી છે. આકાશ તરફ મોઢું કરી પગ કે પાંખો હલાવ્યા વગર ચાંચ અને આંખો બંધ કરી બેઠો છે. "

બાદશાહ બોલ્યો " ત્યારે એમજ કહેને કે તે મરી ગયો ? ! "

બીરબલે કહ્યું " જહાંપનાહ ! આપ ગમે તેમ કહો, પણ મ્હને તો લાગે છે કે તે તપશ્ચર્યા કરે છે. આપ એકવાર ત્યાં પધારીને જુઓ તો ખરા ? "

બાદશાહ તેની સાથે પાંજરા પાસે આવ્યો અને પોપટને મરેલો જોઈ કહેવા લાગ્યો " અરે, બીરબલ ! ત્હારા જેવો મ્હોટો વિદ્વાન માણસ એટલું પણ ન સમજી શકે કે પોપટ મરી ગયો છે કે સમાધિ ચઢાવી બેઠો છે, તો એ દુનિયામાં એક અજાયબી રૂપ અને ત્હારી ખ્યાતિને હાનિકારક નથી ? ! ત્હેં મ્હને ત્યાંજ કહી દીધું હોત કે 'પોપટ મરી ગયો' તો મ્હને આટલે સુધી ફેરો તો ન પડત ! ? "

બીરબલે હાથ જોડી કહ્યું " હુઝૂર ! શું કરૂં ? તે

વખતે હું લાચાર હતો. જો મ્હેં એવા સમાચાર સંભળાવ્યા હોત તો મ્હારૂં માથું ઉડી ન જાત ! ? ”

હવેજ બાદશાહને પોતે આપેલી આજ્ઞા યાદ આવી અને તેણે બીરબલને તેની બુદ્ધિમત્તાથી પ્રસન્ન થઇ ભારે ઈનામ આપ્યું.

## વાર્તા ૧૬૧.

### પંડિતના પ્રશ્નો.

એક દિવસે બાગમાં દરબાર ભરાયો હતો, ગાનતાન ચાલી રહ્યું હતું. તે વખતે એક પરદેશી પંડિત, જે કેટલાક દિવસથી દિલ્હીમાં આવ્યો હતો તે રજા મેળવીને દરબારમાં દાખલ થયો. થોડીવાર સુધી તેણે ત્યાં ચાલતા ગાનતાન અને ટોળટપ્પા સાંભળ્યા પછી બાદશાહને અરઝ કરી “ હુઝૂર ! મ્હારે આપના દરબારીયોને કેટલાક સવાલો પૂછવાની ઇચ્છા છે. જો આપ આજ્ઞા આપો તો પૂછું. ”

બાદશાહે કહ્યું “ ખુશીથી પૂછો. એમાં મ્હને કોઇ પણ રીતે વાંધો નથી. ” પંડિતે હાથ જોડી કહ્યું “ જહાંપનાહ ! આપના દરબારીયોમાંથી અકેક જણે જવાબ આપવો. એક પણ સવાલનો જવાબ આપી ન શકે તો તેણે બીજા સવાલનો જવાબ આપવો નહીં. ”

બાદશાહે કહ્યું “ હા ભલે, તમે જેમ કહો તેમ દરબારીયો જવાબ આપશે. ”

પંડિતે પ્રશ્ન પૂછવાની શરૂઆત કરતાં કહ્યું “ માણસે જુવાનીમાં શું કરવું ? ”

એક દરબારીયે ઉભા થઇ જવાબ આપ્યો કે "સદા-ચારી રહેવું."

પંડિતે કહ્યું "ના, એ જવાબ નથી. સદાચારી તો દરેક અવસ્થામાં રહેવુંજ જોઈયે."

બીજો દરબારી બોલ્યો "ઈશ્વરના આજ્ઞાધીન રહેવું."

પંડિતે એ જવાબ પણ ખોટો કહ્યો એટલે બીજા દરબારીયોએ જવાબ ખોટો પડતાં કૃત્રિમ પાંડિત્ય જણાઇ આવવાની બ્હીકે મુંગા બેસી રહેવામાંજ શોભા ગણી તેમણે મનમાં વિચાર કર્યો કે "બીરબલ અથવા જગન્નાથ પંડિત એના સવાલોના જવાબ આપી શકશે, માટે જોઇયે તેઓ શું કહે છે."

જગન્નાથ પંડિત તે દિવસે દરબારમાં આવેલા હોવાથી બીરબલે જવાબ આપવાનું પોતાનું ફર્જ ગણ્યું તેણે તરતજ ઉભા થઇ કહ્યું "પંડિતજી ! વૃદ્ધાવસ્થામાં સુખે રહેવાનો ઉપાય મનુષ્યે જુવાનીમાં યોજવો જોઇયે."

પંડિતે બીરબલનો જવાબ માન્ય રાખ્યો અને ત્યાર બાદ નીચે પ્રમાણે પ્રશ્નોત્તરી થઈ:—

સવાલ—"એવું શું છે જે, પાછળથી આવે છે અને આગળથી જાય છે ?"

જવાબ—"દાંત. એ માણસના જન્મ્યા પછી આવે છે, મરણ અગાઉ ચાલ્યા જાય છે."

સ—"નાશ ન પામે એવું શું ?"

જ—"કીર્તિ."

સ—"એવી કઇ બે ચીઝો છે કે, જે એક બીજાની પાસે છે, છતાં મળી શકતી નથી ?"

જ—" આંખો. બેઉ એકમેકની પાસે છે, છતાં વચ્ચે નાક નડેલું છે, જેથી તેમનો મેળાપ થતો નથી."

સ—" સુખી રહેવાનો માર્ગ કયો ?"

જ—" સંતોષી રહેવું તે."

સ—" કઇ વસ્તુ બહુમૂલ્ય અને વખાણવા લાયક છે ?"

જ—" કારીગરીથી બનાવેલી."

સ—" સૌથી ઉત્તમ ધંધો કયો ?"

જ—" ખેતીનો."

સ—" મૂર્ખ કોણ કહેવાય ?"

જ—" જે પોતાનો સ્વાર્થ નથી સમજતો તે."

સ—" કજીયાનું મૂળ શું ?"

જ—" હાંસી."

સ—" એવું શું છે કે, જે પોતાના પાડોસીયોને પણ પોતાના જેવાજ બનાવી દે ?"

જ—" સુખડ."

સ—" સંતોષકારક કામ ક્યારે થાય ?"

જ—" જ્યારે પોતાને હાથે કર્યું હોય ત્યારે."

બીરબલે પોતાના ઉપરાચાપરી સવાલોના જરા પણ વિચાર કર્યા શિવાય સચોટ ઉત્તરો આપેલા જોઈ પંડિત ઘણોજ પ્રસન્ન થયો. બાદશાહ પણ બીરબલની જીત થયેલી હોવાથી બહુજ ખુશ થયો અને પંડિતને તથા બીરબલને ભારે ઈનામ આપ્યું.

## વાર્તા ૧૬૨.

### જુઠી માયા.

એક દિવસ બાદશાહ અને બીરબલ બીજા કેટલાક દરબારીયો સાથે મહેલના બગીચામાં બેઠાબેઠા ટોળ ટપ્પા મારતા હતા. જુદીજુદી વાતો થયા પછી કુદરત અને ત્યાર પછી માણુસના મોત વિષે વાત નીકળી. એક દરબારીયે કહ્યું "માણુસ પોતાની આખી ઝિંદગી સુધી તરેહવાર મુસીબતો ઉઠાવી, મજુરી કરી, જુઠું સાચું બોલી પોતાની સંતતિ માટે દોલત એકઠી કરી જાય છે પણ પોતાની સાથે કાંઇ લઇ જઈ શકતો નથી. જેવી રીતે જન્મતી વેળા તે ખાલી હાથે આવ્યો હતો, તેવીજ રીતે મરતી વખતે પણ ખાલી હાથે દુનિયાથી જાય છે. ફરક માત્ર એટલો જ હોય છે કે, જન્મ વખતે મુઠી બંધ હોય છે અને મરણ વખતે મુઠી ખુલ્લી હોય છે."

આ સાંભળી બીરબલે કહ્યું "હુઝૂર! અત્યારે મ્હને એક આગલા બાદશાહની વાત યાદ આવી છે. જો આજ્ઞા હોય તો સંભળાવું."

બાદશાહે હુકમ આપતાં, સૌ કોઈ એક ચિત્તે સાંભળવા તૈયાર થયા. બીરબલે કહ્યું "આગલા ઝ.માનામાં એક મ્હોટો બાદશાહ હતો. તેની પાસે અઢળક દોલત હતી, અસંખ્ય હાથી, ઘોડા, ઉંટ, ગાય વગેરે પશુઓ હતા. તે એક વિશાળ દેશ ઉપર રાજ્ય ચલાવતો હતો. લાખો નહીં બલ્કે કરોડો હીંદુ, મુસલમાનો તેની પ્રજા તરીકે તેને માન આપતા. તેનું લશ્કર પણ અજીત કહેવાતું અને તેના નામ માત્રથી શત્રુઓ ધ્રુજી ઉઠતા હતા.

વૃદ્ધાવસ્થાને કારણે બાદશાહ જ્યારે માંદો પડયો અને તેનું મોત પાસે દેખાવા લાગ્યું, ત્યારે તેણે પોતાના એકના એક શાહઝાદાને બોલાવી કહ્યું “ પ્યારા બેટા ! મ્હારૂં મોત નઝદીક છે. હું મરી જાઉં એટલે મ્હારી કબ્ર સુધી લઇ જતી વખતે મ્હારા હાથ જનાઝામાંથી બ્હાર રાખજો અને આખા શહેરમાં મ્હારો જનાઝો ફેરવ્યા બાદ દફનાવજો. ”

થોડા વખત પછી તે મરી ગયો, ત્યારે તેના પુત્રે પોતાના બાપની મરઝી પ્રમાણે તેના હાથ જનાઝામાંથી બ્હાર રાખ્યા અને જનાઝો આખા શહેરમાં ફેરવ્યો.

શહેરના લોકો મરહુમ બાદશાહના હાથ જનાઝા બ્હાર ખુલ્લા જોઇ આશ્ચર્ય પામતા, માંહોમાંહે પૂરપરછ કરવા લાગ્યા. એવામાં એક કવિ ત્યાં ઉભો હતો તેણે કહ્યું “ ભાઈયો ! આનું કારણ બહુજ ચમત્કારી છે. સાંભળોઃ—

સવૈયા.

રાજ કીયો બહુ દેશનકો,
સબ રાજનમેં હુકુમત છાઈ;
દેશ, કિલ્લે, ગઢ, કોટ રચે,
સંગ નારીનકે અતિ એશ ઉડાઈ:
હીરા, લા'લ જવાહિર, મણિ,
મુકતન કે ભંડાર ભરાઇ;
રંગી કહે સબ ઠાઠકો છોડકે,
હાથ પસારકે જાત હો ભાઈ. *

---

* એવીજ મતલબનો એક ઉર્દુ શએર પણ છે કેઃ—
ક્યા લાયાથા, સિકંદર, દુનિયાસે લે ચલા ક્યા ?
યે હાથ દોનોં ખાલી બાહિર કફનસે નિકલે.

## વાર્તા ૧૬૩.

### નહીં તડકામાં નહીં છાયામાં.

એક દિવસે બાદશાહ બીરબલ ઉપર ગુસ્સે ભરાયો અને તેણે બીરબલનું અપમાન કરી દીધું. અપમાન તો અસહ્ય હતું અને બીરબલને ઘણુંજ લાગી આવ્યું, ક્રોધ પણ ચડયો; પરંતુ તે સમયે ગમ ખાઈ કાંઈ ન કહેતાં ચુપ રહ્યો. બે ત્રણ દિવસ પછી લાગ જોઈ બીજે દેશ ચાલ્યો ગયો.

થોડાક દિવસ આમ વહી ગયા. બાદશાહ સમજ્યો કે 'મેં એનું અપમાન કર્યું એથી તે ચાલ્યો ગયો છે, પણ ફીકર નહીં, થોડાજ દિવસમાં પાછો આવશે.' પરંતુ બીરબલે તો એવો મક્કમ ઠરાવ કરી લીધો હતો કે બાદશાહનાં ત્રણ આમંત્રણ–તેડાં–આવે નહીં ત્યાં સુધી આગ્રાની ભૂમિપર પગ ન મૂકવો. પોતાના વગર બાદશાહને ચેન પડશે નહીં એવી એને સંપૂર્ણ ખાત્રી હતી.

બે મહીના જેવો દીર્ઘકાળ એવી જ રીતે વ્યતીત થઈ ગયો. બીરબલ વગર બાદશાહને મુંઝવણ થવા લાગી, દરબારમાં તેને લગારે રસ પડતો નહીં. આખરે તેણે બીરબલને શોધી કાઢવા માણસો મોકલ્યા, પરંતુ તેનો પત્તો ન લાગ્યો. એટલે બાદશાહે બીરબલને શોધી કાઢવાની એક યુક્તિ શોધી કાઢી. બીજેજ દિવસે એણે એવો ઢંઢેરો બ્હાર પાડયો કે "જે કોઈ માણસ નહીં તડકામાં કે નહીં છાયામાં, તેમજ નહીં ભૂખ્યો કે નહીં ધરાયલો મ્હારી પાસે આવશે તો હું ભારે ઈનામ આપીશ."

આ ઢંઢેરો તેણે ગામે ગામ અને શહેરે શહેર ફેરવ્યો. બીરબલ કોઇ મ્હોટા શહેર કરતાં ગામડામાં જ રહેવાનું વિશેષ પસંદ કરે છે, એમ બાદશાહ સારી પેઠે જાણતો હતો. બીરબલે જે ગામમાં મુકામ કર્યો હતો ત્યાં પણ એ ઢંઢેરો બ્હાર પડયો. આ આશ્ચર્યપૂર્ણ ઢંઢેરાથી ગામના લોકો બહુજ વિસ્મય પામ્યા, અને સૌ કોઈ એનાજ વિચારોમાં તણાવા લાગ્યા. બીરબલે પણ જયારે એ ઢંઢેરો સાંભળ્યો ત્યારે તે સમજી ગયો કે આ તાગડો મ્હને શોધી કાઢવા માટેજ શાહે રચ્યો છે. પણ પોતે ત્રણ તેડા આવ્યા શિવાય આગ્રે નહીં જવાનો મક્કમ વિચાર કરી ચૂકયો હતો એટલે તેણે એક મોટી ચાલણી બનાવી. પછી એક હોંશિયાર માણસને શોધી કાઢી બાદશાહના દરબારમાં જઇ કેવી રીતના આડા અવળા ઉત્તર આપવા તથા કેવી રીતે વર્તવું અને આખરે કેવી યુક્તિપૂર્વક બધો ખુલાસો કરવો તથા ગામડીયાપણાનોજ દેખાવ રાખવો એવી બરાબર પટ્ટી તેને પઢાવી કહ્યું કે " આ ચાલણી માથા ઉપર મૂકી, પીછોડીમાં ધાણી બાંધી તે ફાંકતા ફાંકતા બાદશાહની કચેરીમાં જજે એટલે બાદશાહ પોતાના ઢંઢેરા પ્રમાણે તને ઇનામ આપશે."

પેલો માણસ તરતજ આપેલી ચીજો લઈ આગ્રે જઇ પહોંચ્યો અને શાહી દરબાર થોડે દુર રહેતાં તેણે ચાલણી માથે મૂકી અને ધાણી ફાંકતો ફાંકતો દરબાર તરફ આગળ વધ્યો. આ વિચિત્ર પ્રકાર જોઇ લોકોનું ટોળું તેની પાછળ ચાલવા લાગ્યું. દરબાર આગળ આવી પહોંચતાં દરબાને તેને અટકાવ્યો પણ પોતે બાદશાહના

ઢંઢેરા પ્રમાણે ચતુરાઇ દેખાડવા આવ્યો છે એમ તેણે કહેતાં દરબાને એક સિપાહીને સાથે આપીને અંદર મોકલ્યો.

સભાગૃહના દ્વારપર તેને ઉભો રાખી સિપાહીએ અંદર જઈ બાદશાહને સર્વ હકીકત કહી સંભળાવી. બાદશાહે તેને અંદર મોકલવાનો હુકમ કર્યો. પેલો માણુસ તરતજ સિપાહીના કહેવાથી દરબારમાં દાખલ થયો. તેનો આ વિચિત્ર વેશ જોઈ બધા આશ્ચર્ય સાથે મનમાં હસવા પણ લાગ્યા. પેલાએ તો બાદશાહની સ્હામે પણ ઉભીને ધાણી ફાંકવાનું ચાલુ જ રાખ્યું.

બાદશાહે તે કોણ છે તે વિષે પૂછવા વઝીરને સૂચના કરી. વઝીરે પેલા ગામડીયાંને પૂછયું “ અલ્યા, તું કોણ છે ? ”

પેલાએ ધાણી ફાંકતા ફાંકતા જવાબ આપ્યો “ માણુસ છું. ”

વઝીરે સ્હેજ ગુસ્સાથી પૂછયું “ એતો અમે પણ દેખીયે છીયે કે, તું માણુસ છે. પરંતુ કેવો માણુસ છે ? ”

“ બે પગવાળો. ” પેલાએ ઠંડે પેટે જવાબ આપ્યો.

વઝીર આ જવાબથી વધુ ચીરડાયો. તેણે કરડાકીથી પૂછયું “ અલ્યા, તું કોઇ અનાડી છે ? ”

પેલો બોલ્યો “ ના સાહેબ, નર છું. ”

વઝીરે વિચાર્યું કે, ગામડીયો છે એટલે સમજતો નહીં હોય, માટે લાવ લગાર સમજાવીને પૂછું-“ પરંતુ, તું કઈ જાતનો છે ? ”

"સાહેબ! ખેડુત છું" પેલાએ પણ જાણે પોતે હવેજ સમજ્યો હોય તેવો ચ્હેરો બનાવી જવાબ આપ્યો.

હવે વઝીરે પૂછયું "તું ક્યાંથી આવ્યો છે?"

"મા બાપ! મ્હારે ગામથી આવ્યો છું."

વઝીરે ચાલણી તરફ ઈશારો કરી પૂછયું "આ માથે ચાલણી કેમ મૂકી છે?" ખેડુતે બેપરવાઈ સાથે ધાણીનો ફાંકો મારતાં કહ્યું "આપનો ઢંઢેરો સાંભળીને." વઝીરે વિસ્મય થઇ પૂછયું "ચાલણી વિષે તો ઢંઢેરામાં કાંઈ નથી?!"

ખેડુત બોલ્યો "ચાલણી વિષે તો નહીં હોય પણ એવું તો છેને કે 'નહીં' તડકામાં કે નહીં છાયામાં' એ પ્રમાણે જે કોઈ આવશે તેને ઇનામ મળશે?!" આટલું કહી પાછી તેણે ધાણી ફાંકવા માંડી.

વઝીરે કહ્યું "આ તું શું ખાઇ રહ્યો છે! આ દરબાર છે, કાંઈ તારૂં ઘર નથી. સમજ્યોને!! બાદશાહ સલામતની હઝૂરમાં આમ ઢોરની પેઠે ખાતાં તને શરમ કે બ્હીક નથી લાગતી?"

ખેડુત પાસે જવાબ તૈયારજ હતો. તેણે કહ્યું "આ હું ધાણી ફાંકુ છું. તમારા ઢંઢેરામાં છે કે, નહીં ભૂખ્યા આવવું કે નહીં પેટ ભરીને ખાઇને આવવું, એટલે હું ધાણી ફાંકતો આવ્યો છું. એનાથી નથી હું ભૂખ્યો કે નથી મ્હારૂં પેટ ભરાયું."

બાદશાહ હવે પોતાની મૌનતા વધુ વાર ધારણ ન કરી શક્યો. તેને તો એ ઉત્તરોમાં બીરબલનું ચાતુર્ય જણાવા

લાગ્યું. તેણે પેલા ખેડુતને પોતેજ સવાલ પૂછયો કે "તને આમ કરવાનું કોણે શીખવ્યું ?"

ખેડુતે બેદરકારી સાથે જવાબ વાળ્યો "શીખવનાર તે વળી કોણ હોય ? અમે ખેડુત વગડામાં વસીયે તો પછી આટલુંયે ન જાણીયે ?"

બાદશાહે કહ્યું "આ કાંઇ જેવી તેવી વાત નથી, એમાં ચતુરાઇ રહેલી છે, માટે અવશ્ય તને કોઈયે શીખવેલુંજ હોવું જોઈયે. જો તું એ શીખવનારનું નામ બતાવીશ તો તને બમણું ઇનામ આપીશ."

બીરબલે તેને શીખવી મૂકયું હતું કે 'બે ચાર આડા અવળા જવાબ આપ્યા બાદ તારે મ્હારે વિશે કહેવું.' એટલે બાદશાહે બીજીવાર પૂછયું ત્યારે ખેડુતે કહ્યું "ધર્માવતાર ! બે ત્રણ મહીનાથી અમારા ગામમાં એક સાધારણ દેખાવનો, છતાં અત્યંત ચતુર પુરૂષ આવીને રહ્યો છે. એની ચતુરાઈને પ્રતાપે ગામમાં ઝાઝા ગુનાહો બનતા નથી અને અમારા ગામના કજીયા પણ એ ન્યાયસર પતાવે છે. એણે જ મ્હને શીખવાડીને અત્રે મોકલ્યો છે."

બાદશાહની હવેતો સંપૂર્ણ ખાત્રી થઇ ગઇ કે બીરબલ શિવાય એ માણસ બીજો હોયજ નહીં. તેણે ખેડુતને ઈનામ આપી તેની સાથે પોતાના અમલદારોને મોકલ્યા અને એવી આજ્ઞા કરી કે "જો તે માણસ બીરબલજ હોય તો ભારે માન સાથે તેને તેડી લાવો."

પેલા અમલદારો ખેડુત સાથે તે ગામમાં ગયા અને બીરબલને જઈ મળ્યા. બીરબલને બરાબર રીતે તેમણે

ઓળખી લીધો અને બાદશાહનો સંદેશો કહી સંભળાવ્યો. પણ બીરબલે બ્હાનું કાઢ્યું કે 'મ્હારી પાસે આ શિવાય બીજો પોષાક નથી, માટે ઘેરથી પોષાક મંગાવી પહેરીને આવીશ."

આ સાંભળી બે અમલદારો ઉભા થયા. તેમણે કહ્યું " રાજા સાહેબ ! બે કલાકનોજ રસ્તો છે એટલે અમે પોતે હમણાં જ ઘોડા દોડાવતા જઈને આપનો પોષાક લઈ આવીયે છીયે. " એમ કહી તેઓ આગ્રે પહોંચ્યા અને બીરબલને ઘેર જઇ તેની સ્ત્રી પાસેથી બીરબલનો પોષાક લઇ પાછા બીરબલ પાસે ગયા. બીરબલે ખુશ થઇ પોષાક પહેર્યો અને ઘરની બ્હાર નીકળી કહ્યું " અરે, પણ તમે ઘોડો તો ભૂલી જ ગયા ?! "

બીચારો એક અમલદાર પાછો શેહેરમાં ગયો અને દરબારી ઘોડો લઇ હાઝર થયો એટલે તેને ત્રણ તેડા ગણીને બીરબલ તેમની સાથે પાછો બાદશાહ પાસે હાઝર થયો. બાદશાહ તેને જોઇ અત્યંત આનંદ પામ્યો. પોતે કરેલા અપમાનની તેણે એકાન્તમાં માફી પણ માગી અને ભારે ઇનામ પણ આપ્યું.

## વાર્તા ૧૬૪.

## ન્હાની લીટી કોની ?

એક દિવસે બાદશાહ દરબારમાં બેઠો હતો. બીરબલની ગેરહાઝરીનો લાભ લઇ, એક બીરબલના દ્વેષી દરબારીએ બાદશાહને અરઝ કરી " હુઝૂર ! આપના દરબારમાં રાજા ટોડરમલ, રાજા ભગવતસિંહ, નવાબ અબુલ

ફઝલ, નવાબ અબુલ ફૈઝી વિગેરે મહાન દરબારીયો છે, છતાં આપ બીરબલ ઉપર વધારે મહેરબાની રાખો છો, એની શી મતલબ ! એ અમારાથી નથી સમજાતું ! ! ”

બાદશાહ તેની મતલબ સમજી ગયો હતો, તેણે કહ્યું “ આ બધા દરબારીયો મહાવિદ્વાન અને પંડિતો છે, છતાં બીરબલમાં હાઝરજવાબી અને સમયસૂચકતા વિશેષ છે. ” પછી બાદશાહે મનમાં વિચાર કર્યો કે “ આજે બીરબલની ચતુરાઇનો કોઇ અજબજ રીતે એમને સાક્ષાત્કાર કરાવું. ”

થોડીવારમાં બીરબલ તેમજ અન્ય મ્હોટા મ્હોટા દરબારીયો આવી પહોંચ્યા. થોડુંક સરકારી કામકાજ થયા પછી આમતેમની વાતો થવા લાગી. વાત પરથી વાત નીકળતાં બાદશાહે પોતાના હાથમાંની લાકડી વડે ઝમીન ઉપર એક લીટી દોરી અને બધા દરબારીયો તરફ ફરીને કહ્યું “આ લીટી છે એને હાથ લગાડયા વિનાજ એની મેળે ન્હાની થઇ જાય એવો કોઇ ઉપાય બતાવો. ”

બધા વિચારમાં પડી ગયા કે હાથ લગાડયા વગર લીટી ન્હાની કેમ થાય ! ? થોડીવાર સુધી તેમને વિચાર કરી લેવા દઈ બાદશાહે પૂછ્યું “ કેમ, કોઇ ઉપાય સૂજે છે કે નહીં ? ”

બધાએ ના પાડી, એટલે બાદશાહે બીરબલને કહ્યું “ બીરબલે તુરતજ તે લીટીની બાજુમાં તેનાથી મોટી લીટી દોરીને કહ્યું “ આ બેમાંથી ન્હાની લીટી કઇ ? ”

બધાએ કહ્યું “ બાદશાહ સલામતની લીટી ન્હાની થઇ ગઇ છે. ”

બાદશાહ બોલી ઉઠયો " જોયું ? એનું નામ તે સમયસૂચકતા ! મ્હારે મન તમે મ્હારા બધા દરબારીયો એક સરખા છો. હું કોઇને વધારે ઓછો ગણુતો નથી. બાકી આટલી તેની ચતુરાઇ મ્હને વધારે પ્રેમ અર્પવા માટે ઉશ્કેરે છે. "

ત્યારબાદ થોડીક ગપગોળા ચાલ્યા પછી દરબાર બરખાસ્ત કરવામાં આવ્યો.

## વાર્તા ૧૬૫.

### પૃથ્વિનું મધ્ય.

એક દિવસ એક બેગમે બાદશાહને કહ્યું કે " તમે બીરબલને આટલો બધો ચતુર બતાવો છો તો, હું એક સવાલ કહું તેનો એની પાસેથી જવાબ માગો અને તે બરાબર ઉત્તર આપી શકે તો ચતુર. "

બાદશાહે પૂછયું " એ કયો સવાલ છે ? "

બેગમે કહ્યું " પૃથ્વિનું મધ્ય કયાં છે ? એ સવાલ તમારા બધા દરબારીયોને ચકરાવી મૂકશે. "

બાદશાહ તે સાંભળીને હસ્યો, કારણુ કે તે સારી પેઠે જાણુતો હતો કે ઝાહેર રીતે તો એ સવાલ ઘણોજ કઠિન છે; પરંતુ ચતુર પુરૂષ આગળ કશાય લેખાનો નથી. બાદશાહે કહ્યું " ઠીક, અત્યારેજ હું બીરબલને અત્રે બોલાવી તેના ચાતુર્યની સાબિતી તને આપુ છું. " એમ કહી તેણે બીરબલને ત્યાં બોલાવી મંગાવ્યો.

બીરબલ આવી પહોંચતાં બાદશાહે તેને કુરસી આપી બેસાડયો અને આમતેમની થોડીક વાતો કર્યા પછી પુછયું " બીરબલ ! આ પૃથ્વિનું મધ્ય કયાં હશે વારૂ ? "

બીરબલે તરતજ જવાબ આપ્યો " જહાંપનાહ ! આપના દરબારના બરાબર મધ્ય ભાગમાં પૃથ્વિનું પણ મધ્ય આવેલું છે. "

બાદશાહે કહ્યું " એની શી ખાત્રી ? "

બીરબલ બોલ્યો " હુઝૂર ! જો ખાત્રી કરવી હોય તો આપ માપી જુઓ. આપ જેવા મહાન શહેનશાહનું આ પાટનગર છે, જયાં બધા દેશના વ્યાપારીયો વ્યાપારાર્થે સેંકડો નહીં, બલ્કે હઝારો ગાઉ દૂરથી આવે છે. એટલે પૃથ્વિનું આ મધ્ય નહીં તો બીજું કયું હોય ? "

બીરબલની ચતુરાઇ જોઇ બાદશાહ ઘણો જ આનંદ પામ્યો અને બેગમને પણ પોતાની ભૂલ જણાઇ આવી. તેણે બાદશાહને કહી બીરબલને ભારે ઇનામ અપાવ્યું.

સમાપ્ત.